# જૈન ઇતિહાસની ઝલક



મુનિ જિનવિજયજી

શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળા-૮

# જૈન ઇતિહાસની ઝલક


લેખક

**પદ્મશ્રી મુનિ જિનવિજયજી**

પુરાતત્ત્વાચાર્ય

સંપાદક

રતિલાલ દીપચંદ દેસાઈ



પ્રાપ્તિસ્થાન

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો : અમદાવાદ

મુંબઈમાં પ્રાપ્તિસ્થાન :

(૧) અશોક કાંતિલાલ કોરા
૪૮, ગોવાલિયા ટૅંક રોડ, મુંબઈ–૨૬

(૨) મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ગોડીજી બિલ્ડિંગ, પહેલે માળે
૨૦, પાયધુની, મુંબઈ–૨

*

પહેલી આવૃત્તિ : સપ્ટેમ્બર ૧૯૬૬
મહાવીર નિર્વાણ સંવત ૨૪૯૨
વિક્રમ સંવત ૨૦૨૨

*

કિંમત બે રૂપિયા


*

પ્રકાશક :
અશોક કાંતિલાલ કોરા
૪૮, ગોવાલિયા ટૅંક રોડ, મુંબઈ–૨૬

*

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ
શારદા મુદ્રણાલય
પાનકોર નાકા, જુમ્મામસ્જિદ સામે,
અમદાવાદ





**અર્પણ**

પરોપકારી યુગપુરુષ
સાધુચરિત સંઘનાયક
ઉદારદિલ આચાર્યપ્રવર
પ્રાતઃસ્મરણીય
પરમપૂજ્ય

**સ્વ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી**
**મહારાજની પુણ્યસ્મૃતિમાં**

નમ્રાતિનમ્ર

**પુષ્પપાંખડી**



# આનંદ અને આભાર

ઘરદીવડી જેવી આ નાની સરખી વિદ્યાપ્રવૃત્તિને ચાલુ રાખવા માટે જુદાજુદા પવિત્ર વિદ્વાનોના સહકારનું તેલ મળતું રહે છે, એ અમારું સદ્‌ભાગ્ય છે. આ પુસ્તકમાળાના આઠમા પુસ્તક તરીકે ઇતિહાસ અને પુરાતત્ત્વના વિશારદ પૂજ્ય મુનિ શ્રી જિનવિજયજીની વિદ્યાપ્રસાદી આપતાં અમને ખૂબ આનંદ થાય છે.

આઠ વર્ષથી આ પ્રવૃત્તિ અખંડપણે ચાલુ રહી શકી છે તે સમાજ અને સ્નેહીઓના મમતાભર્યા સહકારને લીધે જ. એ સૌ પ્રત્યે અમે અમારી આભારની ઊંડી લાગણી પ્રદર્શિત કરીએ છીએ.

દરેક પુસ્તકની જેમ, આ પુસ્તકનું સંપાદન પણ અમારા મિત્ર ભાઈ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ કરી આપ્યું છે.

બધી જ વસ્તુઓની જેમ છાપકામનું ખર્ચ પણ વધી ગયું હોવાથી આની કિંમત વધારવી પડી છે તે ચલાવી લેવા વિનતિ છે.

ત્રણેક અઠવાડિયાં જેટલા ઓછા વખતમાં આ પુસ્તકનું સુંદર મુદ્રણ શારદા મુદ્રણાલયે કરી આપ્યું છે; એ માટે અમારા સ્નેહી શ્રી શંભુભાઈ તથા ગોવિંદભાઈનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

શ્રી રજનીભાઈ વ્યાસે, બહુ જ ઓછા વખતમાં, આનું સાદું-સુંદર કવરચિત્ર કરી આપ્યું છે; અને સાંભારે એન્ડ બ્રધર્સે વખતસર એનું બાઇન્ડિંગ કરી આપ્યું છે; એમના અમે આભારી છીએ.

અમારો ચિ. અશોક આજે જ વિદેશના પ્રવાસેથી પાછો ફરે છે, અને આ પુસ્તક પણ આજે જ પૂરું થાય છે: અમારે માટે આ એક યાદગાર જોગાનુજોગ છે.

૪૮, ગોવાલિયા ટૅંક રોડ
મુંબઈ-૨૬
તા. ૫-૯-'૬૬, સોમવાર

કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા

# સરોવરમાંથી અંજલિ

**માતા સરસ્વતીની** કૃપા એ તો મોટામાં મોટી ખુશનસીબી છે ! એવી કૃપા તો નથી મળી શકી, પણ સરસ્વતીના લાડકવાયા વિદ્વાનોની કૃપા સારા પ્રમાણમાં મળી છે, એ પણ કંઈ જેવું તેવું સદ્‌ભાગ્ય નથી.

હું જોઉં છું : શિરછત્ર સમા વડીલ પૂ. પંડિત શ્રી સુખલાલજી, સાધુતાની મૂર્તિ સમા આગમપ્રભાકર પૂજ્ય મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ, વાત્સલ્ય અને શૌર્યના ભંડાર સમા પૂજ્ય મુનિ શ્રી જિનવિજયજી, અને સરળતા અને સૌજન્યથી શોભતા પૂ. પંડિત શ્રી બેચરદાસજી—એ ચાર મહાવિદ્વાનોની અસીમ કૃપાનું ભાજન બની શક્યો છું. અને એ બધાની વચ્ચે શોભી રહ્યા છે સૌજન્યમૂર્તિ, સહૃદય અને પ્રશાંત વિદ્વાન, મિત્રવર શ્રી દલસુખભાઈ માલવણિયા.

એ કૃપાપ્રસાદીમાં ઉમેરો થાય છે ડૉ. ભોગીભાઈ સાંડેસરા અને ડૉ. ઉમાકાંતભાઈ શાહની હેતભરી મમતાનો. શાસ્ત્ર અને ઇતિહાસના મર્મજ્ઞ વિદ્વાન, સાધુચરિત પૂજ્ય પંન્યાસ શ્રી કલ્યાણવિજયજી મહારાજ અને વિદ્યાતપસ્વી પૂ. મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજના ચરણે બેસવાનો થોડોક હક્ક મળેલો છે. અને ગુજરાતના સુપ્રસિદ્ધ સાક્ષરરત્ન શ્રી રસિકભાઈ છોટાલાલ પરીખ પણ મમતા વરસાવે છે.

અને ઘર આંગણે છે, મારા ભાઈ ભાઈશ્રી જયભિખ્ખુ : મધુર કલમ અને મનમોહક કથા–કળાના સમર્થ અને લોકપ્રિય કસબી.

રંકને રાજા બનાવે એવી આ મૂડી છે !

*

એ મૂડીમાંથી જ પૂજ્ય મુનિ શ્રી જિનવિજયજીના વિશાળ જ્ઞાન-સરોવરમાંથી નાની સરખી અંજલિ રજૂ કરવાનો લહાવો મને મળી રહ્યો છે. આ નિમિત્તે એમનાં ઐતિહાસિક અને સાહિત્યિક લખાણોનો વિપુલ ભંડાર નીરખવાનો જે લહાવો મળ્યો, તે બીજી રીતે ભાગ્યે જ મળી શક્યો હોત. એ બધું જોતાં થાય છે કે એ બધી છૂટીછવાઈ વિદ્યાસંપત્તિ વહેલામાં વહેલી તકે ગ્રંથસ્થ થવી જોઈએ: વિદ્યા-

ઉપાસકોની અત્યારની અને ભાવી પેઢી પ્રત્યે આપણું એ કર્તવ્ય છે.

આ બધાં લખાણો જોતાં શું લેવું અને શું જવા દેવું એની મીઠી મૂંઝવણ મેં અનુભવી છે. એક બાજુ બસોએક પાનાંની મર્યાદા અને સામે, જોતાં જ મનમાં વસી જાય એવાં મનોહર લખાણોનો ઢગલો; પણ રત્નોના મોટા ઢગલાની સામે બે હાથના માનવીનું ગજું કેટલું ? છેવટે પુસ્તકના ગજા જેટલી તારવણી કરવી અનિવાર્ય હતી.

પહેલી મર્યાદા જૈન ઇતિહાસને લગતાં લખાણોની સ્વીકારી; પછી જૈનધર્મનો અને પ્રભાવક પુરુષોનો પરિચય આપતા લેખો કાળક્રમ પ્રમાણે, લેવાનું નક્કી કર્યું. તે પછી તીર્થો અને ગ્રંથોના પરિચયો આપવાની યોજના હતી, પણ સ્થળસંકોચને લીધે તે બાકી રાખવી પડી.

જે લેખો પસંદ કર્યા તે પણ આખેઆખા આપી શકાય એવી સ્થિતિ ન રહી, એટલે એમાં પણ સંક્ષેપ કરવાનું અનિવાર્ય થઈ ગયું. છેવટે, બને એટલા વધુ લેખો આપવા, અને લેખોને ટૂંકાવવા જતાં મહત્ત્વનો મુદ્દો આપવો ન રહી જાય એની બને તેટલી ચીવટ રાખવી; અને એમાં શ્રી દલસુખભાઈનું માર્ગદર્શન સતત મેળવતાં રહેવું : એ ક્રમે આ સંગ્રહ–જૈન ઇતિહાસની ઝલક–નું કામ શરૂ કર્યું, અને પૂરું કર્યું.

આમાં જ્યાં જ્યાં લખાણ ટૂંકાવવામાં આવ્યું છે ત્યાં ત્યાં... ...આવાં ટપકાં મૂકીને એનું સૂચન કરવામાં આવ્યું છે. જ્યાં સંદર્ભ મેળવવા કે બીજી અનિવાર્ય રીતે મારે કોઈ શબ્દ કે વાક્ય ઉમેરવું પડયું છે તે કાટખૂણા કૌંસ [ ]માં મૂક્યું છે. જે લેખો હિંદી હતા તેનો ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે. અને દરેક લેખને અંતે એ લેખનું મૂળ સ્થળ, સાલ–સંવત સાથે, સૂચવવામાં આવ્યું છે.

આ પ્રમાણે, પૂજ્ય મુનિજીની જીવનભરની જ્ઞાનોપાસનાની અલ્પ-સ્વલ્પ પ્રસાદીરૂપે આ પુસ્તક આજે પ્રગટ થાય છે, એનો મને આનંદ છે. મુનિજીના વ્યાપક જ્ઞાનનો થોડોક નમૂનો જિજ્ઞાસુઓ સમક્ષ રજૂ કરવો એટલો જ આ સંગ્રહનો હેતુ છે. બાકી તો, ખરો જિજ્ઞાસુ એમનો જ્ઞાનભંડાર જોયા વગર નહીં રહી શકે.

સંગ્રહમાંનો એકએક લેખ પોતે જ પોતાની વાત કહેતો હોય ત્યાં સંપાદકને એ અંગે શું કહેવાનું હોય? અને ઇતિહાસની બાબતમાં તો મારી ગતિ જ ક્યાં છે કે હું એ અંગે કંઈ કહી શકું?

*

પૂજ્ય મુનિજી તો મુનિજી જ છે!

એ જેવા વિદ્યાના રસમાં તરબોળ છે, એવા જ રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા છે. તેથી જ મહાત્મા ગાંધીજી એમને પોતાની સંસ્થામાં લઈ ગયા હતા. આજે સત્યોતેર વર્ષની ઉંમરે પણ એમના અંતરમાંથી મેવાડી ક્ષાત્રવટનું ખમીર ઓછું થયું નથી કે એમના ચિત્તને વાર્દ્ધક્ય સ્પર્શી શક્યું નથી. તેઓ સાચા અર્થમાં શૂરા અને યોદ્ધા છે: હજુ થોડા મહિના પહેલાં જ, પાકીસ્તાન સાથેના યુદ્ધ વખતે, પાકીસ્તાન જોધપુર ઉપર બોમ્બ વરસાવી રહ્યું હતું ત્યારે, તેઓ, નાદુરસ્ત તબિયત છતાં, રાજસ્થાન પુરાતત્ત્વ પ્રતિષ્ઠાનના રક્ષણની ચિંતાને કારણે, અમદાવાદથી જોધપુર જઈ પહોંચ્યા હતા; અને ચોમેર થતી બોંબવર્ષાની વચ્ચે પણ પોતાની ફરજ ઉપર દિવસો સુધી સ્વસ્થ રીતે અને નિર્ભયપણે રહ્યા હતા.

મોળો વિચાર એમને ખપતો નથી; સંકુચિતતા એમની પાસે ઢૂંકી શકતી નથી; કૃપણતા તરફ એમને ભારે અણગમો છે. એમના અવાજમાં પણ ક્યારેય દીનતા સાંભળવા નહીં મળે. તેઓ સાચા અર્થમાં હોલદોલ પુરુષ છે. જેવી એમની કાયા મોટી છે, એવું જ એમનું મન મોટું છે. અને લીધું કામ અધૂરું મૂકવું એ તો એમના સ્વભાવમાં જ નથી— ભલે પછી એ કામ ગ્રંથસંપાદનનું હોય, ખેતીનું હોય, પશુપાલનનું હોય, આશ્રમ કે મકાન બનાવવાનું હોય કે કૂવો ખોદાવવાનું હોય!

અને સાહિત્યને તો એમની પાસે જાણે જુગજુગજૂનું અપાર લેણું ઊભર્યું છે. એમના હાથે અનેક ગ્રંથમાળાઓ દ્વારા કેટકેટલા પ્રાચીન ગ્રંથોનો ઉદ્ધાર થયો છે! નાનામોટા બધા મળીને બસોએક ગ્રંથો તો ખરા જ! માતા સરસ્વતીને જાણે એમણે પોતાની આંખોનાં તેજ સુધ્ધાં સમર્પી દીધાં છે. આજે એક જ આંખે, માંડ ચાર–છ

ઈંચની દૂરીથી, તેઓ મુશ્કેલીથી વાંચી શકે છે, છતાં ગ્રંથસંપાદનના કામમાં પાછા પડવાનું કેવું ? કોઈક અપ્રાપ્ય કે અપ્રગટ પ્રાચીન પુસ્તક જુએ છે અને એમનો મનનો મોરલો ગહેકી ઊઠે છે ! આવી ઉત્કટ વિદ્યાઉપાસનાનો જોટો મળવો દુર્લભ છે.

ઇતિહાસ–સંશોધનનું કામ તો ધૂળધોયાના ધંધા જેવું ચીકણું છે. શોધની સામગ્રીનો આખો ડુંગર ખોદ્યા પછી પણ શોધનો નાનો સરખો ઉંદર ન મળે તોય જે ન હારે, ન કંટાળે તે જ એ ધંધો કરી શકે. મુનિજી ઇતિહાસના અભ્યાસ તરફ કેવી રીતે વળ્યા તે જાણવા માટે 'પ્રેમી–અભિનંદન–ગ્રંથ'માંનું એમનું આ એક જ વાક્ય બસ થશે. તેઓ લખે છે :—" अज्ञातको ज्ञात करनेकी मेरी उत्कट अभिलाषाने मुझे इतिहासके विषयकी ओर प्रेरित किया । '

ઇતિહાસ એ તો ભૂતકાલીન સત્યની આરસી છે. મુનિજીની વિદ્યા-તપસ્યાએ એ આરસીને તેજસ્વી બનાવીને સૌ વિદ્યાપ્રેમીઓ, વિદ્વાનો અને વિદ્યાર્થીઓને ખૂબ ઓશિંગણ બનાવ્યા છે. મુનિજી ઇતિહાસનું આલેખન માત્ર શુષ્ક હકીકતો આપીને જ નહીં પણ એમાં કવિની સંવેદનશીલતાનું માધુર્ય ઉમેરીને કરે છે, એ એની હૃદયસ્પર્શી વિશેષતા છે.

પણ હવે પૂરું કરું.

આ ગ્રંથ આ રીતે ઝડપથી તૈયાર થઈ શક્યો એમાં પુસ્તકોની અને લેખોની પસંદગીમાં તેમ જ પ્રુફસંશોધન વગેરેમાં શ્રી દલસુખભાઈએ તાણ વેઠીને અને દોડાદોડી કરીને મને જે મદદ અને માર્ગદર્શન આપેલ છે, તે વીસર્યાં વીસરાય એવાં નથી. પણ એમનો શબ્દોથી આભાર માનવાની ભૂલ નહીં કરું.

અને આ બધાના પાયામાં, આ પ્રવૃત્તિના પ્રવર્તક અને મારા મિત્ર શ્રીકાંતભાઈ કોરા રહેલા છે, એમનો નિર્દેશ કર્યા વગર કેમ ચાલે ?

માદલપુર, અમદાવાદ-૬ **રતિલાલ દીપચંદ દેસાઈ**

તા. ૪-૯-૧૯૬૬

# અનુક્રમ

**૧. મહામુનિ જંબૂસ્વામી**

શ્રમણ સમુદાયના નાયક : અંતિમ કેવલી–૩; આગમોમાં સર્વત્ર નિર્દેશ–૪; વતનઅને પિતા-૪; સુધર્મસ્વામી–૫; જંબૂસ્વામીની ઉંમર–૫.

**૨. કલિંગમાં જૈનધર્મ : હાથીગુફાલેખ અને રાજા ખારવેલ** ૭–૨૪

લેખની ઐતિહાસિક ઉપયોગિતા અને જૈનોનું અજાણપણું–૭; હાથીગુફાનું સ્થાન-૮; ગુફા કયા સમયની અને કયા ધર્મની–૯; કલિંગમાં જૈનધર્મ–૧૧; કલિંગમાંથી જૈનધર્મ અદશ્ય થવાનું સંભવિત કારણ–૧૩; અપૂર્વ અને ઐતિહાસિક લેખ–૧૫; પં. ભગવાનલાલ ઇંદ્રજી તથા શ્રી કેશવલાલ હ. ધ્રુવનું કામ–૧૫; **લેખ પરથી ફલિત થતા કેટલાક મુદ્દા :** (૧) જૈનધર્મ રાજ્યધર્મ હતો–૧૬; (૨) જૈનધર્મની પ્રગતિ કરનાર રાજાઓ–૧૭; (૩) ખારવેલે ભરેલી જૈન પરિષદ –૧૭; (૪) જૈન ગુફામંદિરો–૧૮; (૫) મૂર્તિપૂજાની પ્રાચીનતા–૧૮; લેખનું વર્ણન–૧૯; રાજા ખારવેલની કારકિર્દી–૨૦.

**૩. ગુજરાતનો જૈનધર્મ** ૨૫–૫૭

જૈનધર્મનું વિશિષ્ટ કેન્દ્ર : ગુજરાત–૨૫; સંસ્કારિતા, સદાચાર અને વ્યાપારમાં ફાળો ૨૬; મહાજનો, મુત્સદ્દીઓ, નગરશેઠો, મંત્રીઓ, વિદ્વાનો વગેરે–૨૭; રાજકારભારમાં ફાળો–૨૮; જૈનધર્મની અને વૈશ્યોની પ્રકૃતિનો સુમેળ; ક્ષત્રિયોનું ધર્માંતર–૨૯; ગુજરાતની ઉદાર ભાવના–૩૦; વિશાળ કળામય મંદિરો અને ધર્મતીર્થોમાં લક્ષ્મીનો વ્યય–૩૦; શોભારૂપ ભવ્ય તીર્થસ્થાનો–૩૧; સેરિસા તીર્થના ઉદ્ધારક શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ–૩૨; દેવમંદિરોનો વ્યાપક મહિમા–૩૩; પંચાસર પાર્શ્વનાથનું પ્રાચીન મંદિર–૩૪; મંદિરોની સાચવણીમાં જૈનો અને બીજાઓ વચ્ચે ફેર–૩૫; સાહિત્યસમૃદ્ધિમાં ફાળો–૩૬; સાહિત્ય-સર્જનનું એક પ્રેરણાસ્થાન : ઉદાર શાસકો–૩૮; ગુર્જર નૃપતિઓની સમદર્શિતા અને સંસ્કારપ્રિયતા–૪૦; સદાચાર, અહિંસા અને દુર્વ્યસન

ત્યાગ–૪૧; પ્રાણીદયાની સંસ્થાઓ–૪૩; અહિંસા અને વીરતાનો અવિરોધ –૪૪; વિમળશા, ઉદયન, વસ્તુપાળ વગેરેનાં શૌર્યકાર્યો -૪૫; ધર્મપ્રીતિ અને રાષ્ટ્રભક્તિ–૪૭; આદર્શ જૈન વસ્તુપાળ–તેજપાળની સર્વધર્મ-સમદર્શિતા–૪૭; સમરાશા તથા જગડુશા–૪૮; હીરવિજયસૂરિ–૪૯; જૈન વિદ્વાનોનું ઇતિહાસરક્ષણનું કાર્ય–૫૦; પ્રબંધકારોની દૃષ્ટિ–૫૦; ગુર્જરભૂમિની વિશેષતા: જૈનધર્મનું આકર્ષણ–૫૩; જૈનધર્મનો ગુજરાતમાં પ્રચાર–૫૪; ગુર્જર સંસ્કૃતિ અને સત્તાનું કેન્દ્ર ભિલ્લમાળ–૫૫; ક્ષત્રિયો વગેરેનો જૈનધર્મ સ્વીકાર–૫૬; અણહિલપુરનો ઉદય–૫૬.

**૪. સિદ્ધસેન દિવાકર અને સ્વામી સમંતભદ્ર** ૫૮-૭૦

જૈન નૈયાયિકોના પુરોગામી–૫૮; બન્નેનો સંપ્રદાય અને સમય –૫૮; **સિદ્ધસેન દિવાકર** : રાજા વિક્રમની સભાના એક રત્ન–૫૯; આગમ–પ્રધાન જમાનો–૫૯; બ્રાહ્મણોથી બચવા બૌદ્ધોની તર્કશાસ્ત્રની રચના–૬૦; જૈન શ્રમણોનો પ્રયત્ન–૬૦; ઉમાસ્વાતીનું માર્ગદર્શન અને સિદ્ધસેનનું અગ્રકાર્ય–૬૧; તર્કપ્રધાન પ્રકૃતિ–૬૧; પારાંચિત પ્રાયશ્ચિત–૬૨; વિદ્વાનોની અંજલિ–૬૨; સિદ્ધસેન અને સમંતભદ્ર વચ્ચે સરખાપણું–૬૪; બન્ને સંસ્કૃતના લેખક અને પ્રચારક–૬૫; બ્રાહ્મણમાંથી શ્રમણ–૬૬; બત્રીશ બત્રીશીઓ–૬૬; બન્ને વચ્ચે વિશેષ સમાનતા–૬૭; બન્નેના કાર્યની વિશેષતા–૬૮; બન્ને આચાર્યો બન્ને સંપ્રદાયમાં માન્ય–૬૯.

**૫. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ** ૭૧-૭૬

બે પ્રકારના વિદ્વાનો: આગમપ્રધાન અને તર્કપ્રધાન–૭૩; જિનભદ્રગણી: આગમપ્રધાન આચાર્ય–૭૪; તર્કપ્રધાન આચાર્ય સિદ્ધસેન દિવાકર: સર્વમાન્ય આપ્ત પુરુષ–૭૪; જિનભદ્ર ગણીના ગ્રંથો–૭૫; જિનભદ્ર ગણીનો સમય–૭૬.

**૬. હરિભદ્રસૂરિ અને એમનો સમય** ૭૮-૯૦

સમભાવી વિદ્વાનોમાં સૌથી મોખરે–૭૮; પૂર્વોત્તર ઇતિહાસની વચ્ચેના સીમાસ્તંભ–૭૯; પોતાના જીવનની હકીકત આપવામાં ઉદાસીનતા–૭૯; સંપ્રદાય, ગચ્છ, ગુરુ અને ધર્મમાતા–૮૦; એ ગ્રંથોમાના

વર્ણનોનો સાર–૮૧; ગ્રંથરચના; ઘણે ભાગે આગમોના પહેલા ટીકાકાર–૮૨; સત્યના ઉપાસક, ઉદારદિલ સાધુપુરુષ–૮૨; **હરિભદ્રસૂરિનો સમય :** વિ. સં. ૫૮૫માં સ્વર્ગવાસ થયાનો મત–૮૩; સિદ્ધર્ષિએ કરેલી સ્તુતિ; એના ઉપરથી ફલિત થતો સમય–૮૫; કુવલયમાલા કથામાંનો નિર્ણાયક ઉલ્લેખ–૮૫; નંદીચૂર્ણિના ઉદ્ધરણથી નિશ્ચિત થતો સમય–૮૭; નિશ્ચિત સમય: ઇસ્વીસનની આઠમી સદી–૮૮; કુવલયમાળા કથાના સબળ પુરાવાથી નિશ્ચિત થતો સમય–૮૮.

૭. જિનેશ્વરસૂરિ ૯૧–૧૦૭

ચૈત્યવાસ–૯૧; જૈનધર્મનું મહાન કેન્દ્ર અણહિલપુર–૯૧; ચૈત્યવાસીઓની કામગીરી અને અણહિલપુરમાં એમનો પ્રભાવ–૯૨; જૈન યતિઓનો શાસ્ત્રવિહિત જીવનક્રમ–૯૩; ત્યાગધર્મની સ્થાપના માટે જિનેશ્વરસૂરિનો પ્રબળ પુરુષાર્થ–૯૩; વિશાળ અને ગૌરવશાળી શિષ્યપરંપરા–૯૪; બીજા ગચ્છો ઉપર પ્રભાવ–૯૫; જૈન સમાજમાં નૂતન યુગનો ઉદય–૯૫; સાચા યુગપ્રધાન–૯૭; **જિનેશ્વરસૂરિજીની જીવનકથા :** દેશ, જ્ઞાતિ, પિતા અને નામ–૯૮; ધારાનગરીમાં ગમન–૯૮; શ્રેષ્ઠી લક્ષ્મીપતિના મહેમાન; શ્રેષ્ઠીની પ્રીતિ–૯૮; વર્ધમાનસૂરિ પાસે દીક્ષા–૧૦૦; અણહિલપુર તરફ વિહાર–૧૦૧; વિદ્વાનોને સંતોષ–૧૦૨; ચૈત્યવાસીઓની ચાલ્યા જવાની માગણી; પુરોહિતનો જવાબ ૧૦૨; રાજસભામાં ચર્ચા અને ચૈત્યવાસીઓની સંમતિ–૧૦૨; સોમેશ્વરની વિનતિ અને શૈવાચાર્યની ઉદારતા–૧૦૪; અભયદેવસૂરિની દીક્ષા–૧૦૫; જિનેશ્વરસૂરિની સફળતા–૧૦૫; જિનેશ્વરસૂરિનો સમય–૧૦૬; ગ્રંથરચના–૧૦૬.

૮. મહર્ષિ હેમચંદ્રાચાર્ય ૧૦૮–૧૧૭

લોકોત્તર ચંદ્રમાની જેમ શાશ્વત પ્રકાશધારી–૧૦૮; વિપત્તિનાં વાદળો દૂર કરનારા–૧૦૮; દીક્ષા અને વિદ્યાભ્યાસ–૧૦૯; ઉત્કટ સંયમ અને આચાર્યપદ–૧૦૯; સિદ્ધરાજનો સમાગમ અને વિદ્વાનો સાથે ચર્ચા-૧૧૦; નિષ્પક્ષ બુદ્ધિ અને એનો સિદ્ધરાજ ઉપર પ્રભાવ–૧૧૦; સિદ્ધરાજનો સ્વર્ગવાસ, વિહાર અને ગ્રંથરચના–૧૧૨; કુમારપાલને પ્રતિબોધ :

ત્રણ ધર્માજ્ઞાઓ ૧૧૩; આજ્ઞાનું પાલન અને બાર વ્રતનો સ્વીકાર–૧૧૪; 'કાલિકાલસર્વજ્ઞ,' જ્ઞાનના મહાસાગર, સર્વ શાસ્ત્રોના પ્રણેતા–૧૧૪; વિશાળ શિષ્ય સમુદાય અને વિશાળ અનુયાયી વર્ગ-૧૧૬; સ્વર્ગવાસ–૧૧૬; પ્રો. પીટરસનની અંજલિ–૧૧૬.

૯. રાજર્ષિ કુમારપાલ ૧૧૮—૧૪૮

અજોડ વિજેતા અને રાજ્યનો વિસ્તાર કરનાર–૧૧૮; પ્રજાના દુઃખ દૂર કરનાર રાજવી–૧૧૯; ધર્મમય જીવન અને સ્વર્ગવાસ–૧૨૦; સર્વરસપૂર્ણ અસાધારણ જીવન–૧૨૦; પ્રમાણભૂત ઇતિહાસની પ્રાપ્તિ–૧૨૧; હેમચંદ્રાચાર્યે દ્વયાશ્રય અને મહાવીરચરિત્રમાં કરેલું વર્ણન–૧૨૨; 'મોહરાજપરાજય'માં યશઃપાલે કરેલું વર્ણન-૧૨૩; 'કુમારપાલ પ્રતિબોધ'માં સોમપ્રભાચાર્યે કરેલ વર્ણન–૧૨૩ જૈનત્વ સ્વીકારની સત્યતા–૧૨૪; ધર્માંતરની સહજતા; કુમારપાળના ધર્માંતરનું સુપરિણામ-૧૨૫; રાજ્યકારભારમાં જૈનો અને શૈવોનો સરખો ફાળો–૧૨૬; સિદ્ધરાજ અને કુમારપાળના ધર્મજીવનનો તફાવત ૧૨૬; અશોકના જેવું જીવન–૧૨૭; અપુત્રિયાનું ધન લેવા સામે પ્રતિબંધ–૧૨૮; કુમારપાળના ગુણો અને એનાં તથા સિદ્ધરાજનાં કાર્યો–૧૩૦; ધર્મસહિષ્ણુતાનો ઉચ્ચ આદર્શ-૧૩૧; ધર્મમય આદર્શ જીવન: પરમાર્હત–૧૩૩; જીવહિંસાનો પ્રતિબંધ: અમારિ–પ્રવર્તન–૧૩૪; ગુજરાતની અહિંસાનું એક સુપરિણામ: ગાંધીજીનો જન્મ–૧૩૫; મદ્યપાન અને જુગારનો નિષેધ–૧૩૬; દેવમંદિરોની સ્થાપના અને તીર્થયાત્રા–૧૩૭; કાર્યપરાયણ અને ધર્મપરાયણ જીવનચર્યા–૧૩૭; રાજ્યકાર્યની સંભાળ–૧૩૯; ધર્મજિજ્ઞાસા અને અભ્યાસ–૧૪૦; હેમચંદ્ર ઉપર અનન્ય અનુરાગ–૧૪૧; પરાક્રમી જાગ્રત અને કૃતજ્ઞ રાજવી–૧૪૨; બલ્લાલ ઉપર વિજય–૧૪૩; મલ્લિકાર્જુનનો વધ–૧૪૪; રાજ્યવિસ્તાર–૧૪૬; નિરુપદ્રવ રાજ્ય–૧૪૬.

૧૦. મહાકવિ વિજયપાલ અને શ્રીપાલ ૧૪૯-૧૫૮

રાજ્યમાન્ય કાવઓનું જૈનકુળ–૧૪૯; સિદ્ધપાળ સંબંધી ઉલ્લેખો ૧૫૦; પ્રજ્ઞાચક્ષુ મહાકવિ શ્રીપાળ–૧૫૧.

૧૧. વસ્તુપાલ-તેજપાલ અને તેમની કીર્તિગાથા ૧૫૯-૧૬૬

મહામાત્ય વસ્તુપાલની મહત્તા–૧૫૯; સત્કાર્યો માટે વિદ્વાનો અને

કવિઓથી પ્રશંસિત-૧૫; ભવ્ય દેવમંદિરોના નિર્માતા-૧૬૦; **વસ્તુપાલ-તેજપાલનું કીર્તિકથા સાહિત્ય-૧૬૦.**

**૧૨. જગદ્‌ગુરુ હીરવિજયસૂરિ** **૧૬૭-૧૭૬**


તપસ્વિનીનાં દર્શન-૧૬૭; સૂરિજીને મળવાની અકબરની ઝંખના અને તેડું-૧૬૮; વિહાર અને સરોવરના ઠાકોરને પ્રતિબોધ ૧૬૮; ફતેહપુર સિક્રીમાં પ્રવેશ-૧૬૯; પહેલી મુલાકાત અને પ્રભાવ-૧૭૦; વિશેષ પરીક્ષા -૧૭૨; આગરામાં અકબરીય જ્ઞાનભંડાર-૧૭૦; બીજી મુલાકાત : જીવદયાની સફળ ભિક્ષા- ૧૭૩; "જગદ્‌ગુરુ"ની પદવી-૧૭૪; જનસમૂહને પ્રતિબોધ-૧૭૫; શત્રુંજયનો મહાસંઘ અને મુંડકાવેરાની માફી ૧૭૬.

**૧૩. મોગલ સમ્રાટના અન્ય પ્રતિબોધકો** **૧૭૮-૧૮૮**

**૧. શાંતિચંદ્ર ઉપાધ્યાય :** ઉપાધ્યાયપદ-૧૭૮; વાદીવિજેતા, શતાવધાની, પ્રતિભાશાળી વિદ્વાન-૧૭૮; 'કૃપારસકોશ'ની રચના-૧૭૯; જજિયાવેરાની માફી અને બીજાં સુકાર્યો-૧૭૯; છ માસની અમારિ, ગુજરાત તરફ વિહાર-૧૮૦; **૨, ૩. ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્ર :** સિદ્ધિચંદ્રનું બહુમાન 'ખુશફહેમ'ની પદવી-૧૮૧; અકબરની શ્રદ્ધા-૧૮૧; સાર્વજનિક હિતની દૃષ્ટિ-૧૮૨; સિદ્ધિચંદ્રની વિદ્વત્તા અને પ્રતિભા-૧૮૩; ત્યાગધર્મની અગ્નિપરિક્ષા-૧૮૪ : "જહાંગીરનો પશ્ચાત્તાપ 'જહાંગીરપસંદ'"નું બિરુદ-૧૮૪; **૫. વિજયદેવસૂરિ :** અકબરનું તેડું : લાહોર ગમન-૧૮૫; નંદિવિજયજીને "ખુશફહેમ"ની પદવી-૧૮૩; "સવાઈહીરજી"ની પદવી-૧૮૬; હીરસૂરિ અને સેનસૂરિનો સ્વર્ગવાસ-૧૮૬; **૫. વિજયસેનસૂરિ :** ત્રણ સમ્રાટો : ત્રણ આચાર્યો-૧૮૬; ગચ્છમાં વિરોધ : જહાંગીરનું તેડું-૧૮૭; "જહાંગીરી મહાતપા"નું બિરુદ-૧૮૭; પ્રભાવશાળી સંઘનાયક-૧૮૭.

**૧૪. કેટલાક જ્યોતિર્ધરો** **૧૮૯-૧૯૬.**

૧. વૈશાલીનો રાજા ચેટક-૧૮૯ ; ૨. રાજા ઉદાયન-૧૯૧; ૩. ભદ્રબાહુસ્વામી-૧૯૩; ૪. દ્રોણાચાર્ય-૧૯૪; ૫. મહાકવિ ધનપાલ-૧૯૫; ૬. મ. મ. મેઘવિજયજી-૧૯૫; ૭. ઉપાધ્યાય યશોવિજયજી. ૧૯૬.



## સ્મૃતિશેષ ભાઈ જગમોહનદાસ

卐

ભાઈ જગમોહનદાસ સ્મૃતિશેષ થયા અને અમારા ચાર ભાઈઓમાંથી નાનામાં નાના ભાઈના અકસ્માત અવસાનથી અમારા કુટુંબને માથે વજ્રપાત થયો, એ વાતને આજે નવમું વર્ષ ચાલે છે. પણ એ તેજસ્વી, કાબેલ અને કર્તવ્યનિષ્ઠ ભાઈનું સ્મરણ ભૂલ્યું ભુલાતું નથી!

અમારું મૂળ વતન ખેડા, પણ અમારા પૂજ્ય પિતાશ્રી એંજિ-

નિયર હતા; અને એમનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં ગોંડળ અને જામનગર હતું, એટલે અમારો ઉછેર સૌરાષ્ટ્રમાં થયો હતો.

અમારા પિતાશ્રી તો અમારી નાની વયે જ સ્વર્ગવાસી થયા હતા, એટલે અમને સાચવવાની બધી જવાબદારી અમારાં પૂજ્ય માતુશ્રીએ અને અમારા પૂજ્ય કાકા જાણીતા રાષ્ટ્રસેવક શ્રી છોટુભાઈએ જ પૂરી કરી હતી.

ભાઈ જગમોહનદાસનો જન્મ સૌરાષ્ટ્રમાં જામનગરમાં તારીખ ૨૪-૧૨-૧૯૨૧ ના રોજ થયો હતો. તેઓએ વિલ્સન કૉલેજમાં અભ્યાસ કરીને મુંબઈ યુનિવર્સિટીની બી. એ. ની અને તે પછી સ્કૂલ ઑફ઼ ઇકોનોમિકસમાં જોડાઈને એમ. એ. ની ડિગ્રી મેળવી હતી. ઉપરાંત પોદ્દાર કૉલેજ ઑફ઼ કૉમર્સમાં જોડાઈને એમણે બી. કૉમ.ની પરીક્ષા પણ પસાર કરી હતી.

આવી યોગ્યતા પ્રાપ્ત કર્યા બાદ ભાઈ જગમોહનદાસે શરૂઆતમાં મુંબઈની બે વ્યાપારી પેઢીઓમાં સફળતાપૂર્વક કામ કરી બતાવ્યું. પછી એમની શક્તિ, નિષ્ઠા અને કાબેલિયત એમને વધારે માન અને જવાબદારીભર્યા સ્થાન તરફ઼ ખેંચી ગઈ. ૩૨ વર્ષ જેટલી યુવાન ઉંમરે તેઓ રાજસ્થાનમાંની ખાણોમાંથી પથ્થર કાઢવાનો ઉદ્યોગ ચલાવતી એસોસીએટેડ સ્ટોન (કોટા) ઇન્ડસ્ટ્રીઝ લિ. કંપનીના મેનેજર અને સેક્રેટરી તરીકેના બેવડી જવાબદારીવાળા પદે નિમાયા.

આ નવા અને બેવડી જવાબદારીવાળા સ્થાને તો જાણે ભાઈ જગમોહનદાસની શકિત અને સહૃદયતા બેવડી રીતે ઝળકી ઊઠી. એક બાજુ એમણે પોતાની કાર્યદક્ષતા અને કુશાગ્ર બુદ્ધિથી કંપનીના ડાયરેકટરોનાં મન જીતી લીધાં; તો બીજી બાજુ મિલનસાર સ્વભાવ, અને માનવતાના સદ્ગુણોથી કંપનીમાં કામ કરતા મજૂરોનાં દિલ વશ કરી લીધાં. માલિક અને મજૂર બન્નેને રાજી રાખવાના મુશ્કેલ કામને ભાઈ જગમોહનદાસે આસાન કરી બતાવ્યું હતું, એ એમની ચિરસ્મરણીય

વિશેષતા છે. વળી, રામગંજમંડીની જનતામાં પણ તેઓ પોતાની સેવાભાવના અને સુજનતાને લીધે એટલા જ લોકપ્રિય બની શકયા હતા.

પણ સૌને પ્રિય એવા આ પુષ્પનું સરજત કંઈક જુદું જ હતું: વિ. સં. ૨૦૧૪ના ચૈત્રવદી ૧૩, બુધવાર, તા. ૧૬–૪–૧૯૫૮ના રોજ તેઓ કંપનીને કામે મોટરમાં ભોપાલ જતા હતા, ત્યારે એમની મોટરને ભયંકર અકસ્માત થયો અને માત્ર ૩૬ વર્ષની ભરયુવાન વયે તેઓ સૌને વિલાપ કરતાં મૂકીને સદાને માટે વિદાય થઈ ગયા!

નાનાભાઈની આ ખોટ અમારા કુટુંબને માટે તો કદી પૂરી શકાય એવી નથી, પણ એમણે સામાન્ય જનતાની જે કાંઈ સેવા બજાવી હતી, તેથી એમની ખોટ એક સામૂહિક ખોટ બની ગઈ છે!

એમને અંજલિ આપવાને રામગંજમંડીના નાગરિકોએ શોકસભા ભરી હતી. અને પોતાના આવા હિતચિંતકના સ્મરણ નિમિત્તે સારી એવી રકમ ભેગી કરીને, શ્રી કોરા બાલમંદિરની સ્થાપના કરી છે. આ કાર્યની શુભ શરૂઆત કંપનીના મજૂરોએ પોતાની આવકના દસ ટકા એ ફાળામાં આપીને કરી હતી. પ્રભુને પ્યારાં એવાં નાનાં બાળકોની કેળવણીની આ સંસ્થા ભાઈ શ્રી જગમોહનદાસે પ્રાપ્ત કરેલ સદ્ભાવ અને લોકચાહનાનું સ્મારક બની રહેશે.

આ દુ:ખદ ઘટના અમારા માટે પ્રેરક બની; એમના સ્મરણ નિમિત્તે શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળાનો આ નાનો સરખો સ્મૃતિદીપ પ્રગટાવવાની અમારા અંતરમાં ભાવના જાગી.

સ્વર્ગવાસી બંધુનો આ સ્મૃતિદીપ અમને વધુ ને વધુ સત્કાર્યનો પ્રેરક બનો એ જ અભ્યર્થના!

—કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા

# જૈન ઇતિહાસની ઝલક

# [ ૧ ] મહામુનિ જંબૂસ્વામી

જે જંબૂ મહામુનિના જીવનને અનુલક્ષીને આ ચરિતની (મુનિવર ગુણપાલ વિરચિત 'જંબુચરિયં 'ની) રચના થઈ છે, એમની આ જીવન-કથા જૈન સાહિત્યમાં ખૂબ પ્રસિદ્ધ છે. આ કથાનું વર્ણન કરનારી સેંકડો કૃતિઓ જૈન સાહિત્યના વિપુલ ભંડારમાં મળી આવે છે. પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, પ્રાચીન હિંદી, ગુજરાતી, રાજસ્થાની વગેરે ભારતની આર્યકુળની કેટલીય પ્રાચીન–અર્વાચીન ભાષાઓમાં આ કથાને લગતી નાની–મોટી અનેક કૃતિઓ મળે જ છે; ઉપરાંત, કન્નડ અને તામિળ જેવી દ્રાવિડ ભાષાઓના સાહિત્ય–ભંડારમાં પણ જંબૂ મુનિની અનેક કથાઓ મળી આવે છે.

## શ્રમણસામુદાયના નાયક; અંતિમ કેવલી

જૈન ઇતિહાસના અવલોકનથી એ નિશ્ચિત થાય છે કે આ જંબૂ મુનિ એક ઐતિહાસિક વ્યક્તિ છે. અને તેઓ શ્રમણ ભગવાન મહાવીર દેવના વિશિષ્ટ તેમ જ ઉત્તરાધિકારી ગણધર સુધર્મના મુખ્ય શિષ્ય હતા. જ્ઞાતપુત્ર શ્રમણ તીર્થંકર વર્ધમાન મહાવીરના નિર્વાણ બાદ, એમના અનુગામી નિર્ગ્રંથ શ્રમણસમુદાયના નાયક તરીકે જંબૂ મુનિ સર્વોચ્ચ સ્થાને બિરાજ્યા હતા. મહાવીર દેવના હજારો શ્રમણ–શિષ્યોમાં જંબૂ મુનિ અંતિમ કેવલી ગણાય છે, અને એમની પછી કોઈ પણ શ્રમણને નિર્વાણપદની પ્રાપ્તિ નથી થઈ, એવું વિધાન કરવામાં આવ્યું છે. તીર્થંકર મહાવીરના નિર્વાણ બાદ ૬૪ વર્ષ પછી જંબૂ મુનિ નિર્વાણપદને પામ્યા હતા. એ સમયથી લઈને તે આજ સુધી જૈનધર્મનો પ્રવાહ

ચાલુ રહ્યો તે જંબૂ મુનિના જ શિષ્યસમુદાયના ઉપદેશ અને આદેશનું પરિણામ છે.

### આગમોમાં સર્વત્ર નિર્દેશ

ભગવાન મહાવીરના નિર્વાણ પછી બહુ જ ટૂંકા વખતમાં જૈનધર્મ મુખ્ય બે સંપ્રદાયોમાં વહેંચાઈ ગયો—જેમાંનો એક શ્વેતાંબર સંપ્રદાયના નામે પ્રસિદ્ધ થયો, અને બીજો દિગંબર સંપ્રદાયને નામે. પરંતુ આ બન્ને સંપ્રદાયોમાં જંબૂ મુનિનું સ્થાન એકસરખું જ માન્ય અને વંદનીય રહ્યું છે. બન્ને સંપ્રદાયના પૂર્વાચાર્યોએ જંબૂ મુનિની કથાની વિવિધ રૂપે રચના કરી છે. શ્વેતાંબર સંપ્રદાયને માન્ય પ્રાચીનતમ આગમ ગ્રંથોમાં ઠેર ઠેર જંબૂ મુનિનો નિર્દેશ મળે છે. જંબૂ મુનિએ ભગવાન મહાવીરની હયાતીમાં દીક્ષા નહોતી લીધી; મહાવીરના નિર્વાણ પછી એમણે સુધર્મસ્વામીની પાસે શ્રમણધર્મની દીક્ષા લીધી હતી. ગણધર સુધર્મે ભગવાન મહાવીરના ઉપદેશો અને સિદ્ધાંતોનો બધો સાર જંબૂ મુનિને સંભળાવ્યો તેમ જ સમજાવ્યો હતો. અને તેથી જ પ્રાચીનતમ જૈન આગમોમાં ઠેર ઠેર સુધર્મ અને જંબૂ મુનિના નામોલ્લેખ સાથે જ બધા વિચારો અને સિદ્ધાંતોનો નિર્દેશ કરવામાં આવેલ છે.

### વતન અને પિતા

ભગવાન મહાવીરના મુખ્ય શિષ્યો ૧૧ હતા, જેઓ ગણધર કહેવાતા હતા. આમાંથી ૯ તો ભગવાનના જીવનકાળ દરમ્યાન જ નિર્વાણ પામ્યા હતા. સૌથી મોટા શિષ્ય ઇંદ્રભૂતિ ગૌતમ અને પાંચમા શિષ્ય સુધર્મ ભગવાનના નિર્વાણ વખતે હયાત હતા. ઇંદ્રભૂતિ ગૌતમ ભગવાનના નિર્વાણ પછી તરત કૈવલ્યદશામાં લીન થઈ ગયા; તેથી સમસ્ત શ્રમણ–સમુદાયની રક્ષા, શિક્ષા અને દીક્ષાનો ભાર સુધર્મ ગણધરને ઉપાડવો પડ્યો. આ સુધર્મની પાસે રાજગૃહનિવાસી, મોટા સમૃદ્ધિશાળી ઋષભદત્ત શેઠના એકના એક પુત્ર જંબૂ કુમારે, પોતાના જીવનની યુવાનીની શરૂઆતમાં જ, શ્રમણ-ધર્મની આકરામાં આકરી દીક્ષા લીધી હતી. જંબૂ કુમારની દીક્ષાનો

આ પ્રસંગ ભારે અદ્ભુત અને રોમાંચકારી ઘટના દ્વારા બન્યો હતો, તેથી ગણધર સુધર્મની આજ્ઞામાં રહેલા સમસ્ત નિર્ગ્રંથ-શ્રમણસમુદાયની આગેવાની જંબૂ મુનિને સોંપવામાં આવી હતી.

## સુધર્મસ્વામી

સુધર્મ ગણધરે ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૧૨ વર્ષ સુધી શ્રમણ-સમુદાયનું નાયકપદ સંભાળ્યું હતું. આ દરમ્યાન જ જંબૂએ દીક્ષા ગ્રહણ કરી અને પોતાના વિશિષ્ટ ચારિત્રબળ અને જ્ઞાન-બળને લીધે ટૂંક સમયમાં જ તેઓ સુધર્મ ગણધરના અનુગામી શ્રમણ-સમુદાયના વિશિષ્ટ નાયકરૂપે પ્રતિષ્ઠિત થઈ ગયા. ભગવાન મહાવીરના નિર્વાણ બાદ બાર વર્ષ પછી સુધર્મ ગણધર પણ કૈવલ્યદશામાં લીન થઈ ગયા અને તેઓએ પોતાના શ્રમણસમુદાયના નાયકપદનો ભાર જંબૂ મુનિને સોંપી દીધો. આઠ વર્ષ લગી કૈવલ્યઅવસ્થામાં લીન રહ્યા બાદ સુધર્મસ્વામી નિર્વાણ પામ્યા. નિર્વાણ વખતે સુધર્મસ્વામીની ઉંમર પૂરાં ૧૦૦ વર્ષની હતી. એમણે ૫૦મે વર્ષે ભગવાન મહાવીરની પાસે શ્રમણ-ધર્મની દીક્ષા લીધી હતી. ૩૦ વર્ષ લગી તેઓ ભગવાન મહાવીરની સેવા-ઉપાસના કરતા રહ્યા. ભગવાન મહાવીરના નિર્વાણ પછી, ૮૦ વર્ષની ઉંમરે, નિર્ગ્રંથ શ્રમણોના સંઘની વ્યવસ્થાનો બધો ભાર એમને ઉઠાવવો પડ્યો. ૧૨ વર્ષ પછી, ૯૨મે વર્ષે, તેઓ કૈવલ્યદશામાં લીન થઈ ગયા; અને તે પછી ૮ વર્ષ એ દશામાં વિતાવીને ૧૦૦ વર્ષની પૂરી ઉંમરે તેઓ નિર્વાણ પામ્યા.

## જંબૂસ્વામીની ઉંમર

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૦ વર્ષે સુધર્મ ગણધરનું નિર્વાણ થયું; અને તે પછી ૪૪ વર્ષ બાદ—એટલે કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૬૪ વર્ષે—જંબૂસ્વામીનું નિર્વાણ થયું. આ હિસાબે જંબૂસ્વામી બાવન વર્ષ સુધી શ્રમણ સમુદાયનું નાયકપદ સંભાળતા રહ્યા. એમની પૂરી ઉંમર કેટલાં વર્ષની હતી એનો કોઈ

સ્પષ્ટ ઉલ્લેખ જોવામાં નથી આવ્યો. પણ કલ્પનાથી અનુમાન કરવામાં આવે તો, એમની ઉંમર ઓછામાં ઓછી ૮૨–૮૪ વર્ષ જેટલી તો હોવી જ જોઈએ. ભગવાન મહાવીરના નિર્વાણ પછી બાર વર્ષે સુધર્મ ગણધર કૈવલ્યદશામાં લીન થઈ ગયા ત્યારે તેઓએ પોતાના શ્રમણ-સંઘનો ભાર જંબૂ મુનિને સોંપી દીધો. એ વખતે એમનો દીક્ષાપર્યાય ઓછામાં ઓછો ૧૦ વર્ષ જેટલો માની લેવામાં આવે તો, દીક્ષા લેતી વખતે એમની ઉંમર ઓછામાં ઓછી ૧૮–૨૦ વર્ષ જેટલી તો હોવી જ જોઈએ. જે અવસ્થામાં એમણે ઘરસંસારનો ત્યાગ કર્યો, અને જે સંયોગોનો અનુભવ કર્યો, તે ૧૮–૨૦ વર્ષથી ઓછી ઉંમરવાળા જીવનમાં સંભવી ન શકે. તેથી, અમારી કલ્પના મુજબ, જંબૂ મુનિની ઉંમર ઓછામાં ઓછી ૮૨–૮૪ વર્ષ જેટલી જરૂર હોવી જોઇએ.

હરિભદ્ર-કુટીર, ચંદેરીયા
અક્ષય તૃતીયા,
વિ સં. ૨૦૧૫

જંબુચરિયં (સિંધી જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક ૪૪); હિંદી પ્રસ્તાવનામાંથી સંક્ષેપ કરીને ઉદ્ધૃત અને અનુવાદિત.

## [૨] કલિંગમાં જૈનધર્મ :
## હાથીગુફાલેખ અને રાજા ખારવેલ

**જૈનધર્મની સાથે સંબંધ** ધરાવનાર જેટલા પ્રાચીન શિલાલેખો આજ સુધીમાં મળી આવ્યા છે, તેમાં આ પુસ્તકમાં આપેલા "કટક નજીક આવેલી ઉદયગિરિની ટેકરી ઉપરના હાથીગુફા તથા બીજા ત્રણ લેખો" સર્વથી પ્રાચીન છે. હાથીગુફાવાળો મહામેઘવાહન રાજા ખારવેલનો લેખ જૈનધર્મની પુરાતન જાહોજલાલી ઉપર અપૂર્વ અને અદ્વિતીય પ્રકાશ પાડનારો છે.

**લેખની ઐતિહાસિક ઉપયોગિતા અને જૈનોનું અજાણપણું**

શ્રવણ ભગવાન શ્રી મહાવીર દેવ પ્રબોધિત પંથના અનુયાયીઓમાં કોઈ પ્રાચીનમાં પ્રાચીન નૃપતિનું નામ જો શિલાલેખમાં મળી આવ્યું હોય તો તે ફક્ત એકલા આ પ્રતાપી નૃપતિ ખારવેલનું જ છે. જૈન-ધર્મના ઇતિહાસની દૃષ્ટિએ તો આ હાથીગુફાવાળો લેખ અનુપમ છે જ, પરંતુ ભારતવર્ષના રાજકીય ઇતિહાસની અપેક્ષાએ પણ આની ઉપયોગિતા અનુત્તર જ જણાઈ છે.

લગભગ એક શતાબ્દી જેટલા લાંબા કાળથી આ લેખની ચર્ચા યુરોપીય અને ભારતીય પુરાતત્ત્વજ્ઞોમાં ચાલ્યાં કરે છે. અનેક લેખો અને પુસ્તકો આ લેખના વિષયમાં લખાયાં-છપાયાં છે. સેંકડો વિદ્વાનો આ લેખની મુલાકાત લઈ ફોટા વગેરે ઉતારી ગયા છે, અને હજુ પણ એમ જ ચાલુ છે. આવી રીતે ઐતિહાસિક વિદ્વાનોમાં આ લેખ એક મહત્ત્વનો અને પ્રિય થઈ પડયો છે. પરંતુ એ જાણીને મને

સાશ્ચર્ય ખેદ થાય છે કે જેમના ધર્મ સાથે આ મહત્ત્વના સ્થાનનો સીધો સંબંધ છે, જેમનો એક પ્રકારે આ કીર્તિસ્તંભ છે, અને જેમની પ્રાચીન પ્રભુતાનાં પ્રકાશમય કિરણો આમાં અંકિત થયેલાં છે, તે જૈનોમાંથી હજુ સુધી કોઈને એનું નામ પણ જણાયું–સંભળાયું નથી!... ... ... ... ...ચંદ્રગુપ્ત અને સંપ્રતિ જેવા જૈનસમાજ-પ્રસિદ્ધ નૃપતિઓના વિષયમાં જ્યારે અનેકાનેક જૈન ગ્રંથોમાં વિસ્તૃત રૂપે વર્ણન કરવામાં આવેલું હોવા છતાં, અને નિઃસંશય રીતે તેમને પરમ જૈન તરીકે જણાવેલ હોવા છતાં, તેમનું જૈનત્વ સ્વીકારવા માટે —અને સંપ્રતિનું તો અસંદિગ્ધ રીતે અસ્તિત્વ પણ માનવા માટે— હજુ વિદ્વત્સમાજ આનાકાની કરે છે, ત્યારે ખારવેલ જેવા એક સર્વથા અપરિચિત–અજ્ઞાત રાજા માટે, કે જેનું નામ સુધ્ધાં પણ આખા જૈન સાહિત્યમાં કોઈ પણ સ્થાને મળતું નથી, અને જેના બનાવેલા એવા મહત્ત્વના હાથીગુફા જેવા જૈનીય ધર્મસ્થાનના અસ્તિત્વની કલ્પના પણ આજ સુધી કોઈ જૈનના મનમાં જાગેલી જણાતી નથી, તેને એક પરમ જૈન (શ્રીયુત કે. હ. ધ્રુવના વચનમાં કહું તો "હડહડતો જૈન") નૃપતિ કે "જૈનવિજેતા" તરીકે સિદ્ધ કરવા કે કબૂલ કરવામાં આધુનિક ઇતિહાસજ્ઞો માન કે આનંદ માને છે!... ... ...

### હાથીગુફાનું સ્થાન

જે સ્થાને ખારવેલનો આ લેખ આવેલો છે, તે સ્થાન જૈન પ્રજાના વાસસ્થાનથી ઘણા દૂર અંતરે આવેલું છે, તેથી તેની કાંઈક ઓળખાણ આપવી આવશ્યક છે.

હિંદુઓ–વૈષ્ણવોનું પ્રસિદ્ધ તીર્થ જગન્નાથપુરી જે પ્રદેશમાં આવેલું છે, તેને હાલમાં ઓરીસ્સા અથવા ઓઢિયા પ્રાંત કહેવામાં આવે છે. એ પ્રાંત હિંદુસ્તાનના પૂર્વભાગ ઉપર, બંગાલના ઉપસાગરને કાંઠે આવેલો છે. પ્રાચીન કાળમાં એ પ્રાંત કલિંગ દેશના નામે પ્રખ્યાત હતો. અંગ, બંગ અને કલિંગ—એમ એ ત્રણે દેશોની ત્રિપુટી ગણાતી.

“ પ્રજ્ઞાપનાસૂત્ર ’ના પ્રથમ પદમાં જે સાડા પચીશ (૨૫ાા) આર્યદેશો જણાવ્યા છે, તેમાં કલિંગનું પણ નામ આપેલું છે, અને તેની મુખ્ય રાજધાની તરીકે કાંચનપુરી જણાવી છે. એ પ્રાચીન કલિંગ કે આધુનીક ઓરીસ્સા પ્રાંતમાં કટક શહેર નજીક ભુવનેશ્વર કરીને એક પ્રસિદ્ધ સ્થાન છે; તેની પાસે આ લેખવાળી ‘ ખંડગિરિ અને ઉદયગિરિની ટેકરીઓ, ’ જેને ખંડગિરિ જ કહે છે, તે ( ૨૦° ૧૬’ ઉ. અક્ષાંશ અને ૮૫° ૪૭’ પૂ. રેખાંશ ) ભુવનેશ્વરથી ઉત્તર–પશ્ચિમમાં ૪–૫ માઈલ દૂર આવેલી છે. આ બે ટેકરીઓની વચમાં ભુવનેશ્વરના માર્ગને અનુસરનારી એક ખીણ છે. એટઘરથી ચીલકા સરોવર તરફ જતાં એક રેતાળ પથ્થરો ( Sandstone )વાળા પર્વતના એક ભાગમાં તે આવેલ છે ’[1] ... ... ... ... ...

## ગુફા કયા સમયની તથા કયા ધર્મની છે?

ખંડગિરિ ઉપર જે નાની–મોટી સેંકડો ગુફાઓ છે, તેમાં હાથીગુફા, અનંતગુફા, રાણીગુફા, વૈકુંઠગુફા, માણેકપુરગુફા, જયા–વિજયાગુફા, ગણેશગુફા, સ્વર્ગપુરીગુફા, શતવક્ર અને નવમુનિગુફા આદિ ગુફાઓ વિશેષ પ્રસિદ્ધ છે. આમાં કેટલીક ગુફાઓ બૌદ્ધધર્મની છે અને કેટલીક જૈનધર્મની છે. પરંતુ, પરસ્પર બન્ને ધર્મની ભેળસેળ થઈ જવાને લીધે તથા બન્ને ધર્મોમાં જે કેટલીક સમાનતા છે તેને લીધે, આ ગુફા-સમૂહમાંથી કેટલી અને કઈ જૈનોની છે અને કઈ બૌદ્ધોની છે, તે બરોબર તારવી શકાય તેમ નથી. આ બધી ગુફાઓ એકી-વખતે થઈ નથી, પરંતુ જુદા જુદા સમયે બની છે... ... ... ...

ઉપર વર્ણવેલ ગુફા-સમૂહમાં જ પ્રસ્તુત લેખવાળી હાથીગુફા પણ આવેલી છે. આ ગુફા ઉદયગિરિના શિખર ઉપર છે. આના વિષયમાં બાબૂ મનોમોહન એ જ પુસ્તકમાં[2] જણાવે છે કે —

૧-૨. બાબુ મનોમોહન ગંગુલે રચિત “ Orissa and her Remains—Ancient and Medieval. ”

"હાથીગુફા એક નૈસર્ગિક ગુફા છે. તેના ઉપર ઘણી જ થોડી કારીગરી કરવામાં આવી છે; અને જોકે શિલ્પીની નજરથી તે બહુ ઉપયોગી નથી તોપણુ ત્યાંની સર્વ ગુફાઓ કરતાં તે ઘણી જ મહત્ત્વની છે. કારણ કે તેમાં એક મોટો લેખ છે, જેમાં કલિંગના એક રાજાનું સ્વવૃત્તાંત લખેલું છે. ડાકટર ભગવાનલાલના વાંચ્યા પહેલાં આ લેખ હિંદુસ્તાનમાં જૂનામાં જૂનો ગણાતો, અને, જોકે હાલ તે પ્રમાણે મનાતું નથી તોપણુ, આ ગુહાની ઉપયોગિતા જરા પણુ ઓછી થઈ નથી........... પ્રીન્સેપ તથા ડૅા. રાજેન્દ્રલાલ મિત્રનો મત એવો છે કે એ લેખ કલિંગના રાજા ઐરનો હતો, જે રાજા મૂળ રાજ્ય પચાવી પડચો હતો અને જેણે ઘણું દાન કર્યું, તળાવો ખોદાવ્યાં અને આવાં જ બીજાં જનહિતનાં કામો કરીને લોકોનો માનીતો થયો. પ્રીન્સેપના મત પ્રમાણે એ લેખ ઈ. સ. પૂર્વે ૨૦૦ વર્ષથી જૂનો નથી. 'કૅારપસ ઈન્સ્ક્રીપ્શ્યોનમ્ ઈંડીકેરમ (Corpus Inscriptionum Indicarum)ના કર્તા પણ પ્રીન્સેપના મતને મળે છે અને ધારે છે કે એ લેખ અશોકના લેખોથી જૂનો નહીં હોઈ ઈ. સ. પૂર્વે બીજા સૈકાનાં છેલ્લાં પચીસ વર્ષમાં થયેલો છે; 'કારણ કે કોઈ પણ અક્ષર ઉપર માથું કે માત્રા દોરેલાં નથી.' પરંતુ ડાકટર મિત્ર એ લેખને ઈ. સ. પૂર્વે ૪૧૬ ને ૩૧૬ ની વચ્ચેનો ગણે છે..............પ્રીન્સેપ અને મિત્રના મત પ્રમાણે આ ગુહા બૌદ્ધની છે. કારણ કે એના લેખમાં બૌદ્ધનાં ચિહ્નો નજરે પડે છે. પરંતુ ડાકટર ભગવાનલાલ ઈંદ્રજીએ તે જૈનની છે, એમ પુરવાર કર્યું છે અને તે ખારવેલની બનાવેલી છે એમ કહ્યું છે. આ લેખની ૧૭મી લીટીમાં ખારવેલનું નામ આવે છે. ભગવાનલાલના મત પ્રમાણે આ લેખની મિતિ મૌર્ય સન ૧૬૫ અગર ઈ. સ. પૂર્વે ૧૫૭ છે. મૌર્ય સન ઈ. સ. પૂર્વે ૩૨૧ થી શરૂ થાય છે, તેથી ગુફાનો વધારેમાં વધારે

જૂનો વખત ઈ. સ. પૂર્વે બીજા સૈકાનો હોઈ શકે. હાલમાં ડાક્ટર ફ્લીટે ‘ જર્નલ ઑફ ધી એશિયાટીક સોસાયટી ઑફ ગ્રેટબ્રીટન ’ના એક અંકમાં પ્રકટ કર્યું ત્યાર પહેલાં વીન્સેન્ટ સ્મીથ વગેરે શોધકોનો પણ તેવો જ મત હતો. પંડિત (ભગવાનલાલ)નો મત મને પસંદ નથી, પણ ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકાના અંતમાં હોઈ શકે એમ ધારું છું—એટલે કે મગધની ગાદી ઉપર અશોક આવ્યો તે પહેલાં. ડાક્ટર ફરગ્યુસન અને બરગેસના મત પ્રમાણે ‘ આ લેખની મિતિ ઘણુંખરું ઈ. સ. પૂર્વે ૩૦૦ છે.’ તેઓ કહે છે કે અશોકના રાજ્યથી ખડકોમાંથી ભોંયરાં ખોદી કાઢવાની રીતિ શરૂ થઈ અને ત્યારબાદ ઉત્તરોત્તર પ્રગતિથી આ કામ એક હજાર વર્ષ સુધી ચાલ્યું. આ લેખની ૧૬મી લીટીમાં કહેવામાં આવ્યું છે કે આ રાજાએ ‘ જમીન તળે ઓરડા તથા દેવાલય અને સ્તંભોવાળાં ભોંયરાં કરાવ્યાં. ’ આ ઉપરથી આપણે એમ કહી શકીએ કે હાથીગુફાની પાસે તેના જેટલી જૂની બીજી ગુહાઓ છે; જોકે તે આપણે નિશ્ચયપૂર્વક કહી શકીએ નહીં. વળી, આપણે એમ પણ કહી શકીએ કે ચૈત્ય, દેવાલય તથા સ્તંભોવાળી ગુહાઓ કરતાં બીજી જૂની ગુહાઓ હશે.’

### કલિંગમાં જૈનધર્મ

આ પ્રમાણે ખંડગિરિ અને ત્યાંની ગુફાઓનું વર્ણન છે. કાળના માહાત્મ્યની ગતિ અકળ છે. જે જૈન અને બૌદ્ધધર્મના શ્રમણો માટે આ બધાં ‘ લયનો ’ બનાવવામાં આવ્યાં છે, તેમાં આજે સેંકડો વર્ષથી એ ધર્મના કોઈ પણ શ્રમણે તો શું પરંતુ ગૃહસ્થે પણ પગ સુધ્ધાં નહીં મૂકયો હોય. જે પ્રદેશમાં પૂર્વે જૈનધર્મ આટલી બધી જાહોજલાલી ભોગવતો હતો, ત્યાં આજે ‘ જૈન ’ એ શબ્દથી પણ લોકો સર્વથા અજ્ઞાત છે! કટકમાં થોડાક જૈન દુકાનદારો છે અને

તેમના તરફથી એક નાનું સરખું (દિગંબર સંપ્રદાયનું) નવીન મંદિર પણ ખંડગિરિ ઉપર બનાવવામાં આવેલું છે પરંતુ તે બધું પરદેશીય છે. એ દુકાનદાર જૈનો દક્ષિણમાંથી વ્યાપારાર્થે જઈને ત્યાં વસેલા છે. ઓરીસ્સાના મૂળ વતનીઓમાંથી કોઈ પણ જૈનધર્મને ઓળખતા નથી. ઓરીસ્સાનો ઇતિહાસ યથાર્થ રીતે હજી સુધી ઉપલબ્ધ થયો નથી, તેથી એ જાણી શકાતું નથી કે એ પ્રદેશમાં જૈનધર્મે કેટલી પ્રગતિ કરી હતી? તોપણ આ ગુફાઓ અને લેખો ઉપરથી વિદ્વાનો અનુમાન કરે છે કે ઘણાક સમય સુધી જૈનધર્મ એ પ્રદેશમાં રાજ્ય-ધર્મ તરીકે પળાતો રહ્યો છે. જૈન અને બૌદ્ધધર્મ બન્ને સાથે સાથે જ આ પ્રદેશ ઉપર ખીલ્યા હોય એમ જણાય છે, અને તેમની અસર બ્રાહ્મણધર્મ ઉપર પણ કેટલીક રીતે સજ્જડ થયેલી મનાય છે. આ વિષયમાં બાબૂ મનોમોહન લખે છે કે—

> "ઇસવી સનની શરૂઆત પહેલાં અહીં જૈનધર્મ તથા બૌદ્ધધર્મ પ્રવર્તતો હતો, અને તેમની અસર હિંદુધર્મ અથવા, ખરી રીતે કહીએ તો, બ્રહ્મધર્મ ઉપર થઈ હતી............ ઓરીસ્સા ઈ. સ. પૂર્વે ૩જીથી ઈ. સ. ની ૮મી અગર ૯મી સદી સુધી જૈન અને બૌદ્ધધર્મનું મુખ્ય સ્થાન હતું, એ માનવાને આપણી પાસે ખાસ કારણો છે. ઈ. સ. પૂર્વે ૨૬૨માં મહાન મૌર્ય રાજા અશોકે કલિંગ જીત્યો ત્યારથી બૌદ્ધધર્મની અસર થવા લાગી.... .....હાથીગુફા લેખમાં પંડિત ભગવાનલાલ ઇંદ્રજીએ વાંચ્યું તે પ્રમાણે તેની મિતિ ઈ. સ. પૂર્વે બીજા સૈકાની વચમાં છે, અને તેનો કર્તા કલિંગનો રાજા અને જૈનધર્મનો ઉત્તેજક ખારવેલ છે.........જૈનધર્મે કલિંગદેશમાં એવાં સજ્જડ મૂળ ઘાલ્યાં હતાં કે જેની અસર આપણે ઈ. સ. ના ૧૬મા સૈકામાં પણ જોઈ શકતા હતા. સૂર્યવંશી રાજા ઓરીસ્સાના અધિપતિ પ્રતાપરુદ્રદેવને જૈનધર્મ વિષે ઘણી મમતા હતી. ધી રેવરન્ડ લોંગે તેને જૈન ઠરાવ્યો છે. ખંડગિરિ ઉપરની

નવમુનિ ગુહામાંના એક લેખમાં જૈન શ્રમણ શુભચંદ્રનું નામ જોવામાં આવે છે. આવી છૂટી છૂટી વિગત ઉપરથી આપણે નિર્ણય ઉપર આવી શકીએ કે અહીંયાં કેટલોક વખત જૈનધર્મનું જોર હતું, અને તે રાજ્યધર્મ હતો.........ઈ. સ. ૮મા સૈકાની મધ્યમાં રાષ્ટ્રકૂટના રાજા દંતિદુર્ગે કલિંગદેશ જીત્યો; પુનઃ ઈ. સ. ૯મા સૈકામાં જૈનધર્મના પોષક અકાલ વર્ષે તે જીત્યો."...

કલિંગના આ સંક્ષિપ્ત ઇતિહાસ ઉપરથી જણાશે કે તે દેશમાં એક વખત જૈનધર્મે ઘણી ઊંચી સત્તા ભોગવી હતી. આવી ઉન્નત દશાએ પહોંચેલો જૈનધર્મ તે દેશમાંથી પાછળથી એટલે સુધી વિલુપ્ત થઈ ગયો કે તેનું નામ કે નિશાન પણ આજે ત્યાં જણાતું નથી, એ એક ખરેખર આશ્ચર્યકારક બનાવ કહી શકાય. બૌદ્ધધર્મ લુપ્ત થાય તેનાં તો અનેક કારણો છે. અને તે કારણોને લઈને તે એકલા કલિંગમાંથી જ નહીં પરંતુ આખા ભારતવર્ષમાંથી પણ લુપ્ત થયો છે; પરંતુ જૈનધર્મના ઇતિહાસમાં આવાં કશાં કારણો જણાતાં નથી; તેમ જ તે અદ્યાવધિ આર્યાવર્તના અનેક પ્રદેશોમાં પોતાના અસ્તિત્વને ઉત્તમ રીતે ટકાવી પણ રહ્યો છે. કલિંગમાંથી જૈનધર્મ આવી રીતે ક્યારે અને કયાં કારણોને લઈને લુપ્ત થયો છે તે અદ્યાપિ અજ્ઞાત છે. ઉપર આપેલ ઇતિહાસથી એમ જણાય છે કે ઈ. સ. ના ૧૧મા સૈકા સુધી તો તે પ્રદેશમાં જૈનધર્મ પ્રચલિત હતો..... ..........

## કલિંગમાંથી જૈનધર્મ અદૃશ્ય થવાનું સંભવિત કારણ

મારા ધારવા પ્રમાણે ઈ. સ.ના ૧૨મા સૈકા પછી ત્યાંથી જૈનધર્મ અદૃશ્ય થયો હોવો જોઈએ. કારણ કે એ સમય પછી વૈષ્ણવોનું જોર વધવા માંડયું હતું, અને દક્ષિણ અને કર્ણાટકના જે રાજવંશો જૈનધર્મ પ્રતિ સદ્ભાવ ધરાવતા હતા તે પણ (રામાનુજાચાર્યના સંપ્રદાયના પ્રાદુર્ભાવ અને પ્રભાવના લીધે) આ સમયમાં જૈનધર્મથી પરાઙ્મુખ થવા લાગ્યા હતા. આથી કરીને ઘણી રીતે સંભવિત છે

કે એ સમય પછી કલિંગમાંથી જૈનધર્મ અદશ્ય થયો હશે અને તે અદશ્ય થવામાં મુખ્ય કારણ કોઈ પ્રબળ રાજકીય ઉપદ્રવ જ હોવા સંભવ છે.

મિ. વીન્સેન્ટ સ્મીથના કહેવા મુજબ, જેમ દક્ષિણના કેટલાક શૈવ રાજાઓએ ઈ. સ.ના સાતમા સૈકામાં જૈનધર્મ ઉપર અત્યાચાર ગુજાર્યો હતો અને અનેક જૈનોનો સર્વનાશ કર્યો હતો, તેમ એ કલિંગમાં પણ કોઈ હિંદુ રાજાએ આવી જ વર્તણૂક ચલાવી હોય અને તેના લીધે જૈનોને પોતાના પ્રાચીન અને પ્રિય એવા એ પ્રદેશનો સર્વથા ત્યાગ કરવો પડ્યો હોય, તે ઘણી રીતે બનવા જોગ છે.[3] જોકે કલિગના ઇતિહાસમાંથી એ વિશે કશો વિશેષ ઉલ્લેખ મળતો નથી, તોપણ છૂટીછવાઈ એવી દંતકથાઓ અવશ્ય સંભળાય છે કે જે આ વાતને પુષ્ટિ આપતી હોય. ‘આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા’ના સને ૧૯૦૨–૩ના ઍન્યુઅલ રિપોર્ટમાં મિ. ટી. એચ. બ્લોખ્ (Block) આ બાબત ઉપર લખે છે કે

> “ખંડગિરિની આ ગુહાઓનો જૈનોએ ક્યારે ત્યાગ કર્યો એ ખરી રીતે જાણવાને આપણી પાસે સાધન નથી; માત્ર પુરીના દેવાલયના ઇતિહાસમાંની એક અવ્યક્ત દંતકથા છે, જેમાં કહેલું છે કે કોડગંગાના પૌત્ર મદન મહાદેવે ભુવનેશ્વરની આજુબાજુની ટેકરીઓમા રહેતા જૈન તથા બૌદ્ધ સાધુઓ ઉપર જુલમ ગુજાર્યો હતો. જો આ વાત ખરી હોય તો તે ઈ. સ. ના ૧૨મા સૈકાની આખરમાં બની હોવી જોઈએ.”[4]

આ ઉપરથી સંભવિત છે કે કલિંગના કોઈ રાજાએ જ જૈનોને એ દેશ સદાને માટે છોડી જવાની કઠોર ફરજ પાડી હોવી જોઈએ.

---

૩. જુઓ, “અર્લી હિસ્ટરી ઑફ ઇન્ડિયા,” પૃ. ૪૫૪–૫.

૪. બાબુ મનમોહન ચક્રવર્તી એમ. એ ના “નોટ્સ ઑન ધી રીમેન્સ ઇન ધૌલી એન્ડ ઇન ધી કેવ્સ ઑફ ઉદયગિરિ”, પૃ૦ ૯.

## અપૂર્વ અને ઐતિહાસિક લેખ

આ પ્રમાણે ખંડગિરિ અને ત્યાંની ગુફાઓનું કાંઈક પ્રાચીન-અર્વાચીન વર્ણન છે. આ વર્ણન અને તેની સાથે આપેલા કલિંગ દેશના સંક્ષિપ્ત ઇતિહાસ ઉપરથી વાચકોને હાથીગુફાવાળા એ ખારવેલના લેખની હકીકત અને મહત્તા બરોબર સમજી શકાશે. આ લેખ હિંદુસ્તાનના બીજા બધા લેખો કરતાં અપૂર્વ અને વિલક્ષણ છે. મિ. ટી. એચ. બ્લોખ્ કહે છે કે "આ લેખ તદ્દન ઐતિહાસિક છે, કે જે હિંદમાં પ્રથમ જ છે. આની શૈલી રાજા ડેરીઅસ (Darius) ના બેહિસ્તુન (Behistun) લેખના જેવી છે." આ લેખ એક બરડ શિલા ઉપર કોતરેલો હોવાથી કાળના ઘસારાના લીધે એનો મધ્યનો કેટલોક ભાગ નષ્ટ થઈ ગયો છે. એ નષ્ટ ભાગ ઐતિહાસિક દૃષ્ટિએ ઘણો જ મહત્ત્વનો હતો.

## પં. ભગવાનલાલ ઈંદ્રજી તથા શ્રી કેશવલાલ હ. ધ્રુવનું કામ

આ લેખના સ્પષ્ટીકરણ માટે, જેમ ઉપર જણાવવામાં આવ્યું તેમ, અનેક વિદ્વાનોએ બહુ પરિશ્રમ ઉઠાવ્યો છે, પરંતુ તેમાં પૂરેપૂરી સફળતા તો ગુજરાતના ગૌરવભૂત પુરાતત્ત્વજ્ઞ પંડિત ભગવાનલાલને જ મળી છે. તેમણે જ એ લેખના કર્તાનું વાસ્તવિક નામ અને સંબદ્ધ વર્ણન ખોળી કાઢ્યું હતું. એમની પહેલાંના શોધકો તો લેખકર્તાનું નામ પણ 'ઐર' બતાવતા હતા અને પાઠો આડાઅવળા લગાડતા-બેસાડતા હતા.

ગુજરાતના એ ગૌરવમાં ઔર ઉમેરો કરનાર ગુર્જર સાક્ષરરત્ન શ્રીયુત કેશવલાલ હર્ષદરાય ધ્રુવ છે, કે જેમણે પોતાના એક દેશબંધુએ કરેલા એ 'સુવાચ્ય' લેખને સ્વકીય પ્રતિભાના પ્રકાશથી અધિક ઓપ આપી સર્વના માટે 'સુગ્રાહ્ય' બનાવ્યો છે. શ્રી ભગવાનલાલના નિબંધમાં જે અપૂર્ણતા હતી અને જેના લીધે આખો લેખ અસ્પષ્ટ જેવો જણાતો હતો તેની પૂર્તિ શ્રી કેશવલાલે કરી છે અને લેખમાંની દરેક

હકીકતને સુસંગત અને સ્પષ્ટ બનાવી છે.

મગધના જે રાજા ઉપર ખારવેલે ચઢાઈ લઈ જઈ વિજય મેળ-વ્યાનો આ લેખમાં ઉલ્લેખ કરેલો છે, પરંતુ ત્રુટિત પાઠના લીધે જેનું નામ સમજી શકાતું નથી તે, શ્રી કેશવલાલના વિચાર પ્રમાણે, બીજો કોઈ નહીં પણ પાટલીપુત્રનો પ્રખ્યાત પુષ્યમિત્ર જ છે, કે જે છેલ્લા મૌર્યરાજા બૃહદ્રથનો સેનાની હતો, અને જેણે રાજ્યલોભ વશ થઈ પોતાના રાજાનું વ્યાયામભૂમિમાં કપટથી ખૂન કરી તેના સિંહાસનનો સ્વામી બન્યો હતો. પાછળથી એ જ પુષ્યમિત્ર અશ્વમેધયજ્ઞ કરી ચક્ર-વર્તી બન્યો હતો. ભાષ્યકાર પતંજલિ અને સ્વપ્નવાસવદત્તાદિ નાટકકાર મહાકવિ ભાસ એ જ પુષ્યમિત્રના આશ્રિત હતા. આવી રીતે ખારવેલને પુષ્યમિત્રનો વિજેતા બનાવી તેના લેખના બધા અવ્યવસ્થિત અંકોડાઓને યથાસ્થાને ગોઠવી ઈ. સ. પૂર્વેના બીજા સૈકાની ખંડિત ઐતિહાસિક શૃંખલાને શ્રી કે. હ. ધ્રુવે અખંડ બનાવી છે. ખારવેલના સમય વિષે જોકે હજુ સુધી વિદ્વાનોમાં કેટલોક મતભેદ દૃષ્ટિગોચર થાય છે, તોપણ અધિકાંશ વિચારો પંડિત ભગવાનલાલના મતને જ મળતા થાય છે, અને તેમાં શ્રી કેશવલાલના નિર્ણયે સબળ પુષ્ટિ આપી છે તેથી હવે ઘણા ભાગે એ જ સમય નિશ્ચિતરૂપ લેશે.

## લેખ ઉપરથી ફલિત થતા કેટલાક મુદ્દા

ખારવેલના આ લેખે જૈનધર્મ અને તેના ઇતિહાસ ઉપર કેટ-લોક અપૂર્વ પ્રકાશ પાડ્યો છે. અનેક નવી બાબતો આ લેખ ઉપરથી જાણવામાં આવી છે, તથા વિચારવા જેવી જણાઈ છે. તેમાંની મુખ્ય મુખ્ય આ છે :—

*(૧) જૈનધર્મ રાજ્યધર્મ હતો*—જે કેટલાક આધુનિક પાશ્ચાત્ય વિદ્વાનો, અને તેમના સંસર્ગથી કેટલાક ભારતીય પંડિતો પણ, પ્રથમ એમ ધારતા હતા કે જૈનધર્મ કોઈ પણ વખતે રાજ્યધર્મ તરીકે સ્વીકારાયો નહોતો, અથવા તો અશોક અને કનિષ્ક વગેરે રાજાઓએ

જેમ બૌદ્ધધર્મની ઉન્નતિ માટે પ્રયત્નો કર્યા તેમ જૈનધર્મ માટે કોઈએ કાંઈ કર્યું નથી—તે બધાને આ લેખે ખોટા પાડ્યા છે, અને જૈનધર્મના પ્રાચીન ગૌરવને તેમના હૃદયમાં યથોચિત સ્થાન આપ્યું છે. તેમને એમ કબૂલ કરતા બનાવ્યા છે કે જૈનધર્મ પણ પૂર્વે અનેક દેશોમાં અને અનેક રાજવંશોમાં રાજ્યધર્મ તરીકે પળાયો છે. તેની અસર પ્રજાના પણ મોટા ભાગ ઉપર થઈ હતી, અને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરે દરેક વર્ણોમાં તે પ્રચલિત થયો હતો.... ... ...

(૨) **જૈનધર્મની પ્રગતિ કરનાર રાજાઓ**—જૈન સાહિત્યમાં જે બે-ચાર ઐતિહાસિક રાજાઓના જૈન હોવા બાબતના જેવા-તેવા ઉલ્લેખો મળી આવે છે, તેમના સિવાય બીજા પણ અનેક પ્રતાપી રાજાઓ થઈ ગયા છે કે જેમણે જૈનધર્મની ઉન્નતિ અને પ્રગતિ કરવા માટે વિશેષ વિશેષ પ્રયત્નો કર્યા છે, પરંતુ તેમનાં નામો આપણા સ્મરણપટ ઉપરથી ક્યારનાયે ભૂંસાઈ ગયાં છે.... ... ...

(૩) **ખારવેલે ભરેલી જૈન પરિષદ**—જેમ બૌદ્ધ શ્રમણોની સમયે સમયે અમુક સ્થાનમાં એકત્ર પરિષદ મળતી હતી, તેમ જૈન શ્રમણોની પણ પરિષદ મળતી હોવી જોઈએ, એમ આ લેખના વળણ ઉપરથી જણાય છે. અશોક અને કનિષ્કે જેવી રીતે બૌદ્ધ શ્રમણોની પાટલીપુત્ર અને મથુરામાં પરિષદો મેળવી હતી, તેવી રીતે ખારવેલે પણ સર્વ દિશામાંથી જ્ઞાનવૃદ્ધ અને તપોવૃદ્ધ નિર્ગંથ શ્રમણોને આહ્‌વાન કરી કુમારી પર્વત ઉપર એક સાધુ-પરિષદ ભરી હતી.

કુમારી પર્વત તે કયો અને ક્યાં આગળ આવેલો છે, એ બાબત પ્રથમ કેટલીક તપાસ કરેલી, પરંતુ કાંઈ ખુલાસો મળી શક્યો નહીં. જ્યારે આ લખાણ છેલ્લી વારનું સંશોધિત થઈ પ્રેસમાં જાય છે, તે વખતે વડોદરેથી શ્રીયુત ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ એમ. એ. નો પત્ર મળ્યો, તેમાં તેઓ આ બાબત લખે છે કે—"કુમારગિરિ એટલે કુમારી પર્વત વિષે આજ 'એપિગ્રાફિકા ઇન્ડીકા,' ઓકટોબર ૧૯૧૫,

પૃ૦ ૧૬૬માં વાંચવામાં આવ્યું કે ઉદયગિરિનું મૂળ નામ કુમાર પર્વત હતું અને ખંડગિરિનું નામ કુમારી પર્વત હતું. ૧૦મા-૧૧મા સૈકા સુધી બન્ને પર્વતો કુમાર–કુમારી પર્વત તરીકે જાણીતા હતા." આ ઉપરથી જણાય છે કે કુમારી પર્વત તે ખંડગિરિ જ છે, અને એના ઉપર જ ખારવેલે નિર્ગ્રંથ શ્રમણોની પરિષદ ભરી હતી.

(૪) **જૈન ગુફા-મંદિરો**—જેવી રીતે બૌદ્ધ શ્રમણોના રહેવા માટે જુદા જુદા પ્રદેશોના અનેક રાજાઓએ રમણીય પર્વતો ઉપર ગુફા-મંદિરો કરાવ્યાં હતાં, તેમ જૈન શ્રમણોના નિવાસ માટે જૈન રાજાઓએ પણ અમુક અમુક સ્થળે ગુફા-મંદિરો બનાવ્યાં છે.......
....................'કેવ ટેમ્પલ્સ ઑફ ઇંડિયા'ના કર્તાનું કથન છે કે જ્યારે બૌદ્ધધર્મની ઊતરતી કળા થવા લાગી ત્યારે જૈનધર્મ પ્રકાશમાં આવવા લાગ્યો અને બૌદ્ધોની દેખાદેખી જૈનો પણ પાછળથી પોતાનાં તેવાં ગુહામંદિરો બનાવવા લાગ્યા...વગેરે. તેમનું આ કથન ભૂલભરેલું છે. કારણ કે આ હાથીગુફાવાળો લેખ અને તેના વર્ણનથી સ્પષ્ટ જણાય છે કે જૈનો પણ શરૂઆતથી જ આવાં ગુહામંદિરો બનાવતા આવ્યા છે. ઉદયગિરિની આ ગુહાઓને ઉક્ત ગ્રંથકર્તાઓએ બૌદ્ધ-ધર્મની ગણી છે, પરંતુ આ લેખના સ્પષ્ટીકરણથી તે જૈનધર્મની છે, એમ ઉપર નિશ્ચિત રૂપે કહેવાઈ ગયું છે. જૈન અને બૌદ્ધધર્મની કેટલીક સમાનતાને લીધે આવી જાતની ભ્રાંતિમાં ઘણો વધારો થયો છે....

(૫) **મૂર્તિપૂજાની પ્રાચીનતા**—આ લેખ ઉપરથી છેલ્લી જે વિચારવા જેવી બાબત છે, તે મૂર્તિપૂજા વિષયક છે. જૈન શ્વેતાંબર સંપ્રદાયની એક શાખા, કે જે 'સ્થાનકવાસી' કે 'ઢુંઢિયા'ના નામથી ઓળખાય છે, તે શાખાવાળા મૂર્તિપૂજાનો સ્વીકાર નથી કરતા. તેમનું કથન છે કે જૈનધર્મમાં જે મૂર્તિપૂજા છે તે પાછળથી દાખલ થઈ છે; મહાવીર દેવના નિર્વાણ બાદ ૮મા કે ૯મા સૈકામાં તેની શરૂઆત થઈ છે; તેની પહેલાં જૈનોમાં તીર્થંકરોની મૂર્તિઓ માનવાનો કે બનાવ-

વાનો પ્રચાર ન હતો. એ વિષયમાં બન્ને સંપ્રદાયોમાં કલેશજનક ચર્ચાઓ થઈ છે. ખારવેલના આ લેખ ઉપરથી એ વિવાદગ્રસ્ત ચર્ચાનો એકદમ નિકાલ અને નિર્ણય થઈ શકે છે, કે તે વખતે અને તેના પહેલાં પણ જૈનોમાં મૂર્તિપૂજા પ્રચલિત હતી. આ લેખની ૧૨મી પંક્તિના પાછલા ભાગ ઉપરથી જણાય છે કે "આદિ તીર્થંકર ઋષભદેવની મૂર્તિ નંદરાજા ઉપાડી ગયો હતો, તે...પાટલિપુત્રથી રાજગૃહ પાછી આણી જૈન વિજેતાએ નવા ભવ્ય પ્રાસાદમાં ભારે ઉત્સવ–સમારંભથી તેની સ્થાપના કરી" (જુઓ પૃષ્ઠ ૫૮–૫૯, શ્રીયુત કે. હ. ધ્રુવનું વિવેચન.) આ કથનથી અસંદિગ્ધતાપૂર્વક સિદ્ધ થાય છે કે ઈ. સ. પૂર્વે ૩જા સૈકામાં તેમ જ તેની પણ પહેલાં જૈન મૂર્તિપૂજા યથાર્થ રીતે પ્રચલિત હતી. શ્રીમાન્ ધ્રુવ મહાશય તા. ૮–૨–૧૯૧૭ ના મારી ઉપરના એક ખાનગી પત્રમાં આ બાબત ખાસ વિચારપૂર્વક લખે છે કે—

> "ખારવેલના લેખના એક **મહત્ત્વ ધરાવતા ભાગ** ઉપર આપનું લક્ષ ન ગયું હોય, તો હૂં તે તરફ દોરવા રજા લેઉં છૂં. એમાં એક ઠકાણે રાજગૃહમાંથી **ઋષભદેવ ભગવાનની મૂર્તિ** નંદરાજા ઉપાડી ગયાનું લખ્યું છે. આથી ઈસવીસન પૂર્વે ચોથા સૈકામાં મૂર્તિપૂજા જૈનોમાં પ્રચલિત હતી એમ સિદ્ધ થાય છે. આ બાબતને પુષ્યમિત્રના ઇતિહાસ સાથે સંબંધ ન હોવાથી મેં તે લક્ષ ખેંચાય તેવી રીતે નોંધી નથી."

મુંબઈ, વાલુકેશ્વર<br>શ્રાવણી પૂર્ણિમા, વિ. સં. ૧૯૭૩ — પ્રાચીન જૈન લેખ સંગ્રહ (પ્રથમભાગ)ના ઉપોદ્ઘાતમાંથી ટૂંકાવીને.

## લેખનું વર્ણન

અશોકના વખત પછી પૂર્વ હિંદુસ્તાનનો ઇતિહાસ તથા તેની ભાષા વિષે માહિતી મેળવવામાં હાથીગુંફા લેખ ઘણો જ ઉપયોગી છે. ........આ લેખનું નામ, જે ગુહા ઉપર તે કોતરેલો છે, તે ગુહાના

નામ ઉપરથી પડેલું છે. ત્યાંની જમીન ઉપર પડેલા કેટલાક ભાંગેલા કટકા ઉપરથી એમ જણાય છે કે આ ગુહા કોઈ વખતે ભાંગેલી હશે, અને ત્યારબાદ તેનો પુનરુદ્ધાર કરી ફરી બંધાવવામાં આવી હશે. હાથી-ગુંફા એ નામ શા કારણથી પડ્યું હશે તે જાણવું અશક્ય છે. કદાચ એમ હોઈ શકે કે આ ગુહાની આગળ જે ખડક આવેલો છે, તેના ઉપર હાથીની આકૃતિ કોતરેલી હોય.

આ લેખ શિલા ઉપર કોતરેલો છે. આ શિલા સપાટ નહીં હોતાં અંદર ખાડા પડતી છે. લેખ ૧૭ લીટીમાં હોઈ ૮૪ ચોરસ ફૂટમાં છે. આ શિલા ઉપર લેખ કોતરવા માટે સપાટી સાફ કરેલી હોય તેમ લાગતું નથી, પણ અક્ષરો મોટા અને ઊંડા કોતરેલા છે. સમયની અસર આના ઉપર પણ થયેલી છે. પ્રથમની ૭ લીટીઓ સારી સ્થિતિમાં છે. છેલ્લી ચાર પંક્તિઓ મધ્યમ અવસ્થામાં છે. આ બેની વચ્ચેની જમીન ઘણી જ ખરાબ થઈ ગઈ છે... ...........

આ આખો લેખ ગદ્યમાં છે. તેની ભાષા પ્રાકૃત છે અને અશો-કના લાટ લેખોથી ભિન્ન છે, પણ પશ્ચિમ હિંદના ગુહાલેખોની જૂની મહારાષ્ટ્રી પ્રાકૃતના જેવી છે.

આરંભમાં અર્હંતો અને સિદ્ધોને નમસ્કાર કર્યો છે. અને આ ઉપરથી લેખ બનાવનારની ઊંડી ધાર્મિક શ્રદ્ધા આપણને જણાઈ આવે છે.........અર્હંતો ઉપર આ પ્રમાણે ધાર્મિક શ્રદ્ધા રાખવી એ જૈનોની ખાસિયત છે. આ ગુહાઓમાં કોઈ પણ ઠેકાણે 'શાક્યભિક્ષુ' અગર એવો બૌદ્ધ શબ્દ ખાસ કરીને વાપરેલો નથી.

(વિ. સં. ૧૯૭૩) પ્રાચીનજૈનલેખસંગ્રહ (પ્રથમ ભાગ)
મૂળ પુસ્તક : પ્રાકૃતલેખ વિભાગ, પૃ. ૧-૮માંથી ટૂંકાવીને

* * *

### રાજા ખારવેલની કારકિર્દી

અર્હંતો તથા સિદ્ધોને નમસ્કાર કર્યા બાદ લેખમાં ખારવેલ

રાજાનો જન્મથી માંડીને ૩૮ વર્ષ સુધીનો વૃત્તાંત આપેલો છે. તેને ચેત અગર ચૈત્રરાજવંશનો વિસ્તાર કરનાર કહેવામાં આવ્યો છે; અને આ વિશેષણ તે આ વંશનો છે એટલું જણાવવા માટે જ માત્ર વાપરવામાં આવ્યું છે. તેથી એમ સ્પષ્ટ રીતે અનુમાન થઈ શકે કે ખારવેલ રાજા ચૈત્રવંશનો હતો. આ રાજાનાં બીજાં વિશેષણો 'વેર', 'મહા. રાજ' અને 'મહામેઘવાહન' તથા 'કલિંગાધિપતિ' છે. 'વેર'નો શો અર્થ છે એ સંતોષકારક રીતે સમજાવી શકાય તેમ નથી; પણ હું ધારું છું કે તેને બદલે 'વીર' જોઈએ. 'મહારાજ' શબ્દ માત્ર તેની મોટાઈ દર્શાવવાને જ વાપરવામાં આવ્યો છે. 'મહામેઘવાહન'નો અર્થ 'જેનું વાહન મોટો મેઘ છે' એવો છે, જે ઉપરથી એમ જણાય છે કે એના રાજ્યના જે હાથીઓ ઉપર આ રાજા બેસતો તેમનું નામ 'મહામેઘ' હશે. 'કલિંગાધિપતિ' ઉપરથી એમ સૂચિત થાય છે કે તે કલિંગનો રાજા હતો.

રાજ્યગાદી ઉપર બેઠાં પહેલાંનાં તેનાં ચોવીસ વર્ષનો હેવાલ આ પ્રમાણે છે: પ્રથમનાં ૧૫ વર્ષો રમતગમતમાં ગયાં; બાકીનાં નવ વર્ષમાં તે લખવાનું, ચિત્રકામ, હિસાબ અને કાયદાકાનૂનો શીખ્યો તથા યુવરાજપદ ભોગવતો હતો. આ ઉપરથી એમ જણાય છે કે યુવરાજની સ્થિતિમાં જ તેણે આ અભ્યાસ કર્યો. જ્યારે તે ૨૪ વર્ષનો થયો ત્યારે તે તખ્તનશીન થયો. ત્યારબાદ બીજાં ૧૩ વર્ષમાં તેણે કરેલાં ઉપયોગી કામો વિષે લેખમાં વર્ણન આવે છે:—

પ્રથમ વર્ષમાં તેણે દરવાજા, કિલ્લો, મહેલો, જે જીર્ણ થયાં હતાં તે, તથા કલિંગ શહેર તેમ જ તેને ફરતો કોટ સમરાવ્યો. તેણે પાણીના હોજ તથા કૂવા બંધાવ્યા, બધી જાતનાં વાહનો રાખ્યાં.... ......બીજા વર્ષમાં (રાજા) સાતકની(સંસ્કૃત શાતકર્ણી)એ તેના (ખારવેલના હુમલા)થી પશ્ચિમ ભાગને બચાવવા માટે (ખંડણી તરીકે) ઘોડા, હાથીઓ, માણસો, રથ તથા પુષ્કળ ધન મોકલ્યું. તે

જ વર્ષમાં તેણે મસીક ( ? ) શહેર કુસુંબ ( ? ) ક્ષત્રિયોની મદદથી લીધું. ત્રીજા વર્ષમાં તે ગીત વિદ્યા શીખ્યો અને નાચ, ગાયન અને વાજિંત્રો તથા આનંદોત્સવથી લોકોને તેણે આનંદ પમાડયો.

ચોથા વર્ષનો હેવાલ તૂટી ગયો છે, અને સંબંધ પણ બેસતો નથી. એટલું તો જાણી શકાય છે કે ધર્મકૂટ ટેકરી ઉપરનું એક જૂનું ચૈત્ય તેણે સમરાવ્યું અને તેમાં છત્ર તથા કલશો આણી આપ્યાં અને તેની પૂજા કરી. તે કહે છે કે રાષ્ટ્રીક અને ભોજક, તેના ખંડિયા રાજાઓમાંના ત્રિરત્નમાં શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે તેણે આ પ્રમાણે કર્યું હતું. પાંચમું વર્ષ દાનનું છે. આ વર્ષમાં તેણે નંદરાજાનો ત્રિવાર્ષિક સત્ર પુનઃ શરૂ કર્યો અને પાણીની સગવડ કર્યાનું દેખાય છે. પણ આ ભાગ ભાંગી ગયો છે તેથી અર્થ શંકાયુક્ત છે. છઠ્ઠા વર્ષનો અહેવાલ ઘણો ખરો જતો રહ્યો છે.........સાતમા વર્ષનો હેવાલ બધો જતો રહ્યો છે.

જે આઠમા વર્ષનો હેવાલ છે તે ઐતિહાસિક દૃષ્ટિથી ઘણો ઉપયોગી છે. પરંતુ તેનો એક ભાગ જતો રહ્યો છે એ શોકની વાત છે. આ વર્ષમાં એક રાજા, જેણે બીજા રાજાને મારી નાખ્યો હતો અને જે રાજગૃહના રાજાને દુઃખ આપતો હતો, તે ખારવેલના પાછળ પડવાથી તથા ખારવેલના લશ્કરના મોટા અવાજથી મથુરામાં નાસી ગયાનું કહેવામાં આવ્યું છે. આ રાજાઓ કોણ હતા તે ભાંગેલા ભાગમાં જતું રહ્યું છે.

નવમા વર્ષમાં તેણે કરેલાં કેટલાંક કામો વિષે ઉલ્લેખ છે. ઘણો ભાગ ભાંગી ગયો છે, પણ જે ભાગ રહ્યો છે તે ઉપરથી એમ જણાય છે કે તેણે તે વર્ષમાં એક કલ્પવૃક્ષની બક્ષિસ કરી અને તેની સાથે ઘોડા, હાથીઓ, રથો, ઘરો તથા અન્ય ઉત્તમ વસ્તુઓ બ્રાહ્મણોને દાન કરી. વળી તેણે ‘ મહાવ્યય ’ ( લેખમાં ‘ મહાવિજય ’ છે ) નામનો એક પ્રાસાદ બંધાવ્યો જેનું ખર્ચ ૨૮૦૦૦૦ થયું.

દસમા વર્ષની હકીકતમાંથી ઘણો ભાગ જતો રહ્યો છે; તથા અગિયારમા વર્ષની તદ્દન જતી રહી છે. દસમા અને બારમા વર્ષ વચ્ચેનો હેવાલ તુટક તુટક છે... ... ...તોપણ નીચે પ્રમાણે અનુમાન ઘડી શકાય, કે દસમા વર્ષમાં તેણે હિંદુસ્તાનની યાત્રા કરી, અને જ્યારે તેને ખબર પડી કે કેટલાક રાજાઓ તેના ઉપર ચડાઈ કરવાના છે ત્યારે તેણે પગલાં લેવા માંડયાં. ત્યાર બાદ ઘણા ભાગે અગિયારમા વર્ષની હકીકત આવે છે. એ વર્ષમાં તેણે ગર્દભનગરમાંથી પહેલાંના રાજાઓએ નાંખેલો કર કમી કર્યો. ત્યાર બાદ જે આવે છે તે અસંબદ્ધ છે તથા તેનો કેટલોક ભાગ નાશ પામ્યો છે. પણ કાંઈક ૧૩૦૦ વર્ષ પછી પુનઃ શરૂ કર્યાનું કહેલું છે.

બારમા વર્ષમાં ઉત્તરાપથ (ઉત્તર)ના જુલમી રાજાઓ વિષે કાંઈક કહેલું છે. ત્યાર બાદ જે આવે છે તે જતું રહ્યું છે, તેથી તેનો સંબંધ કળી શકાય તેમ નથી. ઘણુંખરું ખારવેલે તેમના ઉપર ચઢાઈ કરી હશે. ત્યાર બાદ ખારવેલે મગધના રાજાને બીક બતાવી અને તેના હાથીઓને ગંગામાં સ્નાન કરાવ્યું એટલે કે ગંગા સુધી જઈ પહોંચ્યો. તેણે મગધરાજાને શિક્ષા કરી અને પોતાના પગ તરફ નમાવ્યો. ત્યાર બાદ કોઈક નંદરાજ, જેણે જૈનોના અગ્રજિન–આદીશ્વરની (મૂર્તિ) અગર અગ્રજિનનું કાંઈક લઈ લીધું હતું, તે રાજા વિષે છે અને આ મૂર્તિ અગર વસ્તુ ખારવેલ પાછી લાવ્યો છે. ત્યાર બાદ મગધમાં વસેલા એક શહેરનું વર્ણન છે, પણ તેના પછીનો ભાગ જતો રહ્યો છે. ત્યાર બાદ ખારવેલે કાંઈક બંધાવ્યાનું વર્ણન છે, કે જેમના શિખર ઉપર બેસીને વિદ્યાધરો આકાશમાં જઈ શકે. તેનો અર્થ એવો હોવો જોઈએ કે આ મકાનો ઘણાં જ ઊંચાં હતાં. ત્યાર બાદ ખારવેલે એક હાથીનું દાન કર્યું, જે દાન તેણે પહેલાં અગર પછીનાં સાત વર્ષમાં કર્યું નહોતું. ત્યાર બાદ જે આવે છે તે તૂટી ગયું છે, પણ તેમાં તેણે જીતેલા કોઈ દેશનું વર્ણન આવે છે.

તેરમા વર્ષમાં કુમારી ટેકરી ઉપર આર્હદ-દેવાલયની નજીક,

બહારની બેઠક પાસે, કાંઈ કામ કર્યાનું કહેલું છે, પણ શું કર્યું તે જતું રહ્યું છે. કારણ કે આ ભાગ તૂટી ગયો છે. ત્યાર બાદ વિદ્વાનો તથા વિશ્વવંદ્ય યતિઓની એક સભા બોલાવ્યાનું કહેલું છે. અને કાંઈક —કદાચ એક ગુહા—આર્હત બેઠકની નજીક ખડકમાં, ઉદયગિરિ ઉપર, હુંશિયાર કારીગરોના હાથે, કરાવ્યાનું કહેલું છે, તથા વૈડૂર્યગર્ભ, પટાલક અને ચેતકમાં[૫] સ્તંભો કરાવ્યા વિષે છે. આ કામ મૌર્ય સંવત ૧૬૪ પછી ૧૬૫મા વર્ષમાં કરાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ ખારવેલની વંશાવળી આપી છે: ખેમરાજ; તેનો પુત્ર વૃદ્ધરાજ; તેનો પુત્ર ભિક્ષુરાજ. આ લેખમાં બતાવ્યા પ્રમાણે ભિક્ષુરાજ ખારવેલનું બીજું નામ હોય તેમ લાગે છે. ભિક્ષુરાજ, રાજ્યનું પાલન કરનાર, સુખ ભોગવનાર, અનેક સદ્‌ગુણસંપન્ન, સર્વ ધર્મ પર આસ્થા-વાળો,... ... ...સંસ્કાર પાડનાર, રાજ્ય, વાહનો અને એક અજિત લશ્કરવાળો, રાજની લગામ હાથ કરનારો, દેશને પાળનાર, મહારાજાઓના વંશમાં ઉત્પન્ન થયેલો, આ મહાન ખારવેલ રાજા છે.

( વિ. સં. ૧૯૭૩ ) પ્રાચીનજૈનલેખસંગ્રહ (પ્રથમ ભાગ)
મૂળ પુસ્તક : પ્રાકૃત લેખ વિભાગ
પૃ. ૧૨ થી ૧૭માંથી ટૂંકાવીને ઉદ્ધૃત.

૫. પટાલક અને ચેતક કદાચ ગુહાઓનાં નામ છે અને વૈડૂર્યગર્ભ તેમનો એક ભાગ છે.

# [ ૩ ] ગુજરાતનો જૈનધર્મ

**મેં મારા આજના** વ્યાખ્યાનનો વિષય 'ગુજરાતનો જૈનધર્મ' એ રાખ્યો છે. જૈનધર્મના આધુનિક સ્વરૂપથી તો આપ બધા સારી પેઠે પરિચિત હશો જ. તેથી સ્વાભાવિક રીતે જ એવું મનમાં થાય કે જૈનધર્મ વિષે વળી ખાસ વ્યાખ્યાન આપવા જેવું શું હોઈ શકે? પણ મારો ઉદ્દેશ અહીં જૈનધર્મના વર્તમાન જીવન વિષે કાંઈ ખાસ કહેવાનો નથી; પણ ઐતિહાસિક દૃષ્ટિએ એના ભૂતકાલીન વ્યક્તિત્વ વિષે કેટલીક મીમાંસા હું કરવા ઇચ્છું છું. જૈનધર્મે ગુજરાતમાંના સંસ્કૃતિજીવનમાં કેવો અને કેટલો ફાળો આપ્યો એ વિષે ખુદ જૈનોને પણ કશી વિશેષ કલ્પના નથી તો જૈનેતરોને તો તે ક્યાંથી જ હોય!

*　　*　　*

## જૈનધર્મનું વિશિષ્ટ કેન્દ્ર : ગુજરાત

ગુજરાત એ જૈનધર્મનું આજે વિશિષ્ટ કેન્દ્રભૂત સ્થાન છે. *જૈનોની સંખ્યા અને શક્તિ જેટલી ગુજરાતમાં દેખાય છે, તેટલી* હિંદુસ્તાનના બીજા પ્રદેશોમાં નથી દેખાતી. જૈનોની ધાર્મિક અને સામાજિક એવી બધીય પ્રવૃત્તિઓમાં જે જાગૃતિ ગુજરાતમાં દેખાય છે તે બીજા કોઈ પ્રદેશમાં નથી જણાતી. જૈન દૃષ્ટિએ ગુજરાતને આવું અગ્રેસરત્વ વર્તમાનકાળમાં જ પ્રાપ્ત થયું છે એમ નથી; એનો ઇતિહાસ ગુજરાતના પ્રજાકીય વિકાસના ઇતિહાસ જેટલો જ જૂનો છે. ગુજરાતના પ્રાચીન સાંસ્કૃતિક વિકાસનો અને જૈનધર્મના વિકાસનો પરસ્પર અગત્યનો ગાઢ સંબંધ રહેલો છે. ગુજરાતે જૈનધર્મના વિકાસમાં

ઘણો મોટો ફાળો આપ્યો છે અને તેવી રીતે જૈનધર્મે પણ ગુજરાતના વિકાસમાં ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. ગુજરાતે જો જૈનધર્મને વિશિષ્ટ રક્ષણ અને પોષણ ન આપ્યું હોત તો જૈનધર્મની આજે છે તેના કરતાં તદ્દન જુદી જ પરિસ્થિતિ હોત; અને જો જૈનધર્મે પણ ગુજરાતના સંસ્કાર-વિકાસ માટે વિશિષ્ટ પ્રયત્નો ન કર્યા હોત તો ગુજરાતની સંસ્કૃતિ પણ જે આજે છે તેના કરતાં કોઈક જુદા જ પ્રકારની હોત.

## સંસ્કારિતા, સદાચાર અને વ્યાપારમાં ફાળો

જૈનધર્મે ગુર્જર પ્રજાને જે પ્રકારના અહિંસા, સંયમ અને તપના આદર્શ સંસ્કારો આપ્યા છે તેવા સંસ્કારો બીજા પ્રદેશોને નથી મળ્યા અને તેથી ગુર્જર પ્રજામાં સંસ્કાર-સમૃદ્ધિની જે એક પ્રકારની વિશિષ્ટ પ્રભા આપણે જોઈ શકીએ છીએ તેવી બીજી પ્રજામાં નથી જોવાતી. મદ્ય, માંસ, મૃગયા, પ્રાણીહિંસા અને વ્યભિચાર જેવા મહાદુર્ગુણોથી ગુર્જર પ્રજા જે અનેક અંશે આજે મુક્ત દેખાય છે અને એ સુસંસ્કારિતાની જે સુંદર છાપ, બીજા બધા દેશોની સરખામણીમાં, વધારે સારી રીતે પડેલી જોવાય છે, તેમાં જૈનધર્મના જૂના વારસાનો ઘણો મોટો અંશ રહેલો છે એમ આપણે માનવું જોઈએ.

હું એક જૈન છું અને તેથી જૈનધર્મનાં આ વધારે પડતાં વખાણ કરું છું એવું તો આપ ન જ માનશો એવી હું આશા રાખું છું. હું તો અહીં આપની આગળ મને મારા ઐતિહાસિક અવલોકનમાં જે કાંઈ સત્ય જણાયું છે તે તટસ્થભાવે પ્રગટ કરવા ઇચ્છું છું. .....

જૈનોએ ગુજરાતના વાણિજ્ય–વ્યાપારમાં, રાજ્યકારભારમાં, કળા-કૌશલ્યમાં, જ્ઞાન-સંવર્ધનમાં અને સદાચાર–પ્રચારમાં—આમ પ્રજાકીય સંસ્કૃતિનાં સર્વે અંગોમાં અનેક રીતે ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે. ગુજરાતની વાણિજ્યશકિત અને વ્યાપારિક કુશળતા ઘણા પ્રાચીન કાળથી આખાય ભારતવર્ષમાં સુપ્રસિદ્ધ છે અને ગુજરાતના એ વ્યાપારી-

વર્ગનો ઘણો મોટો ભાગ જૈનધર્મ પાળનારો છે. ગુજરાતના ગામડે ગામડે જૈન વાણિયા પોતાની સામાજિક અને વ્યાપારી પ્રતિષ્ઠા ઠેઠ પ્રાચીન કાળથી આદર્શ રીતે જમાવી બેઠેલા જોવામાં આવે છે.

## મહાજનો, મુત્સદ્દીઓ, નગરશેઠો, મંત્રીઓ વિદ્વાનો વગેરે

ગુજરાતનો જૈન વણિક એ 'રાષ્ટ્રનો મહાજન' છે; અને ખરેખર ભૂતકાળમાં એણે પોતાનું એ પદ અનેક રીતે સાર્થક કરી બતાવેલું છે. અણહિલપુરની સ્થાપનાના દિવસોથી લઈ આજ સુધીના ગુજરાતના સામાજિક અને રાજકીય ઇતિહાસનું જો સિંહાવલોકન આપણે કરીએ તો આપણને જણાશે કે આ બાર સૈકા જેટલા સમયમાં ગુજરાતની વણિક પ્રજામાંથી અગણિત મુત્સદ્દીઓ, મંત્રીઓ, કારભારીઓ, સેનાપતિઓ, યોદ્ધાઓ, વ્યાપારીઓ, દાનેશ્વરો, વિદ્વાનો, કળાપ્રેમીઓ, ત્યાગીઓ અને પ્રજાપ્રેમીઓ પેદા થયા છે. એમની નામાવલી આંગળીઓ વડે ગણાય તેવી નજીવી નથી; એ મહાજનોની સંખ્યા સેંકડોની નથી પણ હજારોની છે.

આ બારસો વર્ષ જેટલા મહાયુગમાં ગુજરાતની સાર્વભૌમ સત્તા ધરાવનારી રાજધાનીઓ બે થઈ: પ્રથમ અણહિલપુર અને બીજી અમદાવાદ. અણહિલપુરનો પ્રથમ નગરશેઠ વિમલ પોરવાડ જાતિનો વણિક જૈન હતો; અને અમદાવાદનો વિદ્યમાન નગરશેઠ પણ ઓસવાલ જાતિનો વણિક જૈન છે. ગુજરાતનાં આ બે પાટનગરોના આ આદ્યંત શેઠોની વચ્ચે બીજા સેંકડો શેઠો થઈ ગયા, જે ઘણા ભાગે જૈનધર્મ પાળનારા હતા. કાળના મહાપ્રવાહ સામે ગુજરાતના ચક્રવર્તી હિંદુ સમ્રાટો અને મુસલમાન બાદશાહોનાં સંતાનો નામપૂરતી પણ પોતાની ગાદી સાચવી શક્યા નથી; પણ આ વણિકપુત્રો પોતાની ગાદી આજ સુધી અખંડરૂપે સાચવી શક્યા છે; અને એ જ એમની અદ્ભુત વ્યવહારકુશળતાની નિશાની છે.

અણહિલપુરના સ્વજાતીય સમ્રાટો ગયા અને દિલ્લીના વિધર્મી

સુલતાનો આવ્યા. એ સુલતાનો અસ્ત પામ્યા અને ગુજરાતના સ્વતંત્ર પાદશાહો ઉદયમાં આવ્યા. એ બાદશાહો વિલીન થયા અને મુગલસમ્રાટો સત્તાધીશ બન્યા. મુગલો નિસ્તેજ થયા ને મરાઠાઓ ચમકવા લાગ્યા. મરાઠાઓ નિર્વીર્ય થયા અને છેવટે અંગ્રેજો આ ભૂમિના ભાગ્યવિધાતા બન્યા. ગુજરાતની ભૂમિ પર આ રીતે આટઆટલી રાજસત્તાઓ ઊભી થઈ, ભોંયભેગી થઈ, પણ ગુજરાતના વ્યાપારક્ષેત્રમાં અને પ્રજામંડળમાં તો એના એ જ ગુજરાતનાં વૈશ્ય સંતાનોની અબાધિત સત્તા અખંડપણે ચાલુ રહી; અને તેથી આજ સુધી ગુજરાતની ધનસમૃદ્ધિ પ્રમાણમાં યોગ્ય રીતે સચવાઈ રહી. એ સાચવણીમાં જૈનોનો હિસ્સો મોટો છે એ આપણે કબૂલ કરવું જોઈએ.

## રાજકારભારમાં ફાળો

જેમ ગુજરાતના વ્યાપારક્ષેત્રમાં જૈનોએ આગળ પડતો ભાગ ભજવ્યો છે, તેમ ગુજરાતના રાજકારભારમાં પણ જૈનોએ ઘણો મોટો ભાગ ભજવ્યો છે એ આપણને ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ સ્પષ્ટપણે બતાવે છે. મંત્રી જાંબ, સેનાનાયક નેઢ, મંત્રવીર દંડનાયક વિમલ, મહાઅમાત્ય મુંજાલ, સાંતૂ, આશુક, ઉદયન, આંબડ બાહડ, સજ્જન, સોમ, ધવલ, પૃથ્વીપાલ, વસ્તુપાલ, તેજપાલ, પેથડ અને સમરાશાહ આદિ અનેકાનેક જૈન વણિક રાજકારભારીઓ થઈ ગયા, જેમણે ગુજરાતના રાજતંત્રને સુસંગઠિત, સુપ્રતિષ્ઠિત અને સુવ્યવસ્થિત કરવામાં અદ્ભુત બુદ્ધિકૌશલ અને રણશૌર્ય બતાવ્યાં છે. જૈન વણિકોએ પોતાના રાજનીતિપ્રવીણ પ્રતિભાકૌશલ દ્વારા અણહિલપુરની એક નાનકડી જાગીરને મોટા મહારાજ્યની પ્રતિષ્ઠા અપાવી; અને ગુર્જર દેશ, જેની ભારતમાં કશીય વિશિષ્ટ ખ્યાતિ ન હતી, તેને એક બળવાન અને સુવિશાળ રાષ્ટ્રનું અક્ષય ગૌરવ અપાવ્યું. લાટ, આનર્ત, સૌરાષ્ટ્ર, અર્બુદ અને કચ્છ —એ બધા ઇતિહાસપ્રસિદ્ધ અને જગવિખ્યાત સમૃદ્ધિપૂર્ણ પ્રાચીન પ્રદેશોને અણહિલપુરના એક છત્ર નીચે સુસંબદ્ધ કરવામાં અને એક સંસ્કૃતિ અને એક ભાષા દ્વારા એ બધી પ્રજાઓને પરસ્પરના પ્રાંતભેદો

ભૂલી જઈ એક ગુર્જર મહાપ્રજાના રૂપમાં સુસંગઠિત થવામાં જૈન વ્યાપારીઓ અને કારભારીઓએ જે ભાગ ભજવ્યો છે તે ઘણો મોટો છે, એમાં શંકા નથી.

## જૈનધર્મની અને વૈશ્યોની પ્રકૃતિનો સુમેળ; ક્ષત્રિયોનું ધર્માંતર

જૈનધર્મનું પાલન કરનારા મોટે ભાગે વૈશ્યો છે. જૈનધર્મની અહિંસાની ભાવના જેટલે અંશે વૈશ્યોને માફક આવે છે તેટલે અંશે બીજા વર્ગોને નથી આવતી એમ સૂક્ષ્મ વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે. જૈનધર્મની પ્રકૃતિનો જેટલો સુમેળ વૈશ્યોની પ્રકૃતિ સાથે થાય છે, તેટલો બીજા વર્ણોની પ્રકૃતિ સાથે નથી થઈ શકતો. વૈશ્યોના જીવનવ્યવસાય સાથે શાંતિનો ગાઢ સંબંધ છે. શાંતિમય પરિસ્થિતિમાં જ વ્યાપારની વૃદ્ધિ અને સ્થિરતા રહેલી છે. અશાંત વાતાવરણ વ્યાપારીની પ્રકૃતિ અને પ્રવૃત્તિને હંમેશાં પ્રતિકૂળ હોય છે. જૈનધર્મ એ બહુ જ શાન્તિપ્રિય ધર્મ છે. હિંસા અને વિદ્વેષ ઉત્પન્ન કરનારાં તત્ત્વો એની પ્રકૃતિનાં સર્વથા વિરોધી તત્ત્વો છે. તેથી જે વર્ગ શાંતિને ચાહનારો હોય છે તેના માટે તેનાં તત્ત્વો વધારે સુગ્રાહ્ય અને સમાદરણીય થઈ પડે છે. યુદ્ધ, વિજિગીષા, લૂંટફાટ ચાહનારા વર્ગોને એ તત્ત્વો પ્રિય નથી લાગતાં.

જૈન જાતિઓનો ઇતિહાસ જોતાં જણાય છે કે કેટલાક જૈનાચાર્યોના વિશિષ્ટ પ્રભાવથી આકર્ષિત થઈ સેંકડોની સંખ્યામાં ક્ષત્રિયોએ અને કૃષિકારોએ જૈનધર્મનો સ્વીકાર કર્યો હતો; પણ તેની સાથે તેમને પોતાનો જીવનવ્યવસાય પણ બદલવો પડયો હતો અને ક્ષાત્રધર્મ કે કૃષિધર્મના બદલે તેમને મુખ્ય રીતે વૈશ્યવર્ણનો વ્યવસાય સ્વીકારવો પડયો હતો; અને આ રીતે વ્યવસાયાંતરના સંસ્કારના બળે જ તેઓ સ્થિરતાપૂર્વક જૈનધર્મનું પાલન કરવા સમર્થ થઈ શકયા છે. આથી, હું એમ કહું કે, જો જૈનધર્મની પ્રકૃતિને વાણિયા વધારે ફાવ્યા છે અને વાણિયાના વ્યવસાયને જૈનધર્મ વધારે ફાવ્યો છે તો તે કેવળ હાસ્યપૂરતું જ કથન નથી, પણ પૂર્ણ વસ્તુસૂચક પણ છે.

## ગુજરાતની ઉદાર ભાવના

જોકે એ કહેવામાં કાંઈ ઐતિહાસિક તથ્ય નથી કે પૂર્વકાળમાં ગુજરાતના બધા જ વૈશ્યો જૈનધર્મ પાલનારા હતા; પણ એટલું તો કહી શકાય કે, વલ્લભાચાર્યનો સંપ્રદાય ગુજરાતમાં પ્રચાર પામ્યો તે પહેલાં ગુજરાતના વૈશ્યોનો ઘણો મોટો ભાગ જૈનધર્મ પાળતો હતો. બાકી, ધર્મ વિષે ગુજરાતની પ્રજામાં ઠેઠ પ્રાચીન કાળથી જ બહુ ઉદાર ભાવના ચાલી આવે છે; અને તેથી જૈન, શૈવ કે વૈષ્ણવ મતો વચ્ચે અહીં ક્યારેય એવી ઉગ્રતા ઉત્પન્ન થઈ નથી કે જેથી એકબીજા ધર્મો કે સંપ્રદાયો વચ્ચે વિરોધની તીવ્ર લાગણી પેદા થવા પામી હોય. ગુજરાતનાં વૈશ્ય કુટુંબોમાં જૈન, શૈવ અને વૈષ્ણવ મતો સરખી રીતે આદર પામતા આવ્યા છે; અને આજે પણ એ આદરભાવ વધતા-ઓછા પ્રમાણમાં ક્યાંક ક્યાંક દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતી પ્રજાનો આ એક વિશિષ્ટ પ્રકારનો સંસ્કારવારસો છે, જેમાં જૈનધર્મે પણ કેટલોક અગત્યનો ફાળો આપ્યો છે.

## વિખ્યાત કળામય મંદિરો અને ધર્મતીર્થોમાં લક્ષ્મીનો વ્યય

આ રીતે આપણે જાણ્યું કે ગુજરાતમાં જૈનધર્મ પાળનાર મુખ્ય વૈશ્યવર્ગ છે; એ વૈશ્યવર્ગનો પ્રધાન જીવનવ્યવસાય વાણિજ્ય—વ્યાપાર છે. એ વ્યવસાય દ્વારા ગુજરાતના જૈનોએ આજ સુધીમાં અઢળક લક્ષ્મી પ્રાપ્ત કરી છે. વ્યાપાર ઉપરાંત જૈનોના એક વર્ગે, ઉપર જેમ આપણે જોયું તેમ, રાજકારભારમાં પણ જબરદસ્ત સત્તા ભોગવી છે; અને એ સત્તાના પ્રતાપે પણ એમની પાસે લક્ષ્મીના ભંડારો ઊભરાણા છે. જૈન ધર્મગુરુઓએ પ્રાપ્ત થયેલી એ લક્ષ્મીનો સદુપયોગ કરવા માટે જૈન શ્રાવકોને ઘણા ભારપૂર્વક વિવિધ પ્રકારનો સતત બોધ આપ્યો છે; અને એ બોધના બળે શ્રાવકોએ પણ દાન-પુણ્ય આદિ સુકૃત્યોમાં લક્ષ્મીનો યથેષ્ટ વ્યય કર્યો છે. જૈન ગૃહસ્થોનાં જીવનકૃત્યમાં સૌથી મુખ્ય સ્થાન જૈનમંદિરને આપવામાં આવ્યું છે.

અને તેથી દરેક લક્ષ્મીવાન જૈન ગૃહસ્થની એ મહત્ત્વકાંક્ષા રહી છે કે જો શક્તિ અને સામગ્રી પ્રાપ્ત હોય તો નાનું-મોટું પણ એકાદું નવું જૈન મંદિર બંધાવવું, અગર જૂનું મંદિર સમરાવવું. અને જો તેટલી શક્તિ ન હોય તો પછી સમુદાય સાથે મળીને પણ મંદિર, મૂર્તિ આદિ રચવામાં કે તેની પૂજા-પ્રતિષ્ઠા આદિ કરવામાં યથાશકિત પોતાનો ફાળો આપવો અને એ રીતે લક્ષ્મીનો કાંઈક પણ ઉપયોગ એ કૃત્ય માટે અવશ્ય કરવો. મંદિરનિર્માણ પાછળ તે કાળના એ જૈનચાર્યોએ જે આટલો બધો વિશિષ્ટ ભાર આપ્યો અને આ કાર્ય દ્વારા પુણ્યપ્રાપ્તિની મહત્ત્વાકાંક્ષા જાગ્રત કરવા માટે શ્રાવકોને તેમણે જે સતતરૂપે લક્ષ્મીની સાર્થકતા ઉપદેશી તેના લીધે જૈનોએ આજ સુધીમાં ગુજરાતમાં હજારો જૈન મંદિરો બંધાવ્યાં અને લાખો જૈન મૂર્તિઓ સ્થાપિત કરી-કરાવી. ગુજરાતનાં ગામેગામ અને નગરેનગર નાનાંમોટાં અસંખ્ય જૈનમંદિરો બંધાયાં; અને એ રીતે ગુજરાતની સ્થાપત્યકળાનો અદ્‌ભુત વિકાસ સધાયો. એ સુંદર અને સુરમ્ય મંદિરોના અસ્તિત્વથી ગુજરાતનાં કેટલાંય ક્ષુદ્ર ગ્રામોને પણ નગરની શોભા પ્રાપ્ત થઈ અને નગરોને પોતાની સુંદરતામાં સ્વર્ગપુરીની વિશિષ્ટ આકર્ષકતા મળી. દુર્ભાગ્યે ગુજરાતનાં એ દિવ્ય દેવમંદિર અને ભવ્ય કળાધામોનો વિધર્મીઓના હાથે વ્યાપક વિધ્વંસ થઈ ગયો છે, અને આજે તો તેનો હજારમો હિસ્સો પણ વિદ્યમાન નથી. છતાં જે કાંઈ થોડાઘણા અવશેષો બાકી રહ્યા છે તેમનાં દર્શનથી ગુજરાતની સ્થાપત્યકળાનો આજે આપણને જે કાંઈક યત્કિંચિત્ સ્મૃતિસંતોષ થાય તેવો આહ્‌લાદ થઈ શકે છે તે માટે આપણે જૈનોનો જ ઉપકાર માનવો જોઈએ.

**શોભારૂપ ભવ્ય તીર્થસ્થાનો**

શત્રુંજય, ગિરનાર, તારંગા, આબુ અને પાવાગઢ જેવાં ગુજરાતનાં પર્વતશિખરો, જે આજે જગતના પ્રવાસીઓને આકર્ષી રહ્યાં છે, તે પર જો જૈનોએ બાંધેલાં એ દેવમંદિરો ન હોત તો તેમનું નામ પણ કોણ લેત ? અમદાવાદમાં મુસલમાનોની મસીદો સિવાય,

જો હઠીભાઈનું જૈન મંદિર ન હોત તો ત્યાં બીજું કયું એવું એક પણ હિંદુ સ્થાપત્યનું સુંદર કામ છે, જેને કોઈ પણ હિંદુ પોતાની જાતીય શિલ્પકળાના સુન્દર સ્થાન તરીકે ઓળખાવી શકે ? અવનતિના આ છેલ્લા યુગમાં પણ જઘડીયા, કાવી, છાંણી, માતર, બારેજા, પેથાપુર, પાનસર, સેરીસા, શંખેશ્વર, ભોયણી, મેત્રાણા, ભિલડીયા આદિ ગુજરાતનાં અનેક નાનાં ગામડાંઓમાં અને દૂર જંગલોમાં જૈનોએ લાખો રૂપિયા ખર્ચી ભવ્ય મંદિરો બંધાવ્યાં છે અને તેમ કરી દેશની શોભામાં સુંદર અભિવૃદ્ધિ કરી છે. સેરીસા, શંખેશ્વર, પાનસર અને ભોયણી જેવાં અત્યંત ક્ષુદ્ર ગ્રામો પણ આજે ભવ્ય જૈન મંદિરોથી જાણે મુકુટધારી ગ્રામવરો બન્યાં છે; અને યાત્રાર્થીઓના આરામ માટે ઊભી કરાયેલી વિશાળ ધર્મશાળાઓથી એક નાનકડા સુંદર શહેરનો દેખાવ ધારણ કરી રહ્યાં છે.

એ દેવમંદિરોના દર્શનાર્થે હિંદુસ્તાનના સર્વ ભાગોમાંથી દર વર્ષે સેંકડો-હજારો જૈન યાત્રીઓ આવે છે અને એ ગ્રામોની ભૂમિને પુણ્ય સ્થળ ગણી તેમની ધૂળને મસ્તકે ચઢાવે છે. ગુજરાતનાં એ ઉજ્જડ ગામડાંઓ જૈન મંદિરોના પ્રતાપે પુણ્યધામ બન્યાં છે; અને સેંકડો ભાવિક જૈનો, પ્રતિ પ્રાતઃકાળ '**સેરીસરો સંખેસરો પંચાસરો રે**' એવા નામોત્કીર્તિનપૂર્વક, હિંદુઓ જેમ કાશી, કાંચી, જગન્નાથપુરી જેવાં મહાન ધામોની પ્રાતઃસ્તુતિ કરે છે તેમ, એમનો મંગલપાઠ કરે છે. જૈનોએ આ આધુનિક મંદિરો દ્વારા ગુજરાતની શિલ્પકળાને જીવતી રાખી છે. જૈનોની મંદિરરચનાની અદ્યાપિ ચાલુ રહેલી પ્રણાલીએ ગુજરાતના શિલ્પીને આજ સુધી પોતાના હુન્નરમાં જેમ તેમ પણ ટકાવી રાખ્યો છે; નહિ તો હિંદુ સ્થાપત્યના સિદ્ધાંત પ્રમાણે પથ્થરનો એક સાધારણ થાંભલો ઘડી આપનાર સલાટ પણ આપણને ગુજરાતમાંથી મળવો દુર્લભ થઈ પડત............

**સેરિસા તીર્થના ઉદ્ધારક શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ**

કલોલ પાસે આવેલા સેરીસા ગામમાં પાર્શ્વનાથનું એક પ્રસિદ્ધ

તીર્થ હતું, જ્યાં વસ્તુપાલ-તેજપાલે ભવ્ય મંદિર બંધાવ્યું હતું. મ્લેચ્છોએ એ સ્થાનને એવી રીતે તોડી–ફોડી–ઉખાડી ફેંકી દીધું કે જેથી એક પથ્થર પણ ત્યાં જડી આવવો દુર્લભ થઈ પડ્યો. પણ અમદાવાદના એક ધર્મપ્રિય અને દિલેરદિલ શેઠ સારાભાઈ ડાહ્યાભાઈએ એ તીર્થનો પુનરુદ્ધાર કરવામાં પોતાની અસ્થિર લક્ષ્મીનો સદુપયોગ કરવા માંડ્યો. અને તેના ફળરૂપે આજે એ જગ્યાએ અષ્ટમંગલોપેત મહાધ્વજ અને સુવર્ણ કુંભોથી સમલંકૃત શિખરવાળું એક સુંદર અને સુવિશાલ જૈન મંદિર શોભી રહ્યું છે. પ્રતિવર્ષ સેંકડો-હજારો યાત્રીઓ એ સ્થાનનાં દર્શન કરવા આવે છે અને સેંકડો વર્ષો સુધી નષ્ટપ્રાય થઈ રહેલા તીર્થનો પુનરુદ્ધાર થયેલો જોઈ આનંદ અને આહ્લાદ અનુભવે છે. જૈનો તરફથી આ રીતનું તીર્થોદ્ધારનું કાર્ય આખા દેશમાં થોડાઘણા પ્રમાણમાં સતત ચાલુ છે. જૈનોની આ દેવભક્તિ અને તીર્થરક્ષાની ભવ્ય ભાવનાનું શૈવો અને વૈષ્ણવોએ પણ અનુકરણ કરવું જોઈએ અને દેશમાંનાં નષ્ટ–ભ્રષ્ટ થયેલ તીર્થસ્થાનોનો યોગ્ય રીતે પુનરુદ્ધાર કરી દેશની શિલ્પકળા અને રૂપશોભાની અભિવૃદ્ધિ કરવી જોઈએ.

### દેવમંદિરોનો વ્યાપક મહિમા

સુંદર અને ભવ્ય દેવમંદિરો એ ગ્રામ અને નગરનાં વિભૂતિમાન અલંકારો છે, પવિત્રતાનાં પ્રેરક ધામો છે, ઉત્સવો અને ઉજાણીઓ માટે આનંદભવનો છે, અજાણ્યા અતિથિઓ માટે ઉન્મુક્ત આશ્રયસ્થાનો છે શોક અને સંતાપના નિવારક રંગમંડપો છે, ગરીબ અને તવંગર સૌકોઈ પ્રજાજનોને સમાન આસન આપનારાં વ્યાસપીઠો છે ભકતો અને મુમુક્ષુઓને આધ્યાત્મિક ભાવોમાં રમણ કરવાનાં મુક્ત ક્રીડાંગણો છે, સંગીત અને નૃત્યની સાત્ત્વિક શિક્ષા આપનારાં ઉત્તમ વિદ્યાલયો છે, સંતો અને પંડિતોની જ્ઞાન-વિજ્ઞાનપૂર્ણ વાણી સાંભળવા માટેનાં વિશદ વ્યાખ્યાન ગૃહો છે, રાજા અને રંકને સરખી રીતે હૃદયના દુઃખભાર દૂર કરવાનાં અને આશ્વાસન પામવાનાં આશા-

નિકેતનો છે, અને આધિ-વ્યાધિ-ઉપાધિથી જીવને મુક્તિ આપનારાં મોક્ષમંદિરો છે.

પ્રાચીન કાળમાં આપણાં દેવમંદિરો એ જ આપણા સામાજિક કાર્યનાં સભામંડપો હતાં. દેવમંદિરો જ આપણાં વિદ્યાગૃહો હતાં. દેવમંદિરો જ આપણાં અતિથિભવનો હતાં. દેવસ્થાનો જ નાટ્યગૃહો, ન્યાયાલયો અને ધર્માધિષ્ઠાનો હતાં. આપણી સર્વ પ્રકારની રાષ્ટ્રીય, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિનાં કેન્દ્રો આપણાં આ દેવમંદિરો જ હતાં. અને તેથી આપણા પૂર્વપુરુષોએ દેવમંદિરોની રચના અને રક્ષા કરવામાં મનુષ્યજન્મની કૃતકૃત્યતા માની છે. સમ્રાટથી લઈ સાધારણમાં સાધારણ પ્રજાજનની જીવનની મહત્ત્વાકાંક્ષાનું એ એક લક્ષ્યસ્થાન માનવામાં આવ્યું છે. પરંતુ વર્તમાનમાં, માત્ર જૈનો સિવાય ઇતર હિંદુઓમાં આ ભાવના ઘણી શિથિલ થઈ ગઈ છે; અને, જેમ મેં ઉપર સૂચન કર્યું છે તેમ, પોતાનાં દેવસ્થાનોની રક્ષા કરવામાં જૈનો જેટલા જાગ્રત રહ્યા છે તેટલા જૈનેતરો નથી રહ્યા. દેવમંદિરોની પવિત્રતા સાચવવા જૈનોએ જે ઉદારતા બતાવી છે ને ભાવના કેળવી છે, તેનો અન્ય ધર્મીઓમાં ઘણા ભાગે અભાવ દેખાય છે; અને તેથી જ જૈનોના મુકાબલામાં ઇતર હિંદુ દેવમંદિરો આજે આપણા આવા સમૃદ્ધ અને ધર્મશીલ દેશમાં પણ, અનેક રીતે મહત્ત્વહીન અને અસ્તવ્યસ્ત દશામાં પડેલાં હોય તેવાં દેખાય છે.

### પંચાસર પાર્શ્વનાથનું પ્રાચીન મંદિર

ઠેઠ વનરાજના રાજ્યાભિષેક સમયે સ્થપાયેલું પાટણમાંનું પંચાસર-પાર્શ્વનાથનું જૈન મંદિર આજે પણ જ્યારે દેશદેશાંતરોના હજારો યાત્રીઓને આકર્ષી રહ્યું છે, ત્યારે ચૌલુક્ય ચક્રવર્તીઓએ સ્થાપેલાં અને આખીય ગુર્જરપ્રજાનાં રાષ્ટ્રમંદિરો ગણાય તેવાં 'સોમેશ્વરપ્રાસાદ' અને 'ત્રિપુરુષપ્રસાદ' જેવાં મહાન શિવાલયોના અસ્તિત્વની પણ દેશવાસીઓને કશી ખબર રહી નથી. દેશમાં વસનારા લાખો શૈવધર્મીઓ—

જેમાં અનેકાનેક રાજા-મહારાજા, જાગીરદારો, સરદારો, ક્રોડાધિપતિઓ વગેરેનો પણ સમાવેશ થાય છે—તેઓ પોતાના રાષ્ટ્ર અને ધર્મના ઇષ્ટદેવની આવી ઉપેક્ષા કરે એ ખરેખર શોચનીય છે.

## મંદિરોની સાચવણીમાં જૈનો અને બીજાઓ વચ્ચે ફેર

આપણામાંના કેટલાકે આબુની યાત્રા કરી હશે. આબુમાં અચલગઢ ઉપર અચલેશ્વર મહાદેવનું મોટું તીર્થધામ છે. એ અચલેશ્વર લાખો ક્ષત્રિયોના ઇષ્ટ દેવ છે; શિરોહીના રાજાના તો એ કુલદેવતા જ છે; અને તે સિવાય બાકીના પણ બધા રાજપૂતાનાના રાજાઓના શિવ પરમ ઉપાસ્ય દેવ છે. એ અચલેશ્વર દેવના મંદિરની કેવી કંગાલ હાલત છે તે જેણે જોયું હશે તેને તો ખબર હશે જ. એ અચલેશ્વરની પાસેની જ એક ટેકરી ઉપર જૈનોનું મંદિર છે, તે કેટલું સ્વચ્છ, ભવ્ય અને સુંદર છે!... ... ...જૈનોએ એ આખા પર્વતશિખરના રસ્તાને સરસ રીતે બાંધી લીધો છે. ઉપર અનેક નાની-મોટી ધર્મ-શાળાઓ બાંધી છે. યાત્રીઓને રહેવા-કરવા માટે બધી સરસ સગવડ કરી છે. પાણીની વ્યવસ્થા કરી છે, ભોજનાલયની વ્યવસ્થા કરી છે. દેવાલયમાં જાણે સાક્ષાત્ દેવતાઓ આવીને નાચતા હોય તેટલું સ્વચ્છ અને સુરમ્ય તેનું પ્રાંગણ છે. ધૂપ, દીપ અને પુષ્પોથી મંદિરના મંડપો મહેકી રહે છે. જાણે દૂધના પ્રક્ષાલનથી મંદિરોને ધોઈ નાખ્યાં હોય તેવાં તે ઊજળાં અને સુધાધૌત લાગે છે.... ... ... ... ...

વળી, આવી જ દુર્વ્યવસ્થા મેં મેવાડના મહાધામ એકલિંગેશ્વરમાં પણ કેટલેક અંશે જોઈ છે, અને ઉજ્જયિનીના મહાકાલેશ્વરમાં પણ જોઈ છે. એના મુકાબલામાં જૈનોનાં શત્રુંજય, ગિરનાર, તારંગા, કેસરીઆજી વગેરે તીર્થો જુઓ અને તેમની વ્યવસ્થા જુઓ; એ બેમાં આપણને એટલો તફાવત દેખાશે, જેટલો મુંબઈમાં વાલકેશ્વરમાં આવેલા ધનિકોના મહાલયોમાં અને ભૂલેશ્વરમાં મહેતાઓના માળાઓમાં તફાવત જણાય છે. જૈન અને શૈવ મંદિરોની વ્યવસ્થા વિષે કરેલી આ ટીકાનો આપ

એવો ઊલટો અર્થ તો નહિ લેશો કે આ કથન કરવામાં મારો આશય જૈનોની બડાઈ હાંકવાનો છે કે જૈનેતરોની હલકાઈ બતાવવાનો છે. મારો આશય તો માત્ર એટલો જ છે કે જૈનો જે રીતે પોતાનાં દેવસ્થાનોની પવિત્રતા સાચવવા યથાશક્તિ પ્રયત્ન કરે છે, તે રીતે જૈનેતર-વર્ગ નથી કરતો અને તેથી જૈનેતર દેવસ્થાનોની આજે જોઈએ તેવી ભવ્યતા દૃષ્ટિગોચર નથી થતી. હું આ વસ્તુસ્થિતિને આપણી પ્રજાકીય અને ધાર્મિક ભાવનાની ભારે ક્ષતિ સૂચવનારી બાબત સમજું છું. જૈન હોય, શૈવ હોય, વૈષ્ણવ હોય, બૌદ્ધ હોય કે પછી ખ્રિસ્તી હોય કે ઇસ્લામી હોય, કોઈ પણ પ્રજાનાં ધર્મસ્થાનોની અધોગતિ એ તે પ્રજાજીવનની અધોગતિ સૂચવનારી બાબત છે. .. ... ... ... ...

**સાહિત્ય-સમૃદ્ધિમાં ફાળો**

જેમ સ્થાપત્યની કળાનો વિકાસ કરી જૈનોએ ગુજરાતને અપૂર્વ અને આકર્ષક શોભા આપી છે, તેમ સાહિત્યવિષયક વિવિધ રચનાઓ દ્વારા જૈનોએ ગુજરાતને અનુપમ જ્ઞાનસમૃદ્ધ બનાવ્યું છે. ગુજરાતની સાહિત્યસમ્પત્તિ ઘણી વિશાળ છે. અણહિલપુરના અભ્યુદયકાળથી માંડી આજ સુધીમાં જૈનોએ ગુજરાતમાં રહીને જે સાહિત્યરચના કરી છે, તેની તુલનામાં બીજો કોઈ દેશ બેસી શકે તેમ નથી. પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, પ્રાચીન ગુજરાતી અને નવીન ગુજરાતી—એમ વિવિધ ભાષા-ઓના હજારો ગ્રંથોથી ગુજરાતના જ્ઞાનભંડારો ભરપૂર છે. પ્રાકૃત ભાષા, જે આપણા દેશની બધી આર્ય ભાષાઓની માતામહી છે, તેનો વિપુલ ભંડાર એકમાત્ર ગુજરાતની સંપત્તિ છે. વલભી યુગના આરંભથી લઈ છેક મોગલાઈના અંત સમય સુધીમાં ગુજરાતના જૈન યતિઓ પ્રાકૃત ગ્રંથોની રચના કરતા રહ્યા છે, અને એ રીતે પ્રાકૃત ભાષાનો અખંડ પરિચય ગુર્જર પ્રજાને તેઓ આપતા રહ્યા છે. પ્રાકૃત ભાષાના એ પરિચયસાતત્યને લઈને ગુજરાતી ભાષાના વિકાસક્રમનો ઇતિહાસ આપણને ખૂબ જ સુલભ અને સુસ્પષ્ટ રીતે પ્રાપ્ત થઈ શકે છે.

હિંદી, મરાઠી, બંગાલી અને ગુજરાતી ભાષાઓની સાક્ષાત્

જનની, જે મધ્યકાળની અપભ્રંશ ભાષા ગણાય છે, તેનું પણ જેટલું વિપુલ અને વિશિષ્ટ સાહિત્ય ગુજરાતના જૈન ભંડારોમાં પ્રાપ્ત થાય છે, તેટલું બીજે ક્યાંય ઉપલબ્ધ નથી. વનરાજ ચાવડાના રાજ્યાભિષેકના યુગથી માંડી કરણ વાઘેલાના પતન સુધીના સમય દરમ્યાનના દરેક સૈકાની, જૈન યતિએ રચેલી, એવી કેટલીય અપભ્રંશ કૃતિઓ અણહિલપુરના ભંડારોમાંથી આપણને જડી આવે છે.

જૈન પંડિતો હમેશાં પ્રાચીન અને વર્તમાન બંને પ્રકારની ભાષાના ઉપાસકો રહ્યા છે; અને તેમણે બંને પ્રકારના ભાષા–સાહિત્યને પોતાની કૃતિઓથી અલંકૃત કર્યું છે. પ્રાકૃત અને સંસ્કૃત એ બે પુરાતન ભાષાઓ સાથે અપભ્રંશયુગમાં તેમણે અપભ્રંશ ભાષાને સમૃદ્ધ કરવા અર્થે તેમાં પણ તેટલી જ રચના કરી; અને એ યુગ વીત્યા પછી જ્યારે ગુજરાતી ભાષાનો યુગ આરંભાયો ત્યારે તેમાં પણ તેટલી જ તત્પરતાથી તેવી રચના કરવા માંડી.

હેમચંદ્રના જીવનની સમાપ્તિ સાથે અપભ્રંશ ભાષાના જીવનની પણ સમાપ્તિ થઈ; અને ગુજરાતી ભાષાનો ઉદયકાળ–પ્રારંભ થયો. એ ઉદયકાળની આદિ ક્ષણથી લઈ આજ સુધી જૈન વિદ્વાનોએ ગુજરાતી ભાષાની અવિરત સેવા કરી છે; અને જેની બરોબરી કોઈ પણ દેશભાષા ન કરી શકે એટલી બધી કૃતિઓથી એ ભાષાના ભંડારને એમણે ભર્યો છે. વિદ્યાવિલાસી અને સંસ્કૃતિ–પ્રતિમૂર્તિ મહારાજાધિરાજ સયાજીરાવના પ્રશંસનીય આદેશથી સદ્ગત સાક્ષર શ્રી સર ચિમનલાલ દલાલે પાટણના ભંડારોનું સવિસ્તર પર્યવેક્ષણ કર્યું હતું, અને તેના પરિણામે ગુજરાતી ભાષાના એ પુરાતન અમૂલ્ય ઝવેરાતને જગત આગળ મૂકવાનો અનન્ય ઉદ્યોગ કર્યો હતો. એ ઉદ્યોગના પરિણામે આપણને એ ઝવેરાતના મહાન ખજાનાઓ ખોળી કાઢવાની જિજ્ઞાસા પ્રાપ્ત થઇ છે. જૈન સાક્ષર શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ છેલ્લાં વીશેક વર્ષથી ગુજરાતી ભાષામાં રચાયેલા જૈન સાહિત્યની શોધખોળ કરી રહ્યા છે અને તેના ફળરૂપે તેમણે અત્યાર સુધીમાં લગભગ હજાર–હજાર પાનાં

જેટલા દળદાર ત્રણ ગ્રંથો તૈયાર કર્યા છે. એ ગ્રંથો જોવાથી આપને કલ્પના આવશે કે જૈન વિદ્વાનોએ ગુજરાતી ભાષાની કેવી ઉત્કૃષ્ટ સેવા કરી છે.

અણહિલપુર, ભરૂચ, ખંભાત, કપડવંજ, ધોળકા, ધંધુકા, કર્ણાવતી, ડભોઈ, વડોદરા, સૂરત, પાલણપુર, પાટડી, ચંદ્રાવતી, ઈડર, વડનગર વગેરે વગેરે ગુજરાતનાં દરેક મધ્યકાલીન નગરોના ઉપાશ્રયોમાં વસી જૈન યતિઓએ અસંખ્ય સંસ્કૃત ગ્રંથોની રચના કરી છે; અને એ ગ્રંથોમાં વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર, સાહિત્ય, છંદ, નાટક, ન્યાય, વદક, જયોતિષ, ગણિત, આખ્યાન, પ્રબંધ આદિ જ્ઞાન-વિજ્ઞાનના સર્વ વિષયોનો સમાવેશ કર્યો છે. સેંકડો એવા માત્ર કથાગ્રંથો છે, જેમાં ગુજરાતના સામાજિક અને લોકજીવન વિષેની વિવિધ માહિતી આપણને મળી આવે છે. તે કાળમાં પ્રચલિત ગુજરાતની સેંકડો લોકકથાઓને લૌકિક સંસ્કૃત ભાષામાં પરિવર્તિત કરી તેમના પણ અનેક સંગ્રહો તેમણે ગ્રંથિત કર્યા છે. ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસની યથાશ્રુત ઘટનાઓને ગ્રંથબદ્ધ કરવા, અને એ રીતે ગુજરાતના ઇતિહાસને સુરક્ષિત કરવા તેમણે ઐતિહાસિક–અર્ધઐતિહાસિક એવા સંખ્યાબંધ પ્રબંધોની રચના કરી છે. ગુજરાતના રાષ્ટ્રીય ઇતિહાસનું જેટલું સંરક્ષણ જૈનોએ કર્યું છે તેના સહસ્રાંશ જેટલા ભાગનું પણ રક્ષણ જૈનેતરોએ કર્યું નથી.........ગુજરાત પાસે તેના પોતાના જ સંતાનોની જ્ઞાન–વિજ્ઞાનના સર્વ વિષયોની ઉત્તમોત્તમ કૃતિઓ વિદ્યમાન છે; અને એ રીતે જૈનોએ ગુજરાતને સાહિત્ય-સામ્રાજ્યની દૃષ્ટિએ સર્વતંત્ર –સ્વતંત્ર રાષ્ટ્ર બનાવ્યું છે.

## સાહિત્યસર્જનનું એક પ્રેરણાસ્થાન : ઉદાર શાસકો

અલબત્ત, આ રીતે ગુજરાતની સાહિત્યિક સમૃદ્ધિના ભંડારોને ભરપૂર કરવાનો યશ જૈનોને ઘટે છે, પણ એ સાહિત્ય–સર્જન કરવામાં જૈનોને પ્રેરણા ક્યાંથી અને કેવી રીતે મળી, તે પણ જરા વિચારી

જોઈએ. જોકે આ વિચાર ખૂબ લાંબું વિવેચન માંગી લે છે; એની પૂર્વભૂમિકા તપાસવા માટે આપણે ગુજરાતના જૂના ઇતિહાસનાં ઘણાં પાનાં ઉકેલવાં જોઈએ; એ માટે અહીં પૂરતો અવકાશ નથી; છતાં હું બહુ જ સંક્ષેપરૂપે એ વિષે થોડાંક વાક્યો કહેવા ઇચ્છું છું.

ગુજરાતનો સુવર્ણકાલ રચનાર ચૌલુક્ય નૃપતિઓ ઉત્કટ સ્વદેશ-પ્રેમી હતા. તેમની મહત્ત્વાકાંક્ષા ગુજરાતને ભારતનું મુકુટમણિ બનાવવાની હતી. શક્તિ, સંસ્કૃતિ અને સમૃદ્ધિમાં ગુર્જરદેશ અન્ય દેશો કરતાં જરા પણ પાછળ ન રહે એ તેમની સામ્રાજ્યનીતિનો મહનીય મુદ્રાલેખ હતો. તેઓ જેટલા શૌર્યપૂજક હતા તેટલા જ સંસ્કારપ્રિય હતા. સાહિત્ય, સ્થાપત્ય અને સંગીત આદિ સત્કલાના તેઓ ખૂબ શોખીન હતા. કળાકોવિદોના તેઓ શ્રદ્ધાવાન ભક્ત હતા. તેઓ પોતાના શૌર્યબળથી જેમ ગુજરાતના સામ્રાજ્યની સીમાઓ વધારવા ઇચ્છતા, તેમ ઉત્તમોત્તમ સ્થાપત્યની રચનાઓ દ્વારા ગુજરાતનાં નગરોની શોભા વધારવા ઇચ્છતા; વિદ્વાનો અને વિશેષજ્ઞોનો સમૂહ–સંગ્રહ કરી તેમના દ્વારા સાહિત્યસર્જન કરાવતા અને ગુર્જર પ્રજાની જ્ઞાનજ્યોતિ વિકસાવતા. ભારતનાં અન્ય રાજ્યોમાં જેવાં વિશિષ્ટ દેવસ્થાનો કે જલાશયો વગેરે સ્થાપત્યનાં સુંદર કામો થયાં હોય કે થતાં હોય તેવાં કામો ગુજરાતમાં પણ થવાં જોઈએ; બીજા પ્રાંતોમાં જેવા વિદ્યામઠો અને સારસ્વત ભંડારો વિદ્યમાન હોય તેવા મઠો અને ભંડારો ગુજરાતમાં પણ વિદ્યમાન હોવા જોઈએ; ભારતના અન્ય રાજદરબારોમાં જેવા સમર્થ વિદ્વાનો, પંડિતો, કવિઓ, મંત્રીઓ, રાજદૂતો, સેનાનાયકો, નીતિવિશારદો, વ્યાપારપ્રવીણો અને અન્ય કળાનિપુણ પુરુષો વિદ્યમાન હોય તેવાં ને તેથી પણ ચઢે એવાં શ્રેષ્ઠ પુરુષરત્નો ગુજરાતની રાજસભા શોભાવનારાં પણ સદા રહેવાં જ જોઈએ: એ તેમની સામ્રાજ્ય જિગીષાનું મુખ્ય ધ્યેય હતું. ગુજરાતની શક્તિ અને સંસ્કૃતિની કોઈ પણ બાબત વિષે યત્કિંચિત્ પણ આક્ષેપ થાય કે લઘુતા બતાવાય તે તેમને સ્વપ્ને પણ સહ્ય થતું ન હતું. તેમના એવા ઉત્કટ દેશપ્રેમે

અને સંસ્કાર-શોખે તેમને પોતાના દેશમાં રુદ્રમહાલય, ત્રિપુરપ્રાસાદ, સોમેશ્વર અને તેવાં બીજાં સેંકડો ભવ્ય મહાલયો બાંધવા પ્રેર્યા; કર્ણ-સરોવર, મિનલસરોવર, સિદ્ધસર જેવાં અનેક મહાસરોવરો રચવા ઉત્સાહિત કર્યા; સ્થાને સ્થાને સુંદર તોરણો અને કીર્તિસ્તંભો ઊભાં કરવા ઉત્કંઠિત કર્યા; મોટા મોટા સારસ્વત ભંડારો સ્થાપન કરવા અને સત્રાગારો સાથે વિદ્યામઠો બાંધવા પ્રવૃત્ત કર્યા.

## ગુર્જર નૃપતિઓની સમદર્શિતા અને સંસ્કારપ્રિયતા

ધર્મ અને ઉપાસનાના વિષયમાં તેઓ બહુ સમદર્શી હતા. તેમના સમયમાં ગુજરાતમાં મુખ્યપણે બે જ પ્રજાધર્મો પ્રવર્તતા હતા: શૈવ અને જૈન. ચૌલુક્યોનો કુલધર્મ શૈવ હતો, છતાં તેઓ જૈનધર્મ તરફ પણ પૂરેપૂરો સદ્ભાવ રાખતા. જૈન મંદિરોને રાજ્ય તરફથી પૂજા–સેવા માટે મોટા પ્રમાણમાં ભૂમિદાનો વગેરે આપવામાં આવતાં. પર્વો અને ઉત્સવોના પ્રસંગે રાજાઓ જૈન મંદિરોમાં ખૂબ ઠાઠમાઠથી જતા અને શ્રદ્ધાપૂર્વક સ્તુતિ–પ્રાર્થના કરતા.

તેમની આવી ધાર્મિક સમદર્શિતા અને સંસ્કારપ્રિયતાના લીધે જૈન આચાર્યો એ રાજાઓ તરફ પ્રારંભથી જ વિશિષ્ટ આશાભાવ ધારણ કરતા હતા, અને એ રાજ્યની મહત્તા અને કીર્તિ વધે તેવું હૃદયથી ઇચ્છતા અને તદનુકૂળ પ્રવૃત્તિ કરતા રહેતા. ચૌલુક્યોના શાસન નીચે જૈનધર્મને ઉત્કૃષ્ટ પ્રકારનું સંરક્ષણ માત્ર જ મળ્યું હતું એમ નથી, પણ ઉત્તમ પ્રકારનું પોષણ પણ મળ્યું હતું અને તેથી જૈન વિદ્વાનો નિર્ભય, નિશ્ચિન્ત અને નિશ્ચલ મનવાળા થઈ અણહિલપુર અને તેની આસપાસનાં સુસ્થાનો અને સુગ્રામોના ઉપાશ્રયોમાં બેસી ઉક્ત પ્રકારની વિવિધ સાહિત્યિક રચનાઓ કરી કરી ગુજરાતની પ્રજાને જ્ઞાનસમૃદ્ધ બનાવતા અને ગુજરાતનાં પ્રતિસ્પર્ધી રાજ્યોમાં ગુજરાતનું ગુણગૌરવ વધારતા રહેતા. ગુજરાતની આવી જ્ઞાનગરિમાએ ગુજરાતને "વિવેકબૃહસ્પતિ"નું માનભરેલું બિરુદ અપાવ્યું હતું, અને તેમાં આ રીતે જૈન વિદ્વાનોએ અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો.

**સદાચાર, અહિંસા અને દુર્વ્યસનત્યાગ**

સદાચારના વિષયમાં પણ જૈનધર્મે ગુજરાતની પ્રજાને સમુન્નત કરવામાં સવિશેષ ભાગ ભજવ્યો છે. જૈનધર્મ એ આચારપ્રધાન ધર્મ છે. યમ–નિયમ, તપ–ત્યાગ વગેરે ઉપર જૈનધર્મમાં ઘણો વિશિષ્ટ ભાર આપવામાં આવ્યો છે. અહિંસા એ જૈન આચાર–વિચારનું ધ્રુવબિંદુ છે. એને લક્ષીને જ જૈનધર્મની સર્વ પ્રવૃત્તિઓનું સંવિધાન કરવામાં આવેલું છે. અહિંસાની સંપૂર્ણ વ્યાખ્યા તો ઘણી ગહન છે; એની સ્થૂલ વ્યાખ્યા એ છે કે મનુષ્યે કોઈ પણ મનુષ્ય, પશુ–પ્રાણી આદિ જીવની હિંસા ન કરવી, કોઈ પણ પ્રાણીનો નાશ ન કરવો. એ સ્થૂલ વ્યાખ્યાના પણ ઉત્સર્ગ–અપવાદ આદિ અનેક ભેદ–ઉપભેદ અને ગૌણ–મુખ્ય આદિ વિવિધ પ્રકારો છે. એની સૂક્ષ્મતામાં ઊતરવાની અહીં જરૂર નથી.

સામાન્ય રીતે એટલું જ જાણવું અગત્યનું છે કે જૈનધર્મની દીક્ષાનો સર્વપ્રથમ અને સર્વપ્રધાન નિયમ એ જીવહિંસા–ત્યાગનો છે. જે મનુષ્ય જીવહિંસાનો ત્યાગ ન કરી શકે તે જૈનધર્મનો અનુયાયી ન થઈ શકે. મોટે ભાગે સ્થૂલ જીવહિંસા મનુષ્યો માંસાહાર નિમિત્તે જ કરે છે. માંસાહાર નિમિત્તે જ જગતમાં નિત્યપ્રતિ લાખો–કરોડો પશુઓ, પક્ષીઓ, માછલીઓ ઇત્યાદિ પ્રાણીઓનો સંહાર થાય છે. એ પ્રાણી–સંહાર ત્યારે જ ઓછો થઈ શકે, જ્યારે મનુષ્યો માંસાહાર કરવો ઓછો કરે. એ દૃષ્ટિએ જૈનો માંસાહારના સૌથી વધારે વિરોધી રહ્યા છે; અને જ્યાં જ્યાં તેમનું ચાલે તેમ હોય ત્યાં ત્યાં તેઓ માંસાહારનો નિષેધ કરવા–કરાવવા સદા પ્રયત્નશીલ રહેતા આવ્યા છે; અને તેમ કરી તેઓ જીવહિંસા થતી ઓછી કરવા પોતાની શક્તિનો સંપૂર્ણ ઉપયોગ કરતા આવ્યા છે. અકબર બાદશાહ જેવા મુગલ સમ્રાટને પણ જૈન આચાર્યોએ પોતાના સદુપદેશ દ્વારા અહિંસાના નિષેધ તરફ સુરુચિવાળો બનાવ્યો હતો; અને તેથી તેણે પોતાના સામ્રાજ્યમાં સાલભરમાં કેટલાયે દિવસો સુધી જીવહિંસા ન થવા દેવાનાં ફરમાનો

કાઢ્યાં હતાં તથા તેણે જાતે પણ વર્ષમાં અમુક અમુક મહિનાઓ અને દિવસો માંસાહાર સર્વથા ન કરવાનો નિયમ લીધો હતો.

ચૌલુક્યોના શાસનકાળમાં જૈનો ગુજરાતમાં ઘણો આગળ પડતો મોભો ભોગવતા હતા એ આપણે ઉપર જોયું છે. તે ઉપરાંત એ વંશનો સૌથી વધુ પ્રતાપી અને શૂરવીર રાજા કુમારપાળ જૈનધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધાવાન બની એ ધર્મની તેણે, પાછલી અવસ્થામાં, ગૃહસ્થોચિત દૃઢ દીક્ષા પણ સ્વીકારી હતી. એ રાજાએ પોતાના આખા સામ્રાજ્યમાં જીવહિંસા થતી બંધ કરવા માટે આગ્રહપૂર્વકની રાજાજ્ઞાઓ જાહેર કરી હતી અને માંસાહાર ન કરવા માટે તેમ જ દેવી-દેવતાઓને પણ પશુ-પક્ષીઓનું બલિદાન ન આપવા માટે રાજ્યઘોષણાઓ કરાવી હતી. માંસાહાર તેમ જ જીવહિંસાનિષેધક આવી સતત પ્રવૃત્તિઓને લીધે ગુજરાતની પ્રજામાંથી એ વસ્તુ ઘણી ઓછી થઈ ગઈ. આજે આખા હિંદુસ્તાનમાં સૌથી ઓછો માંસાહાર ગુજરાતમાં છે; અને સૌથી ઓછી પ્રાણીહિંસા ગુજરાતમાં થાય છે. માંસાહારની સાથે જૈનોએ મદ્ય-નિષેધ અને વ્યભિચાર નિષેધ ઉપર પણ તેટલો જ ભાર મૂક્યો છે; અને એ મહાદુર્વ્યસનોના નિવારણ માટે પણ જૈન ઉપદેશકોએ એટલો જ પરિશ્રમ ઉઠાવ્યો છે.

ગુજરાતના ઉચ્ચ ગણાતા પ્રજાવર્ગમાં એ દુર્વ્યસનોનો, સર્વથા નહિ તો, ઘણા મોટા પ્રમાણમાં પણ જે પ્રશંસનીય અભાવ જોવામાં આવે છે. તેમાં એ પૂર્વકાલીન જૈન ઉપદેશકોની ઘણી મોટી અસરનું પરિણામ રહેલું છે. ગુજરાતમાં મદ્યનો પ્રચાર માત્ર હલકી ગણાતી કોમોમાં દેખાય છે. અને તે પણ અંગ્રેજોના શાસનના પ્રતાપે એટલો વધ્યો છે. માંસ, મદ્ય અને વ્યભિચારની પ્રબળતાના અભાવે પ્રજામાં ખૂન અને સંત્રાસની પ્રવૃત્તિ પણ ઓછી હોય એ સ્વાભાવિક છે. આખાય ભારતમાં આજે ગુજરાતી પ્રજા એકંદર શાંતિપ્રિય, સૌમ્યસ્વભાવવાળી, વિશિષ્ટ દયાભાવ ધરાવનારી અને દુઃખિતોને ઉદાર દિલથી મદદ કરનારી તરીકે વખણાય છે. અને એ ગુણોમાં ઉન્નત થવા અનેક

અંશે એને જૈન સંસ્કારોએ સતત પ્રેરણા અને પ્રોત્સાહક ભાવના આપી છે એવો મારો નમ્ર મત છે.

ગુજરાતમાં હલકામાં હલકો ગણાતો પ્રજાજન પણ સર્પ, વીંછી જેવા ભયકારક અને ઝેરી જીવોનોય વિનાકારણ ઘાત કરવામાં પાપ માનશે, અને કારણ મળ્યે પણ તેની હત્યા કરતા સંકોચ પામશે; ત્યારે કેટલાક અન્ય પ્રદેશોમાં વસતો ઉચ્ચમાં ઉચ્ચ બ્રાહ્મણજન પણ સર્પાદિકનું નામ સાંભળી તેની હત્યા કરવા ઉત્સાહિત થઈ જશે. ગુજરાતનો ખેડૂત ઉનાળાના દિવસોમાં સુકાઈ જતા તલાવડામાંનાં માછલાંઓને બચાવવા માટે અનેક પ્રયત્નો કરતો નજરે પડશે, ત્યારે બંગાળ, બિહાર આદિ પ્રદેશોમાંનો બ્રહ્મવાદી અને સર્વશાસ્ત્રપારગામી ભૂદેવ પણ માછલાં મારવા–મરાવવાની વ્યવસ્થિત પ્રવૃત્તિ કરતો જોવામાં આવશે.

### પ્રાણીદયાની સંસ્થાઓ

અનાથ અને અપંગ પશુઓના પાલનપોષણ અને રક્ષણ કરનારી પાંજરાપોળ જેવી પ્રાણી-દયાની પુણ્ય સંસ્થા સ્થાપન કરવાનું સૌથી વધુ શ્રેય ગુજરાતી પ્રજાજનને મળે એમ છે. મારવાડ, મેવાડ અને માલવા આદિ પ્રાંતોમાં આ સંસ્થાનું જે અસ્તિત્વ દેખાય છે, તે ગુજરાતની જ અસરને લીધે છે. પાંજરાપોળ સંસ્થાના પ્રધાન પ્રચારક અને સંચાલક જૈનો છે એ સર્વવિદિત વાત છે. એ જુદી બાબત છે કે આજે એ પાંજરાપોળ સંસ્થા, એના અજ્ઞાન અને અસમયજ્ઞ સંચાલકોના હાથે, ઘણી દયાજનક અને દુર્વ્યવસ્થિત દશા ભોગવી રહી છે અને તેથી વિચારશીલ વર્ગ દ્વારા તે નિંદાને પાત્ર થઈ રહી છે. પરંતુ એ દોષ વ્યવસ્થાનો છે, સંસ્થાનો નથી.

સંસ્થાનો મૂળ ઉદ્દેશ તો પ્રાણીઓની શુદ્ધ સેવા કરવાનો છે; અને તે દ્વારા માનવહૃદયની ભૂતદયા પ્રત્યેની ભવ્ય ભાવના ખીલવવાનો છે. જૈનો એ કાર્ય અર્થે દર વર્ષે આજે પણ લાખો રૂપિયા ખર્ચે છે; અને જેટલી કાળજી અનાથ અને અસમર્થ એવાં જૈન બાળકોનાય

સંરક્ષણ અને પાલન–પોષણ માટે લેવામાં નથી આવતી, તેટલી કાળજી મૂક પશુ–પ્રાણીઓના પાલન–પોષણના નિમિત્તે લેવાતી જોવામાં આવે છે. પણ વ્યવસ્થાના દોષને લઈને એ કાર્યમાં મોટે ભાગે પુણ્યના બદલે ઊલટું કેટલુંક પાપ પણ ઉપાર્જન કરવામાં આવતું હશે. સમયાનુકૂળ સુવ્યવસ્થાના પરિણામે આ સંસ્થા આજના આપણા દરિદ્ર દેશને અનેક રીતે વધુ ઉપકારક થઈ શકે તેમ છે.

**અહિંસા અને વીરતાનો અવિરોધ**

જીવદયાની આવી પ્રવૃત્તિ અને તેના દ્વારા કરાતી અહિંસાની પુષ્ટિ વિષે કેટલીક વખતે એવી ટીકા થતી સાંભળવામાં આવે છે, કે જૈનોએ કરેલા આવા અહિંસાધર્મના પ્રચારને લીધે પ્રજામાંથી શૌર્યવૃત્તિ અને ક્ષાત્રધર્મ શિથિલ થયાં અને પરિણામે આર્ય પ્રજા પૌરુષહીન થઈ, પરાધીન બની વગેરે વગેરે.

અહિંસાની ભાવના વિષેના આવા વિચારો સર્વથા ભ્રમાત્મક અને તત્ત્વશૂન્ય છે. મેં જેમ પ્રથમ સૂચન કર્યું છે તેમ, જૈનધર્મની અહિંસાની કલ્પના અને વ્યાખ્યા ઘણી વિશાળ અને ગંભીર છે. એ વ્યાખ્યા પ્રમાણે દેખાતી કે કહેવાતી અહિંસા તાત્ત્વિક હિંસા હોઈ શકે છે; અને સ્થૂલ દૃષ્ટિએ લાગતી હિંસા સૈદ્ધાંન્તિક અહિંસા પણ હોઈ શકે છે. હિંસા–અહિંસાની સિદ્ધિ અને સાધનાનો આધાર માત્ર બાહ્ય પ્રવૃત્તિ જ નથી, પણ તેની પાછળ રહેલા હેતુની શુદ્ધતા–અશુદ્ધતાપૂર્વકની આંતરિક વૃત્તિ છે. જૈનો કે બીજાઓ જેને અહિંસા સમજતા હોય અને પોતાની જે પ્રવૃત્તિને અહિંસાની પોષક માનતા હોય તે, આ તત્ત્વદૃષ્ટિએ વિચાર કરતાં, વાસ્તવિક અહિંસા હોયે ખરી અને નહિ પણ હોય. તત્ત્વદૃષ્ટિ અહિંસક અહિંસાધર્મનું પાલન કરવા એક વખતે જ્યારે કીડી જેવા ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીના પ્રાણ બચાવવા ખાતર પણ પોતાના પ્રાણોનો નાશ કરી શકે ત્યારે અન્ય વખતે એ જ કારણસર ચક્રવર્તીઓનાં મહાસૈન્યોના પણ તે સંહાર કરી–કરાવી શકે છે. આ રીતે અહિંસાધર્મ कुसुमादपि कोमल અને वज्रादपि कठोर છે. તેનું શુદ્ધ

આચરણ ખાંડાની ધાર પર ચાલવા બરાબર કઠિન કાર્ય છે. સર્વસ્વ ત્યાગની તૈયારી વગર એ અહિંસાધર્મનું સંપૂર્ણ પાલન શક્ય નથી; અને રાગદ્વેષની વૃત્તિઓ ઉપર વિજય મેળવ્યા સિવાય અહિંસાની સિદ્ધિ થઈ શકે નહિ. આધુનિક જૈન સમાજ આવી અહિંસાની સાધના કરતો હોય તેમ મારું મંતવ્ય કે વક્તવ્ય નથી, પણ જૈનધર્મની અહિંસાની વ્યાખ્યા તેવી છે, તેમાં શંકા નથી. દેશકાલની પરિસ્થતિનો વિવેકપૂર્વક વિચાર કર્યા વિના મૂઢભાવે જો કોઈ સમાજ અહિંસાની આંધળી પ્રવૃત્તિ કરતો હોય તો તે વાસ્તવિક અહિંસા નથી; તે પ્રવૃત્તિનું પરિણામ જો બહુજનસમાજને હાનિકર્તા થતું હોય તો તે નરી હિંસા જ છે. અને આવી આંધળી પ્રવૃત્તિ અવશ્ય દોષ અને તિરસ્કારને પાત્ર હોઈ શકે છે.

પરંતુ અહિંસાની આવી રૂઢ કે આંધળી પ્રવૃત્તિ સાથે પણ પ્રજાની પરાધીનતાનો જરાયે સંબંધ નથી. અહિંસાના નામનું પણ જેમને કદીય સ્વપ્નું આવ્યું નથી, એવા અનેક પ્રજાવર્ગો જગતના ઇતિહાસમાં પરાધીન બન્યા છે. અને બની રહ્યા છે. અહિંસાની આવી તાત્ત્વિક વિચારણા મૂકી દઈ આપણે વ્યાવહારિક દૃષ્ટિએ વિચાર કરીએ તો આપણને જણાશે કે જૈનોએ અહિંસાનો આવો અનર્થ તો ક્યારેય કર્યો નથી, જેથી પ્રજાની શૌર્યવૃત્તિ ક્ષીણ થઈ હોય. ઊલટું, જૈન સમાજનો અને ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ તો એ બતાવી રહ્યો છે કે પોતાના દેશનું રક્ષણ કરવા માટે જૈનોએ મોટા મોટા ક્ષત્રિયવીરો કરતાંય વધારે ઉત્સાહ બતાવ્યો હતો. ગુજરાતના સામ્રાજ્યના ઉત્કર્ષ માટે જૈનધર્મી વીર યોદ્ધાઓએ અનેક રણસંગ્રામો ખેલ્યા છે અને અદ્‌ભુત યુદ્ધકૌશલ્ય બતાવ્યાં છે. ગુજરાતની રણભૂમિ ઉપર, કેટલીક વખતે, જે દુર્ધર્ષ કાર્ય ક્ષત્રિયપુત્રો ન કરી શક્યા તે આ કહેવાતા વણિકપુત્રોએ કરી દેખાડયાં છે.

### વિમળશા, ઉદયન, વસ્તુપાળ વગેરેનાં શૌર્યકાર્યો

આબુના જગપ્રસિદ્ધ કળાધામ જેવા આદિનાથ મંદિરનો નિર્માતા

વિમલશાહ જૈન એવો પ્રચંડ સેનાનાયક થયો જેણે ગુજરાતનાં સૈન્યોને સિંધુ નદીનાં નીર તરી જતાં શીખવ્યાં અને ગજનીના સીમાડાઓ ખૂંદતાં કર્યા. મંત્રી ઉદયનના પુત્ર દંડનાયક આંબડે ગુર્જર સૈન્યોને સહ્યાદ્રિના ઘાટો કેમ પાદાક્રાંત કરવા તેના અનુભવપાઠો, સાથે ફરીફરી, આપ્યા અને પોતાના સમ્રાટોની શત્રુવિજિગીષા કેમ પૂર્ણ કરવી તેની સોપપત્તિક શિક્ષા આપવા અર્થે મલ્લિકાર્જુન જેવા બળવાન કોંકણાધીશ નૃપતિનું સ્વહસ્તે કંઠકર્તન કરી તે મસ્તકરૂપ શ્રીફળ દ્વારા ગુર્જર નરેન્દ્રની ચરણપૂજા કરી બતાવી. ગુજરાતી યોદ્ધાઓને વિંધ્યાચલની અટવીઓ કેમ ખૂંદી વળવી અને તેમાં વિહરતા ગજયૂથોને કેવી રીતે કેળવી અણહિલપુરની હસ્તિશાળાઓને અજેય બનાવવી તેની અપૂર્વ વિદ્યા મંત્રી લહરે શીખવી હતી. ધનુર્વિદ્યાપ્રવીણ એ જ દંડનાયકે અણહિલપુર પાસે વિંધ્યવાસિની દેવીનું મોટું પીઠ સ્થાપન કરી તેના પ્રાંગણમાં ગુર્જર સૈનિકો અને પ્રજાજનોને ધનુષ્યવિદ્યાના શૌર્યપૂર્ણ પાઠો ભણવા-ભણાવવાની પાઠશાળા ઊભી કરી હતી.

ઉદયન મંત્રીએ સોરઠ ઉપર ચઢાઈ કરી રા'ખેંગારનું રાજ્ય નષ્ટ કર્યું અને સિદ્ધરાજને ચક્રવર્તીનું પદ અપાવ્યું. મંત્રી વસ્તુપાળે ગુજરાતના સ્વરાજ્યને નષ્ટ થતું અટકાવવા માટે પોતાની જિંદગીમાં ત્રેસઠ ત્રેસઠ વાર, યુદ્ધભૂમિ ઉપર, ગુર્જરસેનાનું સંચાલન કર્યું હતું. તેના યુદ્ધકૌશલના પ્રતાપે દિલ્હીનાં ઇસ્લામી સૈન્યોને પણ ગુજરાતની સીમામાં શિકસ્ત ખાવી પડી હતી. ભીમદેવ બીજાની નાબાલિગ [સગીર] અવસ્થામાં એક સજ્જન કરીને જૈન સેનાનાયક હતો, જેને સવાર–સાંજ પ્રતિક્રમણ કરવાનો દૃઢ નિયમ હતો. યુદ્ધપ્રસંગ ઉપસ્થિત થતાં તે હાથીના હોદ્દા ઉપર બેઠો બેઠો જ ઘડીભર એકાગ્રચિત્ત થઈ પોતાના અહિંસાધર્મના આધ્યાત્મિક નિયમનું પાલન કરી લેતો અને બાકીના વખતમાં શત્રુસંહારની રણહાકો કરી પોતાના પ્રજાકીય રાષ્ટ્રીય ધર્મનું પાલન કરતો. તેના સેનાનાયકત્વ નીચે આબુની તળેટીમાં શાહબુદ્દીન જેવા મહાન સુલતાનને લડાઈમાં મોટી હાર ખમવી પડી હતી, જેનો સ્વીકાર મુસલમાન

તવારીખોમાં પણ કરવામાં આવ્યો છે.

ગુજરાતના ઇતિહાસમાં આવા આવા અનેક વૃત્તાંતો મળી આવે છે, જેમાં જૈનધર્મના સમર્થ ઉપાસક વણિકોએ ક્ષત્રિયોના જેટલાં જ રણશૌર્ય બતાવ્યાં છે, અને શત્રુઓના સંહાર દ્વારા પોતાના રાષ્ટ્રધર્મના પાલનની સંપૂર્ણ સાધના કરી દેખાડી છે. છેક મુગલોના જમાનામાંય દિલ્હી અને રાજપૂતાનાનાં રાજ્યોમાં અનેક શૂરવીર જૈન વણિકો થઈ ગયા છે, જેમણે મોટા સેનાધિપતિઓનાં ઊંચાં પદો ભોગવ્યાં છે, અને જેમના નાયકત્વ નીચે હજારો રાજપૂતો, મુગલો, અરબો ને પઠાણ યોદ્ધાઓએ યાદગાર જંગો ખેલ્યા છે. જયપુર, જોધપુર, ઉદયપુર આદિ રાજપૂતાનાનાં વીર રાજ્યોના ઇતિહાસોમાં આનાં ઘણાં પ્રમાણો મળી આવશે. એ પરથી અહિંસાધર્મના ઉપાસકોએ ક્ષાત્રધર્મને શિથિલ કરી દીધો છે, કે પ્રજાના પૌરુષને હતોત્સાહ બનાવી દીધું છે એ કથન સર્વથા અજ્ઞાનસૂચક અને ઇતિહાસવિરુદ્ધ છે.

### ધર્મપ્રીતિ અને રાષ્ટ્રભક્તિ

પૂર્વકાળના જૈનો જેટલા ધર્મપ્રિય હતા, તેટલા જ રાષ્ટ્રભક્ત હતા; અને જેટલા રાષ્ટ્રભક્ત હતા તેટલા જ પ્રજાવત્સલ પણ હતા. તેમની લક્ષ્મીનો લાભ ધર્મ, રાષ્ટ્ર અને પ્રજાગણ સૌને સરખો મળતો. તેઓ સાધર્મિકવાત્સલ્ય પણ કરતા અને પ્રજાસંઘ પણ જમાડતા. તેઓ જૈન મંદિરો પણ બંધાવતા અને સાર્વજનિક સ્થાનો પણ કરાવતા. તેઓ જૈન યતિઓને સત્કારતા અને બ્રાહ્મણવર્ગને પણ સન્માનતા. શત્રુંજય અને ગિરનારની યાત્રાઓ સાથે તેઓ સોમનાથની પણ યાત્રા કરતા અને દ્વારકા પણ જતા.

### આદર્શ જૈન વસ્તુપાળ-તેજપાળની સર્વધર્મસમદર્શિતા

વસ્તુપાળ-તેજપાળ ભાઈઓ આદર્શ જૈન હતા. જૈનધર્મનો પ્રભાવ વધારવા માટે જેટલો દ્રવ્યવ્યય તેમણે કર્યો છે તેટલો બીજા કોઈએ કર્યો હોય તેવું ઇતિહાસમાં નોંધાયું નથી. મધ્યયુગના ઇતિહાસ-

કાળમાં જે કોઈ સમર્થ જૈન શ્રાવકો થઈ ગયા છે તેમાં વસ્તુપાળ સૌથી મહાન હતો; જૈનધર્મનો તે સૌથી શ્રેષ્ઠ પ્રતિનિધિ હતો. એક સાધારણ જૈન યતિના અપમાનના બદલામાં તેણે ગુર્જરેશ્વર મહારાજ વીસલદેવના સગા મામાનો હસ્તછેદ કરાવી નાખ્યો હતો—તેનું સ્વધર્માભિમાન આટલું બધું ઉગ્ર હતું—છતાં જૈન ધર્મસ્થાનો ઉપરાંત તેણે લાખો રૂપિયા જૈનેતર ધર્મસ્થાનો માટે પણ ખર્ચ્યા હતા. સોમેશ્વર, ભૃગુક્ષેત્ર શુક્લતીર્થ, વૈદ્યનાથ, દ્વારિકા, કાશીવિશ્વનાથ, પ્રયાગ, ગોદાવરી આદિ અનેક હિંદુ તીર્થસ્થાનોની પૂજા-અર્ચા નિમિત્તે તેણે લાખોનાં દાન કર્યાં; સેંકડો બ્રહ્મશાળાઓ અને બ્રહ્મપુરીઓ બંધાવી આપી; પથિક જનોના આરામ માટે ઠેકઠેકાણે અગણિત કૂવા, વાવ બંધાવ્યાં; અનેક સરોવરો રચાવ્યાં, અનેક વિદ્યામઠો કરાવ્યા, સંખ્યાબંધ અરક્ષિત ગામોને ફરતા કોટ કરાવ્યા, સેંકડો શિવાલયો સમરાવ્યાં, સેંકડો વેદપાઠી બ્રાહ્મણોને વર્ષાસન બાંધી આપ્યાં; અને એ બધાંય કરતાં અતિવિશેષ અને અનુપમ કાર્ય તેણે એ કર્યું કે મુસલમાનો માટે પણ નમાજ પઢવા અનેક મસીદો બાંધી આપી છે.

હજારો રૂપિયા ખર્ચ કરી ગુજરાતની શિલ્પકળાના સુંદરતમ નમૂનારૂપે એક ઉત્કૃષ્ટ કોતરકામવાળું આરસપહાણનું તોરણ કરાવી તેણે છેક ઇસ્લામના પાક ધામ મક્કાશરીફની ભેટે મોકલાવ્યું હતું. પોતાના ધર્મમાં અત્યંત ચુસ્ત હોવા છતાં અન્ય ધર્મ પ્રત્યે આવી ઉદારતા બતાવનાર અને અન્ય ધર્મસ્થાનો માટે આવી રીતે અઢળક લક્ષ્મી વાપરનાર તેના જેવો બીજો કોઈ પુરુષ ભારતવર્ષના ઇતિહાસમાં મને તો જ્ઞાત નથી જ. જૈનધર્મે ગુજરાતને વસ્તુપાળ જેવી અસાધારણ, સર્વધર્મસમદર્શી અને મહાદાની મહામાત્યની અનુપમ બક્ષિસ આપી છે.

**સમરાશા તથા જગડુશા**

વસ્તુપાળ–તેજપાળ જેવા સર્વથા અદ્વિતીય ભાગ્યવાન તો નહિ પણ તેમના ગુણો સાથે અનેક રીતે સમાનતા ધરાવનાર તે પછી પાટણમાં સાહ સમરા અને સાલિગ ભાઈઓ થયા, જેમણે અલ્લાઉદ્દીન-

ના પ્રલયંકર આક્રમણકાળ વખતે ગુર્જર પ્રજાની અનેક રીતે અદ્ભુત સેવા કરી હતી. તેમણે પોતાની અસાધારણ રાજકીય લાગવગ દ્વારા ગુજરાતનાં સેંકડો જૈન અને હિંદુ દેવસ્થાનોનો મુસલમાનોના હાથે સર્વનાશ થતો અટકાવ્યો હતો અને નષ્ટભ્રષ્ટ થયેલાઓનો પુનરુદ્ધાર કર્યો-કરાવ્યો હતો. હજારો પ્રજાજનોને તેમણે મુસલમાનોના જીવલેણ જુલ્મો અને કેદખાનાંઓમાંથી મુક્તિ અપાવી હતી. પાટણનું સ્વરાજ્ય નષ્ટ થયું તે વખતે ગુર્જર પ્રજાને આપતકાળમાં આશ્વાસન પ્રાપ્ત કરવામાં જે કોઈ મહાજનો સહાયક થયા તે સૌમાં આ સાહ સમરો અને તેના ભાઈઓ અગ્રણી હતા. વસ્તુપાળ–તેજપાળની માફક એમનાં સત્કૃત્યોનો ઇતિહાસ પણ ઘણો સુવિસ્તૃત છે.

સંવત ૧૩૧૩, ૧૪ અને ૧૫માં ગુજરાત અને તેની આસપાસના પ્રદેશોમાં સર્વભક્ષી એવો મહાભયંકર દુષ્કાળ પડયો. તે વખતે ગરીબ પ્રજાજનોને તો શું, પણ વીસલદેવ જેવા મહારાજાઓ અને સિંધના મોટા અમીરોને પણ પોતાના આશ્રિતોને ખાવા ધાન આપવું દુર્લભ થઈ પડયું. તે વખતે કચ્છ–ભદ્રેશ્વરનો રહેવાસી સાહ જગડુ વાણિયો, જેણે પોતાના ગુરુ પાસેથી ભાવી ભયંકર દુષ્કાળની આગાહી જાણી લઈ હજારો–લાખો માણાં અનાજ આગળથી સંગ્રહી રાખ્યું હતું, તે અનાજ દુષ્કાળપીડિત પ્રજાને મુક્ત હાથે વહેંચી આપી ગુજરાતના લાખો મનુષ્યના તે વખતે તેણે પ્રાણ બચાવ્યા હતા.

### હીરવિજયસૂરિ

અકબરના રાજ્ય દરમ્યાન હીરવિજયસૂરિ અને તેમના શિષ્યોએ પોતાના ઉપદેશકૌશલ દ્વારા અકબરને રીઝવ્યો અને તેની પાસે ગુજરાતની આખીય પ્રજાનો લોકપીડક જજીયાવેરો માફ કરાવ્યો. અકબરના સૈન્યે સોરઠ જીત્યો ત્યારે ત્યાનાં હજારો પ્રજાજનોને તેણે બંદી બનાવ્યા, જેમને હીરવિજયસૂરિના શિષ્ય ભાનુચંદ્ર ઉપાધ્યાયે બાદશાહ પાસેથી મહામુસીબતે શાહી હુકમ મેળવી છોડાવ્યા હતા. બીજા પણ આવા કેટલાય જૈનોએ મુસલમાન બાદશાહો અને સુલતાનો પાસેથી ગાય–ભેંસ

જેવા દેશના બહુમૂલ્ય પશુધનની હત્યા ન થવા દેવાના પરવાનાઓ મેળવ્યા હતા અને તેમ કરી દેશની સજીવસંપત્તિની સમયે સમયે સુરક્ષા કરી હતી. આ અને આવા બીજા ઘણા દાખલાઓ છે, જેમાં જૈનોએ ધર્મ ઉપરાંત પોતાના દેશના હિત ખાતર પણ તેટલો જ પ્રયત્ન સેવ્યો છે અને દેશની યથાશક્ય ઉત્તમ સેવા કરી છે.

## જૈન વિદ્વાનોનું ઇતિહાસરક્ષણનું કાર્ય

ગુજરાતના ઉત્કર્ષકાલીન ઇતિહાસની સ્મૃતિનું રક્ષણ પણ સૌથી વધારે જૈનોએ જ કર્યું છે એ તો હવે સુવિશ્રુત હકીકત છે. મૂળરાજથી લઈ કુમારપાળ સુધીના ચૌલુક્ય મહારાજાઓના વંશનું સુકીર્તન આચાર્ય હેમચંદ્ર જેવાએ કાવ્યબદ્ધ કર્યું. એ વંશના રાજર્ષિ કુમારપાળનું ધર્મજીવન સોમપ્રભ, યશઃપાળ, પ્રભાચંદ્ર, મેરુતંગ, જયસિંહસૂરિ અને જિનમંડન આદિ ઘણા જૈન વિદ્વાનોએ ગ્રંથબદ્ધ કર્યું. પ્રભાચંદ્ર, મેરુતુંગ, રાજશેખર આદિ પ્રબંધકારોએ મૂળરાજ, ભીમદેવ, સિદ્ધરાજ, કુમારપાળ આદિ રાજાઓનાં યથાશ્રુત ઇતિવૃત્તોનાં કેટલાંક પ્રકરણો પુસ્તકબદ્ધ કર્યાં. વસ્તુપાલની કીર્તિકથા કથનારા ગ્રંથકારોએ વીરધવળ વાઘેલાના વંશને ઇતિહાસમાં અમર કર્યો. અને એ ઉપરાંત અનેક બીજા ગ્રંથકારો અને લેખકો, પોતપોતાના સમયના કેટલાક નૃપતિઓ અને અમાત્યો વગેરેના નાના-મોટા ઉલ્લેખો દ્વારા, તેમના અસ્તિત્વ અને સમય આદિની પ્રકીર્ણ પણ ઉપયોગી એવી માહિતી પાછળ મૂકતા ગયા છે, જે ઇતિહાસના અંકોડાઓ જોડવામાં ઘણી મદદગાર થઈ પડે તેવી છે. એક કાશ્મિરને છોડી, હિંદુસ્તાનના બીજા બધાય પ્રદેશો કરતાં ગુજરાતનો મધ્યકાલીન ઇતિહાસ વધારે વિસ્તૃત, વધારે વ્યવસ્થિત અને વધારે પ્રમાણભૂત મળે છે અને તેનો મુખ્ય યશ જૈન વિદ્વાનોને જ ઘટે છે.

## પ્રબંધકારોની દૃષ્ટિ

કેટલાક અતિઆલોચનાપ્રિય ઇતિહાસગવેષકો જૈનોની આ

ઇતિહાસસેવાને સ્વમતરંજિત અતએવ અતિશયોક્તિગ્રથિત માની–કથી એની વાસ્તવિકતાને અલ્પતાનું રૂપ આપવા યદાકદા પ્રયત્ન કરતા નજરે પડે છે. એ પ્રયત્નમાં મને ઇતિહાસનિષ્ઠા કરતાં કાંઈક સંપ્રદાય–અસહિષ્ણુતા વધારે ભાગ ભજવતી હોય તેમ લાગે છે અને તેથી મેરુતુંગે જે કહ્યું છે કે तद्द्वेषी नैव नन्दति તે કથનને વધારે પુષ્ટિ મળતી સાબિત થાય છે. અલબત્ત, એ બધી જૈન ઐતિહાસિક સાધન-સામગ્રીનો આપણે પ્રામાણિકરૂપે ઊહાપોહ અવશ્ય કરવો જોઈએ, ઇતિહાસવિવેચનની પરિભાષા પ્રમાણે તેની વિવેચના પણ થવી જોઈએ, અને સાધકબાધક પ્રમાણોની કસોટી દ્વારા તેના સાચાખોટાપણાની પરીક્ષા પણ કરવી જ જોઈએ; પરંતુ તે સાથે માત્ર તે જૈન લેખકોની લખેલી છે અને જૈનધર્મને લગતી છે તેથી તે ઉક્તિ અથવા વાર્તાને સદા અને સર્વત્ર શંકાચિહ્નની સાથે તો ન જ મૂકવી જોઈએ. પ્રબંધ-કારોનાં એ કથનો સર્વથા ઇતિહાસસિદ્ધ જ છે એમ તો કોઈ પણ ઇતિહાસકાર માની શકે તેમ નથી; તેમ જ ખુદ એ પ્રબંધકારોનું પણ તેવું કથન નથી. પરંતુ જ્યાં સુધી આપણી પાસે એનાથી વિરુદ્ધ કોઈ વિશેષ સબળ પુરાવો ન હોય ત્યાં સુધી એ કથનને આપણે એક સામાન્ય ઇતિહાસગર્ભિત કથન તરીકે સ્વીકારી લઈએ તો તેમાં અનૈતિહાસિકતાનો દોષ ગણાય તેમ નથી.

એ પ્રબંધકારોએ, જેમ જૈનધર્મને લગતી અનેક બાબતો લખી છે તેમ, ધર્મનિરપેક્ષ પણ અનેક હકીકતો નોંધી છે; અને તદુપરાંત જૈનેતર ધર્મની મહત્ત્વસૂચક પણ તેટલી જ કિંવદંતીઓ સમાનભાવે સંગ્રહી છે. તેથી તેમનો હેતુ માત્ર જૈનધર્મનો મહિમા ગાવાપૂરતો જ હતો એમ તો આપણે ન જ કહી શકીએ. ભલે એ હેતુ મુખ્ય રહ્યો હોય, છતાં ગુજરાતના ઇતિહાસની સર્વસાધારણ અને સાર્વજનિક ઘટનાઓને ગ્રંથબદ્ધ કરવાની પણ તેમની અભિરુચિ અવશ્ય રહી છે જ. નહિ તો મીલનદેવી સોમનાથની મહાયાત્રા કરવા ગઈ અને તે તીર્થના દરેક યાત્રી પાસે લેવાતો મુંડકાવેરો જોઈને તે બહુ ખિન્ન

થઈ, અને તેથી સિદ્ધરાજ પાસેથી તે વેરો બંધ કરાવી એ મહાતીર્થની યાત્રાનો લાભ સર્વ જન માટે સુલભ કરાવ્યો, ઇત્યાદિ પ્રકારની જે અનેક સર્વસામાન્ય હકીકતો મેરુતુંગે પોતાના પ્રબંધચિંતામણિ ગ્રંથમાં તથા રાજશેખરે પ્રબંધકોષમાં નોંધી છે, તેમનો જૈનધર્મ સાથે શો સંબંધ બતાવી શકાય તેમ છે? ખરી રીતે, એ પ્રબંધકારોને દેશની જૂની કથાવાર્તાઓ સંગૃહીત કરવાનો શોખ હતો અને તેથી તેમણે જે કાંઈ વાંચ્યું-સાંભળ્યું તેને પોતપોતાની પદ્ધતિ અને રુચિ પ્રમાણે લેખબદ્ધ કરી પુસ્તકારૂઢ કર્યું.

તે કાળના એ પ્રબંધકારોને આજની આપણી ઇતિહાસદૃષ્ટિ જ્ઞાત ન હતી અને ક્રમબદ્ધ ઇતિહાસ લખવાની પદ્ધતિ પરિચિત ન હતી. વ્યક્તિવિશેષના જીવનનો કયો બનાવ ઐતિહાસિક દૃષ્ટિએ વધુ મહત્ત્વનો છે અને કયો સામાન્ય છે તેની તુલના કરવાનો કે તે દૃષ્ટિએ તેનો નિર્દેશ કરવાનો તેમનો જરાય પ્રયત્ન ન હતો. તેમનો ઉદ્દેશ મોટે ભાગે ઉપદેશાત્મક અને કાંઈક અંશે મનોરંજનાત્મક હતો. તેઓ એ ઐતિહાસિક ઘટનાઓને પોતાના શ્રોતાઓ આગળ એ માટે વર્ણવતા કે જેથી તેઓ ઉપદેશકને જે વસ્તુ પ્રતિપાદન કરવાની હોય, તેની સપ્રમાણતા સ્વીકારી શકે અને તેમાંથી યોગ્ય ઉપદેશ ગ્રહણ કરી શકે. ઉપદેશના હેતુ સિવાયની બીજી કેટલીક ઘટનાઓ તેઓ માત્ર પ્રસંગોચિત સભારંજન કરવા માટે જ દૃષ્ટાંતરૂપે કહી બતાવતા અને આ દૃષ્ટાંત-કથનમાંથી કેટલીક વ્યક્તિઓનો કિંચિત્ વધુ પરિચય આપવા માટે તેના જીવન સાથે સંબંધ ધરાવતી કોઈક બીજી પણ નાની-મોટી ઐતિહાસિક બાબતનો તેઓ ઉલ્લેખ કરી જતા. આવી રીતે તેઓ જે ઐતિહાસિક બનાવો વર્ણવતા અથવા લેખબદ્ધ કરતા તે સર્વથા ઇતિહાસસંગત જ છે કે કાંઈ ન્યૂનાધિક રૂપે છે, જે ઘટનાનો સંબંધ જે વ્યક્તિ સાથે નિર્દિષ્ટ કરવામાં આવે છે તે યથાભૂત છે કે અન્યથા છે, તેની વિચારણામાં ઊતરવાનું તેમને કશું વિશિષ્ટ પ્રયોજન ઉપ-સ્થિત થતું ન હતું. અને તેથી यादृशं श्रुतं तादृशं लिखितं એ સૂત્રનું

જ સામાન્ય રૂપે તેમણે એ પ્રબંધાત્મક ગ્રંથોની રચના કરવામાં અનુસરણ કર્યું હતું. એ જૂના પ્રબંધગ્રંથોને આપણે આ જ દૃષ્ટિએ જોવા–સમજવા પ્રયત્ન કરવો જોઈએ, અને તે રીતે જ તેમનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. ગમે તે રૂપમાં પણ આપણા દેશની યત્કિંચિત્ પણ જૂની સ્મૃતિને એ પ્રબંધકારોએ જ જાળવી રાખી છે; નહિ તો બીજી રીતે આપણને આજે એ સર્વથા અપ્રાપ્ય જ થઈ હોત.

આ રીતે, ગુજરાતના જૈનધર્મે પોતાની આશ્રયભૂમિને શો ફાળો આપ્યો છે તેનું કેટલુંક રેખાચિત્ર દોરી બતાવવા મેં પ્રયત્ન કર્યો છે. ગુજરાતને એ જૈનધર્મનો પરિચય ક્યારે અને કેવી રીતે પ્રાપ્ત થયો તેનું પણ જરા ટૂંકું સિંહાવલોકન કરવું અહીં પ્રાપ્ત થાય છે.

### ગૂર્જરભૂમિની વિશેષતા : જૈનધર્મનું આકર્ષણ

વાસ્તવિક રીતે ગુજરાત એ જૈનધર્મની જન્મભૂમિ નથી તેમ જ જૈનધર્મનો કોઈ મુખ્ય પ્રવર્તક પુરુષ ગુજરાતની ભૂમિમાં અવતર્યો નથી; છતાં, જેમ આપણે પ્રથમ વિચારી ગયા તેમ, ગુજરાત એ જૈનધર્મનું સૌથી શ્રેષ્ઠ અને સૌથી પ્રિય આશ્રયસ્થાન બન્યું છે, ઇતિહાસયુગમાં જૈનધર્મે પોતાના પ્રભાવનો જે કાંઈ ઉત્કર્ષ સાધ્યો હોય તે ગુજરાતમાં જ સાધ્યો છે અને ગુજરાતમાં જ તે સૌથી વધુ ફાલ્યો –ફૂલ્યો છે. ગુજરાતની ભૂમિ એ એક રીતે જૈનધર્મની દૃષ્ટિએ દત્તક માતા જેવી છે છતાં તેના ખોળામાં જૈનધર્મે પોતાની જન્મદાત્રી ભૂમિ કરતાંય વધારે વાત્સલ્ય અને વધારે પ્રેમ પ્રાપ્ત કર્યાં છે. ગુજરાત અને જૈનધર્મના આવા પ્રકૃતિમેળમાં કયાં ઐતિહાસિક કારણોએ અને સામાજિક તત્ત્વોએ ભાગ ભજવ્યો છે તેનો ઇતિહાસ બહુ રસપ્રદ અને ક્રાંતિસૂચક છે, પણ એની વિશેષ વિવેચનામાં ઊતરવાનો અહીં અવકાશ નથી; એ માટે તો આપણે જરા વધારે વિગતમાં ઊતરવું પડે તેમ છે. જૈનધર્મની આચાર–વિચારાત્મક પ્રકૃતિના પરિચય સાથે, ગુજરાતના જે પ્રજાજનોએ જૈનધર્મનો સ્વીકાર કર્યો તેમના લાક્ષણિક જાતિપરિ-

ચયની તે માટે આપણે મીમાંસા કરવી જોઈએ. અને તે ઉપરાંત ગુજરાતનાં રાજકીય પરિવર્તનોની અને ભૌગોલિક પરિસ્થિતિઓની પણ વિસ્તૃત વિચારણા કરવી જોઈએ.

જેમ દરેક વ્યક્તિ કે જાતિની કોઈ ખાસ પ્રકૃતિ હોય છે, તેમ દરેક ધર્મની પણ ખાસ અમુક પ્રકારની પ્રકૃતિ હોય છે. બ્રાહ્મણ, બૌદ્ધ, શૈવ, વૈષ્ણવ, જૈન આદિ દરેક ધર્મની તેવી ખાસ ખાસ પ્રકૃતિઓ છે. જેમ અમુક પ્રકારની પ્રકૃતિવાળા મનુષ્યને અમુક પ્રદેશની આબોહવા વિશેષ અનુકૂળ કે પ્રતિકૂળ થઈ પડે છે, તેમ ધર્મ માટે પણ કેટલુંક પ્રાદેશિક વાતાવરણ અનુકૂળ–પ્રતિકૂળ થઈ જાય છે. જૈનધર્મની અહિંસાપ્રધાન પ્રકૃતિને ગુજરાત અને તેની આસપાસના પ્રદેશની સામાજિક, રાજકીય અને ભૌગોલિક બધી જાતની પરિસ્થિતિ વિશેષ અનુકૂળ થઈ પડી અને તેથી એ ધર્મ આ પ્રદેશમાં સારી પેઠે જામ્યો અને વિકાસ પામ્યો એટલું જ હું અહીં નિર્દેશરૂપે જણાવવા ઇચ્છું છું. ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિની વિશેષતાને લીધે આ ભૂમિમાં ઠેઠ પ્રાચીન કાળથી અનેક જાતિના જનસમૂહો અહીં આવીને વસતા ગયા છે, અને અનેક જાતની બીજી પ્રજાઓ સાથે આ ભૂમિમાં વસનારાઓને સતત સમાગમ રહ્યા કર્યો છે. આર્ય અને અનાર્ય, વૈદિક અને અવૈદિક, ગ્રીક અને રોમન, ઇજિપ્શિયન અને પર્શિયન, સિથિયન અને પાર્થિયન, હૂણ અને અરબ, ઇરાનીઅન અને મંગોલીઅન —આમ વિવિધ જાતના લોકો અને વિદેશવાસીઓ, ભિન્ન ભિન્ન સમયે, નાની-મોટી સંખ્યામાં, આ ભૂમિમાં આવીને વસ્યા છે અને તેઓમાંના ઘણાખરા ધીમે ધીમે પોતપોતાનું જાતિપાર્થક્ય છોડી દઈ એક મહાહિંદુજાતિના રૂપમાં મિશ્રિત થયા છે.

### જૈનધર્મનો ગુજરાતમાં પ્રચાર

ઇસ્લામના ઉદય પહેલાં, આ ભૂમિમાં આવી વસનારા એવા અનેક ભિન્નજાતીય જનોના અદ્ભૂત સંમિશ્રણવાળો ગુજરાતનો એ પ્રાચીન હિંદુસમાજ હતો. એ સમાજ ત્યારે કોઈ વિશિષ્ટ પ્રકારના

રૂઢ ધાર્મિક સંસ્કારોથી જકડાયેલો ન હતો તેમ જ જાતિ અને વર્ણની સંકીર્ણતાના વર્તુલમાં ઘેરાયેલો ન હતો. એવા સમયમાં જૈનધર્મે ગુજરાતની ભૂમિમાં પદાર્પણ કર્યું હતું. જૈનધર્મના નિષ્પરિગ્રહી, નિર્લોભી, નિર્ભય અને તપસ્વી ઉપદેશકોનાં દાન, શીલ, તપ અને ભાવનાં પોષક સતત પ્રવચનોએ ગુજરાતનાં એ હજારો પ્રજાજનોમાં જૈનધર્મ પ્રત્યે વિશિષ્ટ શ્રદ્ધા ઉત્પન્ન કરી. ધીમે ધીમે ક્ષત્રિય, વૈશ્ય અને કૃષિકારોનાં અનેક કુટુંબો જૈનધર્મનો સ્વીકાર કરતા ગયા અને જે જાતિ કે વર્ણમાં માંસાહાર અને મદ્યપાનનો પ્રચાર હતો તેનો તેઓ ત્યાગ કરી સમાનધર્મી કુટુંબોની જુદી ગોષ્ઠીઓના રૂપમાં સંગઠિત થતા ગયા. દરેક ગામના આવા સંગઠિત થયેલા જૈન ગોષ્ઠિકોએ પોતપોતાના સ્થાનમાં જૈન મંદિરો બંધાવવા માંડ્યાં અને તેમાં તેઓ પોતાની સર્વ ધર્મક્રિયાઓ કરવા લાગ્યા. લાટ, આનર્ત, સૌરાષ્ટ્ર અને માળવાના પ્રદેશોમાં જ્યારે ક્ષત્રપોની સત્તા પ્રવર્તતી હતી ત્યારે જૈન-ધર્મનો આ રીતે એ પ્રદેશોમાં ધીમો પણ સ્થાયી પ્રચાર શરૂ થયો હતો.

### ગુર્જર સંસ્કૃતિ અને સત્તાનું કેન્દ્ર ભિલ્લમાળ

એ પછી થોડા જ સમયમાં હૂણ અને ગુર્જર લોકોનો એક પરાક્રમશાલી જનસમૂહ પંજાબ તરફથી દક્ષિણ–પૂર્વ ભાગમાં આગળ ધસ્યો ને દિલ્લી–આગ્રા–અજમેરના પ્રદેશોમાં થતો તે અર્બુદાચલની પશ્ચિમે આવેલા મરુ પ્રદેશમાં આવીને થોભ્યો. સિંધ, કચ્છ અને મરુ ભૂમિના સીમાડા ઉપર આવેલા ભિલ્લમાળ નામના સ્થાનને તેમણે પોતાની રાજધાની બનાવી. તેની આસપાસનો બધો પ્રદેશ હૂણ અને ગુર્જર લોકોથી આબાદ બન્યો. ગુર્જરોની સંખ્યાબહુલતાના લીધે એ પ્રદેશની ગુર્જર દેશ તરીકે અભિનવ ખ્યાતિ થઈ અને એ રીતે આપણા ગુજરાતનો નૂતન જન્મ થયો. અણહિલપુરના ઉદય પહેલાં ગુર્જર સંસ્કૃતિ અને સત્તાનું કેન્દ્ર ભિલ્લમાલ હતું. ગુર્જરોના પરાક્રમ અને પુરુષાર્થના બળે એ સ્થાન શ્રી અને સમૃદ્ધિથી ઊભરાવા લાગ્યું અને

તેથી એનું બીજું નામ શ્રીમાળ તરીકે પણ પ્રસિદ્ધિમાં આવ્યું.

### ક્ષત્રિયો વગેરેનો જૈનધર્મસ્વીકાર

હૂણ અને ગૂર્જર લોકોને જૈનધર્મનો ઉપદેશ આપવા કેટલાક સમર્થ જૈનાચાર્યો એ ગુર્જર દેશમાં જઈ પહોંચ્યા. તેમના જ્ઞાન અને ચારિત્ર્યના પ્રભાવથી ઘણા ગુર્જરો આકર્ષાવા લાગ્યા, અને તેમના ઉપદેશ પ્રમાણે જૈનધર્મનો સ્વીકાર કરવા લાગ્યા. ભિલ્લમાળ ઉર્ફે શ્રીમાળમાં મોટાં મોટાં જૈન મંદિરો બંધાવા લાગ્યાં. અને પ્રતિવર્ષ સેંકડો કુટુંબો જૈન ગોષ્ઠિકો તરીકે જાહેર થવા લાગ્યાં. પરમારો, પ્રતિહારો, ચાહમાનો અને ચાવડાઓ જેવા ક્ષાત્રધર્મી ગુર્જરોમાંનાં પણ સેંકડો કુટુંબો જૈન બનવા લાગ્યાં. જૈનાચાર્યોએ તેમને એક નવીન જૈન જાતિના સમૂહરૂપમાં સંગઠિત કર્યાં અને શ્રીમાળ નગર એ નવા જૈન સમાજનું મુખ્ય ઉત્પત્તિસ્થાન હોવાથી એ જાતિનું શ્રીમાળવંશ એવું નવું નામાભિધાન સ્થાપિત કર્યું. એ શ્રીમાળવંશ પાછળથી વટવૃક્ષની માફક અસંખ્ય શાખા-પ્રશાખાઓ દ્વારા આખા દેશમાં વ્યાપ્ત થયો. એ વંશની એક મહાશાખા પોરવાડ વંશના નામે પ્રસિદ્ધિમાં આવી, જેમાં વિમળશાહ અને વસ્તુપાળ–તેજપાળ જેવાં પુરુષરત્નો પેદા થયાં. ગુજરાતના વણિકોનો ઘણો મોટો ભાગ એ જ શ્રીમાળ મહાવંશનાં સંતાનો છે.

### અણહિલપુરનો ઉદય

ભિલ્લમાળની રાજલક્ષ્મીના અસ્તંગમન પછી અણહિલપુરનો ભાગ્યોદય થયો અને ગુર્જરોના જ એક રાજવંશમાં જન્મેલા વનરાજ ચાવડાના છત્ર નીચે એ પ્રાચીન ગુર્જર દેશની ધન–જનાત્મક સમગ્ર સંપત્તિ અણહિલપુરના સીમાડાઓમાં આવીને ગોઠવાઈ. શ્રીમાળના નામની સ્મૃતિ માટે તેમણે સરસ્વતીના તીરે શ્રીસ્થલની પણ નવીન સ્થાપના કરી. થોડા જ દાયકાઓમાં એ શ્રીસ્થળ અને અણહિલપુરની આસપાસનો સમગ્ર પ્રદેશ, ભિલ્લમાળના જૂના પ્રદેશની જેમ, ગુર્જરદેશના નવીન નામે ભારતવિશ્રુત થયો. શીલગુણસૂરિ નામના એક જૈનાચાર્યનો

વરપ્રદ હસ્ત બાળપણમાં જ વનરાજના મસ્તકે મુકાયો અને તેમના મંગલકારક આશીર્વાદથી તેનો વંશ અને તેનું પાટનગર અભ્યુદયના ભાગી થયાં. અણહિલપુરની સ્થાપનાના દિવસથી જ જૈનાચાર્યો એ ભૂમિનાં સુખ, સૌભાગ્ય, સામર્થ્ય અને સમૃદ્ધિની મંગળકામના કરવા લાગ્યા હતા. તેમની એ કામના ઉત્તરોત્તર સફલ થઈ અને અણહિલપુરના સૌરાજ્ય સાથે ગુર્જર પ્રજાનો અને તે દ્વારા જૈનધર્મનો પણ ઉત્કર્ષ થયો.

ગુજરાતના જૈનધર્મ વિષે અને તેણે આપેલા સંસ્કારવિષયક ફાળા વિષે આ રીતે મેં મારા કેટલાક દિગ્દર્શનાત્મક વિચારો આપની આગળ પ્રગટ કર્યા છે આ વિચારો માત્ર દિગ્દર્શન કરવા પૂરતા જ છે. આ વિચારનું સપ્રમાણ અને સવિસ્તર વર્ણન કરવા માટે તો આવાં ઘણાં વ્યાખ્યાનો કરવાં પડે. વડોદરાના આ વિશાળ ન્યાયમંદિરમાં મને આજે આ રીતે જે જૈનધર્મ વિષે મારા વિચારો પ્રકટ કરવાનું માનપ્રદ અને આનંદદાયક આમંત્રણ આપવામાં આવ્યું છે, તે માટે હું શ્રીમંત સરકાર સર સયાજીરાવ મહારાજના સુયોગ્ય મંત્રીમંડળ પ્રતિ મારો હાર્દિક આભારભાવ પ્રકટ કરુ છું અને આપ બધા શ્રોતાજનોએ મારા આ વિચાર સાંભળવા માટે જે રસ અને ઉત્સાહ બતાવ્યો છે તે માટે હું આપનો પણ હૃદયથી આભાર માની, મારું આ વકતવ્ય પૂર્ણ કરું છું.

સને ૧૯૩૮ ના માર્ચમાસમાં વડોદરા રાજ્ય તરફથી યોજાયેલ ગુજરાતી ગ્રંથકાર સંમેલનમાં તા. ૧૭-૩-૧૯૩૮ ના રોજ આપેલ વ્યાખ્યાન : 'ગુજરાતી ગ્રંથકાર સંમેલન : ૧૯૩૮ વ્યાખ્યાનમાળા'માંથી ટૂંકાવીને ઉદ્ધૃત.

## [૪] સિદ્ધસેન દિવાકર અને સ્વામી સમંતભદ્ર

**જૈનધર્મના** પ્રમાણશાસ્ત્રના મૂળ પ્રતિષ્ઠાપક આચાર્ય સિદ્ધસેન દિવાકર અને આપ્તની મીમાંસા દ્વારા સ્યાદ્વાદ(અનેકાંતવાદ)નું સમર્થન કરનાર સ્વામી સમંતભદ્ર—એ બન્ને જૈનધર્મના મહાન પ્રભાવક અને સમર્થ સંરક્ષક મહાત્માઓ છે. આ બન્ને મહાપુરુષોની કૃતિઓને જોવાથી એમના સ્વભાવ અને પ્રભાવમાં એક પ્રકારની સવિશેષ સમાનતા પ્રતીત થાય છે. બન્નેએ પરમાત્મા મહાવીરના સૂક્ષ્મ સિદ્ધાંતોને ઉત્તમ રીતે સ્થિર કર્યા અને ભવિષ્યમાં પ્રતિપક્ષીઓ તરફથી થનારા આકરા તર્કપ્રહારોથી જૈન દર્શનને અજેય બનાવવા માટે અમોઘ શક્તિ ધરાવતા એવા પ્રમાણશાસ્ત્રનું સુદૃઢ સંકલન કર્યું.

### જૈન નૈયાયિકોના પુરોગામી

આ બન્ને મહાવાદીઓએ રચેલ જૈન તર્કશાસ્ત્રની મૂળ ભીંતો ઉપર મલ્લવાદી, અજિતયશા, હરિભદ્ર, અકલંક, વિદ્યાનંદ, માણિક્યનંદિ, પ્રભાચંદ્ર, અમૃતચંદ્ર, અનન્તવીર્ય, અભયદેવ, શાંતિસૂરિ, જિનેશ્વર, વાદી દેવસૂરિ, હેમચંદ્રસૂરિ, મલ્લિષેણ, ગુણરત્ન, ધર્મભૂષણ અને યશોવિજય આદિ સમર્થ જૈન નૈયાયિકોએ મોટા મોટા તર્કગ્રંથોરૂપી વિશાળ અને દુર્ગમ દુર્ગોની રચના કરીને જૈનધર્મના તાત્ત્વિક સામ્રાજ્યને અન્યવાદીરૂપી પરચક્રની સામે અજેય બનાવ્યું છે.

### બન્નેનો સંપ્રદાય અને સમય

આપણને હજી એ પૂરેપૂરું નિશ્ચિત રૂપે જ્ઞાત નથી થયું કે આ બન્ને મહાપુરુષો ક્યારે અને ક્યા સંપ્રદાયમાં થઈ ગયા; પરંતુ પૂર્વ-

પરંપરાથી જે માન્યતા ચાલી આવે છે એના આશય મુજબ આપણે એમ કહી શકીએ છીએ કે સિદ્ધસેન દિવાકર શ્વેતાંબર સંપ્રદાયમાં, વિક્રમ રાજાના સમયમાં, અને સ્વામી સમંતભદ્ર દિગંબર સંપ્રદાયમાં, વિક્રમની બીજી સદીમાં થઈ ગયા.*

## સિદ્ધસેન દિવાકર

### રાજા વિક્રમની સભાના એક રત્ન

દંતકથાના કહેવા મુજબ સિદ્ધસેન વિક્રમરાજાના—જેના નામથી ભારતવર્ષનો સુપ્રસિદ્ધ સંવત ચાલી રહ્યો છે તેના – ગુરુ હતા. ઇતિહાસકારોએ પણ આ કથનમાં કંઈક તથ્ય છે એ વાતનો સ્વીકાર કર્યો છે. જ્યોતિર્વિદાભરણના........એ શ્લોકમાં 'क्षपणक' નામે જે વ્યક્તિને વિક્રમરાજાની સભાનાં નવ રત્નોમાંની એક તરીકે ઓળખાવેલ છે, એ સિદ્ધસેન જ હોવા જોઈએ એવું અનુમાન કરવામાં આવ્યું છે. અહીં અત્યારે આ કથનની ઐતિહાસિક સત્યાસત્યતા ઉપર વિચાર નથી કરવાનો, તેથી આ બાબતમાં અમે અમારો કોઈ પણ મત દર્શાવવા નથી ચાહતા. અમારા આ લેખનો ઉદ્દેશ ફક્ત સિદ્ધસેન અને સમંતભદ્ર એ બેની પરસ્પર સરખામણી કરવી અને એમના સામર્થ્ય અંગે કંઈક વક્તવ્ય પ્રગટ કરવું એ જ છે.

### આગમ-પ્રધાન જમાનો

ઉપલબ્ધ જૈન સાહિત્યનું ઝીણવટથી અવલોકન કરતાં એમ જાણી શકાય છે કે સિદ્ધસેનની પહેલાં જૈન દર્શનમાં તર્કશાસ્ત્ર વિષયક કોઈ સ્વતંત્ર સિદ્ધાંત પ્રચલિત નહીં હતો. એમની પહેલાં પ્રમાણશાસ્ત્ર

* આ લેખ લખાયા પછી થયેલ સંશોધન મુજબ સિદ્ધસેનનો સમય વિક્રમની ચોથી–પાંચમી શતાબ્દીનો અને સમંતભદ્રનો સમય વિક્રમની છઠ્ઠી –સાતમી શતાબ્દીનો ગણાય છે. વિશેષ માટે જુઓ પં. શ્રી સુખલાલજી તથા પં. શ્રી બેચરદાસજીકૃત 'સન્મતિપ્રકરણ' ભાષાંતર-વિવરણના હિંદી અનુવાદની પ્રસ્તાવનાની સંપૂર્તિ. (પ્રકાશક, જ્ઞાનોદય ટ્રસ્ટ, અમદાવાદ)

સંબંધી વાતો ફક્ત આગમગ્રંથોમાં જ અસ્પષ્ટરૂપે સંકલિત હતી. અને એમના સમય સુધી એ વાતોનો કોઈ વિશેષ ઉપયોગ પણ ન હતો. સિદ્ધસેનસૂરિ પહેલાંનો જમાનો તર્ક-પ્રધાન નહીં પણ આગમ-પ્રધાન હતો. આપ્ત પુરુષનું કથન જ ત્યાં લગી શિરોધાર્ય લેખવામાં આવતું હતું. જૈનધર્મના સહચારી બ્રાહ્મણ અને બૌદ્ધધર્મની પણ આ જ સ્થિતિ હતી.

### બ્રાહ્મણોથી બચવા બૌદ્ધોની તર્કશાસ્ત્રની રચના

પરંતુ મહર્ષિ ગૌતમે 'ન્યાયસૂત્ર'નું સંકલન કર્યા બાદ ધીમે ધીમે તર્કનું જોર વધવા લાગ્યું અને જુદાં જુદાં દર્શનોને માન્ય વિચારોનું પ્રતિપાદન કરવા માટે સ્વતંત્ર સિદ્ધાંતોની રચના થવા લાગી. ........બૌદ્ધધર્મનો વધતો પ્રભાવ જોઈ ને કેટલાક મનસ્વી બ્રાહ્મણોએ બુદ્ધદેવનાં સરળ અને સીધાં—સાદાં વચનોને યુક્તિશૂન્ય અને માત્ર સામાન્ય જનસમૂહમાં જ પ્રિય એવાં પુરવાર કરવાનો પ્રયત્ન શરૂ કર્યો. મહર્ષિ ગૌતમ એ મનસ્વી બ્રાહ્મણોના જ નેતા હતા. જ્યારે બુદ્ધિશાળી ભિક્ષુઓ (બૌદ્ધ શ્રમણો) આ પ્રયત્નના ભેદને પામી ગયા ત્યારે એમણે પણ પોતાના આપ્ત પુરુષનું [ગૌતમબુદ્ધનું] નામ ધરાવતા ગૌતમ મુનિની તર્કજાળના ફંદામાં લોકો ન ફસાય એવો સાવચેતીનો રસ્તો શોધી કાઢ્યો.........આર્ય નાગાર્જુન નામના પ્રતિભાશાળી મહાશ્રમણે શૂન્ય-વાદની સ્થાપનાને માટે ગૂઢ વિચારોથી ગર્ભિત માધ્યમકકારિકાની રચના કરી..........આમ બ્રાહ્મણ અને બૌદ્ધ વિદ્વાનો વચ્ચે તર્કશાસ્ત્રને લગતું યુદ્ધ વધતું ગયું, અને ધીમે ધીમે [બૌદ્ધ] શ્રમણસમૂહ એ વિષયમાં વધુ ને વધુ ઉન્નતિ કરતો ગયો. એમાં આચાર્ય દિગ્નાગ વગેરે મોટા મોટા ન્યાયવેત્તા શ્રમણો ઉત્પન્ન થયા..........

### જૈન શ્રમણોનો પ્રયત્ન

બ્રાહ્મણો અને [બૌદ્ધ] શ્રમણો વચ્ચે ચાલેલ આ વાગ્યુદ્ધનો સાદ નિર્જન વનોમાં વિચરતા જૈન નિર્ગ્રંથોના કાન સુધી પહોંચી

ગયો.........દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવના જાણકાર ક્ષપણકો ( જૈન શ્રમણો કે નિર્ગ્રંથો ) પણ પોતાના 'શાસનના રક્ષણ'નો ઉપાય વિચારવા લાગ્યા. બૌદ્ધ શ્રમણો 'શૂન્યવાદ'ના સિદ્ધાંતને જે તર્કપદ્ધતિ દ્વારા પ્રબળ અને વ્યવસ્થિત બનાવીને બુદ્ધદેવના શાસનને સ્થિર બનાવી રહ્યા હતા, એ જ પદ્ધતિનો આશ્રય લઈને નિર્ગ્રંથ ક્ષપણકોએ પણ 'સ્યાદ્વાદ'-ના સિદ્ધાંતને સુસ્થિત બનાવીને મહાવીરે દેવના શાસનને અવિચલ બનાવવાનો નિશ્ચય કર્યો.........

## ઉમાસ્વાતીનું માર્ગદર્શન અને સિદ્ધસેનનું અગ્રકાર્ય

આ નિર્ગ્રંથોમાં સૌથી પહેલાં આચાર્ય ઉમાસ્વાતિ (ઉમાસ્વામી)-એ તત્ત્વાર્થાધિગમસૂત્રની રચના કરીને બધાંય જૈન તત્ત્વોનો એક સ્થાને સંગ્રહ કર્યો. પોતાના જીવનમાં આ કાર્યને પરિપૂર્ણ કરીને તેઓ ભવિષ્યના પ્રતિભાશાળી ક્ષપણકોને માટે એવું સૂચન કરતા ગયા કે આ સંગૃહીત જૈન તત્ત્વોના અર્થનો નિર્ણય પ્રમાણ અને નય દ્વારા કરવો જોઈએ ( प्रमाणनयैरधिगमः–તત્ત્વાર્થસૂત્ર ૧–૬ ). 'મોક્ષશાસ્ત્ર' [ તત્ત્વાર્થાધિગમસૂત્રનું દિગંબરોમાં પ્રચલિત નામ ]ના કર્તા મહર્ષિના આ અર્થપૂર્ણ સૂચનનું મહત્ત્વ સમજીને પછીના જે મહામતિ ક્ષપણકોએ આ દિશામાં પ્રયત્ન શરૂ કર્યો અને પ્રમાણ અને નયની વ્યવસ્થા કરવા સારુ નવીન શાસ્ત્રો રચવાની શરૂઆત કરી, એ બધામાં સિદ્ધસેન દિવાકર મુખ્ય અગ્રણી હતા. એમણે સૌથી પહેલાં 'ન્યાયાવતાર' નામક તર્કપ્રકરણની રચના કરીને 'જૈન પ્રમાણ'નો પાયો નાખ્યો અને 'સંમતિપ્રકરણ' નામે તર્કના મહાગ્રંથની રચના કરીને 'નયવાદ'નું મૂળ દૃઢ કર્યું.

## તર્કપ્રધાન પ્રકૃતિ

સિદ્ધસેન દિવાકરની કૃતિઓ જોતાં એમ લાગે છે કે તેઓ ભારે સ્પષ્ટવક્તા અને સ્વતંત્ર વિચારોના ઉપાસક હતા. પ્રકૃતિથી તેઓ ખૂબ તેજસ્વી હતા અને પ્રતિભાએ 'શ્રુતકેવલી' હતા. એમની રચનાઓમાં

સ્વતંત્ર વિચારોની જે ઝલક દેખાય છે તે બીજા કોઈની પણ કૃતિઓમાં નથી દેખાતી. એમના ગ્રંથોનું સાક્ષાત્ અવલોકન કરવાથી તથા પછીના ગ્રંથકારોએ એમના સંબંધી જે ઉલ્લેખો કર્યા છે એને વાંચવાથી સમજી શકાય છે કે જૈનધર્મના કેટલાક પરંપરાગત વિચારોથી સિદ્ધસેનના વિચારો જુદા પડતા હતા. પૂર્વકાલીન અને સમકાલીન બીજા વિદ્વાનોના વિચારોમાં અને સિદ્ધસેનના વિચારોમાં અરસપરસમાં ઘણોખરો નોંધપાત્ર મતભેદ હતો. દિવાકરજી સાક્ષાત્ જૈનસૂત્રોના–જૈનઆગમોના–કથનને પણ પોતાની તર્કબુદ્ધિની કસોટીએ કસીને એને અનુરૂપ એનો અર્થ કરતા રહેતા હતા; કેવળ પૂર્વપરંપરાથી ચાલ્યો આવે છે અથવા પૂર્વાચાર્યોએ સ્વીકારેલ છે, એટલા માત્રથી તેઓ કોઈ સિદ્ધાંતને માથે ચડાવી લેતા ન હતા. તેઓ યુક્તિસંગત વાતનો જ સ્વીકાર કરતા—ભલે પછી એ પૂર્વાચાર્યોને સંમત હોય કે ન હોય !... ... ...

### પારાંચિત પ્રાયશ્ચિત્ત

સિદ્ધસેનસૂરિ અંગે એક દંતકથા એવી પણ પ્રચલિત છે કે એમણે એક વખત જૈન શ્રમણસંઘ સમક્ષ એવો વિચાર રજૂ કર્યો કે જૈન આગમગ્રંથો પ્રાકૃતભાષામાં બનેલા હોવાથી વિદ્વાનોને એમના પ્રત્યે વિશેષ આદર નથી થતો—એમને ગામડિયા ભાષાના ગ્રંથો સમજીને પંડિતવર્ગ એમનું અવલોકન નથી કરતો—તેથી, જો શ્રમણસંઘ અનુમતિ આપે તો, મારો વિચાર એમનું સંસ્કૃતમાં રૂપાંતર કરવાનો છે. દિવાકરજીના આ વિચારોને સાંભળીને શ્રમણસંઘ એકદમ ચોંકી ઊઠ્યો અને 'मिच्छा मि दुक्कडं'નું ઉચ્ચારણ કરીને એમને કહેવા લાગ્યો કે 'મહારાજ ! આવા ન કરવા યોગ્ય વિચારને તમારા હૃદયમાં સ્થાન આપીને તમે તીર્થંકર, ગણધર અને જિનપ્રવચનની ભારે આશાતના (અવજ્ઞા) કરી છે. આવો કલુષિત વિચાર કરવાને લીધે અને શ્રમણસંઘ સમક્ષ એ રજૂ કરવાને કારણે, જૈન શાસ્ત્ર મુજબ, તમે 'સંઘબાહ્ય'

થવાની ભારે સજાને પાત્ર થયા છો.' દિવાકરજી સંઘના આ વક્તવ્યને સાંભળીને ચકિત થઈ ગયા અને પોતાના આવા સરળ વિચારથી પણ સંઘને આટલી બધી અપ્રીતિ થઈ, તેથી એમને ખૂબ ખેદ થયો. એમણે તરત જ સંઘની માફી માગી અને આ માટે જે પ્રાયશ્ચિત્ત આપવા જેવું હોય એ આપવા વિનંતી કરી. કહેવાય છે કે સંઘે એમને, શાસ્ત્ર મુજબ, બાર વર્ષ સુધી 'સંઘ બહાર' રહેવાનું 'પારાંચિત' નામે પ્રાયશ્ચિત્ત આપ્યું, જેનો દિવાકરજીએ આદરપૂર્વક સ્વીકાર કરીને સંઘની આજ્ઞાનું પાલન કર્યું. પ્રાયશ્ચિત્તની અવધિ પૂરી થતાં સંઘે એમને ફરી સંઘમાં લઈને એમનો પહેલાંની જેમ સત્કાર કર્યો.

આ દંતકથામાં તથ્યાંશ કેટલો છે, એની વિચારણા અમે અહીં કરવા નથી માગતા; ફક્ત એટલું જ કહી દેવા માગીએ છીએ કે આ રૂપકમાં કંઈક ને કંઈક પણ ઐતિહાસિક સત્ય સમાયેલું છે.........

## વિદ્વાનોની અંજલિ

તત્કાલીન શ્રમણસંઘમાં અથવા તે પછી પણ કેટલાક વખત સુધી આગમોના અભ્યાસી સિદ્ધાંતોના જાણકારોમાં સિદ્ધસેનસૂરિ પ્રત્યે ભલે ઓછો આદરભાવ જાગતો રહ્યો હોય, પણ પરવાદીઓના પ્રચંડ આક્રમણની સામે જૈન શાસનનું રક્ષણ કરવા માટે પ્રમાણ અને નયવાદના પ્રબલ યુક્તિપૂર્ણ સિદ્ધાંતોની સ્થાપનારૂપે જે દુર્ગમ દુર્ગના પાયાને તેઓ મજબૂત કરતા ગયા, એટલા માટે એમના અનુગામી પશ્ચાતવર્તી બધાય સમર્થ જૈન વિદ્વાનોએ એમનું સ્મરણ ખૂબ ગૌરવપૂર્વક કર્યું છે.

મહાતાર્કિક આચાર્ય મલ્લવાદીએ સમ્મતિપ્રકરણ ઉપર ટીકા લખીને એમના પ્રત્યે પોતાની ઉત્તમ ભક્તિ દર્શાવી. જૈનધર્મના અનન્યસાધારણ અને અપ્રતિમ તત્ત્વજ્ઞ આચાર્ય હરિભદ્રે તો એમને સાક્ષાત્ 'શ્રુતકેવલી' કહીને એમનું અનુપમ બહુમાન કર્યું છે. તે પછી મહાત્મા સિદ્ધર્ષિએ ન્યાયાવતાર ઉપર વ્યાખ્યા લખીને, તર્કપંચાનન અભયસૂરિએ સન્મતિપ્રકરણ ઉપર પચીસ હજાર શ્લોકપ્રમાણ વિસ્તૃત અને પ્રૌઢ ટીકા રચીને, શાંત્યાચાર્ય

અને જિનેશ્વરસૂરિએ ન્યાયાવતારનાં સટીક વાર્તિક રચીને જૈન તર્કશાસ્ત્રની બાબતમાં સિદ્ધસેનસૂરિના સૂત્રધારપણાનું ગૌરવપૂર્વક સમર્થન કર્યું છે. પ્રચંડ તાર્કિક વાદી દેવસૂરિએ એમને પોતાના માર્ગદર્શક કહ્યા છે. અને સર્વતંત્રસ્વતંત્ર આચાર્ય હેમચંદ્રે એમની કૃતિઓની સામે પોતાની વિદ્વાનોને પ્રસન્ન કરતી કૃતિઓને પણ 'અશિક્ષિતની કાવ્યકળા' [ अशिक्षितालापकला ] વાળી કહી છે.

જે રીતે શ્વેતાંબર સંપ્રદાયના પ્રસિદ્ધ આચાર્યોએ સિદ્ધસેન દિવાકરની પ્રશંસા કરી છે, એ રીતે દિગંબર સંપ્રદાયના સૂરિવરોએ પણ એમને અંગે પ્રશંસાત્મક ઉદ્‌ગારો પ્રગટ કરીને એમનું યોગ્ય ગૌરવ કર્યું છે. હરિવંશપુરાણના કર્તા જિનસેનસૂરિએ......... આદિ-પુરાણના કર્તા મહાકવિ જિનસેનાચાર્ય ( બીજા )એ........ એમના પ્રત્યે આદર દર્શાવ્યો છે.........ભટ્ટ અકલંકદેવના ગ્રંથોમાં પણ સિદ્ધસેનસૂરિનાં વચનો પ્રમાણરૂપે ઉદ્ધૃત કરેલાં જોવા મળે છે. આ ઉપરથી એમની પ્રામાણિકતાનો પૂરો પરિચય મળી રહે છે; તેમ જ જૈનધર્મના બન્ને સંપ્રદાયોમાં એમની પ્રતિષ્ઠા એકસરખી સ્વીકારવામાં આવી છે એ પણ જાણી શકાય છે.

* * *

## સિદ્ધસેન અને સમંતભદ્ર વચ્ચે સમાનપણું

શ્વેતાંબર સાહિત્યમાં જે સ્થાન સિદ્ધસેન દિવાકરને મળેલું છે એવું જ સ્થાન દિગંબર સાહિત્યમાં સ્વામી સમન્તભદ્રનું છે. શ્વેતાંબર સંપ્રદાયના તર્કશાસ્ત્રને લગતા સાહિત્ય ઉપર જેટલો પ્રભાવ સિદ્ધસેનસૂરિની કૃતિઓનો પડ્યો છે, એટલો જ પ્રભાવ દિગંબર સંપ્રદાયના એ વિષયના સાહિત્ય ઉપર સ્વામી સમંતભદ્રના ગ્રંથોનો પડ્યો છે. જેમ શ્વેતાંબર સાહિત્યમાં સિદ્ધસેનની પહેલાંના તર્કવિષયક કોઈ સ્વતંત્ર ગ્રંથ મળતા નથી, તે જ રીતે દિગંબર સાહિત્યમાં સમંતભદ્ર પહેલાંનો એવો કોઈ

ગ્રંથ નથી. શ્વેતાંબર સંપ્રદાયમાં સંસ્કૃતભાષામાં પદ્યાત્મક પ્રૌઢ ગ્રંથોના પહેલા પ્રણેતા સિદ્ધસેન છે, તે જ પ્રમાણે દિગંબર સંપ્રદાયમાં સમંતભદ્ર છે. આ બન્ને વિદ્વાનોની પહેલાં બન્ને સંપ્રદાયોમાં સંસ્કૃતભાષાનો વિશેષ આદર અને અભ્યાસ નહીં હતો; ત્યાં સુધી જૈન શ્રમણોમાં પ્રાકૃત ભાષાનું જ પ્રભુત્વ હતું. શ્રમણોના અભ્યાસના વિષયો પણ ઝાઝા ન હતા. જેવી રીતે અત્યારે શ્વેતાંબર સંપ્રદાયની સ્થાનકવાસી શાખાના સાધુઓમાં મોટે ભાગે જોવામાં આવે છે કે તેઓ ફક્ત મૂળ સૂત્રોના પાઠોને કંઠસ્થ કરીને દિવસભર બેઠા બેઠા એ પાઠોને જ વાંચતા —ગોખતા રહે છે અને એ સિવાય ન તો સૂત્રોના અર્થનો વિચાર કરવામાં આવે છે કે ન તો કોઈ વ્યાકરણ, કાવ્ય, કોષ વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે, તેમ પ્રાચીન જમાનાના મોટા ભાગના શ્રમણોની સ્થિતિ પણ કદાચ એવી જ હશે !.........

**બન્ને સંસ્કૃતના લેખક અને પ્રચારક**

સમંતભદ્ર સ્વામીએ પ્રાકૃત ભાષામાં કોઈ ગ્રંથની રચના કરી છે કે નહીં, એની કશી ભાળ નથી મળી શકતી. પરંતુ એમના નામે અત્યારે જેટલા ગ્રંથો પ્રસિદ્ધ અને પ્રચલિત છે—અને એમને એમની પોતાની કૃતિ માનવામાં સંદેહ થાય એવું કોઈ કારણ પણ નથી—એના વિષયનો વિચાર કરતાં માલૂમ પડે છે કે એમણે પ્રાકૃતમાં કોઈ રચના નહીં કરી હોય. 'રત્નકરંડક શ્રાવકાચાર' નો વિષય પ્રાકૃતમાં ગૂંથવા જેવો હતો. .........પરંતુ, અમારા મત પ્રમાણે, સ્વામી કુંદકુંદની પછી દિગંબરાચાર્યોને પ્રાકૃતભાષા ઉપરથી અનુરાગ પ્રાયઃ ઊઠી ગયો હતો; અને એનું મુખ્ય કારણ સ્વામી સમંતભદ્રનો સંસ્કૃત તરફનો પ્રેમ અને એમની બધી કૃતિઓ એ ભાષામાં જ રચાઈ એ છે. સમંતભદ્રની દેખાદેખી પછીના લગભગ બધાય દિગંબર વિદ્વાનો વિશેષે કરીને સંસ્કૃત ભાષામાં જ ગ્રંથરચના કરતા રહ્યા. અસ્તુ. આ લખવા પાછળનો અમારો આશય એ જ છે કે સિદ્ધસેન અને સમંતભદ્ર એ બન્ને જૈન સમાજમાં સંસ્કૃત ભાષાના વિશિષ્ટ લેખક અને પ્રચારક હતા.........

**બ્રાહ્મણમાંથી શ્રમણ**

બૌદ્ધોની સાથે વાદ-વિવાદમાં પડેલા બ્રાહ્મણોની દૃષ્ટિ ધીમે ધીમે બૌદ્ધોના જ જેવા ઘણાખરા આચાર-વિચાર ધરાવતા અને તેથી જ બ્રાહ્મણ ધર્મના વર્ચસ્વનો વિનિપાત કરવાવાળા નિર્ગ્રંથોની શાંત છતાં સ્થિરપણે વધતી જતી શક્તિ અને લોકપ્રિયતા ઉપર પણ પડી ..... તેથી તેઓએ અનાત્મવાદી બુદ્ધના અનુરાગીઓની સાથે સાથે પરમ આત્મવાદી નિર્ગ્રંથ અનુયાયીઓને પણ 'નાસ્તિક' 'નાસ્તિક' કહીને પરમ આપ્ત ભગવાન મહાવીરના મોક્ષમાર્ગનો તિરસ્કાર કરવો શરૂ કર્યો. અને એ રીતે મુમુક્ષ આત્માઓના કલ્યાણના માર્ગમાં કાંટા વેરીને એમને માર્ગભ્રષ્ટ કરવાના પ્રયત્નનો આરંભ કર્યો. સમાધિશીલ નિર્ગ્રંથોને પોતાના મૌનધર્મનો આવો વિપર્યાસ અને દુરુપયોગ થતો જોઈને, જગતના કલ્યાણ માટે તેમ જ પરમપુરુષ મહાવીરના મોક્ષમાર્ગનું સત્યત્વ સ્થાપિત કરવા માટે, મૌનધર્મનો ત્યાગ કરવો પડચો. અને પછી તો તેઓ પણ, બૌદ્ધ ભિક્ષુઓની જેમ, જનસહવાસમાં આવીને, વાદ–વિવાદના સમરાંગણમાં ઊતરીને પોતાના વિરોધીઓનો સામનો કરવા લાગ્યા. આવા જ એક વિવાદ-ક્ષેત્રમાં, વૃદ્ધવાદી નામના નિર્ગ્રંથ આચાર્યની સાથે વાદ કરવામાં, ચૌદ વિદ્યામાં પારંગત, બ્રાહ્મણકુલભૂષણ સિદ્ધસેન પરાજિત થયા હતા. 'જે મને શાસ્ત્રાર્થમાં હરાવશે તેનો હું શિષ્ય બનીશ' એવી ગર્વિષ્ઠ એમની પ્રતિજ્ઞા હતી, અને પોતે વિદ્યોન્મત્ત હતા, છતાં કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરવાનું દૃઢ મનોબળ હોવાને કારણે તેઓ સત્યપ્રતિજ્ઞ પણ હતા. એટલે સિદ્ધસેનને પોતા ઉપર વિજય મેળવનાર આચાર્ય પાસે નિર્ગ્રંથ–દીક્ષાનો સ્વીકાર કરીને 'બ્રાહ્મણવર'માંથી 'શ્રમણવર' બનવું પડચું હતું.

**બત્રીશ બત્રીશીઓ**

નિર્ગ્રંથ બન્યા પછી સિદ્ધસેને પોતાના સર્વજ્ઞ જેવા શાસ્ત્રજ્ઞાનનો જૈન તત્ત્વોને ન્યાયસંગત બનાવવામાં અને સ્યાદ્વાદના સિદ્ધાંતોને નય અને

પ્રમાણ દ્વારા સુવ્યવસ્થિત કરવામાં પૂરેપૂરો ઉપયોગ કર્યો. બ્રાહ્મણ-વર્ગ પોતાના વિરોધીઓ ઉપર 'નાસ્તિકપણા'નો હલકો આરોપ મૂકીને સામાન્ય જનસમૂહમાં ખોટી ભ્રાંતિ ફેલાવવાનો જે પ્રયાસ કરતો હતો એનો પ્રતિવાદ અને એનું નિરાકરણ કરવા સારુ તેમ જ ખરી રીતે આપ્ત પુરુષ કોણ છે, અને કોનો સિદ્ધાંત સ્વીકારવા યોગ્ય છે, એ વાત સમજાવવા માટે સિદ્ધસેને ખૂબ ગંભીર અને ઉચ્ચ વિચારોવાળાં અનેક પ્રકરણોની જુદી જુદી દૃષ્ટિએ રચના કરી. દ્વાત્રિંશદ્—દ્વાત્રિંશિકાઓ [ બત્રીશ બત્રીશીઓ ] નામના આ પ્રકરણોમાં એમણે સ્વ-પક્ષનું મંડન અને પર-પક્ષનું ખંડન એટલી ઉત્તમતા, એટલી માર્મિકતા અને એટલી ગંભીરતાથી કર્યું કે જેને વાંચીને સહૃદય વિદ્વાનોને કાવ્યનો, તર્કશાસ્ત્રનો અને સત્યના સાક્ષાત્કારનો એકીસાથે આનંદ મળી શકે છે.

### બન્ને વચ્ચે વિશેષ સમાનતા

સિદ્ધસેનસૂરિ પછી થોડા જ વખતે દિગંબર સંપ્રદાયમાં, એમના જેવા પ્રતિભાવાન અને પ્રતાપી આચાર્ય સમંતભદ્ર થયા...... આ બન્નેની લેખનશૈલી, વિચારશૈલી અને ભાષાશૈલી ઘણીખરી મળતી આવે છે. એમાં અગર કંઈ ફેર છે તો તે એટલો જ કે સિદ્ધસેનની કૃતિઓમાં ગૂઢાર્થતા વધારે છે તો સમન્તભદ્રની કૃતિઓમાં સ્પષ્ટાર્થતા.

આ બન્ને આચાર્યોનાં જીવનને લગતી જે દંતકથાઓ પછીના જૈન ગ્રંથોમાં જોવામાં આવે છે, એમાં લગભગ એક જ વાત, થોડાક ફેરફાર સાથે, કહેલી છે. સિદ્ધસેન માટે લખ્યું છે કે એમણે અવંતી (ઉજ્જૈન)ના રાજા વિક્રમાદિત્યના આગ્રહથી ત્યાંના જગપ્રસિદ્ધ મહાકાલેશ્વરની સ્તુતિ કરવાની શરૂઆત કરી; અને એના પ્રભાવને મહાકાલેશ્વરનું મહાલિંગ સહન ન કરી શક્યું, તેથી એના ટુકડેટુકડા થઈ ગયા. આથી રાજા ખૂબ આશ્ચર્યચકિત થયો અને સિદ્ધસેનના ચરણોમાં મસ્તક નમાવીને એણે એમને પોતાના ગુરુ બનાવ્યા. સમંતભદ્રની કથામાં પણ આવી જ વાત મળે છે. એમણે જ્યારે વારાણસી

(કાશી)ના રાજા શિવકોટિના આગ્રહથી ત્યાંના વિખ્યાત વિશ્વેશ્વર મહાદેવની સ્તુતિ કરવા માંડી ત્યારે એના પ્રભાવથી વિશ્વેશ્વરનું મહાલિંગ ફાટી ગયું અને એમાંથી ચૌમુખ જિનમૂર્તિ પ્રગટ થઈ. સમંતભદ્રના આ પ્રભાવથી મુગ્ધ થઈને રાજા એમનો શિષ્ય થઈ ગયો

આ દંતકથાઓમાં કેટલું તથ્ય છે એ કહેવું મુશ્કેલ છે. એના રૂપ-રંગ ઉપરથી તો વિદ્વાનોને એમ જ લાગે કે ફક્ત આ આચાર્યોનો મહિમા વધારવાને માટે જ આવી મનમાની કથાઓ ઉપજાવી કાઢવામાં આવી છે, અને સિદ્ધસેનની કથામાં જ કંઈક ફેરફાર કરીને એ સમંતભદ્રને લાગુ કરી દેવામાં આવી હોય. પરંતુ, સંભવ છે કે, આમાં કંઈક ઐતિહાસિક સત્યનો અંશ પણ હોય. જેવી રીતે ન્યાયાચાર્ય યશોવિજયજીએ કાશીની વિદ્વત્સભામાં વિજય મેળવ્યો હતો, એ જ રીતે સિદ્ધસેને અવંતીની અને સમંતભદ્રે કાશીની વિદ્વત્સભામાં વિજય મેળવ્યો હોય, અને એના સ્મરણ નિમિત્તે તે તે સ્થાનોમાં જૈન મંદિરોની પ્રતિષ્ઠા કરાવીને જૈનધર્મનો ખૂબ જય જયકાર કરાવ્યો હોય. આવી ઘટનાઓ સમયે સમયે અનેક સ્થાનોમાં બનતી રહી છે; તેથી સિદ્ધસેન અને સમંતભદ્રના સમયમાં પણ આવી ઘટના બની હોય અને એને લીધે જ આ દંતકથા—અર્ધસત્યમિશ્રિત બનીને—પ્રચલિત થઈ ગઈ હોય તો એમાં કંઈ અસંભવપણું નથી.

સિદ્ધસેન અને સમંતભદ્ર બન્ને મહાકવિ અને મહાવાદી હતા. એમનું મહાકવિત્વ તો એમની ચિરંજીવ કૃતિઓમાં સ્પષ્ટરૂપે દેખાઈ આવે છે; અને એમના મહાવાદીપણાનો ખ્યાલ એમના ગ્રંથોમાં રહેલા પાંડિત્ય ઉપરથી સહેજે આવી શકે છે.

**બન્નેના કાર્યની વિશેષતા**

સમંતભદ્ર સ્વામીની કૃતિઓને જોવાથી માલૂમ પડે છે કે સિદ્ધસેનસૂરિ પોતાની કૃતિઓમાં જે વાતનું સંક્ષેપમાં સૂચન કરે છે, સમંતભદ્ર એનું વ્યવસ્થિત રૂપે વિસ્તારથી વર્ણન કરે છે. સિદ્ધસેન

પોતાના ગ્રંથમાં પ્રમાણુ અને નયનાં લક્ષણો ફક્ત સ્થિર કરતા ગયા હતા; સમંતભદ્રે પોતાના ગ્રંથમાં સિદ્ધસેનને અનુસરીને મીમાંસા કરીને એમને સફળ, સંગત અને સ્થિર કરી દીધા હતા. સિદ્ધસેને આપ્ત પુરુષની બાબતમાં સંક્ષિપ્ત અને પ્રકીર્ણ વિચારો પ્રદર્શિત કર્યા હતા; સમંતભદ્રે એ જ વિચારોને વિસ્તૃત અને ક્રમબદ્ધ રૂપમાં ગૂંથી લઈને આપ્તની પરિપૂર્ણ મીમાંસા કરી હતી. આ રીતે સિદ્ધસેને જૈનધર્મના તત્ત્વજ્ઞાનને અંકુરિત કરવામાં જળસિંચનનું કામ કર્યું, તો સમંતભદ્રે એ અંકુર પોતાની ઇચ્છા પ્રમાણે નિર્ભય રીતે મોટો થઈ શકે એ માટે એની આસપાસ કાંટાની વાડ ઊભી કરવાનું કામ કર્યું. આ બન્ને મહાપુરુષોના સત્પ્રયત્ન અને પ્રશંસનીય જીવનને લીધે જૈન દર્શન સજીવન રહી શક્યું; અને એમણે જ ચીંધેલા માર્ગનું અનુસરણ કરી તે પછીના સમર્થ આચાર્યોએ એને ખૂબ પલ્લવિત કર્યું......

## બન્ને આચાર્યો બન્ને સંપ્રદાયમાં માન્ય

આ ગ્રંથની [--સમંતભદ્રની સૌથી વધુ આદર પામેલી ૧૧૪ શ્લોક જેટલી નાની કૃતિ 'આપ્તમીમાંસા;' એના ઉપર મહાન તાર્કિક ભટ્ટ અકલંક દેવની 'અષ્ટશતી'–આઠસો શ્લોક જેટલું–ભાષ્ય; એના ઉપર આચાર્ય વિદ્યાનંદિકૃત 'અષ્ટસહસ્રી'–આઠ હજાર શ્લોક પ્રમાણ–વ્યાખ્યા; એ 'અષ્ટસરસ્રી' ગ્રંથની] મહત્તાનો ખ્યાલ એટલા ઉપરથી પણ આવી શકે એમ છે કે શ્વેતાંબર સંપ્રદાયના મહાન નૈયાયિક અને સમર્થ ગ્રંથકાર ઉપાધ્યાય યશોવિજયજી જેવા વિદ્વાને, આ ગ્રંથના ગાંભીર્યથી મુગ્ધ થઈને, એના ઉપર મૂળ ગ્રંથ જેવડી જ (એટલે કે આઠ હજાર શ્લોકપ્રમાણ) અને એવી જ પ્રૌઢ ટિપ્પણી લખી છે. અને એ રીતે 'અષ્ટસહસ્રી'ને 'ષોડશસહસ્રી' બનાવીને એનું મહત્ત્વ બમણું વધારી દીધું છે......

હરિભદ્ર વગેરે શ્વેતાંબરોના મુખ્ય આચાર્યોએ જેમ સિદ્ધસેન દિવાકરનો 'વાદિમુખ્ય' અને 'સ્તુતિકાર' વિશેષણોથી ઉલ્લેખ કર્યો

છે. તેમ સમંતભદ્ર સ્વામીને પણ એ વિશેષણોથી અલંકૃત કર્યા છે. તેથી એવું અનુમાન થઈ શકે છે કે શ્વેતાંબરોને મન સિદ્ધસેન અને સમંતભદ્ર બન્ને સમાન રીતે પૂજ્ય અને સત્કારને યોગ્ય છે. બીજી બાજુ, સિદ્ધસેનસૂરિને જેમ શ્વેતાંબરોએ પોતાના શ્રદ્ધાભાજન અને પ્રમાણભૂત પુરુષ માન્યા છે, તેમ દિગંબરાચાર્યોએ પણ એમને પોતાના સ્તુતિપાત્ર અને શિરસાવંદ્ય માન્યા છે. તેથી દિગંબરોની દૃષ્ટિમાં પણ સિદ્ધસેન અને સમંતભદ્ર બન્ને સમાન ગુણોથી અલંકૃત છે. તેથી એ સ્વતઃ સિદ્ધ થઈ ગયું કે સમગ્ર જૈન સમાજ અને જૈન સાહિત્યમાં આ બન્ને મહાપુરુષોનું જ્ઞાનપ્રભાથી શોભતું, સત્ત્વપરિપૂર્ણ અને નિર્ગ્રંથ-સમુદાયને વંદ્ય એવું સિંહાસન સમાનરૂપમાં અને સમાન સ્થાનમાં બિરાજમાન છે.

(વિ. સં. ૧૯૭૬)

જૈન સાહિત્ય સંશોધક, ભાગ ૧, અંક ૧; પૃ. ૬ થી ૨૦ સુધીમાં છપાયેલ હિંદી લેખ ઉપરથી સંક્ષેપ પૂર્વક અનુવાદિત.

# [ ૫ ] જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ

'જીતકલ્પસૂત્ર'ના કર્તા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે, એમ ચૂર્ણિકારનો સ્પષ્ટ ઉલ્લેખ છે; અને અન્યાન્ય ટીકાકારોએ તથા અન્ય ગ્રંથકારોએ પણ એ બાબતનો ઘણા ઠેકાણે નિર્દેશ કરેલો છે.

આવશ્યક સૂત્રના સામાયિક અધ્યયન ઉપરનું, લગભગ પાંચ હજાર ગ્રંથપ્રમાણ, પ્રાકૃતગાથાબદ્ધ ભાષ્ય, કે જે વિશેષાવશ્યક ભાષ્યના નામે સુપ્રસિદ્ધ છે, તેના કર્તા પણ આ જ જિનભદ્ર ગણી છે. આ ભાષ્યગ્રંથ જૈન પ્રવચનમાં એક મુકુટમણિ સમાન લેખાય છે અને તેથી ભાષ્યકાર જિનભદ્ર ગણી જૈન શાસ્ત્રકારોમાં અગ્રણી મનાય છે. જૈન દર્શન પ્રતિપાદિત જ્ઞાનવિષયક વિચારને કેવળ શ્રદ્ધાગમ્ય વિષયની કોટિમાંથી બુદ્ધિગમ્ય વિષયની કોટિમાં ઉતારવાનો સુસંગત પ્રયત્ન, સૌથી પ્રથમ, એમણે જ એ મહાભાષ્યમાં કર્યો હોય, એમ જૈન સાહિત્યના વિકાસક્રમનું સિંહાવલોકન કરતાં જણાઈ આવે છે.

જૈન આગમોના સંપ્રદાયગત રહસ્ય અને અર્થના, પોતાના સમયમાં, અદ્વિતીય જ્ઞાતા તરીકે એ આચાર્ય સર્વસંમત ગણાતા હતા; અને તેથી એમને 'યુગપ્રધાન' એવું મહત્ત્વખ્યાપક ઉપપદ મળેલું હતું. 'જીતકલ્પચૂર્ણિ'ના કર્તાએ, પ્રારંભમાં, ૫ થી ૧૦ મા સુધીનાં પદ્યમાં આ આચાર્યની જે ગંભીરાર્થ સ્તુતિ કરેલી છે, તે ઉપરથી એમની જ્ઞાનગંભીરતા અને સાંપ્રદાયિક પ્રતિષ્ઠિતતાનું કાંઈક સૂચન થાય છે. આ પદ્યોનો ભાવાર્થ આ પ્રમાણે છે:—

"૫. અનુયોગ એટલે આગમોના અર્થજ્ઞાનના ધારક,

યુગપ્રધાન, પ્રધાન જ્ઞાનીઓને બહુમત, સર્વશ્રુતિ અને શાસ્ત્રોમાં કુશળ, અને દર્શન–જ્ઞાન ઉપયોગના માર્ગસ્થ એટલે માર્ગરક્ષક;

"૬. કમળના સુવાસને અધીન થયેલા ભ્રમરો જેમ કમળની ઉપાસના કરે છે, તેમ જ્ઞાનરૂપ મકરંદના પિપાસુ મુનિઓ જેમના મુખરૂપ નિર્ઝરમાંથી નીકળેલા જ્ઞાનરૂપ અમૃતનું સદા સેવન કરે છે;

"૭. સ્વ–સમય અને પર–સમયના આગમ, લિપિ, ગણિત, છંદ અને શબ્દશાસ્ત્રો ઉપર કરેલાં વ્યાખ્યાનોથી નિર્મિત થયેલો જેમનો અનુપમ યશઃપટહ દશે દિશાઓમાં ભમી રહેલો છે;

"૮. જેમણે પોતાની અનુપમ મતિના પ્રભાવે જ્ઞાન, જ્ઞાની, હેતુ, પ્રમાણ અને ગણધરપૃચ્છાનું સવિશેષ વિવેચન વિશેષાવશ્યકમાં ગ્રંથનિબદ્ધ કર્યું છે;

"૯. જેમણે છેદ સૂત્રોના અર્થને આધારે, પુરુષવિશેષના પૃથક્કરણ પ્રમાણે, પ્રાયશ્ચિત્તના વિધિનું વિધાન કરનાર 'જીતકલ્પ-સૂત્ર'ની રચના કરી છે;

"૧૦. એવા, પર–સમયના સિદ્ધાંતોમાં નિપુણ, સંયમ-શીલ શ્રમણોના માર્ગના અનુગામી, અને ક્ષમાશ્રમણોમાં નિધાન-ભૂત જિનભદ્રગણિ ક્ષમાશ્રમણને નમસ્કાર."

આમાંના પાંચમા પદ્યના તાત્પર્યાર્થ ઉપરથી જણાય છે કે, જિન-ભદ્ર ગણી આગમોના અદ્વિતીય વ્યાખ્યાતા હતા; યુગપ્રધાન પદના ધારક હતા; તત્કાલીન પ્રધાન પ્રધાન શ્રુતધરો પણ એમને બહુ માનતા હતા; શ્રુતિ અને અન્ય શાસ્ત્રોના પણ એ કુશલ વિદ્વાન હતા; અને જૈન સિદ્ધાંતોમાં જે જ્ઞાન-દર્શનરૂપ ઉપયોગનો વિચાર કરવામાં આવ્યો છે તેના એ સમર્થક હતા. છઠ્ઠા પદ્યના તાત્પર્યથી એ જણાય છે કે એમની સેવામાં ઘણા મુનિઓ જ્ઞાનાભ્યાસ કરવા માટે સદા ઉપસ્થિત રહેતા. સાતમા પદ્યમાં જુદાં જુદાં દર્શનોનાં શાસ્ત્રો તથા લિપિવિદ્યા, ગણિત-

શાસ્ત્ર, છંદશાસ્ત્ર અને શબ્દ(વ્યાકરણ)શાસ્ત્ર આદિમાં એમનું અનુપમ પાંડિત્ય સૂચિત કર્યું છે. આઠમા પદ્યમાં વિશેષાવશ્યક ભાષ્ય, અને નવમામાં જીતકલ્પસૂત્ર વિષયક એમનું કર્તૃત્વ પ્રકટ કર્યું છે. ૧૦મા પદ્યમાં એમની પર–સમયના આગમ વિષેની નિપુણતા, સ્વ–આચાર પાલનની પ્રવણતા અને સર્વ જૈન શ્રમણોમાં રહેલી મુખ્યતાનું સૂચન કર્યું છે.

આટલા સંક્ષિપ્ત પરિચય સિવાય અન્યત્ર ક્યાંય પણ એ મહાન આચાર્યનો કશો પણ વિશેષ ઉલ્લેખ દૃષ્ટિગોચર થતો નથી.

હરિભદ્રસૂરિ, શીલાંકાચાર્ય, જિનેશ્વરસૂરિ, અભયદેવસૂરિ, હેમચંદ્રસૂરિ, વાદી દેવસૂરિ, મલયગિરિ અને દેવેંદ્રસૂરિ વગેરે પાછળના પ્રસિદ્ધ ગ્રંથકારો અને ટીકાકારોએ એમનો નામનિર્દેશ પોતાની કૃતિમાં અનેકશઃ કરેલો છે. ભાષ્યસુધાંભોધિ, ભાષ્યપીયૂષપાથોધિ, ભગવાન્ ભાષ્યકાર, દુષ્ષમાન્ધકારનિમગ્નજિનપ્રવચનપ્રદીપપ્રતિમ, દલિતકુવાદિપ્રવાદ, પ્રશસ્યભાષ્યસસ્યકાશ્યપીકલ્પ, ત્રિભુવનજનપ્રથિતપ્રવચનોપનિષદ્વેદી, સન્દેહસન્દોહશૈલશૃંગભંગદંભોલિ ઇત્યાદિ પ્રકારનાં વિશિષ્ટ વિશેષણોપૂર્વક એમનું નામસ્મરણ કરવામાં આવ્યું છે; અને એ રીતે એમની આપ્તતાનો ગૌરવપૂર્વક સ્વીકાર કરવામાં આવ્યો છે.

### બે પ્રકારના વિદ્વાનો : આગમપ્રધાન અને તર્કપ્રધાન

દરેક સંપ્રદાયના વિદ્વાનોમાં બે પ્રકાર નજરે પડે છે : એક તો આગમપ્રધાન; અને બીજો તર્કપ્રધાન. આગમપ્રધાન પંડિતો હમેશાં પોતાના પરંપરાગત આગમોને–સિદ્ધાંતોને શબ્દશઃ પુષ્ટ રીતે પકડી રહેવાના સ્વભાવવાળા હોય છે; ત્યારે તર્કપ્રધાન વિદ્વાનો આગમગત પદાર્થવ્યવસ્થાને તર્કસંગત અને રહસ્યાનુકૂળ માનવાની વૃત્તિવાળા હોય છે. આથી કેટલીક વખતે આગમપ્રધાન અને તર્કપ્રધાન વિચારકોની સંપ્રદાયગત તત્ત્વવિવેચનની પદ્ધતિમાં વિચારભેદ પડે છે. એ વિચારભેદ જો ઉગ્ર પ્રકારનો હોય છે, તો તે કાળક્રમે સંપ્રદાય ભેદના

અવતારમાં અવસાન પામે છે; અને સૌમ્ય પ્રકારનો હોય છે તો તે માત્ર મતભેદના રૂપમાં જ વિરમી જાય છે. જૈન સંપ્રદાયના ઇતિહાસનું અવલોકન કરતાં તેમાં આવા અનેક વિચારભેદો, મતભેદો અને સંપ્રદાયભેદો અને તેનાં મૂળભૂત ઉક્ત પ્રકારનાં કારણો બુદ્ધિ આગળ સ્પષ્ટ તરી આવે છે.

## જિનભદ્ર ગણી : આગમપ્રધાન આચાર્ય

એ વિચારના એક ઉદાહરણભૂત જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પણ છે; અને તેથી જૈન પ્રવચનના ઇતિહાસમાં એમને ઘણી પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ છે. જિનભદ્ર ગણી આગમપ્રધાન આચાર્ય છે. જૈન આગમ–આમ્નાય, જે પરંપરાથી ચાલ્યો આવતો હતો, તેને શબ્દશઃ અનુસરી તે ઉપર સુસંગત ભાષ્ય રચવાનું પ્રધાનકાર્ય એમણે કર્યું હતું. એ ભાષ્યમાં આમ્નાયથી વિરુદ્ધ જનારા દરેક પક્ષ ઉપર એમણે યથેષ્ટ આક્ષેપ–પ્રતિક્ષેપ કર્યો છે અને સ્વસંપ્રદાયનું સમર્થન કર્યું છે. એ પોતાના સમર્થનમાં તર્કનો ઉપયોગ કરે છે, પણ તે તર્ક આમ્નાય અનુકૂળ હોય તો જ તેને મહત્ત્વ આપે છે; આમ્નાયથી આગળ જનાર તર્કને એ ઉપેક્ષણીય ગણે છે. ઉદાહરણ તરીકે એક પ્રસંગ લઈએ:–

## તર્કપ્રધાન આચાર્ય સિદ્ધસેન દિવાકર : સર્વમાન્ય આપ્ત પુરુષ

સિદ્ધસેન દિવાકર જિનભદ્રના પુરોગામી આચાર્ય છે. જૈન વાઙ્મયમાં અને ઇતિહાસમાં તેમનું સ્થાન ઘણું ઊંચું છે. જૈનધર્મના જે મહાન સમર્થક અને પ્રભાવક આચાર્યો થઈ ગયા છે, તેમાં સિદ્ધસેનસૂરિ ઘણા આગળ પડતા છે. સમ્મતિતર્ક, ન્યાયાવતાર, મહાવીરસ્તુતિ વગેરે મૌલિક, સિદ્ધાંતપ્રતિપાદક અને પ્રૌઢવિચારપૂર્ણ એમના ગ્રંથો છે. જૈન તર્કશાસ્ત્રના એ વ્યવસ્થાપક અને વિવેચક છે. તેથી એ તર્કપ્રધાન આચાર્ય મનાય છે. જૈન દર્શનના એ એક અનન્ય આધારભૂત આપ્ત પુરુષ છે. એમના પાછળના સર્વ સમર્થ આચાર્યોએ એમને આપ્તરૂપે સ્વીકાર્યા છે.

**સિદ્ધસેનના મતનો જિનભદ્ર દ્વારા પ્રતિકાર**

એ આચાર્યે પોતાના સમ્મતિતર્ક નામના તાત્ત્વિક ગ્રંથમાં કેવળજ્ઞાન અને કેવળદર્શનના સ્વરૂપનો વિચાર કરતાં, એ સિદ્ધાંત પ્રતિપાદન કર્યો છે કે કેવળજ્ઞાનીને જ્ઞાન અને દર્શન બન્ને યુગપત્ જ હોઈ શકે છે; અને તેથી યથાર્થમાં બન્ને એક સ્વરૂપ જ છે. આગમોમાં જે "जुगवं दो णत्थि उवओगा" એ વિચાર પ્રતિપાદેલો છે, તેનાથી સિદ્ધસેનનો સિદ્ધાંત જરાક વિરુદ્ધ દેખાય છે. એટલે આગમવાદી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે પોતાના ભાષ્યમાં સિદ્ધસેનના વિચારનો વિગતવાર પ્રતિક્ષેપ કર્યો છે અને તાત્પર્યમાં જણાવ્યું છે કે તર્કથી ગમે તે વિચાર સિદ્ધ થતો હોય, પણ આગમથી બહાર જતા તર્કનો સ્વીકાર ન કરી શકાય. આગમમાં ક્યાંય પણ યુગપદ્ ઉપયોગનું સૂચન નથી અને તેથી એ વિચાર અગ્રાહ્ય છે. આ વિષયનો ઉપસંહાર કરતાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ જણાવે છે કે—

> "જો જિનને—કેવલીને યુગપદ્ બન્ને ઉપયોગ હોત તો તે કોઈને અનભિમત ન થાત. પણ તે છે જ નહીં; કારણ કે સૂત્રમાં તેનો ઘણી જ જગ્યાએ નિષેધ કરવામાં આવેલો છે. તેમ જ ક્રમોપયોગમાં—એક પછી એક થનાર જ્ઞાનમાં—અમારી કાંઈ અભિનિવેશ બુદ્ધિ નથી. પણ તથાપિ કહીએ છીએ કે જિનના મતને અર્થાત્ આગમની પરંપરાને અન્યથા ન જ કરી શકાય." *

આમ જિનભદ્ર ગણી આગમપરંપરાના મહાન સંરક્ષક હતા અને તેથી તેઓ આગમવાદી કે સિદ્ધાંતવાદીના બિરુદથી જૈન વાઙ્મયમાં ઓળખાય છે.

**જિનભદ્ર ગણીના ગ્રંથો**

જિનભદ્ર ગણીના બનાવેલા ગ્રંથોની ચોક્કસ માહિતી કાંઈ મળતી નથી; સામાન્ય રીતે નીચે જણાવેલ પાંચ ગ્રંથો તેમની કૃતિ તરીકે પ્રસિદ્ધ છેઃ—

---

* વિશેષાવશ્યક ભાષ્ય, પૃ૦ ૧૨૧૩.

(૧) વિશેષાવશ્યક ભાષ્ય મૂળ અને ટીકા...(૨) બૃહત્સંગ્રહણી ...(૩) બૃહત્ક્ષેત્રસમાસ...(૪) વિશેષણવતી...(૫) જીતકલ્પસૂત્ર.

જિનભદ્ર ગણીની ભાષ્યકાર તરીકેની બહુ ખ્યાતિ છે. તેમાં મુખ્યતયા તો વિશેષાવશ્યક ભાષ્યને લઈ ને જ એ પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ હોય તેમ જણાય છે; કારણ કે જ્યાં જ્યાં ભાષ્યકારના નામે એમનો ઉલ્લેખ આવે છે, ત્યાં ત્યાં ઘણાભાગે, વિશેષાવશ્યકનાં અવતરણો ટાંકવામાં આવ્યાં હોય છે. પણ, એ ભાષ્ય સિવાય બીજાં પણ કોઈ ભાષ્યો એમણે રચ્યાં હોય તો તે સંભવિત છે. એનું કાંઈક અસ્પષ્ટ સૂચન કોટયાચાર્યની વિશેષાવશ્યક ભાષ્ય ટીકામાંના એક ઉલ્લેખથી થાય છે......મારી પાસે કેટલાંક પ્રકીર્ણ પાનાંઓનો એક સંગ્રહ છે, તેમાં ભાષ્યો અને ચૂર્ણિઓમાંની કેટલીક નોંધો કોઈ વિદ્વાને કરેલી છે. એ સંગ્રહ આશરે ૩૦૦ કરતાં વધારે વર્ષનો જૂનો લખેલો છે. એમાં એક ઠેકાણે નિશીથભાષ્યની ૩ ગાથા લખેલી છે, અને તે પછી " इति जिनभद्रक्षमाश्रमणकृतनिशीथभाष्यस्याष्टमोद्देशके " આવી સ્પષ્ટ નોંધ છે. અભ્યાસીઓએ આ બાબતમાં વિશેષ શોધ કરવાની આવશ્યકતા છે.

## જિનભદ્ર ગણીનો સમય

જિનભદ્ર ગણીના ગણ–ગચ્છાદિનો કે ગુરુ–શિષ્યાદિનો કોઈ ઉલ્લેખ જોવામાં આવતો નથી. સોળમા સૈકા પછી લખાયેલી પટ્ટાવલિઓમાં તેમના સમયનો નિર્દેશ થયેલો જોવામાં આવે છે; અને તે પ્રમાણે મહાવીર નિર્વાણ પછી સં. ૧૧૧૫માં તેમનો સ્વર્ગવાસ થયો માનવામાં આવે છે. વીર નિર્વાણ ૧૧૧૫ તે વિક્રમ સંવત ૬૪૫ બરાબર થાય છે. પટ્ટાવલીઓમાં ઉલ્લેખેલો આ સમય કેટલો અસંદિગ્ધ છે તે જાણવાનાં વિશેષ પ્રમાણો અદ્યાપિ દૃષ્ટિગોચર થયાં નથી. તપાગચ્છ, અંચલગચ્છ, ઉપકેશગચ્છ, લઘુપોશાલિક, બૃહત્પોશાલિક આદિ ગચ્છોની જે આધુનિક પટ્ટાવલિઓ ઉપલબ્ધ છે તેમની મુખ્ય પરંપરામાં તો જિનભદ્રનો કોઈ નિર્દેશ નથી. પણ ખરતર ગચ્છીય પટ્ટાવલિઓમાં

કોક ઠેકાણે મૂળ પટ્ટપરંપરામાં જિનભદ્રને દાખલ કરી દીધેલા જોવામાં આવે છે ખરા. પણ તેમાં પરસ્પર ઘણો જ વિરોધ નજરે પડે છે. ઉદાહરણ તરીકે, મારી પાસે જે કેટલાંક આવાં પટ્ટાવલિનાં પાનાંઓ છે તેમાંથી એકમાં જિનભદ્રને મહાવીરથી ૩૫મી પાટે લખ્યા છે; બીજા પાનામાં ૩૮મી પાટે લખ્યા છે; ત્યારે વળી ત્રીજા પાનામાં ૨૭મી પાટે લખ્યા છે.........આમ પટ્ટાવલિઓની વિગતો બહુ જ અસંબદ્ધ હોવાથી તેમાંના કોઈ પણ કથનને, અન્યાન્ય પુરાવાઓના આધારે નિર્ણીત કર્યા સિવાય, સત્ય માની શકાય તેમ નથી એ સ્પષ્ટ જ છે......... પણ ખાસ કાંઈ વિરોધી પ્રમાણ નજરે ન પડે ત્યાં સુધી પટ્ટાવલિઓમાં જે વીર સંવત ૧૧૧૫–વિક્રમ સંવત ૬૪૫–ની સાલ એમના માટે લખેલી છે, તેનો સ્વીકાર કરીએ તો તેમાં કશી હરકત નથી

| | |
|---|---|
| અમદાવાદ | જીતકલ્પસૂત્રની સંપાદકીય પ્રસ્તાવના, |
| આશ્વિન માસ, સંવત ૧૯૮૨ | પૃ. ૬ થી ૧૬માંથી સંક્ષેપ કરીને ઉદ્ધૃત |

**નોંધ**–આ પ્રસ્તાવના લખ્યા પછી વિ. સં. ૨૦૦૧ ની સાલમાં 'ભારતીય વિદ્યા'નો સ્વ. બાબૂ શ્રી બહાદુરસિંહજી સિંઘીની યાદમાં જે ખાસ 'સ્મૃતિગ્રંથ' ભારતીય વિદ્યા ભવન તરફથી પ્રગટ થયો હતો, એમાં મુનિજીનો 'ભાષ્યકાર જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો સુનિશ્ચિત સમય' એ નામે એક લેખ છપાયો છે. એમાં તેમણે જેસલમેરના પ્રસિદ્ધ ગ્રંથભંડારમાંથી મળી આવેલી વિશેષાવશ્યક ભાષ્યની એક પ્રાચીનતમ તાડપત્રીય પ્રતિની પુષ્પિકાના છેલ્લા બે શ્લોકોને આધારે, જણાવ્યું છે કે "પણ હવે મને એમના સમય વિષેની એક સુનિશ્ચિત મિતિ મળી આવી છે અને તે અનુસાર એમનો સ્વર્ગવાસ વિ. સ. ૬૪૫ માં નહીં પણ ૬૬૬ પછી ક્યારેક થયેલો હોવો જોઈએ.' આ બે શ્લોકોના નિર્દેશ પ્રમાણે શક સંવત ૫૩૧ ના ચૈત્ર સુદિ ૧૫ ને બુધવારે, સ્વાતિ નક્ષત્રમાં વલભીનગરીમાં આ ગ્રંથની રચના થયેલી છે.

—સંપાદક

# [ ૬ ] હરિભદ્રસૂરિ અને એમનો સમય

**જૈનધર્મના** શ્વેતાંબર સંપ્રદાયમાં હરિભદ્ર નામના એક બહુ પ્રસિદ્ધ અને મહાવિદ્વાન આચાર્ય થઈ ગયા. એમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ધર્મ અને દાર્શનિક વિષયોને લગતા અનેક ઉત્તમોત્તમ અને ગંભીર તત્ત્વનું પ્રતિપાદન કરતા ગ્રંથો રચ્યા છે. એ ગ્રંથોમાં સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, અદ્વૈત, ચાર્વાક, બૌદ્ધ, જૈન વગેરે બધાંય દર્શનો અને મતોની એમણે અનેક રીતે આલોચના–પ્રત્યાલોચના કરી છે.

## સમભાવી વિદ્વાનોમાં સૌથી મોખરે

આ પ્રમાણે જુદા જુદા મતોના સિદ્ધાંતોની વિવેચના કરતી વખતે પોતાના વિરોધી મતવાળા વિચારકોનો નામનિર્દેશ પણ ગૌરવપૂર્વક કરવાવાળા અને સમભાવપૂર્વક મૃદુ અને મધુર શબ્દોમાં એમના વિચારોની મીમાંસા કરવાવાળા જે કોઈ વિદ્વાનો ભારતીય સાહિત્યના ઇતિહાસમાં ઉલ્લેખ કરવા યોગ્ય થઈ ગયા, તેઓમાં હરિભદ્રનું નામ સૌથી મોખરે નોંધવા જેવું છે........

## પૂર્વોત્તર ઇતિહાસની વચ્ચેના સીમાસ્તંભ

હરિભદ્રસૂરિનો પ્રાદુર્ભાવ જૈન ઇતિહાસમાં ભારે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જૈનધર્મના—મુખ્યત્વે શ્વેતાંબર સંપ્રદાયના—ઉત્તરકાલીન (આધુનિક) સ્વરૂપને સંગઠિત કરવામાં એમના જીવનકાર્યે ઘણો મોટો ફાળો આપ્યો છે. ઉત્તરકાલીન જૈન સાહિત્યના ઇતિહાસમાં તેઓ પ્રથમ લેખક ગણાવાને યોગ્ય છે; અને જૈન સમાજના ઇતિહાસમાં નવીન

સંગઠનના એક મુખ્ય વ્યવસ્થાપક કહેવાવાને યોગ્ય છે. આ રીતે તેઓ જૈનધર્મના પૂર્વકાલીન અને ઉત્તરકાલીન ઇતિહાસની વચ્ચેના સીમાસ્તંભ રૂપ છે.........

### અપરિમિત ગ્રંથોના કર્તા

હરિભદ્રસૂરિએ પોતાના જીવન દરમ્યાન જૈન સાહિત્યની જેટલી પુષ્ટિ કરી એટલી બીજા કોઈએ નથી કરી. એમણે રચેલા ગ્રંથોની સંખ્યા ઘણી મોટી છે. પ્રાચીન પરંપરાના કહેવા મુજબ તેઓને ૧૪૦૦, ૧૪૪૦ કે ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા જણાવવામાં આવે છે. આ સંખ્યા આપણા જેવા આજકાલના માનવીઓને ઘણી વધારે અને તેથી અતિશયોક્તિવાળી લાગે છે; પણ સાથેસાથે એ વાત પણ અવશ્ય ધ્યાનમાં લેવા જેવી છે કે આ સંખ્યાનું સૂચન કરતા આઠસો–નવસો વર્ષથી પણ વધારે પ્રાચીન એવા ઉલ્લેખો મળે છે. આ સંખ્યાનો અર્થ ભલે ગમે તે હોય, પણ એટલી વાત તો સાવ સાચી છે કે અત્યારે જૈન સાહિત્યમાં જેટલા ગ્રંથો હરિભદ્રને નામે પ્રચલિત અને પ્રસિદ્ધ છે, એટલા બીજા કોઈના નામે નથી. અને આ એક જ હકીકત એમના અપરિમિત ગ્રંથોના કર્તૃત્વની પુષ્ટિમાં સ્પષ્ટ પ્રમાણરૂપ છે.[૧]

### પોતાની જીવનના હકીકત આપવામાં ઉદાસીનતા

હરિભદ્રસૂરિએ રચેલા ગ્રંથોની સંખ્યા આટલી મોટી હોવા છતાં એમાં ક્યાંય એમના જીવનને લગતી કંઈ જ વિશેષ માહિતી આપેલી નથી મળતી. ભારતના બીજા પ્રસિદ્ધ વિદ્વાનોની જેમ એમણે પણ પોતાના ગ્રંથોમાં પોતાના જીવન સંબંધી કશો નિર્દેશ નથી કર્યો. લખવામાં માત્ર એમણે પોતાના સંપ્રદાય, ગચ્છ, ગુરુ અને એક વિદુષી ધર્મમાતા આર્યા[ સાધ્વી ]નું નામ કેટલાંક સ્થળોમાં લખ્યું છે:

૧. શ્રી હરિભદ્રસૂરિના (વિ. સં. ૨૦૧૭ સુધીમાં) ઉપલબ્ધ ગ્રંથોની યાદી માટે જુઓ પં. શ્રી સુખલાલજી કૃત 'સમદર્શી આચાર્ય હરિભદ્ર', પરિશિષ્ટ–૨. (પ્રકાશક, મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ.)

આટલો નિર્દેશ મળે છે એય સદ્ભાગ્યની વાત છે; કારણ કે બીજા આવા અનેક વિદ્વાનો સંબંધી તો આટલીય બીના નથી મળતી.

**સંપ્રદાય, ગચ્છ, ગુરુ અને ધર્મમાતા**

હરિભદ્રસૂરિએ નિર્દેશેલ ગુરુ વગેરેનાં નામો અનુસાર એમનો સંપ્રદાય શ્વેતાંબર હતો. એમના ગચ્છનું નામ વિદ્યાધર ગચ્છ, ગચ્છ-પતિ આચાર્યનું નામ જિનભટ, દીક્ષા ગુરુનું નામ જિનદત્ત અને એમની ધર્મમાતાનું નામ યાકિની મહત્તરા હતું. આ બધી બાબતોનો નિર્દેશ એમણે એક જ સ્થાને, આવશ્યક સૂત્રની ટીકાને અંતે, આ રીતે કર્યો છે :—

" समाप्ता चेयं शिष्यहिता नामावश्यकटीका। कृतिः सिताम्बराचार्यजिनभटनिगदानुसारिणो विद्याधरकुलतिलकाचार्यजिनदत्तशिष्यस्य धर्मतो याकिनीमहत्तरासूनोरल्पमतेराचार्यहरिभद्रस्य । "

[ આવશ્યકસૂત્રની 'શિષ્યહિતા' નામની આ ટીકા સમાપ્ત થઈ. શ્વેતાંબર આચાર્ય જિનભટના આજ્ઞાધારી, વિદ્યાધરકુલના તિલક સમાન આચાર્ય જિનદત્તના શિષ્ય, યાકિની મહત્તરાના ધર્મપુત્ર, અલ્પમતિ આચાર્ય હરિભદ્રની કૃતિ. ]

**હરિભદ્રના જીવનની વિગતો આપતા ગ્રંથો**

આવશ્યકસૂત્રની ટીકાના ઉપર લખેલ અંતિમ ઉલ્લેખથી વધારે કોઈ હકીકત હરિભદ્રે પોતાના કોઈ ગ્રંથમાં નથી લખી. તેથી એમના જીવન સંબંધી આથી વધુ કશી બીના, એમના પોતાના શબ્દોમાં, મળી શકે એવી આશા રાખી શકાય એમ નથી. પરંતુ પાછળના કેટલાય ગ્રંથોમાં—ભલે દંતકથાના રૂપમાં કેમ ન હોય—એમના સંબંધી કેટલાય પ્રકારની જુદી જુદી વાતો લખાયેલી જરૂર મળે છે.........

આ ગ્રંથોમાં સૌથી વધારે ઉલ્લેખનીય ગ્રંથ પ્રભાચંદ્રે રચેલ પ્રભાવકચરિત છે. આ ગ્રંથ વિક્રમ સંવત ૧૩૩૪માં રચાયો છે. આ

ગ્રંથના નવમા પ્રબંધમાં, ઉત્તમ પ્રકારની કાવ્યશૈલિમાં, વિસ્તારપૂર્વક હરિભદ્રનું ચરિત્ર વર્ણવ્યું છે. (આ ચરિત્રમાં કહેલી વાતોમાં કેટલું સત્ય છે એ સંબંધમાં અહીં અમે અમારો કશો અભિપ્રાય નથી આપી શકતા.) આ ગ્રંથની પછી રાજશેખરસૂરિએ (વિ. સં. ૧૪૦૫માં) રચેલ પ્રબંધકોષ નામના ઐતિહાસિક અને દંતકથાઓ રૂપ કેટલાક પ્રબંધોનો સંગ્રહ કરતા ગ્રંથમાં પણ એમના સંબંધી કેટલુંક વર્ણન કરેલું મળે છે. હરિભદ્રસૂરિના જીવનને લગતી વાતો કંઈક વિસ્તારથી આ જ બે ગ્રંથોમાં લખાયેલી મળે છે.

કેટલાક સંક્ષિપ્ત ઉલ્લેખો તો આ ગ્રંથોથી પહેલાં બનેલા ગ્રંથોમાં પણ કયાંક કયાંક મળી આવે છે. આવા ગ્રંથોમાં, કાલક્રમની દૃષ્ટિએ, પહેલો ગ્રંથ મુનિચંદ્રસૂરિએ રચેલ ઉપદેશપદ (જે હરિભદ્રસૂરિએ જ રચેલ પ્રકરણગ્રંથ છે, તે)ની ટીકા છે. આ ટીકા વિ. સં. ૧૧૭૪માં સમાપ્ત થઈ હતી. આ ટીકાને અંતે, બહુ જ સંક્ષેપમાં—પરંતુ પ્રભાવકચરિત્રના કર્તાએ પોતાના પ્રબંધમાં જેટલું ચરિત્ર આપ્યું છે, એનો ઘણોખરો સાર આપીને—હરિભદ્રના જીવનનું સૂચન કર્યું છે. બીજો ગ્રંથ ભદ્રેશ્વરસૂરિએ પ્રાકૃતભાષામાં રચેલ 'કથાવલી' નામે છે. આ ગ્રંથની રચના કયારે થઈ એનો કશો ઉલ્લેખ નથી મળ્યો. રચનાશૈલી અને કર્તાના નામ ઉપરથી એવું અનુમાન થાય છે કે બારમી સદીમાં એની રચના થઈ હશે. આ શતાબ્દીમાં ભદ્રેશ્વર નામના બે-ત્રણ આચાર્યો થઈ ગયાના ઉલ્લેખો મળે છે. આ ગ્રંથમાં ચોવીશે તીર્થંકરોનાં ચરિત્રોની સાથે, અંતમાં, ભદ્રબાહુ, વજ્રસ્વામી, સિદ્ધસેન વગેરે આચાર્યોની કથાઓ લખાયેલી છે, જેમાં અંતમાં હરિભદ્રની જીવનકથા પણ સામેલ કરેલી છે. આ જ રીતે થોડુંક વર્ણન ગણરસાર્ધશતકની સુમતિ ગણીએ રચેલી બૃહત્ટીકા, જેની રચના-સમાપ્તિ વિ. સં. ૧૨૯૫માં થઈ હતી. તેમાં પણ નોંધાયું છે.

### એ ગ્રંથોમાંનાં વર્ણનોનો સાર

આ બધા ગ્રંથોમાં નોંધાયેલાં વર્ણનોને આધારે જે સાર નીકળે

છે તે એ છે કે—હરિભદ્ર પોતાની પૂર્વઅવસ્થામાં એક મોટા વિદ્વાન અને વૈદિક બ્રાહ્મણ હતા. ચિત્રકૂટ (મેવાડની ઇતિહાસપ્રસિદ્ધ વીરભૂમિ ચિત્તોડગઢ) એમનું નિવાસસ્થાન હતું. યાકિની મહત્તરા નામનાં એક વિદુષી જૈન આર્યા (શ્રમણી=સાધ્વી)ના સમાગમથી એમને જૈનધર્મ ઉપર શ્રદ્ધા થઈ હતી. અને એ જ સાધ્વીના ઉપદેશ પ્રમાણે એમણે જૈન શાસ્ત્રોએ વર્ણવેલ સંન્યાસધર્મ–શ્રમણવ્રતનો સ્વીકાર કર્યો હતો.

### ગ્રંથરચના; ઘણેભાગે આગમોના પહેલા ટીકાકાર

આ સંન્યાસ–અવસ્થામાં જનસમાજને નિરંતર સદ્બોધ આપવા ઉપરાંત એમણે પોતાનું સમગ્ર જીવન સતત સાહિત્યસેવામાં વિતાવ્યું હતું. તેઓએ ધાર્મિક, દાર્શનિક અને આધ્યાત્મિક વિષયને લગતા અનેક ઉત્તમોત્તમ મૌલિક ગ્રંથો અને ગ્રંથવિવરણો લખીને જૈન સાહિત્ય ઉપર—અને તે દ્વારા સમગ્ર ભારતીય સાહિત્ય ઉપર—બહુ મોટો ઉપકાર કર્યો છે.

જૈનધર્મનાં પવિત્ર પુસ્તકો, જે આગમ કહેવાય છે, એ પ્રાકૃત ભાષામાં રચાયેલાં હોવાને કારણે વિદ્વાનોને અને સાથેસાથે ઓછી બુદ્ધિવાળા મનુષ્યોને માટે પણ ઓછા ઉપકારી થઈ શકતા હતા. તેથી એના ઉપર સંસ્કૃતમાં સરળ ટીકાઓ લખીને એમને સહુને માટે સુબોધ બનાવવાનું પુણ્યકાર્ય શરૂમાં આ મહાત્માએ જ કર્યું હતું. એમની પહેલાં, ઘણે ભાગે, આગમગ્રંથો ઉપર સંસ્કૃતમાં ટીકાઓ નહોતી લખાઈ—એટલું તો ખરું કે હરિભદ્રની પહેલાં કોઈ પણ આગમસૂત્ર ઉપર સંસ્કૃતમાં લખાયેલી ટીકા અત્યાર સુધીમાં તો ઉપલબ્ધ થઈ નથી.

### સત્યના ઉપાસક, ઉદારદિલ સાધુપુરુષ

એમણે રચેલા આધ્યાત્મિક અને તાત્ત્વિક ગ્રંથોનો સ્વાધ્યાય કરવાથી માલૂમ પડે છે કે તેઓ પ્રકૃતિથી બહુ સરળ, આકૃતિથી બહુ સૌમ્ય અને વૃત્તિથી બહુ ઉદાર હતા. એમનો સ્વભાવ સર્વથા ગુણાનુ-

રાગી હતો. એમને જૈનધર્મ ઉપર અનન્ય શ્રદ્ધા હોવા છતાં, તેમ જ પોતે એ ધર્મના મહાન સમર્થક હોવા છતાં, એમનું હૃદય પક્ષપાતથી મુક્ત હતું. સત્યનો આદર કરવા માટે તેઓ સદા તત્પર રહેતા. ધર્મ અને તત્ત્વ સંબંધી વિચારોનો ઊહાપોહ કરતી વખતે તેઓ પોતાની મધ્યસ્થતા અને ગુણાનુરાગિતાની લેશ પણ ઉપેક્ષા નહોતા કરતા. જે કોઈ પણ ધર્મ કે સંપ્રદાયનો જે કોઈ પણ વિચાર એમની બુદ્ધિને સાચો પ્રતીત થતો, તેનો તેઓ તરત જ સ્વીકાર કરી લેતા; જેવી રીતે ભારતના બીજા ઘણાય પ્રસિદ્ધ આચાર્યો અને દાર્શનિકોએ કર્યું છે તેમ, કેવળ ધર્મભેદ કે સંપ્રદાયભેદને કારણે તેઓ કોઈના ઉપર કટાક્ષ નહોતા કરતા. બુદ્ધદેવ, કપિલ, વ્યાસ, પતંજલિ વગેરે જુદા જુદા ધર્મપ્રવર્તકો અને મતપોષકોનો નામનિર્દેશ કરતી વખતે તેઓએ એમને માટે ભગવાન્, મહામુનિ, મહર્ષિ વગેરે ભારે ગૌરવનું સૂચન કરતાં વિશેષણોનો પ્રયોગ કર્યો છે—આ વાત આપણને આવી જાતના બીજા ગ્રંથકારોની લેખનશૈલીમાં બહુ ઓછી જોવા મળે છે. કહેવાનો ભાવાર્થ એ છે કે હરિભદ્ર બહુ જ ઉદાર દિલવાળા સાધુપુરુષ હતા, સત્યના ઉપાસક હતા. ભારતવર્ષના સુયોગ્ય ધર્માચાર્યોના પુણ્યશ્લોક ઇતિહાસમાં તેઓ એક ઉચ્ચ શ્રેણિમાં બિરાજી શકે એવા સંવિજ્ઞહૃદયી જૈનાચાર્ય હતા.

## હરિભદ્રસૂરિનો સમય

### વિ. સં. ૫૮૫માં સ્વર્ગવાસ થયાનો મત

હરિભદ્રસૂરિના જીવનવૃત્તાંતનો આછોપાતળો ઉલ્લેખ કરનારા જે જે ગ્રંથોનાં નામ અમે ઉપર સૂચિત કર્યાં છે, એમાં એ વાતનો કશો જ નિર્દેશ કે સૂચન નથી મળતું કે આ સૂરિ કયા સમયમાં થયા?........અંચલગચ્છના આચાર્ય મેરુતુંગે વિચારશ્રેણિ નામે ગ્રંથ બનાવ્યો છે........

વિચારશ્રેણિ ગ્રંથમાં સમરાશાહે વિ. સં. ૧૩૭૧માં શત્રુંજયનો જે ઉદ્ધાર કર્યો હતો, એનો ઉલ્લેખ મળે છે. તેથી વિક્રમની ૧૪ સદીની છેલ્લી પચ્ચીશીમાં આ ગ્રંથની રચના થઈ હતી, એમ માનવામાં કશી હરકત નથી. આ પ્રબંધમાં એક પ્રાચીન પ્રાકૃત ગાથા ઉદ્ધૃત કરવામાં આવી છે. એમાં લખ્યું છે કે વિક્રમ સંવત ૫૮૫માં હરિભદ્રસૂરિનો સ્વર્ગવાસ થયો હતો. ગાથા આ પ્રમાણે છે :—

पंचसए पणसीए विक्कमकालाउ झत्ति अत्थमिओ ।
हरिभद्दसूरि-सूरो भवियाणं दिसउ कल्लाणं ॥

અર્થાત્—વિક્રમ સંવત ૫૮૫માં અસ્ત (સ્વર્ગસ્થ) થયેલા હરિભદ્રસૂરિરૂપ સૂર્ય ભવ્ય જનોને કલ્યાણ આપો. '.........

પ્રદ્યુમ્નસૂરિએ પોતાના વિચારસારપ્રકરણમાં અને સમયસુંદર ગણીએ પોતે સંગ્રહેલ ગાથાસહસ્રી નામના પ્રબંધમાં પણ આ ગાથા ઉદ્ધૃત કરી છે. વળી, આ ગાથાનો જ ભાવ લઈને કુલમંડનસૂરિએ (વિક્રમની ૧૫મી સદીનો પૂર્વાર્ધ) વિચારામૃતસંગ્રહમાં, તથા ધર્મસાગર ઉપાધ્યાયે (વિક્રમના ૧૭મી સદીના પૂર્વાર્ધમાં વિદ્યમાન) તપાગચ્છ-ગુર્વાવલીમાં લખ્યું છે કે મહાવીર નિર્વાણ પછી ૧૦૫૫ વર્ષે હરિભદ્રસૂરિનો સ્વર્ગવાસ થયો હતો. (વીરનિર્વાણ પછી ૪૭૦ વર્ષે વિક્રમસંવત શરૂ થયો; અને વિ. સં. ૫૮૫માં હરિભદ્રસૂરિનો સ્વર્ગવાસ થયો. એટલે ૪૭૦+૫૮૫=૧૦૫૫ મહાવીર નિર્વાણ સંવતમાં તેઓ સ્વર્ગવાસી થયા. )

મુનિસુંદરસૂરિએ તપાગચ્છની જે પદ્યબદ્ધ ગુર્વાવલી (સંવત ૧૪૬૬) રચી છે, તેમાં તેમણે હરિભદ્રસૂરિને માનદેવસૂરિ (બીજા)ના મિત્ર કહ્યા છે. પટ્ટાવલીઓની ગણના અને માન્યતા મુજબ આ માનદેવનો સમય વિક્રમની છઠ્ઠી શતાબ્દીનો લેખવામાં આવે છે. તેથી આ ઉલ્લેખ પણ હરિભદ્રસૂરિનો જે સમય ઉપરની ગાથામાં જણાવ્યો છે તેની સાથે મળતો આવે છે. આ રીતે આ બધા ગ્રંથકારોને મતે હરિભદ્રસૂરિનો

સત્તા-સમય વિક્રમથી છઠ્ઠી શતાબ્દીનો છે; અને એમનો સ્વર્ગવાસ વિ. સં. ૫૮૫ (ઈ. સ. ૫૨૯)માં થયો હતો.

## સિદ્ધર્ષિએ કરેલ સ્તુતિ; એના ઉપરથી ફલિત થતો સમય

પરંતુ આવી જાતનાં બાહ્ય પ્રમાણોમાં કેટલાંક પ્રમાણો એવાં પણ મળી આવે છે કે જેને લીધે આ ગાથામાં જણાવેલ સમયની સત્યતાની બાબતમાં વિદ્વાનોને ઘણા વખતથી સંદેહ ઉત્પન્ન થઈ રહ્યો છે. આ પ્રમાણોમાં જે મુખ્યત્વે ઉલ્લેખ કરવા યોગ્ય છે તે બહુ મહત્ત્વનું અને ઉપર જણાવેલ (વિ. સં. ૫૮૫) સમયને પુરવાર કરતાં પ્રમાણો કરતાં પણ બહુ પ્રાચીન છે. આ પ્રમાણ મહાત્મા સિદ્ધર્ષિએ રચેલ મહાન ગ્રંથ ઉપમિતિભવપ્રપંચા કથામાં મળે છે. આ કથા સં. ૯૬૨ના જેઠ સુદિ પાંચમ ને ગુરુવારના દિવસે, જ્યારે ચંદ્ર પુનર્વસુ નક્ષત્રમાં હતો ત્યારે, સમાપ્ત થઈ હતી—એવો સ્પષ્ટ ઉલ્લેખ આ કથાની પ્રશસ્તિમાં સિદ્ધર્ષિએ પોતે જ કર્યો છે. જોકે ગ્રંથકર્તાએ ત્યાં ફક્ત 'સંવત' શબ્દનો જ પ્રયોગ કર્યો છે, તેથી એ સ્પષ્ટપણે નથી જાણી શકાતું કે આ બાબતમાં કથાકારને વીર, વિક્રમ, શક, ગુપ્ત વગેરે સંવતોમાંથી કયો સંવત વિવક્ષિત છે. આમ છતાં સંવતની સાથે મહિનો, તિથિ, વાર અને નક્ષત્રનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ હોવાથી જ્યોતિષ-ગણિતના નિયમ મુજબ ગણતરી કરતાં, એ વાત સ્પષ્ટપણે જાણી શકાય છે કે અહીં વિક્રમ સંવતનું વિધાન કરવામાં આવ્યું છે.........

આ કથાની પ્રશસ્તિમાં સિદ્ધર્ષિએ શરૂઆતના નવ શ્લોકોમાં પોતાની મૂળ ગુરુપરંપરાનો ઉલ્લેખ કરીને પછી હરિભદ્રસૂરિની વિશિષ્ટ પ્રશંસા કરી છે, અને એમને 'પોતાના ધર્મબોધકર' ગુરુ કહ્યા છે.

પ્રશસ્તિમાં હરિભદ્રસૂરિની પ્રશંસાના ત્રણ શ્લોક (૧૫, ૧૬, ૧૭) મળે છે.........એ શ્લોકોનો ભાવાર્થ આ પ્રમાણે છે—

"(૧૫) આચાર્ય હરિભદ્ર મારા ધર્મબોધકર-ધર્મનો બોધ કરનાર-ગુરુ છે. આ કથાના પહેલા પ્રસ્તાવમાં મેં આ ધર્મ-

બોધકર ગુરુ સંબંધી નિવેદન કર્યું છે.

(૧૬) જેઓએ કૃપા કરીને પોતાની અચિંત્ય શક્તિના પ્રભાવથી મારા હૃદયમાંથી કુવાસના–દુર્વિચારરૂપ વિષને દૂર કરીને સુવાસના–સદ્‌વિચારરૂપ સુધા(અમૃત)નું સિંચન કર્યું છે તે આચાર્ય હરિભદ્રને નમસ્કાર.

"(૧૭) તેઓએ (હરિભદ્રસૂરિએ) અનાગત એટલે કે ભવિષ્યમાં થનારા મને જાણી લઈને, જાણે મારે જ માટે, ચૈત્યવંદન સૂત્રનો આધાર લઈને લલિતવિસ્તરા નામની વૃત્તિની રચના કરી છે."

આ અવતરણથી એમ જાણી શકાય છે કે સિદ્ધર્ષિ હરિભદ્રસૂરિને, એક રીતે, પોતાના ગુરુ માનતા હતા.........આ રીતે હરિભદ્રસૂરિના સમયની વિચારણામાં સિદ્ધર્ષિનો સંબંધ એક મહત્ત્વનું સ્થાન ધરાવે છે.......ઉપમિતિભવપ્રપંચા કથામાંના સિદ્ધર્ષિના આ વિષયને લગતાં વાક્યોનો ઝીણવટપૂર્વક વિચાર કરવામાં આવે, અને એનો પૂર્વાપર સંબંધ મેળવવામાં આવે, તો એ પ્રતીત થશે કે સિદ્ધર્ષિ હરિભદ્રને પોતાના (સાક્ષાત્–પ્રત્યક્ષ) ગુરુ નહોતા માનતા, પરંતુ પરોક્ષ ગુરુ–એટલે કે આરોપિત ગુરુ–માનતા હતા. ઉપમતિની પ્રશસ્તિમાં એમણે પોતાની જે ગુરુપરંપરા આપી છે, એનો વિચાર અહીં જરૂર કરવા જેવો છે. આ પ્રશસ્તિના પાઠથી એ સ્પષ્ટપણે જાણી શકાય છે કે સિદ્ધર્ષિના દીક્ષાગુરુ ગર્ગર્ષિ હતા, અર્થાત્ એમણે ગર્ગર્ષિને હાથે દીક્ષા લીધી હતી........

આ રીતે સિદ્ધર્ષિના પોતાના ઉલ્લેખ મુજબ હરિભદ્રસૂરિની પૂર્વકાલીનતા સાબિત થાય છે. પરંતુ એમની આ પૂર્વકાલીનતાનું વિશેષ સાધક અને વધારે સ્પષ્ટ પ્રમાણ પ્રાકૃત સાહિત્યના મુકુટમણિ સમાન કુવલયમાલા નામના કથાગ્રંથમાંથી પણ મળે છે.

## કુવલયમાલા કથામાંનો નિર્ણાયક ઉલ્લેખ

આ કથા દાક્ષિણ્યચિહ્ન ઉપનામધારી ઉદ્દ્યોતનસૂરિએ બનાવી છે.

આની રચના–સમાપ્તિ જ્યારે સાતસોમા શક સંવતને સમાપ્ત થવામાં એક દિવસ બાકી હતો ત્યારે—એટલે કે શક સંવત ૬૯૯ના ચૈત્રવદિ ૧૪ના દિવસે—થઈ હતી.........

આ કથાની શરૂઆતમાં, બાણભટ્ટની હર્ષાખ્યાયિકા અને ધનપાલ કવિની તિલકમંજરી વગેરે કથાઓની જેમ, કેટલાક પ્રાચીન કવિઓ અને એમના ગ્રંથોની પ્રશંસા કરી છે. આ કવિપ્રશંસામાં, અંતમાં, હરિભદ્રસૂરિની પણ—એમણે રચેલ પ્રશમરસપૂર્ણ પ્રાકૃત ભાષાની સમરાઇચ્ચ કહાના નામોલ્લેખ સાથે—આ પ્રમાણે પ્રશંસા કરવામાં આવી છે:—

> जो इच्छइ भवविरहं भवविरहं को न वंदए सुयणो ।
> समय-सय-सत्थ-गुरुणो समरमियंका कहा जस्स ॥

હરિભદ્રસૂરિએ પ્રાયઃ પોતાના બધા ગ્રંથોને અંતે કોઈ ને કોઈ રીતે અર્થ-સંબંધ બેસારીને 'ભવવિરહ' અથવા 'વિરહ' એ શબ્દનો પ્રયોગ અવશ્ય કર્યો છે. આથી તેઓ 'વિરહાંક' કવિ કે ગ્રંથકાર કહેવાય છે.........

આથી [ કુવલયમાલાના આ નિર્દેશથી ] નિશ્ચત થાય છે કે હરિભદ્રને શક સંવત ૭૦૦, અર્થાત્ વિ. સં. ૮૩૫, એટલે કે ઈ. સ. ૭૭૮થી તો અર્વાચીન કોઈ રીતે ન માની શકાય. આ રીતે હરિભદ્રસૂરિ સિદ્ધર્ષિના સમકાલીન ન હતા એ પુરવાર થઈ જાય છે.......

### નંદીચૂર્ણિના ઉદ્ધરણથી નિશ્ચિત થતો સમય

નંદીસૂત્ર નામના જૈન આગમ ઉપર હરિભદ્રસૂરિએ ૩૩૩૬ શ્લોકપ્રમાણ સંસ્કૃત ટીકા લખી છે. આ ટીકામાં (જેવી રીતે આવશ્યકસૂત્રની ટીકામાં આવશ્યક ચૂર્ણિમાંથી સેંકડો પ્રાકૃત પાઠ ઉદ્ધૃત કર્યા, એ રીતે) તેઓએ ઘણે સ્થળે, આ સૂત્ર ઉપર જિનદાસ મહત્તરે રચેલી ચૂર્ણિ નામે પ્રાકૃત ભાષાની પ્રાચીન વ્યાખ્યામાંથી લાંબાં લાંબાં અવતરણો જેમનાં તેમ

આપ્યાં છે. જિનદાસ મહત્તરે નંદીચૂર્ણિ શકસંવત ૫૯૮ (=વિક્રમ સંવત ૭૩૩=ઈ. સ. ૬૭૬)માં પૂરી કરી હતી........

## નિશ્ચિત સમય: ઈસ્વીસનની આઠમી સદી

આથી એ વાત નક્કી થાય છે કે હરિભદ્રસૂરિ શક સંવત ૫૯૮ (વિ. સં. ૭૩૩=ઈ. સ. ૬૭૬) પછી જ કોઈ સમયે થઈ ગયા; [વિચારશ્રેણીમાં ઉદ્ધૃત] ગાથામાં સૂચવ્યા મુજબ તેઓ વિક્રમ સંવત ૫૮૫માં, અથવા, બીજા ઉલ્લેખ પ્રમાણે, વીર સંવત ૧૦૫૫માં નથી થયા. ચૂર્ણિની રચના પછી ઓછામાં ઓછાં પચાસ વર્ષ પછી જ હરિભદ્રસૂરિએ પોતાની ટીકા રચી હોવી જોઈએ. અને તેથી, એ ગણતરી મુજબ, એમનો સમય એ જ ઇસ્વીસનની આઠમી શતાબ્દી નિશ્ચિત થાય છે.

## કુવલયમાલા કથાના સબળ પુરાવાથી નિશ્ચિત થતો સમય

આ પ્રમાણે જુદાં જુદાં પ્રમાણોથી અમે એમ તો સાબિત કરી બતાવ્યું કે હરિભદ્રસૂરિ, પ્રાકૃત ગાથા વગેરેના ઉલ્લેખો અનુસાર, વિક્રમની છઠ્ઠી શતાબ્દીમાં નથી થયા, પણ આઠમી શતાબ્દીમાં થયા છે. પરંતુ એથી એ નક્કી નથી થતું કે આ શતાબ્દીના કયા ભાગમાં —ક્યાંથી ક્યાં સુધીમાં—તેઓ વિદ્યમાન હતા. કુવલયમાલા કથાના અંતિમ (પ્રશસ્તિ-) લેખનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવાથી આ પ્રશ્નનું પણ યથાર્થ સમાધાન થઈ જાય છે.

જૈન ઇતિહાસના રસિક અભ્યાસીઓને એ જાણીને આનંદ સાથે આશ્ચર્ય થશે કે કુવલયમાલાના કર્તા ઉદ્દ્યોતનસૂરિ ઉર્ફે દાક્ષિણ્યચિહ્ન પોતે હરિભદ્રના એક પ્રકારે સાક્ષાત્ શિષ્ય હતા!.........

[આ કથાની પ્રશસ્તિની] ૧૧-૧૩ ગાથાઓમાં પોતાના વિશિષ્ટ ઉપકારી ગુરુઓ—પૂજ્યોનો સવિશેષ ઉલ્લેખ કરીને કથાકારે એમના પ્રત્યે પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરી છે. આ ત્રણ ગાથાઓનો અર્થ આ પ્રમાણે છે:—

"ઇચ્છિત ફળને આપવાવાળા; અને કીર્તિરૂપ પુષ્પોથી અલંકૃત થવાને લીધે નવીન કલ્પવૃક્ષના જેવો દેખાવ ધારણ કરવાવાળા; સિદ્ધાંતોનો અભ્યાસ કરાવનાર આચાર્ય વીરભદ્ર જેવા તો જેમના ગુરુ છે; અને જેમણે અનેક સિદ્ધાંત ગ્રંથોની રચના કરીને સમસ્ત શ્રુત( આગમો )ના સત્ય અર્થને પ્રગટ કર્યો છે તે આચાર્ય હરિભદ્ર જેમના પ્રમાણ અને ન્યાયશાસ્ત્ર ભણાવનાર ગુરુ છે; તથા જેઓ ક્ષત્રિયવંશમાં જન્મેલ વડેસર નામના રાજાના પુત્ર છે; અને ઉદ્દ્યોતન જેમનું મૂળ નામ છે, એમણે આ કથાની રચના કરી છે."

આ ત્રણ ગાથાઓમાં હરિભદ્રસૂરિને માટે 'बहुग्रन्थप्रणेतृत्व' અને 'प्रमाणन्यायविषयकगुरुत्व'—એ વિશેષણો, જેનો હેતુપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો છે, તે ઉપરથી વિચારશીલ વિદ્વાનો સ્પષ્ટ રીતે સમજી શકે છે કે કથાકાર અહીં જે હરિભદ્રસૂરિનું સ્મરણ કરે છે તે એ જ હરિભદ્રસૂરિ છે, જેમને અનુલક્ષીને અમે આ નિબંધ લખવાનો પરિશ્રમ ઉઠાવ્યો છે. કારણ કે એ હરિભદ્ર સિવાય 'અનેક ગ્રંથોની રચના કરીને સમસ્ત શ્રુતના સત્ય અર્થને પ્રગટ કરવાવાળા' બીજા કોઈ હરિભદ્ર જૈન સાહિત્ય કે જૈન ઇતિહાસમાં મળતા નથી.

તેથી, આ ઉપરથી એ અંતિમ નિર્ણય થઈ જાય છે કે મહાન તત્ત્વજ્ઞ આચાર્ય હરિભદ્ર અને કુવલયમાલા કથાના કર્તા ઉદ્દ્યોતનસૂરિ ઉર્ફે દાક્ષિણ્યચિહ્ન—બન્ને (કેટલાક સમય સુધી તો અવશ્ય જ) સમકાલીન હતા.

આટલો વિશાળ ગ્રંથરાશિ લખનાર મહાપુરુષની ઉંમર ઓછામાં ઓછાં ૬૦–૭૦ વર્ષ જેટલી તો અવશ્ય હશે. તેથી ઈસ્વીસનની આઠમી શતાબ્દીના પહેલા દશકામાં હરિભદ્રનો જન્મ અને આઠમા દશકમાં એમનો સ્વર્ગવાસ માની લેવામાં આવે તો એ કંઈ અસંગત નથી લાગતું. તેથી અમે હરિભદ્રસૂરિનો સત્તા-સમય ઈસ્વીસન ૭૦૦થી

૭૭૦ (વિક્રમ સંવત ૭૫૭ થી ૮૨૭) સુધીનો નક્કી કરીએ છીએ.

જૈન સાહિત્ય સંશોધક, ભાગ ૧, અંક ૧ માં છપાયેલ 'हरिभद्र सूरिका समयनिर्णय નામે હિંદી નિબંધમાંથી સંક્ષેપપૂર્વક અનુવાદિત.

(વિ. સં. ૧૯૭૯)

**નોંધ**—આ નિબંધ ખૂબ મોટો છે. એમાં શરૂઆતમાં હરિભદ્રસૂરિના જીવન, કાર્ય અને સાહિત્યસર્જનની વિગતો આપીને તે પછી, નિબંધના નામને અનુરૂપ, હરિભદ્રસૂરિનો સત્તા-સમય નિશ્ચિત કરવા અંગે ખૂબ વિસ્તાર તેમ જ ઝીણવટથી ચર્ચા–વિચારણા કરવામાં આવી છે; અને કેવળ આનુષંગિક પુરાવાઓથી જ નિશ્ચિત કરી શકાય એવા આ મહત્ત્વના મુદ્દાની છણાવટમાં જુદા જુદા ગ્રંથોમાંથી મળી આવતાં સંખ્યાબંધ સાધક–બાધક પ્રમાણોનો તટસ્થ, સત્યશોધક અને ઐતિહાસિક દૃષ્ટિથી, વિચાર અને વિવેકપૂર્વક, ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ દૃષ્ટિએ આ નિબંધ ઐતિહાસિક સંશોધનનો એક શ્રેષ્ઠ નમૂનો બની રહે એવો છે. આ બધી છણાવટ અને આ બધાં પ્રમાણોને સંપૂર્ણ રીતે અહીં રજૂ કરવાનું શક્ય નથી બન્યું, તેથી જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓને મૂળ આખો નિબંધ જોવા વિનંતિ છે.

આ પ્રસંગે વિશેષ જાણવા જેવી બાબત તો એ છે કે આ નિબંધ વાંચ્યા પછી સુપ્રસિદ્ધ જર્મન વિદ્વાન ડૉ. હર્મન યાકોબીએ પણ પોતાનો મત ફેરવીને મુનિજીએ સિદ્ધ કરેલ હરિભદ્રનો સમય સ્વીકારી લીધો હતો, અને તેનો નિર્દેશ તેમણે પોતાની 'समराइच्चकहा'ની પ્રસ્તાવનામાં કર્યો છે. —સંપાદક

# [૭] જિનેશ્વરસૂરિ

આ ગ્રંથના કર્તા [ કથાકોષ પ્રકરણના કર્તા ], ગ્રંથની શરૂઆતમાં અને ગ્રંથને અંતે કરેલ ઉલ્લેખો ઉપરથી સ્પષ્ટપણે જાણી શકાય છે તે પ્રમાણે, શ્રી જિનેશ્વરસૂરિ છે. આમ તો આ નામના અનેક સૂરિઓ જૈન સંપ્રદાયમાં થઈ ગયા છે; પરંતુ આના કર્તા તો એ જ જિનેશ્વરસૂરિ છે કે જે સૌથી વધારે પ્રસિદ્ધ છે, અને જૈન શ્વેતાંબર સંપ્રદાયમાં જેઓ બહુ જ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આ આચાર્ય વર્ધમાનસૂરિના શિષ્ય હતા. .....

### ચૈત્યવાસ

જિનેશ્વરસૂરિના સમયમાં, જૈન શ્વેતાંબર સંપ્રદાયમાં, વધારે ભાગે ચૈત્યો એટલે કે જિનમંદિરોમાં રહેનાર યતિવર્ગનું જોર હતું. આ યતિઓ જૈન દેવમંદિરો, જે તે વખતે ચૈત્યને નામે વિશેષ પ્રસિદ્ધ હતાં, તેમાં જ રાતદિવસ રહેતા, ભોજન વગેરે કરતા, ધર્મોપદેશ આપતા, ભણવા–ભણાવવામાં પ્રવૃત્ત રહેતા અને સૂતા–બેસતા. મતલબ કે ચૈત્ય જ એમનો મઠ કે એમનું નિવાસસ્થાન હતું; અને તેઓ ચૈત્યવાસીને નામે પ્રસિદ્ધ હતા. આની સાથેસાથે એમના આચાર-વિચાર પણ ઘણાખરા એવા શિથિલ કે જુદી જાતના હતા કે જે જૈન શાસ્ત્રોમાં વર્ણવેલ નિર્ગ્રંથ જૈન મુનિના આચાર સાથે અસંગત લાગતા હતા. તેઓ એક જાતના મઠપતિ હતા. શાસ્ત્રોક્ત આચારોનું પાલન કરવાવાળા યતિઓ–મુનિઓ એ વખતમાં બહુ ઓછી સંખ્યામાં નજરે પડતા હતા.

### જૈનધર્મનું મહાન કેન્દ્ર અણહિલપુર

ગુજરાતની પ્રાચીન રાજધાની અણહિલપુર, જે એ સમયે આખા

ભારતવર્ષમાં એક મુખ્ય નગરી ગણાતી હતી, અને સમૃદ્ધિ અને સંસ્કૃતિની દૃષ્ટિએ જેની ભારે નામના હતી, તે જૈનધર્મનું પણ એક મોટું કેન્દ્ર બની હતી. જૈનધર્મનાં સેંકડો મંદિરો એમાં ઊભાં થયેલાં હતાં. હજારોની સંખ્યામાં ત્યાં જૈન શ્રાવકો રહેતા હતા. વેપાર, ખેતી અને રાજકારભારમાં આ જૈનોનું સ્થાન ઘણું ઊંચું હતું—સૌથી વધારે આગળ પડતું હતું. ભારતના સુંદરમાં સુંદર સ્થાપત્યના એક અનન્ય નમૂના રૂપ આબુ પર્વત ઉપરના આદિનાથ મંદિરના તેમ જ કુંભારિયાનાં જૈન મંદિરોના નિર્માતા, મહાન કળાપ્રેમી અને ગૂર્જર સામ્રાજ્યના મહાન રક્ષક મહાદંડનાયક વિમળ મંત્રી વગેરે જેવા અનેક જૈન શ્રાવકો એ નગરના મુખ્ય નાગરિકો લેખાતા હતા.

## ચૈત્યવાસીઓની કામગીરી અને અણહિલપુરમાં એમનો પ્રભાવ

શાસ્ત્રકાર શાંત્યાચાર્ય, મહાકવિ સૂરાચાર્ય, મંત્રવાદી વીરાચાર્ય વગેરે જેવા પ્રભાવશાળી, પ્રતિષ્ઠિત અને વિદ્વાનોના અગ્રણી ચૈત્યવાસી યતિઓ એ જૈન સમાજના ધર્માધ્યક્ષ તરીકેનું ગૌરવ ધરાવતા હતા. જૈન સમાજ ઉપરાંત આમ જનતા ઉપર તેમ જ રાજદરબારમાં પણ આ ચૈત્યવાસી યતિઓનો પ્રભાવ ઘણો મોટો હતો. જૈન ધર્મશાસ્ત્રો ઉપરાંત જ્યોતિષ, વૈદ્યક અને મંત્ર–તંત્ર વગરે શાસ્ત્રો અને એના વ્યાવહારિક પ્રયોગની બાબતમાં પણ આ જૈન યતિઓ ભારે જાણકાર અને પ્રમાણભૂત મનાતા હતા. ધર્માચાર્યો તરીકેનાં ખાસ કાર્યો અને વ્યવસાયો ઉપરાંત તેઓ વ્યાવહારિક બાબતોમાં પણ ઘણો ફાળો આપતા રહેતા હતા. જૈન ગૃહસ્થોનાં બાળકોના વ્યાવહારિક શિક્ષણનું કામ પ્રાયઃ આ યતિઓને જ અધીન હતું; અને એમની પાઠશાળાઓમાં ગણનાપાત્ર અને માનયોગ્ય જૈનેતર શેઠ–શાહુકારો તેમ જ ઊંચી પાયરીના રાજદરબારી પુરુષોનાં બાળકો પણ ભારે હોંશથી અભ્યાસ કરતાં રહેતાં હતાં. આ રીતે રાજવર્ગ અને જનસમાજમાં આ ચૈત્યવાસી યતિઓની ખૂબ પ્રતિષ્ઠા જામી હતી, અને બધી બાબતોમાં એમની ધાક બેઠેલી હતી.

## જૈન યતિનો શાસ્ત્રવિહિત જીવનક્રમ

પણ એમનો આ સમગ્ર વ્યવહાર, જૈન શાસ્ત્રની દૃષ્ટિએ, યતિમાર્ગથી સાવ વિપરીત અને હીન આચારનો પોષક હતો. જૈન શાસ્ત્રોના વિધાન પ્રમાણે તો જૈન યતિઓનું મુખ્ય કર્તવ્ય કેવળ આત્મકલ્યાણ કરવું, અને એની આરાધના માટે શમ, દમ, તપ આદિ દશ પ્રકારના યતિધર્મનું સતત પાલન કરતાં રહેવું, એ જ છે. જીવનનિર્વાહ માટે જ્યાં ક્યાંયથી મળી ગયેલ લૂખું-સૂકું અને તે પણ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે મળેલું ભિક્ષાન્ન આરોગીને રાતદિવસ જ્ઞાન-ધ્યાનમાં રત રહેવું અને જે કોઈ મુમુક્ષુ જન પોતાની પાસે આવી પહોંચે એને ફક્ત મોક્ષમાર્ગનો ઉપદેશ આપવો એ જ એમનું કર્તવ્ય છે. આ સિવાય યતિઓએ ન તો ગૃહસ્થો સાથે કોઈ પ્રકારનો સંસર્ગ રાખવો જોઈએ કે ન તો કોઈ પ્રકારનો કોઈને ઉપદેશ જ આપવો જોઈએ. કોઈ સ્થાનમાં લાંબા સમયને માટે નિયત વાસ ન કરતાં હમેશાં પરિભ્રમણ કરતાં રહેવું અને ઘીચ વસતીમાં રહેવાને બદલે ગામની બહાર જીર્ણ–શીર્ણ દેવાલયોનાં આંગણાંઓમાં કે પથિકાશ્રયોમાં એકાંતનિવાસી બનીને સદા કોઈ ને કોઈ પ્રકારનું તપ કરતાં રહેવું, એ જ જૈનયતિનો શાસ્ત્રવિહિત એકમાત્ર જીવનક્રમ છે.

## ત્યાગધર્મની સ્થાપના માટે જિનેશ્વરસૂરિનો પ્રબળ પુરુષાર્થ

યતિધર્મના આવા શાસ્ત્રોક્ત આચારો અને ચૈત્યવાસી યતિઓના ઉપર્યુક્ત વ્યવહાર વચ્ચે મોટો દુર્મેળ જોઈને અને શ્રમણ ભગવાન મહાવીરે પ્રરૂપેલ શ્રમણધર્મની આવી પ્રચલિત અરાજકતાવાળી દશાથી ખિન્ન થઈને જિનેશ્વરસૂરિએ એના પ્રતીકાર માટે સુવિહિત માર્ગનો પ્રચારક એવો પોતાનો એક નવો ગણ સ્થાપન કર્યો અને એ ચૈત્યવાસીઓની વિરુદ્ધ એક પ્રબળ આંદોલન શરૂ કર્યું.

આમ તો પહેલાં એમના ગુરુ વર્ધમાનસૂરિ પોતે પણ ચૈત્યવાસી યતિઓના એક મુખ્ય આચાર્ય હતા. પણ જૈન શાસ્ત્રોનું વિશેષ

અધ્યયન કરવાથી એમના મનમાં કંઈક વૈરાગ્ય જાગૃત થયો, અને એ સમયના જૈન યતિસંપ્રદાયની ઉપર વર્ણવી તેવી આચાર સંબંધી પરિસ્થિતિની શિથિલતાનો અનુભવ કંઈક વધારે ખેદકારક લાગ્યો; તેથી એમણે એ અવસ્થાનો [ચૈત્યવાસી યતિજીવનનો] ત્યાગ કરીને વિશિષ્ટ ત્યાગમય જીવનનું અનુસરણ કરવાના માર્ગનો સ્વીકાર કર્યો. જિનેશ્વરસૂરિએ પોતાના ગુરુએ સ્વીકારેલ આ માર્ગે ચાલવાનો સવિશેષ રૂપે નિશ્ચય કર્યો, એટલું જ નહીં, પરંતુ તેઓએ એને સમસ્ત સંપ્રદાયવ્યાપી અને દેશવ્યાપી બનાવવાનો પણ સંકલ્પ કર્યો; અને એને માટે જીવનભર પ્રબળ પુરુષાર્થ કર્યો.

આ પ્રયત્નમાં જરૂરી અને ઉપયોગી એવું જ્ઞાનબળ અને ચારિત્રબળ એ બન્ને બળ એમનામાં પૂરતા પ્રમાણમાં મોજૂદ હતાં, તેથી એમને પોતાના ધ્યેયમાં ઘણીખરી સફળતા પ્રાપ્ત થઈ; અને જ્યાં ચૈત્યવાસીઓનો વધુમાં વધુ પ્રભાવ હતો અને એમનો વિશિષ્ટ સમૂહ હતો તે અણહિલપુરમાં પહોંચી જઈને એમણે ચૈત્યવાસની સામે પોતાનો પક્ષ અને પોતાનું સ્થાન સ્થાપિત કર્યાં. ચૌલુક્ય રાજવી દુર્લભરાજની સભામાં ચૈત્યવાસી પક્ષના સમર્થક આગેવાન સૂરાચાર્ય જેવા મહાવિદ્વાન અને પ્રબળ સત્તાધારી આચાર્યની સાથે શાસ્ત્રાર્થ કરીને એમણે એમાં વિજય મેળવ્યો.

**વિશાળ અને ગૌરવશાળી શિષ્યપરંપરા**

આ બનાવને લીધે કેવળ અણહિલપુરમાં જ નહીં પણ આખા ગુજરાતમાં અને એની આસપાસના મારવાડ, મેવાડ, વાગડ, સિંધ અને દિલ્લી સુધીના પ્રદેશોમાં જિનેશ્વરસૂરિની ખ્યાતિ અને પ્રતિષ્ઠા વધી ગઈ. ઠેર ઠેર સેંકડો શ્રાવકો એમના ભક્ત અને અનુયાયી બની ગયા. ઉપરાંત, સેંકડો અજૈન ગૃહસ્થો પણ એમના ભક્ત બનીને નવા શ્રાવક બન્યા. અનેક પ્રભાવશાળી અને પ્રતિભાસંપન્ન વ્યક્તિઓએ એમની પાસે યતિદીક્ષા લઈને એમના સુવિહિત શિષ્ય બનવાનું ગૌરવ

પ્રાપ્ત કર્યું. એમની શિષ્યપરંપરા ખૂબ વધી અને તેનો અનેક શાખા–પ્રશાખારૂપે ફેલાવો થયો. એમાં મોટા મોટા વિદ્વાનો, ક્રિયાનિષ્ઠ અને ગુણગરિષ્ઠ આચાર્ય–ઉપાધ્યાય આદિ સમર્થ સાધુપુરુષો થઈ ગયા. નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિ, સંવેગરંગશાળા વગેરે ગ્રંથોના કર્તા જિનચંદ્રસૂરિ, સુરસુંદરીચરિતના કર્તા ધનેશ્વર અપરનામ જિનભદ્રસૂરિ, આદિનાથચરિત્ર આદિના કર્તા વર્ધમાનસૂરિ, પાર્શ્વનાથચરિત્ર તથા મહાવીરચરિત્રના કર્તા ગુણચંદ્ર ગણી અપરનામ દેવભદ્રસૂરિ, સંઘપટ્ટક વગેરે અનેક ગ્રંથોના રચયિતા જિનવલ્લભસૂરિ—ઇત્યાદિ અનેક મોટા મોટા ધુરંધર વિદ્વાનો અને શાસ્ત્રકારો, જેઓ એ જમાનામાં ઉત્પન્ન થયા અને જેમની સાહિત્યિક ઉપાસનાએ જૈન સાહિત્યના ભંડારને ખૂબ સુસમૃદ્ધ અને સુપ્રતિષ્ઠિત બનાવ્યો, તેઓ આ જ જિનેશ્વરસૂરિના શિષ્ય–પ્રશિષ્યો હતા...... .

**બીજા ગચ્છો ઉપર પ્રભાવ**

જિનેશ્વરસૂરિના આ પ્રબલ પાંડિત્ય અને ઉત્કૃષ્ટ ચારિત્રનો પ્રભાવ, આ રીતે, ન કેવળ એમના શિષ્યસમૂહ સુધી જ ફેલાયો; પરંતુ તે સમયના બીજા બીજા ગચ્છો અને યતિસમુદાયોના મોટા મોટા વ્યક્તિત્ત્વશાળી યતિઓ ઉપર પણ એની ઘેરી અસર પડી, અને તેથી એમાંથી પણ કેટલાય સમર્થ યતિઓએ, એમનું અનુકરણ કરીને, ક્રિયોદ્ધાર અને જ્ઞાનોપાસના આદિની વિશિષ્ટ પ્રવૃત્તિનું ભારે ઉત્સાહ પૂર્વક ઉત્તમ રીતે અનુસરણ કર્યું. આમાં બૃહદ્ગચ્છનો નેમિચંદ્ર અને મુનિચંદ્રસૂરિનો સમુદાય તથા મલધારી ગચ્છના અભયદેવસૂરિનો સમુદાય તેમ જ પૂર્ણતલ્લ ગચ્છના પ્રદ્યુમ્નસૂરિનો શિષ્યપરિવાર વિશેષ ઉલ્લેખને યોગ્ય છે.......

**જૈન સમાજમાં નૂતન યુગનો ઉદય**

જિનેશ્વરસૂરિના જન્મ અને કાર્યના પ્રભાવને લીધે જૈન શ્વેતાંબર સમાજમાં એક સાવ નૂતન યુગનો ઉદય થયો. પ્રાચીન પ્રચલિત ભાવ-

નાઓમાં પરિવર્તન આવવા લાગ્યું. ત્યાગીઓ અને ગૃહસ્થો–એ બન્ને વર્ગમાં નવું સંગઠન થવા લાગ્યું. ત્યાગી અર્થાત્ યતિવર્ગ, જે પ્રાચીન પરંપરાગત ગણો અને કુલો રૂપે વિભક્ત હતો, તે હવે નવી જાતના ગચ્છોના રૂપમાં સંગઠિત થવા લાગ્યો. દેવપૂજા અને ગુરુ–ઉપાસનાની જે કેટલીક પ્રાચીન પદ્ધતિઓ પ્રચલિત હતી, એમાં સંશોધન અને પરિવર્તન કરવાનું વાતાવરણ ચોતરફ પ્રસરવા લાગ્યું. આ પહેલાં યતિ-વર્ગનો જે એક મોટો સમૂહ ચૈત્યનિવાસી બનીને ચૈત્યોની સંપત્તિ અને રક્ષાનો અધિકારી બની બેઠો હતો, અને ઘણુંખરું શિથિલાચારી અને પોતાની પૂજા–ભક્તિમાં મગ્ન બની ગયો હતો, એમાં, એમના [જિનેશ્વરસૂરિના] આચારપરાયણ અને ભ્રમણશીલ જીવનના પ્રભાવે, ભારે ઝડપથી અને મોટા પ્રમાણમાં પરિવર્તન આવવા લાગ્યું.

અમે ઉપર સૂચવ્યું છે તેમ, એમના આદર્શને ધ્યાનમાં રાખીને બીજા અનેક સમર્થ યતિઓ ચૈત્યાધિકાર અને શિથિલાચારનો ત્યાગ કરીને સંયમની વિશુદ્ધિને માટે ક્રિયોદ્ધાર કરવા લાગ્યા, અને પોતે સારા સંયમી બનવા લાગ્યા. સંયમ અને તપની સાથોસાથ જુદા જુદા વિષયોનાં શાસ્ત્રોના અધ્યયનનું અને જ્ઞાન-સંપાદનનું કામ પણ આ યતિઓમાં ખૂબ ઉત્સાહપૂર્વક વ્યવસ્થિત રીતે થવા લાગ્યું. આવકારવા યોગ્ય બધાય વિષયોના નવા નવા ગ્રંથો રચાવા લાગ્યા અને પ્રાચીન ગ્રંથો ઉપર ટીકા–ટિપ્પણો રચાવા લાગ્યાં. અધ્યયન–અધ્યાપન અને ગ્રંથસર્જનના કાર્યમાં જરૂરી એવા પ્રાચીન જૈન ગ્રંથો ઉપરાંત બ્રાહ્મણ અને બૌદ્ધ સંપ્રદાયના પણ વ્યાકરણ, ન્યાય, અલંકાર, કાવ્ય, કોષ, છંદ, જ્યોતિષ વગેરે વિવિધ વિષયના બધાય મહત્ત્વના ગ્રંથોની પોથીઓનો સંગ્રહ કરતા મોટા મોટા જ્ઞાનભંડારો પણ સ્થપાવા લાગ્યા.

હવે આ યતિઓ ફક્ત પોતાના જ સ્થાનમાં ગોંધાઈ રહીને બેસી રહેવાને બદલે ભિન્ન ભિન્ન પ્રદેશોમાં વિચરવા લાગ્યા અને તે સમયની પરિસ્થિતિને અનુરૂપ ધર્મ–પ્રચારનું કામ કરવા લાગ્યા. ઠેર ઠેર અજૈન

ક્ષત્રિય અને વૈશ્ય કુલોને પોતાના આચાર અને જ્ઞાનથી પ્રભાવિત કરીને નવા નવા જૈન શ્રાવકો બનાવવામાં આવ્યા. જૂનાં જૈન ગોષ્ઠી–કુળોને નવી જાતિઓરૂપે સંગઠિત કરવામાં આવ્યાં. પ્રાચીન જૈન મંદિરોના ઉદ્ધારનું અને નવાં મંદિરોના નિર્માણનું કામ પણ બધે વિશેષ રૂપે થવા લાગ્યું. જે યતિઓએ ચૈત્યવાસ તજી દીધો હતો એમને રહેવા માટે એવાં નવાં વસતિગૃહો બનવા લાગ્યાં, જેમાં તે તે યતિઓના અનુયાયી શ્રાવકો પણ પોતાની નિત્ય–નૈમિત્તિક ધર્મક્રિયાઓ કરી શકે એવી વ્યવસ્થા કરવામાં આવતી હતી. આ વસતિગૃહો જ, પછીના સમયમાં, 'ઉપાશ્રય'ના નામે પ્રસિદ્ધ થયાં.........આ રીતે આ યતિઓમાં, પ્રાચીન પ્રચલિત પ્રવાહની દૃષ્ટિએ, એક પ્રકારનો નૂતન જીવન-પ્રવાહ ચાલુ થયો, અને એ દ્વારા જૈન સંઘનું નવીન રૂપે સંગઠન થવું શરૂ થયું.

## સાચા યુગપ્રધાન

આ રીતે એ સમયના જૈન ઇતિહાસનું સિંહાવલોકન કરવાથી જાણી શકાય છે કે વિક્રમની અગિયારમી સદીની શરૂઆતમાં યતિવર્ગમાં, એક રીતે, નૂતન યુગની ઉષાનો આભાસ થવા લાગ્યો હતો; અને એનો પ્રગટ પ્રાદુર્ભાવ જિનેશ્વરસૂરિના ગુરુ વર્ધમાનસૂરિનો ક્ષિતિજ ઉપર ઉદય થવાને લીધે દૃષ્ટિગોચર થયો. જિનેશ્વરસૂરિના જીવનકાર્યે આ યુગપરિવર્તનને સુનિશ્ચિત મૂર્ત સ્વરૂપ આપ્યું ત્યારથી લઈને તે પછીનાં પ્રાયઃ નવસો વર્ષમાં, આ પશ્ચિમ ભારતમાં, જૈનધર્મનો જે સાંપ્રદાયિક અને સામાજિક પ્રવાહ વહેતો રહ્યો એના મૂળમાં જિનેશ્વરસૂરિનું જીવન સૌથી વધુ વિશિષ્ટ પ્રભાવ ધરાવે છે. અને એ દૃષ્ટિએ જિનેશ્વરસૂરિને, એમના પાછળના શિષ્ય–પ્રશિષ્યોએ, 'યુગપ્રધાન' પદથી સંબોધિત કર્યા અને બિરદાવ્યા છે એ સર્વથા સત્ય સ્થિતિનું સૂચક છે.

# જિનેશ્વરસૂરિજીની જીવનકથા

## દેશ, જ્ઞાતિ, પિતા અને નામ

આ પ્રબંધના [પ્રભાવકચરિતમાંના અભયદેવસૂરિપ્રબંધના] કથન પ્રમાણે જિનેશ્વરસૂરિ અને એમના ભાઈ બુદ્ધિસાગરનું જન્મસ્થાન મધ્ય-પ્રદેશ (અને સોમતિલકસૂરિકૃત સમ્યકત્વસપ્તતિકાવૃત્તિમાંની ધનપાલકથામાં સૂચવ્યા મુજબ મધ્યપ્રદેશની પ્રસિદ્ધ નગરી બનારસ) છે. તેઓ જ્ઞાતિએ બ્રાહ્મણ હતા અને એમના પિતાનું નામ કૃષ્ણ હતું. બન્ને ભાઈઓનાં મૂળ નામ અનુક્રમે શ્રીધર અને શ્રીપતિ હતાં.

## ધારાનગરીમાં ગમન

આ બન્ને ભાઈઓ ઘણા બુદ્ધિમાન અને પ્રતિભાશાળી હતા. એમણે વેદવિદ્યામાં ભારે નિપુણતા મેળવી હતી; અને સ્મૃતિ, ઇતિહાસ, પુરાણ વગેરે અન્ય શાસ્ત્રોમાં પણ તેઓ પૂરેપૂરા પ્રવીણ હતા. પોતાનો અભ્યાસ પૂરો કર્યા પછી આ બન્ને ભાઈઓએ, દેશાંતર જોવાની ઇચ્છાથી, પોતાના વતનમાંથી પ્રયાણ કર્યું. એ વખતે માળવાની ધારાનગરીની સમગ્ર ભારતવર્ષમાં ભારે નામના હતી. ભારતીય વિદ્યાઓના મોટા ચાહક અને પ્રખર વિદ્વાન રાજાધિરાજ ભોજદેવ ત્યાંના અધિપતિ હતા. આ બન્ને ભાઈઓ ફરતા ફરતા ધારાનગરી પહોંચ્યા.

## શ્રેષ્ઠી લક્ષ્મીપતિના મહેમાન; શ્રેષ્ઠીની પ્રીતિ

ધારાનગરીમાં લક્ષ્મીપતિ નામે એક મોટો ધનાઢ્ય અને દાનશીલ જૈન ગૃહસ્થ રહેતો હતો. એ પરદેશી વિદ્વાનો અને અતિથિઓને ખૂબ આદરપૂર્વક હમેશાં અન્ન–વસ્ત્ર વગેરેનું દાન કરતો રહેતો હતો. શ્રીધર અને શ્રીપતિ એ બન્ને ભાઈઓ એને ત્યાં પહોંચ્યા. એણે એમની આકૃતિ વગેરે જોઈને ખૂબ ભક્તિપૂર્વક એમને ભોજન વગેરે કરાવ્યું. આ રીતે તેઓ કેટલાક દિવસ સુધી ભોજનને માટે એને ત્યાં જતા રહ્યા અને ત્યાં જે પ્રવૃત્તિ ચાલતી રહેતી એનું નિરીક્ષણ પણ કરતા રહ્યા.

એ શ્રેષ્ઠીનો વેપાર ઘણો બહોળો હતો અને એને ત્યાં રોજ લાખોની લેવડ–દેવડ થતી રહેતી. એ લેવડ–દેવડનો હિસાબ મકાનની સામેની ભીંત ઉપર લખવામાં આવતો હતો.* એનું વારંવાર નિરીક્ષણ કરવાથી એ બન્ને ભાઈઓને એ મોઢે જેવો થઈ ગયો હતો. અકસ્માત્, કમનસીબે, એક દિવસ ત્યાં આગ લાગી ગઈ અને એ મકાન બળી ગયું ! બીજી બધી ચીજોની સાથે જે ભીંત ઉપર દુકાનના હિસાબની નોંધણી કરવામાં આવતી હતી, એ ભીંત પણ બળી ગઈ. શેઠને એથી ખૂબ દુઃખ થયું. લેવડ–દેવડનો હિસાબ નાશ પામવાથી વેપાર સંબંધી કામોમાં અનેક પ્રકારની અડચણો ઊભી થવા લાગી. બીજે દિવસે જ્યારે આ બ્રાહ્મણ ભાઈઓ ફરી એમના મકાને ગયા તો શેઠની એવી દશા જોઈને એમને ખૂબ દુઃખ થયું. શેઠનું ઉદાસ મોં જોઈને તેઓએ એમને કંઈક દિલાસો આપવા માટે ઉપદેશરૂપે બે–એક વેણ કહ્યાં, તો શેઠે કહ્યું કે 'મને આ ધન, અન્ન, વસ્ત્ર વગેરેનો નાશ થવાથી એવો ખેદ નથી થયો, જેવો લેવડ–દેવડનો હિસાબ નાશ થવાથી થયો છે; કારણ કે એને લીધે કેટલાય વ્યવહારિયાઓ સાથે મારે ઝઘડો થશે અને મારી ધાર્મિકતાને ધક્કો પહોંચશે.' ત્યારે એ ભાઈઓએ કહ્યું કે 'એ ભીંત ઉપર જે કંઈ નોંધેલું હતું એ બધુંય અમને અક્ષરેઅક્ષર યાદ છે; જો તમે ઇચ્છો તો એને નોંધી લઈ શકો છો.' આ સાંભળીને શેઠ રાજી રાજી થઈ ગયો, અને એણે એમને સારા આસન ઉપર બેસાડીને એમના મોંએથી એ હિસાબ નોંધી લીધો.........પછી એણે એમનો ખૂબ સત્કાર કર્યો અને પોતાના ઘરની બધી વ્યવસ્થા સાચવનાર તરીકે એમને પોતાના ઘરમાં જ રાખી લીધા.

---

* એ જમાનામાં, આજની જેમ, કાગળના ચોપડાઓ નહોતા, તેથી વેપારીઓ પોતાની રોજેરોજની લેવડ-દેવડનો હિસાબ, જો એ થોડો હોય તો લાકડાની પટ્ટી ઉપર (જે સ્લેટના બદલે ઉપયોગમાં લેવામાં આવતી હતી), અને વધારે હોય તો એ માટે જ તૈયાર કરેલી ભીંત ઉપર પાણી મેળવેલ ખડીથી અથવા સ્યાહીથી લખી લેતા હતા. પછી, ફુરસદે, એને કપડાનાં ટીપણાં ઉપર ઉતારી લેવામાં આવતો.

**વર્ધમાનસૂરિ પાસે દીક્ષા**

એ બન્ને ભાઈઓ જિતેન્દ્રિય અને શાંત સ્વભાવના હતા. તેથી એ શેઠને વિચાર આવ્યો કે આ તો મોટા સાધુપુરુષ બનવાને યોગ્ય છે; તેથી જો મારા ધર્મગુરુ વર્ધમાન આચાર્ય સાથે એમની મુલાકાત થઈ જાય તો બહુ સારું થાય. એમ વિચારીને એક દિવસ શેઠ એ બન્ને ભાઈઓને, એ સમયે ત્યાં પધારેલા, વર્ધમાનસૂરિની પાસે લઈ ગયા. આચાર્યની બ્રહ્મતેજથી દીપતી તપોમૂર્તિ જોઈને શ્રીપતિ અને શ્રીધર ખૂબ પ્રસન્ન થયા; અને એમણે એમને શ્રદ્ધા–ભક્તિ પૂર્વક નમસ્કાર કર્યા. આચાર્ય પણ એ ભાઈઓની ભવ્ય આકૃતિ અને ઉત્તમ લક્ષણોવાળી એમની દેહરચના જોઈને ખૂબ હર્ષિત થયા. કેટલાક દિવસ સુધી આચાર્યશ્રીની પાસે નિરંતર જતાં–આવતાં રહેવાથી અને શાસ્ત્રચર્ચા થતી રહેવાથી એમના મનમાં એમના દીક્ષિત–શિષ્યો બનવાની ભાવના જાગી. અને છેવટે, શેઠની અનુમતિ અને સહાનુભૂતિપૂર્વક, એમણે વર્ધમાનસૂરિની પાસે જૈન યતિપણાની દીક્ષા અંગીકાર કરી લીધી.

આમે એ બન્ને ભાઈઓ મોટા વિદ્વાનો તો હતા જ, જૈન દીક્ષા લીધા પછી થોડા જ વખતમાં તેઓ જૈન શાસ્ત્રોમાં પણ પારંગત બની ગયા. અને કેટલાક વખત પછી આચાર્યે, એમને બધી રીતે યોગ્ય સમજીને, આચાર્ય પદથી વિભૂષિત કર્યા. શ્રીધરનું નામ જિનેશ્વરસૂરિ અને શ્રીપતિનું નામ બુદ્ધિસાગરસૂરિ રાખવામાં આવ્યું.

**અણહિલપુર તરફ વિહાર**

પછી આચાર્યશ્રીએ એમને દેશ–દેશાંતરમાં વિચરીને, પોતાના વિશુદ્ધ ઉપદેશ દ્વારા, જૈનધર્મનો પ્રચાર કરવાની આજ્ઞા આપી. ગુરુએ એમને કહ્યું : 'ગુજરાતની રાજધાની અણહિલપુરમાં ચૈત્યવાસી યતિઓનું ખૂબ જોર છે, અને તેઓ ત્યાં સુવિહિત યતિઓને ન તો આવવા દે છે કે ન તો રહેવા દે છે. તમે બન્ને પ્રભાવશાળી અને પ્રતિભાશાળી સાધુઓ છો, તેથી ત્યાં જઈને તમારા ચારિત્ર અને પાંડિત્યના બળથી ચૈત્યવાસીઓના મિથ્યા અહંકાર અને શિથિલાચારને દૂર કરો.'

**ચૈત્યવાસીઓનું જોર; સોમેશ્વરને ત્યાં વાસ**

ગુરુની આજ્ઞાથી એ બન્ને ભાઈઓ, પોતાના કેટલાક સાથી સાધુઓની સાથે, વિચરતા વિચરતા અણહિલપુર પાટણમાં પહોંચ્યા. શહેરમાં પ્રવેશ કરીને એમણે રહેવાને માટે કેટલાંય ઠેકાણે મકાનની તપાસ કરી, પરંતુ કોઈએ કયાંય જગ્યા ન આપી ત્યારે એમને ગુરુ-મહારાજના કથનની પૂર્ણ પ્રતીતિ થઈ.

એ વખતે ત્યાં ચાલુકય નૃપતિ દુર્લભરાજ રાજ્ય કરતો હતો. એનો ઉપાધ્યાય તેમ જ રાજપુરોહિત ગુરુ સોમેશ્વર દેવ હતો, જે બૃહસ્પતિ જેવો વિદ્વાન અને નીતિનિપુણ રાજપુરુષ હતો. જિનેશ્વર-સૂરિ અને બુદ્ધિસાગરસૂરિ એમના મકાને પહોંચ્યા. એમના દ્વારે ઊભા રહીને એમણે વિશિષ્ટ સંકેતવાળા વેદમંત્રોનું એવા ગંભીર સ્વરે ઉચ્ચા-રણ કર્યું કે એને સાંભળીને રાજપુરોહિત આશ્ચર્યચકિત થઈ ગયો. પુરોહિત એ વખતે પોતાના નિત્યકર્મરૂપ દેવપૂજનમાં રોકાયેલ હતો —વેદમંત્રો સાંભળીને જાણે એ સમાધિમગ્ન થઈ ગયો. એણે પોતાના ભાઈને બોલાવીને કહ્યું કે 'જરા જુઓ તો ખરા, બહાર દરવાજા પર કોણ વેદમંત્ર ઉચ્ચારી રહ્યું છે?' પોતાના ભાઈ દ્વારા એ ભાઈઓનું સ્વરૂપ જાણીને પુરોહિતે ખૂબ આદરપૂર્વક એમને અંદર બોલાવ્યા અને યોગ્ય સ્થાને બેસાર્યા. આશીર્વાદરૂપ કેટલાક શ્લોકોના ઉચ્ચારણ પછી પુરોહિતે એમની સાથે વાતચિત કરી અને કેટલોક શરૂઆતનો વૃત્તાંત સાંભળીને પછી એમને પૂછ્યું કે આપનો ઉતારો કયાં છે? જવાબમાં એમણે કહ્યું કે આ નગરમાં ચૈત્યવાસી યતિઓનું વધારે જોર હોવાને કારણે અમને કોઈ ઊતરવા જગ્યા આપતા નથી; તેથી અમે તમારે ત્યાં આવ્યા છીએ. પુરોહિતે, ખૂબ પ્રસન્નતાપૂર્વક, પોતાના વિશાળ ભવનમાં, જ્યાં વિદ્યાર્થીઓના પઠન–પાઠનની પાઠશાળા હતી, એના એક એકાંત ભાગમાં એમને રહેવાની જગ્યા આપી. પુરોહિતના કેટલાક નોકરોની સાથે ગોચરી માટે જુદાં જુદાં ઘરોમાં જઈને એમણે ત્યાંથી પોતાને ખપતી ગોચરી વહોરી લીધી અને પોતાના સ્થાનમાં

આવીને આહાર કર્યો.

### વિદ્વાનોને સંતોષ

રાજપુરોહિતના મકાને આવા કોઈ અપરિચિત જૈન યતિઓ આવીને રહ્યા છે એ વાત એકદમ આખા નગરમાં ફેલાઈ ગઈ. પહેલાં તો ઘણાય યાજ્ઞિક, સ્માર્ત, દીક્ષિત, અગ્નિહોત્રી વગેરે બ્રાહ્મણ વિદ્વાનો કુતૂહલથી પ્રેરાઈને ત્યાં આવી પહોંચ્યા. એમની સાથે એમણે અનેક પ્રકારની પ્રૌઢ અને ગંભીર શાસ્ત્રચર્ચા કરી, અને એમની આવી અસાધારણ શાસ્ત્રનિપુણતાને જોઈને તેઓ ખૂબ સંતુષ્ટ થયા.

### ચૈત્યવાસીઓની ચાલ્યા જવાની માગણી; પુરોહિતનો જવાબ

એટલામાં નગરના મુખ્ય ચૈત્યવાસી આચાર્યે મોકલેલા કેટલાક માણસો ત્યાં આવી પહોંચ્યા અને એમણે એમને આવેશભર્યા શબ્દોમાં આજ્ઞા કરી કે 'આ શહેરમાં ચૈત્યબાહ્ય શ્વેતાંબરોને રહેવાનો કોઈ હક્ક નથી, માટે તમે અહીંથી જલદી ચાલ્યા જાઓ,' વગેરે વગેરે

એમના આવા અસભ્ય અને ધૃષ્ટતાભર્યા કથનને સાંભળીને રાજપુરોહિતે પોતે જ એમને જવાબ આપ્યો કે 'આનો નિર્ણય તો રાજસભાએ કરવાનો છે, તેથી તમે લોકો ત્યાં પહોંચો.' એમણે જઈ એ પુરોહિતનો આ સંદેશો પોતાના આચાર્યને કહી સંભળાવ્યો.

### રાજસભામાં ચર્ચા અને ચૈત્યવાસીઓની સંમતિ

બીજે દિવસ ચૈત્યવાસી યતિઓ,* પોતપોતાની મુખ્ય મુખ્ય વ્યક્તિઓ સાથે વખતસર રાજસભામાં આવી પહોંચ્યા અને એમણે પુરોહિતના આ કાર્ય પ્રત્યે પોતાનો વિરોધ જાહેર કર્યો. પુરોહિત પણ એ વખતે ત્યાં હાજર જ હતા. એણે કહ્યું, 'મારે ઘેર બે જૈનમુનિઓ આવ્યા, કે જેમને આ મહાન નગરમાં આ જૈનધર્મના અનુયાયીઓએ

---

* ઉપાધ્યાય જિનપાલસંગૃહીત 'સ્વગુરુવાર્તા નામક બૃહત્પટ્ટાવલિ'માં જણાવ્યા મુજબ સૂરાચાર્ય વગેરે ૮૪ આચાર્યો.

ક્યાંય રહેવાની જગ્યા આપી નહીં. આ મુનિઓને ગુણવાન જાણીને મેં એમને મારે ત્યાં રહેવાની સગવડ કરી આપી. આ લોકોએ પોતાના ભટ્ટોને મારે ઘેર મોકલીને આવી જાતનો અસભ્ય વર્તાવ કર્યો, તેથી મહારાજાને મારું નિવેદન છે કે આમાં મેં કંઈ પણ અનુચિત કામ કર્યું હોય તો હું એની સજા ભોગવવા તૈયાર છું.'

રાજાએ બધું સાંભળીને કહ્યું કે 'મારા નગરમાં બીજા દેશમાંથી જે કોઈ ગુણવાન વ્યકિત આવે એને રહેવા ન દેવાનો કે હાંકી કાઢવાનો કોઈને શો હક્ક છે? અને એમના રહેવા માટે જે કોઈ સ્થાન વગેરેની સગવડ કરી આપે તો એમાં એનો દોષ શો છે?

આના જવાબમાં ચૈત્યવાસીઓ તરફથી રાજાને એમ કહેવામાં આવ્યું કે, 'મહારાજ, આપ જાણો છો કે, આ નગરની સ્થાપના ચાવડા (ચાપોત્કટ) વંશના રાજા વનરાજે કરી હતી. બચપણમાં એમનું પાલન–પોષણ પંચાસરના ચૈત્યમાં રહેવાવાળા નાગેન્દ્રગચ્છના દેવચંદ્ર-સૂરિએ કર્યું હતું. વનરાજે જ્યારે આ નવા શહેરની સ્થાપના કરી ત્યારે સૌથી પહેલાં અહીં પાર્શ્વનાથના મંદિરની સ્થાપના કરવામાં આવી અને એનું નામ 'વનરાજવિહાર એવું રાખવામાં આવ્યું. પછી એણે પોતાનું આ મંદિર એમને અર્પણ કરી દીધું અને એમની ખૂબ ભકિત કરી. એ જ વખતે વનરાજે સંઘ સમક્ષ એવી વ્યવસ્થા કરી દીધી કે જેથી ભવિષ્યમાં પરસ્પર મતભેદના કારણે કોઈ કલેશ ઉત્પન્ન ન થાય. એણે એવી વ્યવસ્થા કરી દીધી કે અણહિલપુરમાં એ જ યતિઓ આવીને નિવાસ કરી શકશે કે જેઓ ચૈત્યવાસી યતિજનોને સંમત હોય; બીજાઓને અહીં રહેવા દેવામાં નહીં આવે. આગળના રાજાએ કરેલી વ્યવસ્થાનું પાલન કરવું એ પછીથી થનાર રાજાઓનો ધર્મ છે. તેથી અમારા કહેવામાં કંઈ અનુચિત વાત હોય તો આપ એનો ફેંસલો આપો.'

રાજાએ એના જવાબમાં કહ્યું, 'પહેલાંના રાજાઓએ કરેલી

વ્યસ્થાનું અમે દઢતાપૂર્વક પાલન કરવા ઇચ્છીએ છીએ; પણ સાથે સાથે ગુણવાનોની પૂજાનું ઉલ્લંઘન થાય એમ પણ અમે નથી ઇચ્છતા. આપના જેવા સદાચારનિષ્ઠ પુરુષોના આશીર્વાદથી જ તો રાજાઓના ઐશ્વર્યની અભિવૃદ્ધ થાય છે. અને આ રાજ્ય તો આપનું જ છે, એમાં કોઈ સંદેહ નથી. હવે આ બાબતમાં અમારો આપને એવો અનુરોધ છે કે, અમારી માગણીથી, આપ અત્રે આવેલા આ મુનિઓને અહીં રહેવાની અનુમતિ આપો !'

રાજાની ઇચ્છા મુજબ એ ચૈત્યવાસી આચાર્યોએ એ નવા આવેલા મુનિઓને શહેરમાં રહેવા દેવાની પોતાની સંમતિ દર્શાવી.

### સોમેશ્વરની વિનતિ અને શૈવાચાર્યની ઉદારતા

આ પછી પુરોહિતે રાજાને વિનતિ કરી કે 'આમને રહેવાના સ્થાનની જાહેરાત સ્વયં મહારાજા પોતે જ પોતાના શ્રીમુખે કરી દે, જેથી પછી કોઈને કશું કહેવા–સાંભળવાનું ન રહે.'

એટલામાં 'કૂરસમુદ્ર'નું બિરુદ ધરાવતા રાજગુરુ શૈવાચાર્ય જ્ઞાનદેવ ત્યાં આવી પહોંચ્યા. રાજાએ ઊભા થઈને એમને પ્રણામાદિ કર્યા અને પોતાના જ આસન ઉપર બેસાર્યા. પછી એમને એણે વિનતિ કરી કે, 'આપણા નગરમાં આ જૈન મહર્ષિઓ આવ્યા છે; એમને રહેવાને માટે કોઈ યોગ્ય સ્થાન નથી. જો આપની નજરમાં એવું કોઈ સ્થાન હોય તો જણાવો, કે જે એમનો ઉપાશ્રય બની શકે.'

આ સાંભળીને જ્ઞાનદેવ ખૂબ પ્રસન્ન થયા અને બોલ્યા, 'મહારાજ ! આપ આ રીતે ગુણીજનોની સેવા કરો છો એ જોઈને મને ઘણો હર્ષ થાય છે. શૈવ અને જૈન દર્શન વચ્ચે, વાસ્તવિક રીતે, હું કશો ભેદ નથી માનતો. દર્શનો વચ્ચે ભેદબુદ્ધિ રાખવી એ મિથ્યામતિનું સૂચક છે. 'ત્રિપુરુષપ્રાસાદ'ના અધિકારમાં 'કણહટ્ટી' નામે જે જગ્યા છે એ આમના ઉપાશ્રયને યોગ્ય બની શકે એવી છે; તેથી પુરોહિતજી એ સ્થાનનો ઉપાશ્રય તરીકે ઉપયોગ કરી શકે છે. આમાં મારા કે

બીજાના કોઈ પણ પક્ષવાળા કંઈ પણ વિઘ્ન નાખશે તો હું પોતે એનું નિવારણ કરીશ.'

આમ કહીને એમણે આ કામને પાર પાડવા એક મુખ્ય બ્રાહ્મણને જ નીમ્યો અને થોડા જ વખતમાં ત્યાં એક સારો ઉપાશ્રય બની ગયો.

તે પછી અણહિલપુરમાં સુવિહિત જૈન યતિઓના રહેવાને માટે અનેક વસતિઓ–ઉપાશ્રયો બનવાની પરંપરા શરૂ થઈ ગઈ. મહાપુરુષોએ આરંભેલ કાર્યની વૃદ્ધિ થતી જ રહે છે—એમાં કોઈ સંદેહ નથી.

### અભયદેવસૂરિની દીક્ષા

આ પછી પ્રભાવકચરિતકારના કહેવા મુજબ, જિનેશ્વરસૂરિ વિહાર કરતા કરતા માળવામાં ધારાનગરીમાં પહોંચ્યા અને ત્યાં એમણે મહીધર નામે શ્રેષ્ઠી અને એમની પત્ની ધનદેવીના પુત્ર અભયકુમારને દીક્ષા આપી. અભયકુમારે બહુ જ બુદ્ધિશાળી, અત્યંત તેજસ્વી તેમ જ ક્રિયાનિષ્ઠ યતિપુંગવ તરીકેની ખ્યાતિ મેળવી; તેથી જિનેશ્વરસૂરિએ, પોતાના ગુરુ વર્ધમાનસૂરિની આજ્ઞાથી, એમને આચાર્યપદ અર્પણ કર્યું. [એ જ સુપ્રસિદ્ધ નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ.]........

### જિનેશ્વરસૂરિની સફળતા

આ રીતે અણહિલપુરમાં જિનેશ્વરસૂરિનો પ્રભાવ જામવાથી અને એમને રાજસન્માન મળવાથી એમનો પ્રભાવ બીજાં બીજાં સ્થાનોમાં પણ સારી રીતે ફેલાવા લાગ્યો અને સર્વત્ર એમનું બહુમાન થવા લાગ્યું. ઠેર ઠેર એમના ભક્ત શ્રાવકોની સંખ્યા વધવા લાગી અને એમની *[સાધુઓની]* વસતિ સ્વરૂપ નવાં ધર્મસ્થાનોની સ્થાપના થવા લાગી. ચૈત્યવાસીઓને એમના પ્રત્યે ઉગ્ર વિરોધ હતો તે શાંત થવા લાગ્યો અને એમની દેખાદેખી બીજા પણ કેટલાય ચૈત્યવાસી યતિઓ ક્રિયોદ્ધારના કામમાં જોડાવા લાગ્યા. એમનું પ્રચારક્ષેત્ર વિશેષે કરીને ગુજરાત, માળવા, મેવાડ અને મારવાડ રહ્યું હોય એમ લાગે છે....

**જિનેશ્વરસૂરિનો સમય**

એમના સમયનું સૂચન કરતા કાર્યનો સૌથી પહેલો ઉલ્લેખ દુર્લભરાજના સમયનો છે. ગુજરાતનાં અનેક ઐતિહાસિક પ્રમાણોને આધારે એ નિશ્ચિતરૂપે જાણી શકાય છે કે દુર્લભરાજે વિ. સં. ૧૦૬૬ થી ૧૦૭૮ સુધી ૧૧–૧૨ વર્ષ રાજ્ય કર્યું હતું. તેથી આ વર્ષો દરમ્યાન જ કોઈક સમયે એમનું પાટણ આવવું અને ત્યાં એ વાદ–વિવાદ થયાનું નક્કી થાય છે.

સં. ૧૦૮૦માં તેઓ જાબાલીપુર [ અત્યારનું જાલોર ]માં હતા, અને ત્યાં એમણે હરિભદ્રસૂરિના 'અષ્ટકપ્રકરણ' ઉપર સંસ્કૃતમાં ટીકા રચીને પૂરી કરી હતી. એ જ વખતે ત્યાં એમના નાના ભાઈ બુદ્ધિસાગરસૂરિએ પણ પોતાનો સ્વોપજ્ઞ 'બુદ્ધિસાગર વ્યાકરણ' ગ્રંથ રચીને પૂરો કર્યો હતો. આથી એમ લાગે છે કે બન્ને આચાર્યો જાબાલીપુરમાં વધારે વખત રહ્યા કરતા હશે. આ જાબાલીપુર એમનું એક વિશિષ્ટ કાર્યક્ષેત્ર કે કેન્દ્રસ્થાન જેવું લાગે છે; કેમકે વિ. સં. ૧૦૯૬માં પણ એમણે ત્યાં રહીને જ 'ચૈત્યવંદનટીકા' નામક ગ્રંથની રચના કરી હતી.........

એમના સ્વર્ગવાસના સમયનું સૂચન કરતો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ અમારા જોવામાં નથી આવ્યો; પરંતુ એમના ખૂબ વિખ્યાત શિષ્ય અભયદેવસૂરિએ પોતે રચેલી આગમોની ટીકાઓમાંની સ્થાનાંગ, સમવાયાંગ અને જ્ઞાતાસૂત્રની ટીકાઓ સં. ૧૧૨૦માં પૂરી કરી હતી. આ ટીકાઓને અંતે એમણે ટૂંકમાં જે શબ્દોમાં પોતાના ગુરુનું વર્ણન કર્યું છે, તેથી એમ લાગે છે કે કદાચ એ સમયે જિનેશ્વરસૂરિ હયાત ન હતા; એમનો સ્વર્ગવાસ થઈ ચૂક્યો હતો. તેથી, અમારું અનુમાન છે કે, સં. ૧૧૧૦ અને ૧૧૨૦ની વચ્ચે ક્યારેક તેઓ દિવંગત થયા હોય....

**ગ્રંથરચના**

(૧) પ્રમાલક્ષ્ય, (૨) લીલાવતીકથા, (૩) ષટ્સ્થાનકપ્રકરણ,

(૪) પંચલીંગીપ્રકરણ અને (૫) કથાકોષપ્રકરણ—એ પાંચ ગ્રંથોનો નામ-નિર્દેશ તો......જાણવામાં આવ્યો છે; અને આ પાંચે ગ્રંથોમાંથી, એક લીલાવતીકથાને બાદ કરતાં, ચાર ગ્રંથ તો અત્યારે મળે પણ છે...આ પાંચ ગ્રંથો ઉપરાંત વૃત્તિરૂપ બે ગ્રંથો પણ એમના મળી આવે છે, જેમાં એક તો હરિભદ્રસૂરિકૃત 'અષ્ટકપ્રકરણ'ની વ્યાખ્યા છે; અને બીજો 'ચૈત્યવંદન-વિવરણ' નામે વ્યાખ્યા છે. આ મુખ્ય ગ્રંથો ઉપરાંત કેટલીક પરચૂરણ રચનાઓ 'કુલક', 'સ્તવ' આદિ નામથી પણ ગણાવવામાં આવે છે, પરંતુ એમના સંબંધી કોઈ જાણવા જેવો ઉલ્લેખ અમારા જોવામાં નથી આવ્યો.

(વિ સં. ૨૦૦૫)

'કથાકોષપ્રકરણ' (સિંધી જૈન ગ્રંથમાલા)ની 'કથાકોષપ્રકરણ ઔર જિનેશ્વરસૂરિ' શીર્ષક વિસ્તૃત હિંદી પ્રસ્તાવનામાંથી સંક્ષેપપૂર્વક અનુવાદિત.

# [૮] મહર્ષિ હેમચંદ્રાચાર્ય

**વિક્રમ સંવત** ૧૧૪૫ના કાર્તિકી પૂર્ણિમાને દિવસે, પૂર્વ દિશાનાં જેવાં પૂજનીય દેવી પાહિનીની પવિત્ર કુક્ષિથી, આ મહામુનીન્દ્ર હેમચંદ્રનો જન્મ થયો હતો.

**લોકોત્તર ચંદ્રમાની જેમ શાશ્વત પ્રકાશધારી**

તેઓ સમગ્ર જીવસમૂહને આહ્‌લાદ આપવાવાળા, સાંસારિક વિષયોના આંતરિક દાહથી સંતપ્ત આત્માઓને શાંતિ આપવાવાળા, સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ અલૌકિક રત્નોની ખાણ સમા જૈનધર્મ રૂપી મહાસાગરના પવિત્ર અહિંસા સ્વરૂપ આનંદદાયક તરંગોને વિશ્વભરમાં ફેલાવવાવાળા, ભવ્ય જનરૂપી મનોહર કમળોને વિકસ્વર કરવાવાળા, પોતાની અપૂર્વ જ્ઞાનજ્યોતિથી અજ્ઞાનરૂપી અંધકારથી ઘેરાયેલી ભારતભૂમિને ઉજ્જ્વળ કરવાવાળા અને જેનો પ્રકાશ શાશ્વત કાળને માટે ટકી રહેવાનો છે એવા લોકોત્તર ચંદ્રમા જેવા હતા.

**વિપત્તિનાં વાદળોને દૂર કરનારા**

'જગતમાં જ્યારે જ્યારે ધર્મની વિશેષ હાનિ થવા લાગે છે, ત્યારે ત્યારે એનું રક્ષણ કરવા માટે કોઈ મહાજ્યોતિ—યુગપ્રધાનનો જન્મ અવશ્ય થાય છે'—કુદરતના આ નિયમ મુજબ, જ્યારે જૈનધર્મને વિશેષ ક્ષીણતા લાગુ પડી હતી, આપસઆપસમાં સાંપ્રદાયિક ઝઘડાઓ મૂળ ઘાલી રહ્યા હતા, વિપક્ષીઓ દ્વારા અનેક પ્રકારના પ્રહારો થવા લાગ્યા હતા અને જૈનોનો આત્મસંયમ શિથિલ થઈ જવા લાગ્યો હતો,

ત્યારે સમાજ કોઈક ને કોઈક એવી વ્યક્તિની રાહ જોઈ રહ્યો હતો, જે જૈનધર્મ ઉપર ઘેરાયેલાં આ વિપત્તિરૂપી વાદળોને, પોતાના સામર્થ્યથી, વિખેરી નાખે. સમાજની આ આકાંક્ષાને ભગવાન હેમચંદ્રે પૂરી કરી. પ્રચંડ વેગ ધરાવતા આ મહાન દિવ્ય વાયુની શક્તિથી એ મેઘાડંબર વેરાઈ ગયો !

## દીક્ષા અને વિદ્યાભ્યાસ

આ આત્માને હાથે જૈનધર્મનો મહાન ઉદય થવાનો છે–એમ પોતાના જ્ઞાનબળે જાણીને, ચંદ્ર ગચ્છના મુગટ સમા શ્રી દેવચંદ્રસૂરિએ નવ વર્ષના આ નાનાસરખા બાળકને સંવત ૧૧૫૪માં ચારિત્રરૂપ અમૂલ્ય રત્ન ભેટ આપ્યું હતું.........પૂર્વ જન્મના સુસંસ્કાર અને ક્ષયોપશમની પ્રબળતાને કારણે થોડા વખતમાં જ હેમચંદ્ર મુનિએ બધાં શાસ્ત્રોનું અધ્યયન કરીને પૂર્ણ પાંડિત્ય મેળવી લીધું હતું. સ્મરણશક્તિ અને ધારણાશક્તિ ખૂબ તીવ્ર હોવાને લીધે થોડી મહેનતથી જ એમણે અપાર જ્ઞાન મેળવી લીધું હતું. વિદ્યાની અભિરુચિ ખૂબ તીવ્ર હોવાને લીધે જાણે ભગવતી સરસ્વતી દેવી એમના ઉપર પ્રસન્ન થઈને જાતે જ વરદાન આપવા પધાર્યાં હતાં !

## ઉત્કટ સંયમ અને આચાર્યપદ

તેઓનાં આત્મસંયમ અને ઇન્દ્રિયદમન ખૂબ ઉત્કટ હતાં. આટલી નાની ઉંમરે આવા પ્રકારની વૈરાગ્યભાવના જાગવી, ભારે આશ્ચર્યકારક બીના ગણાય. વિશ્વભરમાં પાળવામાં સૌથી મુશ્કેલ નિયમ બ્રહ્મચર્ય છે. જેનું વર્ણન સાંભળીને રૂંવાડાં ખડાં થઈ જાય, એવું ઘોર તપ અસંખ્ય વર્ષો સુધી તપવાવાળા મોટા મોટા યોગીઓ પણ આ દુષ્કર નિયમની આકરી કસોટીમાં નિષ્ફળ નીવડયાના દાખલા મળે છે. આવા બ્રહ્મચર્યનું હેમચંદ્રમુનિએ કેવું પૂર્ણરૂપે પાલન કર્યું હતું એ વાત આ ચરિત્ર [ મુનિ શ્રી લલિતવિજયજીએ સંકલિત કરેલ હિંદી કુમારપાલચરિત ]માં આવતા પદ્મિનીવાળા ( પૃષ્ઠ પચીસ ) પ્રસંગનું વર્ણન વાંચવાથી સારી

રીતે જાણી શકાય છે. ધન્ય છે એ મહાપુરુષની સત્ત્વશીલતાને, પૂર્ણ બ્રહ્મવૃત્તિને, નિર્વિકાર દૃષ્ટિને અને ઉત્કૃષ્ટ યોગિતાને !........

આ રીતે હેમચંદ્ર મુનિના જ્ઞાનબલ અને ચારિત્રબલની ઉત્કૃષ્ટતાનો પ્રવાહ જૈન સંઘમાં સર્વત્ર ફેલાઈ ગયો. 'હવે જૈન સંઘની વિજય-પતાકા થોડા વખતમાં આખી દુનિયામાં ફરફરવા લાગશે'—એવી આનંદ વાર્તા સંઘમાં પ્રવર્તવા લાગી. સંઘના આગ્રહથી તથા શાસનનો મહિમા વધારવાની દૃષ્ટિએ, ગચ્છાધિપતિ શ્રી દેવચંદ્રસૂરિજીએ, નાગપુરનગરમાં, સંવત ૧૧૬૨માં હેમચંદ્રમુનિ ઉપર આચાર્યપદનો અભિષેક કર્યો......

## સિદ્ધરાજનો સમાગમ અને વિદ્વાનો સાથે ચર્ચા

વિવિધ દેશોમાં વિહાર કરતા અને ઉપદેશામૃતથી અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા હેમચંદ્રસૂરિ અનુક્રમે ગુર્જરદેશની રાજધાની અણ-હિલપુરમાં આવી પહોંચ્યા. એ વખતે ત્યાં પ્રજાવત્સલ મહારાજા સિદ્ધ-રાજ જયસિંહ રાજ્ય કરતા હતા. એમની વિદ્વત્તાની ખ્યાતિ ધીમે ધીમે આખા નગરમાં અને રાજદરબાર સુધી ફેલાઈ ગઈ; એ સાંભળીને મહારાજા પોતે પણ એમનાં દર્શન કરવા ઉત્સુક થઈ ગયા. પ્રસંગવશાત્ એક દિવસ આચાર્યશ્રીનો અને મહારાજાનો સમાગમ થઈ ગયો. એમની સચ્ચરિત્રતા અને વિદ્વત્તાથી રાજા ખૂબ મુગ્ધ થયો. આચાર્યશ્રીએ રાજાની 'આપ કૃપા કરી અહીં રોજ પધારતા રહેશો અને ધર્મોપદેશ આપીને અમને સન્માર્ગ બતાવતા રહેશો'—એવી વિનતિનો, ધર્મની પ્રભાવનાને માટે, સ્વીકાર કર્યો. રાજાની ઇચ્છા મુજબ તેઓ રોજ રાજ્ય-સભામાં જતા રહેતા. ત્યાં અનેક પ્રકારની તત્ત્વચર્ચા થતી રહેતી. અનેક મતોના વિદ્વાનો દેશ-દેશાંતરથી પોતાની વિદ્વત્તાનો પરિચય કરાવવા સારુ સિદ્ધરાજની સભામાં હાજર રહેતા. એ સૌની સાથે હેમચંદ્રાચાર્યનો વાદ-વિવાદ થતો; અને સદા તેઓનો જ વિજય થતો.

## નિષ્પક્ષબુદ્ધિ અને એનો સિદ્ધરાજ ઉપર પ્રભાવ

તેઓનો આત્મા જૈનધર્મના રંગથી પૂરેપૂરો રંગાયેલો હતો.

આર્હતધર્મ ઉપર એમને અવિચળ શ્રદ્ધા હતી. જૈનધર્મનો વિજયનાદ સર્વત્ર પ્રસરાવવાને માટે જો પાતાળમાં પ્રવેશ કરવો પડે તો તેઓ એ માટે પણ તૈયાર હતા! ધર્મ ઉપરની એમની શ્રદ્ધા કંઈ ધાર્મિક મોહને કારણે ન હતી, પણ જૈનધર્મની સત્યતાને કારણે હતી. એક સ્તુતિમાં વીતરાગ મહાવીર પ્રભુની સ્તુતિ કરતાં તેઓ કહે છે કે

न श्रद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रादरुचिः परेषु ।
यथावदाप्तत्वपरीक્ષया च त्वामेव वीर ! प्रभुमाश्रिताः स्मः ॥

અર્થાત્—"હે વીર! કેવળ શ્રદ્ધા—અંધશ્રદ્ધાને લીધે જ અમને તમારા પ્રત્યે પક્ષપાત છે અને કેવળ દ્વેષભાવને લીધે બીજાઓ તરફ અમને અરુચિ—અનાદર છે, એવું નથી; પણ કોણ સાચા આપ્ત પુરુષ છે—કોનું વચન સ્વીકાર કરવા યોગ્ય છે—એની પરીક્ષા કરીને જ અમે તમારા જેવા પ્રભુને શરણે આવ્યા છીએ"………

ઉપર અમે સૂચવ્યું તે પ્રમાણે તેઓની ધાર્મિક શ્રદ્ધા પક્ષપાતપૂર્ણ નહીં પણ તત્ત્વનું અનુસરણ કરનારી હતી. આનો એક પ્રસંગ જુઓ. સિદ્ધરાજે જ્યારે એમને એમ પૂછ્યું છે કે 'દુનિયામાં કયો ધર્મ મોક્ષ અપાવવાવાળો છે?' ત્યારે, એના જવાબમાં, એમણે રાજાને બ્રાહ્મણપુરાણમાં આવતા સંખાખ્યાનનો અધિકાર સંભળાવ્યો અને ધર્મની શોધ માટે જે નિષ્પક્ષપાતભાવ પ્રગટ કર્યો, તે એમના જીવનનો નિષ્કર્ષ દર્શાવતો એક અસાધારણ દાખલો છે. આ પ્રસંગે તેઓના જીવનને ઘણું મહાન પુરવાર કરી દીધું હતું. જો તેઓએ આ પ્રસંગે આવો મધ્યસ્થતાસૂચક જવાબ આપવાને બદલે જે ધર્મ ઉપર પોતાને શ્રદ્ધા હતી એનું જ નામ લીધું હોત તો એમને કોણ રોકવાવાળું હતું? વિદ્વાનોમાં એવો કોણ હતો, જે એમના કથનનું ખંડન કરી શકત? પણ, તેઓ એ સારી રીતે જાણતા હતા કે, જે ભવ્ય અને પક્ષપાતરહિતપણે ધર્મને ચાહનારો હશે એને તો, શોધ કરવાથી, નિઃસંદેહ જૈનધર્મ જ સાચો ધર્મ લાગશે; કારણ કે એમણે પોતે પણ જૈનધર્મનો

સ્વીકાર એની સત્યતાને લીધે જ કર્યો હતો. પ્રો. પીટર્સન આ બાબતમાં લખે છે કે " સિદ્ધરાજને ધર્મ સંબંધી જે શંકાઓ થતી હતી એ માટે એ, બીજા આચાર્યોની જેમ, જૈનાચાર્ય હેમચંદ્રને પણ પૂછતા હતા; અને જ્યારે બીજા આચાર્યો રાજાને સંતોષ થાય એવો જવાબ નહોતા આપી શકતા ત્યારે હેમચંદ્ર, અનેક દૃષ્ટાંતો આપીને, એવો સુંદર જવાબ આપતા કે જેથી સિદ્ધરાજનું મન ખુશ ખુશ થઈ જતું "

એક વાર સિદ્ધરાજના મનમાં એવો સવાલ ઊભો થયો કે ' 'જગતમાં મનુષ્યનું સ્થાન કેવું છે, અને મનુષ્યનો ઉદ્દેશ શો છે, અને તે કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ?" આનો ખુલાસો એમણે જુદા જુદા અનેક આચાર્યો પાસેથી માંગ્યો, પણ કોઈએ સંતોષકારક ખુલાસો ન આપ્યો. બધાએ જવાબ આપતી વખતે પોતાના ધર્મને શ્રેષ્ઠ કહીને બીજા ધર્મોની નિંદા કરી. છેવટે સિદ્ધરાજે નિરાશ થઈને હેમચંદ્રાચાર્ય પાસે એનો ખુલાસો માંગ્યો ત્યારે એમણે એક સરસ દૃષ્ટાંત સંભળાવીને સિદ્ધરાજની શંકાનું નિરાકરણ કર્યું........આ જવાબ સાંભળીને સિદ્ધરાજ ખૂબ રાજી થયો. હેમચંદ્રાચાર્યના આ નિષ્પક્ષપાતપણા ઉપર પ્રો. પીટર્સન પોતે પણ ખૂબ મુગ્ધ હતા.

## સિદ્ધરાજનો સ્વર્ગવાસ, વિહાર અને ગ્રંથરચના

આ પ્રમાણે મહાવિદ્વાન હેમચંદ્રાચાર્યના સહવાસથી સિદ્ધરાજના મનમાં જૈનધર્મ પ્રત્યે ઘણો આદર ઉત્પન્ન થયો હતો.......એ હેમચંદ્રાચાર્ય પ્રત્યે ઘણો આદર ધરાવતો હતો. સિદ્ધહેમશબ્દાનુશાસન નામે મહાન વ્યાકરણની રચના એમણે સિદ્ધરાજના કહેવાથી જ કરી હતી. આ રાજા ઘણો ન્યાયી અને વિદ્યાવિલાસી હતો. ૪૯ વર્ષ સુધી રાજ્યનો ભાર વહન કરીને સંવત ૧૧૯૯માં એણે દેહ તજ્યો......

સિદ્ધરાજના દેહત્યાગ પછી થોડા વખત માટે હેમચંદ્રે પાટણ છોડીને અન્ય પ્રદેશોમાં વિહાર કર્યો. આ વિહાર દરમ્યાન તેઓએ જૈનધર્મની ઘણી પ્રભાવના કરી. હજારો માનવીઓને જૈનધર્મનો સ્વીકાર

કરાવ્યો. પોતાના અનુપમ ઉપદેશથી એમણે પ્રજાજનોને નૈતિક અને ધાર્મિક જીવનનો સન્માર્ગ સમજાવ્યો. કુરસદના વખતમાં એમણે અનેક ગ્રંથોની રચના કરી જૈન સાહિત્યની શોભામાં અસાધારણ વધારો કર્યો અને ભારતની ભાવી પ્રજા ઉપર મોટો ઉપકાર કર્યો.

**કુમારપાલને પ્રતિબોધ : ત્રણ ધર્માજ્ઞાઓ**

સિદ્ધરાજના અવસાન પછી મહારાજા કુમારપાલ દેવ ગુર્જર-ભૂમિના અધિપતિ થયા. કેટલાંક વર્ષો સુધી તો તેઓ રાજ્યમાં સુવ્યવસ્થા સ્થાપવાના અને શત્રુઓનું અભિમાન નાથવાના કામમાં રોકા-યેલા રહ્યા. દિગ્વિજય કરીને એમણે અનેક રાજાઓને પોતાના આજ્ઞા-વર્તી બનાવ્યા, અને રાજ્યની સીમા પણ દૂર દૂર સુધી વધારી. જ્યારે રાજ્ય નિષ્કંટક બની ગયું અને કોઈ જાતનો ઉપદ્રવ ન રહ્યો ત્યારે તેઓ શાંતિથી પ્રજાનું પાલન કરવા લાગ્યા. દેશમાં બધે શાંતિ ફેલાઈ ગઈ અને કળાકૌશલની વૃદ્ધિ થવા લાગી. જ્યારે હેમચંદ્રાચાર્યે આ બધું જાણ્યું ત્યારે એમને ખૂબ પ્રસન્નતા થઈ, એમનું ચિત્ત ખૂબ રાજી થયું.......

રાજ્યપ્રાપ્તિ પહેલાં હેમચંદ્રાચાર્યે કુમારપાલ મહારાજાને અનેક સંકટોથી બચાવ્યા હતા. આથી તેઓ એમના ઉપકારના ભારથી દબાયેલા હતા........કુમારપાલે ઉદયન મંત્રી દ્વારા સૂરીશ્વરને પોતાની પાસે બોલાવીને એમના ચરણોમાં શિર ઝુકાવીને કહ્યું,......" આ રાજ્ય અને એના રાજાના આપ જ સ્વામી છો. આ તન, મન અને ધન આપને અર્પણ છે. આ સેવકની આ નમ્ર પ્રાર્થનાનો સ્વીકાર કરો.'

રાજાનાં આવાં નમ્રતા ભરેલાં વચનો સાંભળીને સૂરીશ્વરજી ખૂબ રાજી થયા.......તેઓ તો ઉત્કૃષ્ટ યોગી, અત્યંત નિઃસ્પૃહી અને મહાદયાળુ હતા; કેવળ પરોપકારને માટે જ એમનું જીવન હતું. એમને ન તો ધનની જરૂર હતી કે ન માનની, ન રાજ્યની ઇચ્છા હતી કે ન પૂજાની; એમને એકમાત્ર અભિલાષા હતી દુનિયાના બધા જીવોને અભયદાન અપાવવાની,

અને પરમાત્મા મહાવીરના પવિત્ર શાસનની ધજાને આ દુનિયામાં ફરફરતી જોવાની. પોતાની આ ભવ્ય ભાવના, બધી ઇચ્છાઓને પૂરી કરવામાં કલ્પવૃક્ષ સમાન મહારાજાધિરાજ કુમારપાલ દેવ દ્વારા પૂરી થઈ શકશે એમ સમજીને એમણે રાજાને કહ્યું :

"રાજન્......જગતમાં અહિંસા અને જૈનધર્મનો પૂર્ણરૂપે ઉત્કર્ષ થયેલો જોવાની અમારી ઝંખના છે. તેથી અમારી ત્રણ આજ્ઞાઓનું પાલન કરો; એથી તમારું અને તમારી પ્રજાનું કલ્યાણ થશે. પહેલાં તો તમારા રાજ્યમાં પ્રાણીમાત્રના વધનો નિષેધ કરીને બધા જીવોને અભયદાન આપો. બીજું, પ્રજાની અધોગતિના મુખ્ય કારણ રૂપ જુગાર, માંસ, દારૂ, શિકાર જેવાં દુર્વ્યસનોનો પ્રતિબંધ કરો. ત્રીજું, પરમાત્મા મહાવીરની પવિત્ર આજ્ઞાઓનું પાલન કરીને એમના સત્ય ધર્મનો પ્રચાર કરો."......મહારાજાએ સૂરિજીના ચરણોમાં ફરી શિર ઝુકાવીને કહ્યું : "ભગવન્, આપની બધી આજ્ઞાઓને હું મસ્તકે ચડાવું છું. આ પવિત્ર આજ્ઞાઓનું ઉત્તમ રીતે પાલન કરવા માટે હું જીવનભર પ્રયત્ન કરતો રહીશ."........

**આજ્ઞાનું પાલન અને બાર વ્રતનો સ્વીકાર**

મહારાજા કુમારપાલે તરત જ ગુરુમહારાજની આજ્ઞાઓનો અમલ કરવાની શરૂઆત કરી. ધીમે ધીમે એમણે પોતાના આખા રાજ્યમાંથી હિંસા રાક્ષસીને દેશવટો આપ્યો.........માનવીની અધોગતિ કરનારાં દુર્વ્યસનોનો પણ બહિષ્કાર કરાવ્યો અને પ્રજા અનીતિનું નામ સાંભળવાનું પણ જાણે ભૂલી ગઈ. મહારાજા હમેશાં સૂરીશ્વરનો ધર્મોપદેશ સાંભળવા લાગ્યા. જૈનધર્મ ઉપરની એમની શ્રદ્ધા દિન–પ્રતિદિન વધતી ગઈ.........થોડા જ વખતમાં એમણે જૈન શાસ્ત્રોએ દર્શાવ્યા મુજબ ઉત્કૃષ્ટ ગૃહસ્થ જીવનનું પાલન કરવા માટે બાર વ્રતરૂપ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. તેઓ અનેક પ્રકારે જૈનધર્મનું પાલન કરવા લાગ્યા....

**'કલિકાળસર્વજ્ઞ', જ્ઞાનના મહાસાગર, સર્વ શાસ્ત્રોના પ્રણેતા**

ભગવાન હેમચંદ્રાચાર્યના જીવનને વિશ્વમાં સદાને માટે ઝળહળતું

**વિદ્વાન શિષ્ય સમુદાય અને વિશાળ અનુયાયીવર્ગ**

સૂરિ ભગવાનનો શિષ્યસમુદાય બહુ વિશાળ અને પ્રભાવશાળી હતો. એમના સાધુસમુદાયમાં પ્રબંધશતકર્તા શ્રી રામચંદ્ર, મહાકવિ શ્રી બાલચંદ્ર, અનેક વિદ્યાઓના જાણકાર શ્રી ગુણચંદ્ર, વિદ્યાવિલાસી શ્રી ઉદયચંદ્ર વગેરે મુખ્ય હતા. શ્રાવકસમુદાયમાં શ્રી કુમારપાળદેવ, મહામાત્ય શ્રી ઉદયન, રાજપિતામહ શ્રી આમ્રભટ, દંડનાયક શ્રી વાગ્ભટ, રાજઘરટ્ટ શ્રી ચાહડ, સોલાક વગેરે અનેક રાજદ્વારી પુરુષો અને પ્રજાના હજારો શ્રીમંતો વગેરે હતા.

**સ્વર્ગવાસ**

આ રીતે સૂરીશ્વરજી, લાંબા વખત સુધી, પોતાના જ્ઞાનપુંજના પવિત્ર પ્રકાશથી ભારતભૂમિને પ્રકાશિત કરતા રહ્યા. પોતાના આયુષ્યની સમાપ્તિનો સમય આવી પહોંચ્યો જાણીને એમણે સમસ્ત શિષ્યસમુદાયને પોતાની પાસે બોલાવ્યો. એમને આત્મિક ઉન્નતિ માટે વિવિધ પ્રકારનાં હિતકર વચનો કહીને અમૃત જેવો ઉપદેશ આપ્યો. એ સાંભળીને મહારાજા કુમારપાળનું હૃદય ભરાઈ આવ્યું. એમને સાંત્વન આપવા માટે સૂરિજીએ અનેક મધુર વચનો કહ્યાં.

અંત સમયે એમણે નિરંજન, નિરાકાર અને સહજાનંદમય પરમાત્માનું પવિત્ર ધ્યાન ધરીને બાહ્ય વાસનાનો ત્યાગ કર્યો. વિશુદ્ધ આત્મપરિણતિમાં રમણ કરતાં, નિર્મળ સમાધિપૂર્વક, દશમા દ્વારથી એમણે પ્રાણત્યાગ કર્યો. સંવત ૧૨૨૯માં આખા સમાજને શોકસાગરમાં મૂકીને કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યરૂપ લોકોત્તર ચંદ્રમા આ ભૂમિ ઉપરથી અસ્ત થયો!......

**પ્રો. પીટરસનની અંજલિ**

એમના ગુણોનું વર્ણન કરતાં પ્રો. પીટરર્સન કરે છે કે "હેમચંદ્ર એક બહુ મોટા આચાર્ય હતા. દુનિયાના કોઈ પણ પદાર્થ ઉપર

## વિદ્વાન શિષ્ય સમુદાય અને વિશાળ અનુયાયીવર્ગ

સૂરિ ભગવાનનો શિષ્યસમુદાય બહુ વિશાળ અને પ્રભાવશાળી હતો. એમના સાધુસમુદાયમાં પ્રબંધશતકર્તા શ્રી રામચંદ્ર, મહાકવિ શ્રી બાલચંદ્ર, અનેક વિદ્યાઓના જાણકાર શ્રી ગુણચંદ્ર, વિદ્યાવિલાસી શ્રી ઉદયચંદ્ર વગેરે મુખ્ય હતા. શ્રાવકસમુદાયમાં શ્રી કુમારપાળદેવ, મહામાત્ય શ્રી ઉદયન, રાજપિતામહ શ્રી આમ્રભટ, દંડનાયક શ્રી વાગ્ભટ, રાજઘરટ્ટ શ્રી ચાહડ, સોલાક વગેરે અનેક રાજદ્વારી પુરુષો અને પ્રજાના હજારો શ્રીમંતો વગેરે હતા.

## સ્વર્ગવાસ

આ રીતે સૂરીશ્વરજી, લાંબા વખત સુધી, પોતાના જ્ઞાનપુંજના પવિત્ર પ્રકાશથી ભારતભૂમિને પ્રકાશિત કરતા રહ્યા. પોતાના આયુષ્યની સમાપ્તિનો સમય આવી પહોંચ્યો જાણીને એમણે સમસ્ત શિષ્યસમુદાયને પોતાની પાસે બોલાવ્યો. એમને આત્મિક ઉન્નતિ માટે વિવિધ પ્રકારનાં હિતકર વચનો કહીને અમૃત જેવો ઉપદેશ આપ્યો. એ સાંભળીને મહારાજા કુમારપાળનું હૃદય ભરાઈ આવ્યું. એમને સાંત્વન આપવા માટે સૂરિજીએ અનેક મધુર વચનો કહ્યાં.

અંત સમયે એમણે નિરંજન, નિરાકાર અને સહજાનંદમય પરમાત્માનું પવિત્ર ધ્યાન ધરીને બાહ્ય વાસનાનો ત્યાગ કર્યો. વિશુદ્ધ આત્મપરિણતિમાં રમણ કરતાં, નિર્મળ સમાધિપૂર્વક, દશમા દ્વારથી એમણે પ્રાણત્યાગ કર્યો. સંવત ૧૨૨૯માં આખા સમાજને શોકસાગરમાં મૂકીને કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યરૂપ લોકોત્તર ચંદ્રમા આ ભૂમિ ઉપરથી અસ્ત થયો!......

## પ્રો. પીટરસનની અંજલિ

એમના ગુણોનું વર્ણન કરતાં પ્રો. પીટર્સન કરે છે કે " હેમચંદ્ર એક બહુ મોટા આચાર્ય હતા. દુનિયાના કોઈ પણ પદાર્થ ઉપર

એમને રજમાત્ર પણ મોહ નહીં હતો. અને એ મહાપુરુષે પોતાની સુદીર્ઘ ઉંમર અને જવાબદારી ભરેલી જિંદગીનો ઉપયોગ કોઈ પણ ખરાબ કામમાં કરવાને બદલે દુનિયાનું ભલું કરવામાં કર્યો હતો. એમણે કરેલાં સત્કૃત્યોને માટે આ દેશની પ્રજાએ એમનો બહુ મોટો ઉપકાર માનવો જોઈએ.'

મુનિ શ્રી લલિતવિજયજી (પાછળથી આચાર્ય વિજયલલિતસૂરિજી) એ હિંદીમાં સંકલિત કરેલ 'કુમારપાલચરિત'ની વિ. સં. ૧૯૭૦ માં લખેલી હિંદી પ્રસ્તાવના: આ પ્રસ્તાવના, સિંઘી જૈન ગ્રંથમાલાના ગ્રંથાંક ૪૧ તરીકે પ્રગટ થયેલ 'કુમારપાલ-ચરિત્રસંગ્રહ'માં ફરી છાપવામાં આવી છે. એ ઉપરથી સંક્ષેપપૂર્વક અનુવાદિત.

## [૯] રાજર્ષિ કુમારપાલ

**મહારાજ કુમારપાલદેવ** આ કલિયુગમાં અદ્વિતીય અને આદર્શ રાજા થઈ ગયા. તેઓ ભારે ન્યાયી, દયાળુ, પરોપકારી, પરાક્રમી અને પૂરા ધર્માત્મા હતા.

**અજોડ વિજેતા અને રાજ્યનો વિસ્તાર કરનાર**

એમનો જન્મ સંવત ૧૧૪૯માં અને રાજ્યાભિષેક સંવત ૧૧૯૯માં થયો હતો. એક પ્રાચીન પટ્ટાવલીમાં રાજ્યાભિષેકની તિથિ માગસર સુદિ ૧૪ લખી છે. રાજ્યપ્રાપ્તિ પછી લગભગ ૧૦ વર્ષ સુધી એમણે પોતાના રાજ્યને સુવ્યવસ્થિત કરવાનો અને એની સીમાઓ વધારવાનો પ્રયત્ન કર્યો. દિગ્વિજય કર્યા પછી એમણે મોટા મોટા રાજાઓને પોતાની આજ્ઞાને આધીન બનાવ્યા. તેઓ એમના સમયના એક અજોડ, વિજેતા અને શૂરવીર રાજવી હતા. એ વખતે ભારતવર્ષમાં એમની બરોબરી કરી શકે તેવો કોઈ રાજા ન હતો. એમનું રાજ્ય ખૂબ વિશાળ હતું.

શ્રી હેમચંદ્રાચાર્યે 'મહાવીરચરિત'માં એમની આજ્ઞાનું પાલન "ઉત્તર દિશામાં તુર્કસ્તાન, પૂર્વમાં ગંગાનદી, દક્ષિણમાં વિંધ્યાચલ અને પશ્ચિમમાં સમુદ્ર પર્યંત"ના દેશોમાં થવાનું લખ્યું છે. પ્રોફેસર મણિલાલ નભુભાઈ દ્વિવેદી લખે છે કે "ગુજરાત એટલે કે અણહિલવાડના રાજ્યની સીમા ખૂબ વિશાળ હતી એમ લાગે છે. દક્ષિણમાં છેક કોલાપુરનો રાજા એમની આજ્ઞા માનતો હતો, અને એમને ભેટ મોકલતો હતો. ઉત્તરમાં કાશ્મીરથી પણ ભેટો આવતી હતી. પૂર્વમાં

ચેદી દેશ તથા યમુના પાર અને ગંગા પારના મગધ દેશ સુધી એમની આજ્ઞા પહોંચી હતી. અને પશ્ચિમમાં સૌરાષ્ટ્ર અને સિંધુ દેશ તથા પંજાબનો પણ કેટલોક ભાગ ગુજરાતને તાબે હતો." 'રાજસ્થાન ઇતિહાસ'ના લેખક કર્નલ ટૉડ સાહેબને ચિત્તોડના કિલ્લામાં, રાણા લખણસિંહના મંદિરમાં, એક શિલાલેખ મળ્યો હતો, જે સંવત ૧૨૦૭નો લખેલો હતો. એમાં મહારાજા કુમારપાલ માટે લખ્યું છે કે "મહારાજા કુમારપાલે પોતાના પ્રબળ પરાક્રમથી બધા શત્રુઓને જેર કરી નાખ્યા હતા; અને એમની આજ્ઞાને પૃથ્વી પરના બધા રાજાઓ પોતાને શિરે ચડાવતા હતા. એમણે શાકંભરીના રાજાને પોતાને ચરણે નમાવ્યો હતો. એમણે પોતે હથિયાર સજીને સપાદલક્ષ દેશ સુધી ચઢાઈ કરીને બધા ગઢપતિઓને નમાવ્યા હતા. સાલપુર (પંજાબ) સુધ્ધાંને એમણે એ જ રીતે વશ કર્યો હતો." (ટૉડકૃત 'વેસ્ટર્ન ઇન્ડિયા') આ બધાં પ્રમાણોથી મહારાજ કુમારપાલના રાજ્યના વિસ્તારનો ખ્યાલ આવી શકે છે. આટલા વિશાળ સામ્રાજ્યને ભોગવવાવાળા રાજાઓ ભારતવર્ષમાં બહુ ઓછા થયા છે.

### પ્રજાના દુઃખ દૂર કરનાર રાજવી

કુમારપાલ પ્રજાનું પુત્રની જેમ પાલન કરતા હતા. પોતાના રાજ્યમાં એક પણ પ્રાણી દુઃખી ન રહે એમ તેઓ ઇચ્છતા હતા. પ્રજા એમને 'રામ'નો જ બીજો અવતાર લેખતી હતી. પ્રજાની સ્થિતિથી માહિતગાર થવાને માટે તેઓ ગુપ્ત વેશે શહેરમાં ફરતા હતા. હેમચંદ્રાચાર્ય કહે છે કે "પ્રજામાં જે લોકો દરિદ્રતા, મૂર્ખતા, મલિનતા વગેરેને કારણે દુઃખી છે તે મારે કારણે કે બીજા કારણે?—એ રીતે બીજાઓનાં દુઃખ જાણવાને માટે રાજા શહેરમાં ફરતો રહેતો હતો." આ રીતે ગુપ્ત નગરચર્યા કરતાં કરતાં મહારાજાની નજરે કોઈ માણસ દુઃખી દેખાતો તો તેઓ તરત જ પોતાને સ્થાને આવીને એનું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરતા. ...આ રીતે એમણે પોતાની પ્રજાને ખૂબ સુખી કરી હતી.

### ધર્મમય જીવન અને સ્વર્ગવાસ

તેઓ જેમ નૈતિક અને સામાજિક બાબતોમાં બીજાઓને માટે આદર્શરૂપ હતા, એ જ રીતે ધાર્મિક બાબતોમાં પણ તેઓ ઉત્કૃષ્ટ ધર્માત્મા, જિતેન્દ્રિય અને જ્ઞાનવાન હતા. જ્યારથી એમને હેમચંદ્રાચાર્યનો સમાગમ થયો ત્યારથી એમનું મન ધર્મ તરફ ઝૂકવા લાગ્યું. તેઓ હમેશાં એમનો ધર્મોપદેશ સાંભળતા. જૈનધર્મ ઉપર એમની શ્રદ્ધા દિવસે દિવસે વધતી અને દૃઢ થતી ગઈ. છેવટે સંવત ૧૨૧૬માં એમણે શુદ્ધ શ્રદ્ધાપૂર્વક જૈનધર્મની ગૃહસ્થ દીક્ષા અંગીકાર કરી—સમ્યકત્વમૂલક બાર વ્રતનો સ્વીકાર કરીને તેઓ પૂર્ણ શ્રાવક બન્યા... એક અંગ્રેજ વિદ્વાન લખે છે કે–" કુમારપાલે જૈનધર્મનું ખૂબ ઉત્કૃષ્ટતા-પૂર્વક પાલન કર્યું અને ગુજરાતના આખા રાજ્યને એક આદર્શ જૈન રાજ્ય બનાવ્યું."

પોતાના ગુરુ હેમચંદ્રના સ્વર્ગવાસ પછી છ મહિને, વિ. સં. ૧૨૩૦માં, ૮૦ વર્ષની ઉંમરે, મહારાજા કુમારપાળ આ અસાર સંસારનો ત્યાગ કરી સ્વર્ગવાસી બન્યા !

મુનિ લલિતવિજયજી ( પછીથી આચાર્ય વિજયલલિતસૂરિજી ) સંકલિત, હિંદી 'કુમારપાલચરિત'ની વિ. સં. ૧૯૭૦ માં લખેલી હિંદી પ્રસ્તાવના, જે સિંઘી જૈન ગ્રંથમાલાના ૪૧મા ગ્રંથ 'કુમારપાલ-ચરિતસંગ્રહ'માં પુનઃ મુદ્રિત થયેલી છે; તેમાંથી સંક્ષેપપૂર્વક અનુવાદિત.

* * *

### સર્વરસપૂર્ણ અસાધારણ જીવન

કુમારપાલ રાજાનું જીવન ગુજરાતના ઇતિહાસમાં એક અનેરું સ્થાન ભોગવે છે. કેવળ ગુજરાતના ઇતિહાસમાં જ નહીં, આખાયે ભારતના ઇતિહાસમાં પણ તેનું વિશિષ્ટત્વ ખાસ જુદું તરી આવે છે. તેનું જીવન એક સાધારણ રાજજીવન જેવું સામાન્ય ન હતું; તેનામાં અનેક અસાધારણતાઓ હતી. મનુષ્યજીવનની ઉચ્ચ–નીચ એવી બધી

દશાઓ તેના જીવન સાથે સંકળાઈ હતી. સુખ અને દુઃખની અનેકવિધ અનુભૂતિઓનો તેના આત્માને સાક્ષાત્કાર થયો હતો. તેનું જીવન એક મહાકાવ્ય જેવું હતું, જેમાં શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત અને શાન્ત એમ નવે રસોનો પરિપાક થયો હતો. માધુર્ય. ઓજસ અને પ્રસાદ એ ત્રણે ગુણો તેની જીવનકવિતામાં ઓતપ્રોત થયા હતા. સુકુલજન્મ, દૈવકોપ, કુટુંબવિયોગ, દેશત્યાગ, સંકટસહન. સાહાય્ય–અસાહાય્ય ક્ષુધા–તૃષા–પીડન. ભીક્ષાયાચન, હર્ષ–શોક–પ્રસંગ, અરણ્યાદિ–પરિભ્રમણ, જીવિતાપત્તિ, રાજ્યપ્રાપ્તિ, યુદ્ધપ્રવૃત્તિ શત્રુસંહાર, વિજયયાત્રા, નીતિ–પ્રવર્તન, ધર્મપાલન, અભ્યુદયારોહણ અને અંતે અનિચ્છિતભાવે મરણ ઇત્યાદિ ઇત્યાદિ એક મહાખ્યાયિકાના વિવિધ વર્ણન માટે આવશ્યક એવી સર્વ રસોત્પાદક સામગ્રી, તેની જીવનાખ્યાયિકામાં અંતર્ગ્રથિત થઈ હતી. કાવ્યમીમાંસકોએ ઉત્તમ કાવ્યની સૃષ્ટિ માટે કાવ્યશાસ્ત્રમાં જે એક ધીરોદાત્ત નાયકની રમ્ય વર્ણના કરેલી છે, તેનો તે યથાર્થ આદર્શ હતો. મનુષ્યજીવનમાં અનુભવાતી અપકર્ષ અને ઉત્કર્ષની ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓનું તેના એ એક જ જીવનમાં વિચિત્ર સમ્મેલન થયું હતું.

## પ્રમાણભૂત ઇતિહાસની પ્રાપ્તિ

તેના એવા એ અસાધારણ જીવનનો પૂર્ણ ઇતિહાસ આપણને ઉપલબ્ધ નથી; જે કાંઈ ઐતિહાસિક સામગ્રી ઉપલબ્ધ છે તે અપૂર્ણ, અસ્તવ્યસ્ત અને થોડીઘણી અતિશયોક્તિવાળી છે. છતાં એ સામગ્રીમાંથી, ગુજરાતના બીજા કોઈ પણ રાજા કરતાં વધારે વિસ્તૃત અને *વધારે પ્રમાણભૂત ઇતિહાસ તેના જીવન માટે ઉપલબ્ધ કરી શકાય છે.* ગુજરાત બહારના પણ બીજા કોઈ તેવા પુરાતન ભારતીય રાજાનો તેટલો વિસ્તૃત જીવનઇતિહાસ ઉપલબ્ધ થવો શક્ય નથી. એ સામગ્રી ઉપરથી તેના કુલ, વંશ, જન્મ, બાલ્યાવસ્થા, યૌવનાવસ્થા. દેશાટન, *સંકટસહન, રાજ્યપ્રાપ્તિ, રાજકારભાર, ધાર્માચરણ વગેરે વગેરે અનેક*

બાબતોની યથાર્થ માહિતી આપણને મળે છે. તેના રાજ્યના પ્રધાન પુરુષો, નામાંકિત પ્રજાજનો, ધર્મગુરુઓ અને વિદ્વાનો આદિ બીજી અનેક વ્યક્તિઓનો પણ ઘણો ઘણો પરિચય એ સામગ્રી દ્વારા આપણે મેળવી શકીએ છીએ. તેણે કરેલાં લોકોપયોગી અને ધર્મોપયોગી કાર્યોનો ઠીક જેવી રૂપરેખા પણ આપણે એમાં જોઈ શકીએ છીએ. હું અહીંયાં એ રૂપરેખાનું કેટલુંક વિશિષ્ટ દર્શન આપને આજે કરાવવા માગું છું.

## હેમચંદ્રાચાર્યે દ્વયાશ્રય અને મહાવીરચરિત્રમાં કરેલું વર્ણન

ઐતિહાસિક દૃષ્ટિએ કુમારપાલના રાજજીવનનું જે રેખાચિત્ર હું અહીં આલેખવા ઇચ્છું છું તેની સામગ્રી પ્રમાણભૂત અને સર્વથા વિશ્વાસપાત્ર છે. એ સામગ્રી મૂકી જનારા પ્રાયઃ કુમારપાલના વધતા યા ઓછા, પણ ખાસ પરિચયમાં આવેલા પુરુષો છે. એમાં જે મુખ્ય સૂત્રધાર છે તે તો ખુદ કુમારપાલના પરમ ગુરુ અને ગુજરાતના સમગ્ર વિદ્વાનોના મુકુટમણિ આચાર્ય હેમચંદ્રાચાર્ય છે. તેમના વ્યક્તિત્વ અને કૃતિત્વ વિષે હવે ઘણું ઘણું કહેવામાં આવ્યું છે તેથી તેનું પુનરાવર્તન કે પિષ્ટપેષણ કરવાની આવશ્યકતા નથી. સંસ્કૃત 'દ્વયાશ્રય' કાવ્યના છેલ્લા પાંચ સર્ગોમાં અને પ્રાકૃત 'દ્વયાશ્રય'ના ૮ સર્ગોમાં એ આચાર્યે કુમારપાલનું કાવ્યમય જીવનચિત્રણ કર્યું છે. હેમચંદ્રનું એ ચિત્રણ કુમારપાલના રાજ્યાભિષેકથી જ શરૂ થાય છે. એમાં અતિહાસિક ઘટનાઓનું સૂચન તો નહીં જેવું જ છે, પણ એના રાજજીવનનું રેખાંકન કરવા માટેની સાધનસામગ્રી સારા પ્રમાણમાં સમાયેલી છે. હેમાચાર્ય કેવળ કવિકલ્પનાનાં આકાશી ચિત્રો નથી આલેખતા; જે દ્વયાશ્રયપદ્ધતિનું એ કાવ્ય છે તેમાં એવાં કલ્પનાચિત્રો દોરવા માટેની મૂળભૂત એવી શબ્દસામગ્રી જ નથી. એ કાવ્યમાં અર્થાનુસારી શબ્દરચના નથી, પરંતુ શબ્દાનુસારી અર્થરચના છે. જે જાતના શબ્દપ્રયોગો વ્યાકરણના ક્રમમાં ચાલ્યા આવ્યા, તે જાતના શબ્દોમાં બંધ બેસે તેવો અર્થ તેમણે કુમારપાલના રાજજીવનના ઇતિહાસમાંથી પોતાના વર્ણન માટે તારવી લીધો અને તેને શ્લોકબદ્ધ કરી દીધો. એટલા જ અંશમાં એ કાવ્યનું

ખાસ કવિત્વ છે. બાકી એનામાં કવિતાની સરસતાની દૃષ્ટિએ કહેવાય તેવી વિશિષ્ટ વિભૂતિ નથી. પણ આપણને તો આપણા પ્રસ્તુત વિષયની દૃષ્ટિએ કાવ્યવિભૂતિ કરતાં આ રુક્ષ શબ્દરચના જ વધારે ઉપયોગી છે.

હેમચંદ્રાચાર્યે કરેલું કુમારપાલ વિષેનું બીજું વર્ણન 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'માંના છેલ્લા મહાવીરચરિત્રમાં છે. એ ચરિત્રની રચના હેમાચાર્યે કુમારપાલની પ્રાર્થનાથી જ કરી હતી અને તે તેમના જીવનની છેલ્લી કૃતિ છે. કુમારપાલે જૈનધર્મનો સ્વીકાર કરી, તેના આચરણરૂપે શું શું કર્યું તેનું બહુ જ ટૂંકુ પણ સારભૂત વર્ણન એ ગ્રંથમાં ગુંફિત કરવામાં આવ્યું છે.

## 'મોહરાજપરાજય'માં યશઃપાલે કરેલું વર્ણન

હેમચંદ્રાચાર્ય પછીની બીજી કૃતિ તે 'મોહરાજપરાજય' નામના નાટકરૂપે છે. એ નાટક, કુમારપાલના ઉત્તરાધિકારી અજયપાલ યા અજયદેવના જ એક રાજ્યાધિકારી મોઢવંશીય મંત્રી યશઃપાલનું બનાવેલું છે. કુમારપાલના મૃત્યુ પછી માત્ર બે-ત્રણ વર્ષની અંદર જ એ નાટક રચવામાં આવ્યું, અને ગુજરાત અને મારવાડની સરહદ ઉપર આવેલા થારાપદ્ર—હાલના થરાદ—નગરના 'કુમારવિહાર' નામના જૈન મંદિરમાં મહાવીર સંબંધી યાત્રામહોત્સવના પ્રસંગે ભજવવામાં આવ્યું. કુમારપાલે જૈનધર્મનો સ્વીકાર કરી, પોતાના રાજ્યમાંથી જીવહિંસા, શિકાર, જુગાર અને મદ્યપાન આદિ જે દુર્વ્યસનોનો રાજાજ્ઞાપૂર્વક નિષેધ કરાવ્યો હતો તે વસ્તુને રૂપક આપી આ નાટકની રચના કરવામાં આવી છે. એ નાટકની સંકલના હૃદયંગમ અને કલ્પના મનોહર છે. એમાં સ્પષ્ટ એવો ઐતિહાસિક ઉલ્લેખ કશોય નથી, પણ ગર્ભિત રૂપે એવા ઉલ્લેખો માટેનું કેટલુંય વિશિષ્ટ સૂચન છે, જે ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી થઈ પડે તેમ છે, અને તે તદ્દન પ્રમાણભૂત ગણી શકાય છે.

## 'કુમારપાલપ્રતિબોધ'માં સોમપ્રભાચાર્યે કરેલ વર્ણન

ત્રીજી કૃતિ તે સોમપ્રભાચાર્યકૃત 'કુમારપાલપ્રતિબોધ' નામે છે.

કુમારપાલના મૃત્યુ પછી ૧૧ વર્ષે, પાટણમાં જ, કુમારપાલના રાજ-કવિ તરીકે ઓળખાતા મહાકવિ સિદ્ધપાલના ધર્મસ્થાનમાં એ ગ્રંથની રચના પૂરી થઈ હતી. ખુદ હેમચંદ્રાચાર્યના જ મહેન્દ્ર, વર્ધમાન અને ગુણચંદ્ર નામના એ ત્રણ પ્રસિદ્ધ શિષ્યોએ એ ગ્રંથને આદ્યંત સાંભળ્યો હતો. આ ગ્રંથ છે તો બહુ મોટો—કોઈ ૧૨ હજાર જેટલા શ્લોકનો—પણ એમાં ઐતિહાસિક વિગત માંડ માંડ ૨૦૦–૨૫૦ શ્લોક જેટલી મળી આવે છે. એ ગ્રંથકારનો ઉદ્દેશ, કુમારપાલનો જીવન-ઇતિહાસ લખવાનો ન હતો, પણ જે જાતની ધર્મકથાઓના બોધ દ્વારા હેમાચાર્યે કુમારપાલને જૈનધર્માભિમુખ બનાવ્યો હતો, તેને અનુલક્ષીને તે જાતની કથાઓનો એક સંગ્રહગ્રંથ બનાવવાનો તેનો પ્રયત્ન હતો અને એ વાતનો સ્પષ્ટ નિર્દેશ ગ્રંથકાર, ગ્રંથની શરૂઆતમાં, કરી પણ દે છે. તે કહે છે કે "આ જમાનામાં હેમચંદ્રસૂરિ અને કુમારપાલ રાજા બંને અસંભવ ચરિત્રવાળા પુરુષો થયા છે. એમણે જૈનધર્મની આવી મહાન પ્રભાવના કરીને કલિયુગમાં સત્યયુગનો અવતાર કર્યો છે. જોકે આ બંને પુરુષોનું જીવનચરિત્ર ઘણી ઘણી રીતે મનોહર છે, પણ હું તો માત્ર અહીં જૈનધર્મના પ્રતિબોધના સંબંધે જ કાંઈક કહેવા ચાહું છું." આ રીતે એ ગ્રંથનો ઉદ્દેશ જુદી જાતનો હોવાથી એમાં આપણે ઐતિ-હાસિક વિગતોની વિશેષ આશા ન રાખી શકીએ; છતાં પ્રસંગવશ એમાં પણ કેટલીક એવી મહત્ત્વની વિગતો મળી આવે છે, જે કુમાર-પાલનું રેખાચિત્ર દોરવામાં કેટલેક અંશે સહાયભૂત થઈ પડે છે.

આ ત્રણે સમકાલીન—અથવા છેવટે જેમણે કુમારપાલના રાજ-કારભારને નજરે તો ચોક્કસ જોયો હતો—એવા પુરુષોનાં લખાણોનો જ મુખ્ય આધાર મેં આજના આ નિબંધમાં લીધો છે. અને કવચિત્ જ્યાં પાછળનાં લખાણોનો આધાર લેવામાં આવ્યો છે તે મૂળ હકીકતને સાધાર બતાવવા પૂરતો જ છે.

**જૈનત્વસ્વીકારની સત્યતા**

કુમારપાલના ધાર્મિક જીવન વિષે આપણા દેશના લોકોમાં—

ઇતિહાસના અભ્યાસી ગણાતા વિદ્વાનોમાંય—એક જાતની અજ્ઞાનતા કે ગેરસમજૂતી રહેલી જોવાય છે. કુમારપાલે હેમચંદ્રાચાર્યના ઉપદેશને અનુસરી જૈનધર્મનો સંપૂર્ણ સ્વીકાર કર્યો હતો અને પોતે પરમાર્હત બન્યો હતો એ સત્ય વસ્તુ કેટલાક સંકીર્ણ માનસવાળા અજૈન વિદ્વાનોને રુચિકર લાગતી નથી અને તેથી તેઓ એ વસ્તુનો અસ્વીકાર કરવા-કરાવવા ભ્રમપૂર્ણ લેખો વગેરે લખતા જોવામાં આવે છે. પરંતુ કુમારપાલના જૈનત્વ વિષેની વાત એટલી જ સાચી છે જેટલી તેના અસ્તિત્વ વિષેની હોઈ શકે છે. એ વિષેની માહિતી આપનારી સામગ્રી એટલી બધી સ્વયંપ્રતિષ્ઠિત છે કે જેની સાબિતી પુરવાર કરવા માટે બીજી કશી સાબિતીની જરૂર રહેતી નથી. યુરોપિયન સ્કૉલરોએ એ વાત ક્યારનીય સિદ્ધ કરી મૂકી છે. પણ આપણા લોકોની ધાર્મિક સંકીર્ણતા ઘણી વખતે આપણને સત્યદર્શન થવા દેતી નથી અને તેથી આપણે અનેક રોગોના ભોગ થઈએ છીએ. કુમારપાલ જૈન હોય તો શું અને શૈવ હોય તો શું—મારા મને તેમાં કશું વિશેષત્વ નથી. મારા મને મહત્ત્વ છે તેના વ્યક્તિત્વનું. સિદ્ધરાજ જૈન બન્યો ન હતો પણ ચુસ્ત શૈવ જ રહ્યો, તેથી સિદ્ધરાજનું મહત્ત્વ જો હું ન સમજી શકું તો મારામાં સારાસારની વિવેકબુદ્ધિનું દેવાળું જ નીકળેલું હું માનું અમુક વ્યક્તિ અમુક ધર્માનુયાયી હતી એટલામાત્રથી જ તેના વ્યક્તિત્વને સમજવાની અને અપનાવવાની જો આપણે બેદરકારી બતાવીએ તો તેથી આપણે આપણી જાતિનું-રાષ્ટ્રીયતાનું જ અહિત કરીએ છીએ. શૈવ હો કે વૈષ્ણવ હો, બૌદ્ધ હો કે જૈન હો—ધર્મથી ગમે તે હો—જેણે જેણે આપણી પ્રજાની ઉન્નતિ અને સંસ્કૃતિમાં જે જે કાંઈ વિશિષ્ટ ફાળો આપ્યો છે, તે બધા જ આપણા ઉત્કર્ષક અને સંસ્કારક પુરુષો આપણી પ્રજાની સંયુક્ત અચળ સંપત્તિ છે............

**ધર્માંતરની સહજતા; કુમારપાળના ધર્માંતરનું સુપરિણામ**

જેમ કોઈ એક પક્ષીને અમુક શાખા અનુકૂળ ન આવે તો, તે તે શાખાને છોડીને બીજી શાખાનો આશ્રય ખોળે છે, તેમ વિચારશીલ

મનુષ્યને પણ જો કોઈ એક ધર્મવિચાર અનુકૂળ ન આવે તો તે ધર્માંતર કરે છે અને પોતાની મનઃસમાધિ મેળવે છે. કુમારપાલે જે ધર્માન્તરનો સ્વીકાર કર્યો હતો તે આવી જ મનઃસમાધિ મેળવવા માટે. સાત્ત્વિકભાવે કરેલો ધર્માંતર એ દોષરૂપ નથી પણ ગુણરૂપ છે. એવા ધર્માંતરથી નવીન બળ અને ઉત્સાહનો સંચાર થાય છે, પ્રજાની માનસિક અને નૈતિક ઉન્નતિ થાય છે. જૈનધર્મનો સ્વીકાર કરીને કુમારપાલે પોતાનું જે અનન્ય કલ્યાણ કર્યું તે, તે બીજી રીતે ન કરી શક્યો હોત. તેના ધર્માંતરે પ્રજાનો પરસ્પરનો ધાર્મિક વિદ્વેષ ઓછો કર્યો અને સામાજિક ઉત્કર્ષ વધાર્યો. અને, ખરી રીતે તો, એ જમાનામાં ધર્માંતર વિષેની જે સંકીર્ણ વિચારશ્રેણી આજે દેખાય છે તેવી હતી જ નહિ. સામાજિક દૃષ્ટિએ ધર્માંતર કશું વિશેષત્વ નહોતું ધરાવતું. જૈન અને શૈવ બંને ધર્મો ગુજરાતનાં અનેક પ્રતિષ્ઠિત કુટુંબોમાં સરખી રીતે પળાતા હતા. કોઈ ઘરમાં પિતા શૈવ હતો તો પુત્ર જૈન હતો અને કોઈ ઘરમાં સાસુ જૈન હતી તો વહુ શૈવ હતી. કોઈ ગૃહસ્થનું પિતૃકુળ જૈન હતું તો માતૃકુળ શૈવ હતું અને કોઈનું માતૃકુળ જૈન હતું તો પિતૃકુળ શૈવ હતું—એમ ગુજરાતનો આખોય વૈશ્યવર્ગ પરસ્પર બંને ધર્માનુયાયી હતો. તેથી આવું ધર્માંતર ગુજરાતના સભ્ય સમાજમાં બહુ જ સામાન્ય હતું.

### રાજ્યકારભારમાં જૈનો અને શૈવોનો સરખો ફાળો

રાજકારભારમાં પણ બંને ધર્માનુયાયીઓનો સરખો દરજ્જો અને સરખો ફાળો હતો. કોઈ વખતે જૈન મહામાત્યના હાથમાં રાજ્યનાં સર્વ સૂત્રો આવતાં, કોઈ વખતે શૈવ મહામાત્યના હાથમાં. પણ એથી કોઈ પણ પ્રકારની રાજનીતિમાં ફેરફાર નહોતો થતો. શૈવોની અને જૈનોની કોઈ જુદી જાતની સમાજરચના ન હતી. સામાજિક વિધિવિધાનો નિયમ પ્રમાણે બધાં બ્રાહ્મણો દ્વારા જ થતાં.........

### સિદ્ધરાજ અને કુમારપાળના ધર્મજીવનનો તફાવત

શૈવધર્મના આદર્શ પ્રતિનિધિ સમો સિદ્ધરાજ પણ જૈન સંબંધોથી

તેટલો જ સંકળાયેલો હતો. સિદ્ધપુરમાં રુદ્રમહાલય સાથે તેણે રાયવિહાર નામનું આદિનાથનું જૈન મંદિર પણ બંધાવ્યું હતું. ગિરનાર પર્વત ઉપર નેમિનાથનું જે મુખ્ય જૈન મંદિર આજે વિદ્યમાન છે, તે પણ સિદ્ધરાજની ઉદારતાનું કાર્ય છે. સોમનાથની યાત્રા સાથે ગિરનાર અને શત્રુંજયનાં જૈન તીર્થોની યાત્રા પણ સિદ્ધરાજે તેવા જ ભાવથી કરી હતી અને શત્રુંજય તીર્થના નિર્વાહ માટે ૧૨ ગામોનું વર્ષાસન બાંધી આપવા તેણે પોતાના મહામાત્ય અશ્વાકને આજ્ઞા કરી હતી. આથી સમજી શકાય છે કે સિદ્ધરાજ કાંઈ જૈનધર્મ સાથે ઓછી મમતા નહોતો ધરાવતો. તેનામાં અને કુમારપાલમાં જે તફાવત હતો તે એ કે સિદ્ધરાજ પોતાના મનમાં શૈવ ધર્મને મુખ્ય માનતો હતો અને જૈન ધર્મને ગૌણ માનતો હતો, ત્યારે કુમારપાલ પોતાના પાછલા જીવનમાં જૈનધર્મને મુખ્ય માનતો થયો હતો. સિદ્ધરાજના ઇષ્ટદેવ આખર સુધી શિવ જ હતા, ત્યારે કુમારપાલના ઇષ્ટદેવ અંતિમ જીવનમાં જિન થયા હતા. તેણે દેવ તરીકે જિનને અને ગુરુ તરીકે આચાર્ય હેમચંદ્રને પોતાના કલ્યાણકારક આપ્તપુરુષ માન્ય હતા, અને અહિંસા પ્રબોધક ધર્મને તેણે પોતાના મોક્ષદાયક ધર્મ તરીકે શ્રદ્ધાપૂર્વક સ્વીકાર્યો હતો; અને એ રીતે તે પોતે જૈનધર્મનો એક આદર્શ પ્રતિનિધિ બન્યો હતો.

**અશોકના જેવું જીવન**

કુમારપાલનું રાજજીવન, ઘણીક રીતે, મૌર્યસમ્રાટ અશોકના રાજજીવન સાથે મળતું આવે છે. રાજગાદી ઉપર આવ્યા પછી જેમ અશોકને અનિચ્છાએ શત્રુ રાજાઓ સાથે લડવાની ફરજ પડી હતી, તેમ કુમારપાલને પણ અનિચ્છાએ જ પ્રતિપક્ષી રાજાઓ સાથે લડવાની ફરજ પડી હતી. અશોકના રાજગાદી પર બેઠા પછી પણ ત્રણેક વર્ષ સુધી તેનું રાજ્ય થાળે નહોતું પડયું, તેમ કુમારપાલનું રાજ્ય પણ ત્રણેક વર્ષ સુધી થાળે નહોતું પડયું. અશોકને જેમ રાજસિંહાસન ઉપર આવ્યા પછી સાત–આઠ વર્ષ સુધી શત્રુઓને વિજિત કરવામાં વ્યગ્ર રહેવું પડયું, તેમ કુમારપાલને પણ એટલો સમય શત્રુઓ સાથે

બાથ ભીડવામાં લાગ્યા રહેવું પડયું હતું. આમ આઠ–દશ વર્ષ સુધી વિગ્રહો ચલાવી શત્રુઓને પરાજિત કર્યા પછી, જીવનના શેષ ભાગમાં, જેમ અશોકે પોતાની પ્રજાની નૈતિક અને સામાજિક ઉન્નતિ થાય તે માટે અનેક રાજાજ્ઞાઓ જાહેર કરી આખાયે રાજ્યમાં શાન્તિ અને આબાદી ફેલાવવાનો પ્રયત્ન કર્યો હતો, તેમ કુમારપાલે પણ તેવો જ પ્રયત્ન આદર્યો હતો. અશોક જેમ પૂર્વાવસ્થામાં શૈવ હતો અને પછી બૌદ્ધ થયો, તેમ કુમારપાલ પણ પ્રથમ શૈવ હતો અને પછી જૈન થયો. જેમ અશોકે બૌદ્ધધર્મનો સ્વીકાર કરી તે ધર્મના પ્રસાર અર્થે પોતાનું સર્વ સાત્ત્વિક સામર્થ્ય ખર્ચ કર્યું, તેમ કુમારપાલે પણ જૈનધર્મનો સ્વીકાર કરી તેના પ્રચાર અર્થે પોતાની સાત્ત્વિક શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કર્યો. અશોકે જેમ બૌદ્ધધર્મપ્રતિપાદિત શિક્ષાપદ આદિ ઉચ્ચ પ્રકારના ધાર્મિક નિયમોનો ભાવુક થઈ સ્વીકાર કર્યો અને તેમ કરી તે પરમ સુગતોપાસક બન્યો, તેમ કુમારપાલે પણ જૈનધર્મમાં ઉપદેશેલા ગૃહસ્થજીવનને આદર્શ બનાવવા માટે આવશ્યક એવા અણુવ્રતાદિ નિયમોનો શ્રદ્ધાળુ થઈ સ્વીકાર કર્યો અને તેથી તે જૈનોમાં પરમાર્હત બન્યો. અશોકે જેમ પ્રજામાંથી દુર્વ્યસનો દૂર થાય તે માટે અનેક ધર્માજ્ઞાઓ જાહેર કરી, તેવી જ રીતે કુમારપાલે પણ પોતાના રાજ્યમાંથી દુર્વ્યસનોના નિવારણ માટે અનેક રાજાજ્ઞાઓ જાહેર કરી. અશોકે જેમ બૌદ્ધધર્મની પૂજા માટે અનેક સ્તૂપો ઊભા કરાવ્યા, તેવી જ રીતે કુમારપાલે પણ જૈનધર્મની પૂજા ખાતર અનેક જૈન વિહારો બંધાવ્યા.

### અપુત્રિયાનું ધન લેવા સામે પ્રતિબંધ

અને એ બધાં ઉપરાંત કુમારપાલે જે એક વિશિષ્ટ પ્રજાહિતકર આદેશ જાહેર કર્યો હતો—કે જે કદાચિત્ અશોકે પણ નહીં કર્યો હોય—તે એ કે પ્રાચીન કાળથી ચાલી આવેલી રાજનીતિ પ્રમાણે નાવારસ [બિનવારસ] મરી જનાર પુરુષની સઘળી સંપત્તિ રાજા લઈ લેતો હતો અને તેના લીધે મરનારનાં સ્ત્રી, માતા, આદિ કુટુંબીજનો અનાથદશાના ભોગ થઈ મૃત્યુ કરતાંયે વધારે કષ્ટકારક વિટંબનાઓનાં ભોગ થતાં હતાં.

અને અનેક અનાથ અબળાઓ આ ક્રૂર રાજનીતિથી પીડિત થઈ જીવતી મૂઆ સમાન થઈ જતી હતી—દાઝ્યા ઉપર ડામ દેવા જેવી એ અતિ નિષ્ઠુર રાજનીતિનો કુમારપાલે પોતાના રાજ્યમાં સર્વથા પ્રતિષેધ કર્યો હતો.

કુમારપાલને આ નીતિની નિષ્ઠુરતાનો કેવી રીતે ભાસ થયો અને કયા કારણે એણે એ નીતિનો બહિષ્કાર કર્યો તેનું વર્ણન હેમાચાર્ય 'દ્વયાશ્રય'માં આ પ્રમાણે કરે છે :

એક રાત્રે રાજા પોતાના મહેલમાં સૂતો હતો ત્યારે દૂરથી એક સ્ત્રીનું બહુ જ કરુણ રુદન તેના કાનને સંભળાયું. રાજા એ હકીકત જાણવા માટે, જાતે રાતના ચોકીદારનાં નીલવર્ણાં વસ્ત્રો પહેરી, મહેલમાંથી બહાર નીકળ્યો અને કોઈ ન જાણે તેવી રીતે ફરતો ફરતો જ્યાંથી એ અવાજ આવતો હતો ત્યાં ગયો. જુએ છે તો એક ઝાડની નીચે એક સ્ત્રી ફાંસો ખાઈ મરી જવાની તૈયારી કરી રહી છે અને રડી રહી છે. રાજા ધીમેથી એની પાસે જઈ મીઠા અને આદર ભરેલા શબ્દોથી શી વાત છે તે પૂછવા લાગ્યો. વિશ્વાસ પામીને સ્ત્રીએ કહ્યું કે 'મારો પતિ યુવાવસ્થામાં પરદેશથી આ શહેરમાં વ્યાપાર કરવા અર્થે આવ્યો હતો અને મને પણ સાથે લાવ્યો હતો. આ સુરાજ્યવાળા શહેરમાં વ્યાપાર કરતાં કરતાં ઘણી મોટી મિલકત મારા પતિએ મેળવી. મને તેનાથી પુત્ર થયો. પાળીપોષીને અમે એ પુત્રને મોટો કર્યો અને ભણાવી-ગણાવીને હુશિયાર કર્યો. યોગ્ય ઉંમરે સારા ખાનદાન કુટુંબની કન્યા સાથે તેનું લગ્ન કરી દીધું. એ મારો પુત્ર વીસ વર્ષની ઉંમરનો થયો ત્યારે તેના પિતા મરી ગયા. પિતાના શોકનો એવો સખત આઘાત લાગ્યો કે જેથી થોડા દિવસ પછી એ પુત્ર પણ સ્વર્ગે ગયો અને તેથી હું અનાથ અને નિરાધાર થઈ પડી! રાજ્યના નિયમ પ્રમાણે હવે મારે બધી સંપત્તિ રાજા લઈ લેશે અને મારું જીવન ધૂળધાણી થઈ જશે; તેથી એ દશા નજરે જોવી પડે તેના પહેલાં જ મરી જવું એ વધારે સારું છે એમ વિચાર કરીને હું હવે મરવા માટે તૈયાર છું.'

રાજા તે સ્ત્રીનું આ બધું કથન સાંભળી મનમાં બહુ વ્યગ્ર થયો અને તેને કેટલુંક આશ્વાસન આપીને જણાવ્યું કે 'માતા! તું તારે ઘેર જા અને આ રીતે આપઘાત કરીને મરીશ નહિ. રાજા તારું ધન નહીં લે એની હું તને ખાતરી આપું છું. તું તારા ધનથી યથેષ્ટ દાનપુણ્ય કર અને તારું કલ્યાણ કર.' એમ કહી રાજા પોતાના મહેલમાં આવ્યો અને સવાર થતાં જ પોતાના મંત્રીઓને બોલાવીને તેણે આજ્ઞા કરી કે મારા આખા રાજ્યમાં એવી આજ્ઞા જાહેર કરી દો કે 'પરાપૂર્વથી ચાલી આવતી રાજ્યની નીતિ પ્રમાણે, મરી ગયેલા નાવારસ માણસની સંપત્તિનો જે અધિકાર રાજસત્તા લઈ લે છે તે નીતિ આજથી બંધ કરવામાં આવે છે. અને આજ પછી કોઈ પણ એવા માણસની કશીય સંપત્તિને રાજના માણસો ન અડકે તેવી રાજાજ્ઞા જાહેર કરવામાં આવે છે.' રાજાની આજ્ઞા પ્રમાણે મંત્રીઓએ આખા રાજ્યમાં તેવું આજ્ઞાપત્ર જાહેર કર્યું અને એ રીતે લેવાતું મૃતકધન બંધ કર્યું. પ્રબંધકારોના જણાવ્યા પ્રમાણે રાજ્યના ખજાનામાં આ જાતના ધનથી દરવર્ષે એક કરોડ રૂપિયાની આવક થતી હતી, પણ રાજાએ તેનો જરાય લોભ ન કરતાં એ અધમતમ અને પ્રજાપીડક નીતિનો સદંતર પ્રતિબંધ કર્યો.....

આ રીતે મૃત–સ્વ–મોચનનું પ્રજાહિતકર કાર્ય કરીને કુમારપાલ સતયુગમાં થઈ ગયેલા રઘુ, નઘુષ, નાભાક અને ભરત આદિ પરમ ધાર્મિક રાજાઓ પણ જે કીર્તિ નહોતા મેળવી શકયા તેવી કીર્તિ મેળવવા ભાગ્યશાળી થયો.

## કુમારપાળના ગુણો અને એનાં તથા સિદ્ધરાજનાં કાર્યો

ગુજરાતનો એ સૌથી વધારે આદર્શ રાજા હતો. એ જેવો વીર હતો તેવો જ સંયત હતો. જેવો નીતિનિપુણ હતો તેવો જ ધર્મ-પરાયણ હતો. જેવો દુર્ધર્ષ હતો તેવો જ સૌમ્ય પણ હતો. એનામાં અનુભવજ્ઞાનની જેટલી વિશાલતા હતી તેટલી જ તાત્વિક બુદ્ધિની પણ

ગંભીરતા હતી. એ જેવો ત્યાગી હતો તેવો જ મિતવ્યયી પણ હતો. જેવો પરાક્રમી હતો તેવો ક્ષમાવાન હતો. ગુજરાતના સામ્રાજ્યના સર્વોત્કૃષ્ટ પ્રભુતાવાળા રાજા બે જ : સિદ્ધરાજ અને કુમારપાલ. બંનેના પરાક્રમ અને કૌશલથી ગુજરાતનું ગૌરવ ચરમ શિખરે પહોંચ્યું. પ્રબંધકારો કહે છે કે સિદ્ધરાજમાં ૯૮ ગુણ હતા અને બે દોષ હતા; કુમારપાલમાં ૯૮ દોષ હતા અને બે ગુણ હતા, છતાં તેમાં કુમારપાલ શ્રેષ્ઠ હતો. સિદ્ધરાજે ગુજરાતના નાગરિકોના નિવાસ માટે મહાસ્થાનો વસાવ્યાં, તો કુમારપાલે મહાસ્થાનોના સંરક્ષણ માટે દૃઢ પરકોટાઓ બંધાવ્યા. સિદ્ધરાજે ગુજરાતના પરાક્રમને ગજવનારી મહાયાત્રાઓ કરી, તો કુમારપાલે એ યાત્રાઓને અમરતાના ઉલ્લેખોથી અંકિત કરવા માટે એની મહાપ્રશસ્તિઓ રચાવી. સિદ્ધરાજે ગુજરાતના ગૌરવધામ ગિરિવર ઉપર મહાતીર્થની સ્થાપના કરી, તો કુમારપાલે ગુજરાતના આબાલવૃદ્ધોને એ પુણ્યતીર્થની દુર્લભ યાત્રા સદા સુલભ થયા તે અર્થે ગિરિવર પર ચઢવા માટે સુગમ પદ્યાઓ કરાવી. આવી રીતે સિદ્ધરાજે જો ગુજરાતની અસ્મિતાના મહાલયો બંધાવ્યા તો કુમારપાલે તેમના પર સુવર્ણકળશ અને ધ્વજદંડ ચઢાવી તેમને સુપ્રતિષ્ઠિત બનાવ્યા.

**ધર્મસહિષ્ણુતાનો ઉચ્ચ આદર્શ**

ગુજરાતની ગરિમાનો કુમારપાળ ખરેખર ગુરુશિખર હતો. એના સમયમાં ગુજરાતીઓ વિદ્યામાં અને વિભુતામાં, શૌર્યમાં અને સામર્થ્યમાં, સમૃદ્ધિમાં અને સદાચારમાં, ધર્મમાં અને કર્મમાં ઉત્કર્ષના ઉચ્ચતમ શિખરે પહોંચ્યા હતા. એના રાજ્યમાં, પ્રકૃતિકાતર વૈશ્યો પણ મોટા સેનાપતિઓ થયા, દ્રવ્યલોલુપ વણિગ્જનો પણ મહાકવિઓ થયા, અને ઈર્ષાપરાયણ બ્રાહ્મણો તથા નિન્દાપરાયણ શ્રમણો પણ પરસ્પર મિત્રો થયા; વ્યસનાસકત ક્ષત્રિયો પણ સંયમી સાધકો થયા અને હીનાચારી શૂદ્રો પણ સારી પેઠે ધર્મશીલ થયા. રાજાએ વિશિષ્ટ ઉત્સાહપૂર્વક ધર્માંતર સ્વીકાર્યા છતાં ધાર્મિક સહિષ્ણુતા જેટલી એના રાજ્યમાં જોવામાં આવતી હતી તેટલી બીજા કોઈનાયે રાજ્યમાં નહિ. ભારતના પુરાતન

ઇતિહાસમાં કદાચિત્ એ એક જ પહેલો અને છેલ્લો દાખલો હશે કે જેમાં હેમચંદ્ર જેવો જૈનધર્મનો સૌથી મહાન આચાર્ય શિવમંદિરમાં જઈ, શ્રદ્ધાળુ શૈવની માફક—

यत्र तत्र समये यथा तथा योऽसि सोऽस्य मिधया यया तया।
वीतदोषकलुषः स चेद् भवान् एक एव भगवन्नमोऽस्तु ते ॥

આવી અદ્‌ભુત કલ્પના અને અનુપમ રચના દ્વારા શિવની સ્તુતિ કરે છે; તથા ગંડ બૃહસ્પતિ જેવો મહાન શૈવ મઠાધીશ જૈન આચાર્યના ચરણમાં વંદના કરી—

चतुर्मासीमासीत्तव पदयुगं नाथ निकषा-
कषायप्रध्वंसाद् विकृतिपरिहारव्रतमिदम्।
इदानीमुद्‌भिद्यन्निजचरणनिर्लोठितकले-
र्जलक्लिन्नैरन्नैर्मुनितिलक वृत्तिर्भवतु मे ॥

આવી સ્તુતિ દ્વારા, એક સુશિષ્યની જેમ, અનુગ્રહની યાચના કરે છે.

ઇતિહાસના સેંકડો પ્રબંધો તપાસતાં, તેમાં માત્ર આ એક જ એવો રાજા જડી આવે છે કે જે કુલપરંપરાપ્રાપ્ત 'ઉમાપતિવરલબ્ધ-પ્રૌઢપ્રતાપ' બિરુદમાં અભિમાન ધારણ કરતો છતાં પણ સ્વરુચિસ્વીકૃત 'પરમાર્હત' બિરુદથી પોતાને કૃતકૃત્ય માને છે. જે ભાવ અને આદરથી એ સોમેશ્વરના પુણ્યધામનો જીર્ણોદ્ધાર કરાવે છે, તે જ ભાવ અને આદરથી તેની જ પડોશમાં પાર્શ્વનાથનું જૈન ચૈત્ય પણ એ પ્રતિષ્ઠિત કરાવે છે. ગુજરાતની ગર્વોન્નત રાજધાની અણહિલપુરમાં કુમારપાલ શંભુનાથના નિવાસ માટે કુમારપાલેશ્વર અને પાર્શ્વનાથના નિવાસ માટે કુમારવિહાર એમ બે મંદિરો પાસે પાસે બંધાવે છે. ધાર્મિક સહિષ્ણુતાના આદર્શનું આના કરતાં વધારે આકર્ષક ઉદાહરણ બીજું મળવું મુશ્કેલ છે.

**ધર્મમય આદર્શ જૈન જીવન : પરમાર્હત**

કુમારપાલ સ્વભાવથી જ ધાર્મિક વૃત્તિવાળો હતો. તેથી તેનામાં દયા, કરુણા, પરોપકાર, નીતિ, સદાચાર અને સંયમની વૃત્તિઓનો વિકાસ ઊંચા પ્રકારનો થયો હતો.........કુમારપાલને પોતાના પૂર્વજોના ઉત્તમ ગુણોનો અમૂલ્ય વારસો મળ્યો હતો અને તેથી તે છેવટે હેમચંદ્ર જેવા મહાન સાધુપુરુષના સત્સંસર્ગથી ગુજરાતના ઇતિહાસમાં ધર્માત્મા રાજર્ષિની લોકોત્તર પદવીના મહાન યશનો ઉપભોકતા થયો. હેમચંદ્રસૂરિએ તેના એ યશને અમર કરવા માટે 'અભિધાનચિંતામણિ' જેવા પ્રમાણભૂત શબ્દકોશના સુપ્રસિદ્ધ ગ્રંથમાં તેના માટે—

कुमारपालश्चौलुक्यो राजर्षिः परमार्हतः ।
मृतस्वमोक्ता धर्मात्मा मारिव्यसनवारकः ॥

આવાં ઉપનામો ગ્રથિત કરી સાર્વજનીન સંસ્કૃત વાઙ્મયમાં તેના નામને શાશ્વત સ્થાન આપ્યું છે.

એમાં શંકાને જરાયે સ્થાન નથી કે કુમારપાલ અંતિમ જીવનમાં એક પરમ જૈન રાજા હતો. તેણે જૈનધર્મપ્રતિપાદિત ઉપાસક એટલે ગૃહસ્થ–શ્રાવકધર્મનું ઘણી ઉત્કટતાપૂર્વક આચરણ કર્યું હતું. ઐતિહાસિક કાળમાં કુમારપાલ જેવો બીજો કોઈ પણ રાજા જૈનધર્મનો ચુસ્ત અનુયાયી થયો હોય તેની મને શંકા છે.......તેણે સ્વીકારેલાં એ દ્વાદશ જૈન વ્રતોનું સવિસ્તર વર્ણન જૈન પ્રબંધોમાં કેટલીક વિગતો સાથે આપવામાં આવ્યું છે. વિગતોમાંની કેટલીક અતિશયોક્તિ ભરેલી હોઈ શકે, પરંતુ મૂળ હકીકત મિથ્યા નથી એટલી વાત તો ચોક્કસ રીતે કહી શકાય તેમ છે. અને જે વાત ખુદ હેમચંદ્ર પોતે જ જણાવે છે તેમાં તો મિથ્યાપણાને અવકાશ જ શી રીતે હોય? મંત્રી યશઃપાલ અને સોમપ્રભાચાર્યની જે કૃતિઓનો પરિચય મેં ઉપર આપ્યો છે, તેમાંનાં વર્ણનો પરથી જણાય છે કે કુમારપાલે વિક્રમ સંવત ૧૨૧૬માં

હેમચંદ્રાચાર્ય પાસે સકલ જન સમક્ષ જૈનધર્મની ગૃહસ્થદીક્ષા સ્વીકારી હતી. એ દીક્ષા સ્વીકારતી વખતે એણે મુખ્યપણે આવી પ્રતિજ્ઞાઓ લીધી હતી—રાજ્યરક્ષા નિમિત્તે કરવા પડતા યુદ્ધ સિવાય યાવજ્જીવન કોઈ પણ પશુ–પ્રાણીની હિંસા ન કરવી; મૃગાદિનો શિકાર ન કરવો; મદ્ય અને માંસનું સેવન ન કરવું; પરિણીત પત્ની સિવાય અન્ય કોઈ સ્ત્રી સાથે કામાચાર ન સેવવો; દરરોજ જિનપ્રતિમાની પૂજા-અર્ચા કરવી અને હેમચંદ્રાચાર્યનું પાદવંદન કરવું; અષ્ટમી અને ચતુર્દશીના દિવસે સામાયિક અને પૌષધ આદિ વિશેષ વ્રતનું પાલન કરવું; રાત્રિએ ભોજન ન કરવું; ઇત્યાદિ ઇત્યાદિ.

## જીવહિંસાનો પ્રતિબંધ : અમારિ-પ્રવર્તન

આવી જાતની પ્રતિજ્ઞાઓ જાતે લઈને પછી એણે પોતાના રાજ્યમાં, બીજા બીજા લોકો પણ પોતે સ્વીકારેલા ધર્મના કેટલાક મોટા નિયમોનું પાલન કરે તે માટે, તેવી કેટલીક રાજાજ્ઞાઓ પણ બહાર પાડી. તેમાં સૌથી મુખ્ય આજ્ઞા હતી જીવહિંસાપ્રતિબંધ વિષેની. આપણા દેશમાં ઘણા પ્રાચીન કાળથી બે કારણે જીવહિંસા થતી આવે છે : એક તો ધર્મના નિમિત્તે એટલે યજ્ઞયાગાદિ ધાર્મિક કર્મકાંડ અને દેવી–દેવતાઓની બલિપૂજા નિમિત્તે; અને બીજી, ખોરાક નિમિત્તે. કુમારપાલે એ બંને પ્રકારની જીવહિંસાનો નિષેધ કરવા માટે રાજાજ્ઞા જાહેર કરી. હેમચંદ્રાચાર્યના 'દ્વયાશ્રય' કાવ્યમાંના વર્ણન ઉપરથી જણાય છે કે માંસાહાર માટે થતી જીવહિંસાનો નિષેધ તો કુમારપાલે, કદાચિત્, શ્રાવકધર્મનાં વ્રતો લીધા પહેલાં જ જાહેર કરી દીધો હતો.

શાકંભરીના ચાહમાન રાજા અર્ણોરાજ અને માલવાના પરમાર રાજા બલ્લાલદેવનો પરાજય કર્યા પછી એક દિવસે કુમારપાલે રસ્તામાં કોઈ દીન–દરિદ્ર દેખાતા ગામડિયા માણસને બકરાં આદિ બેચાર પશુઓને કસાઈખાને તાણી જતો જોઈ, તેની સાથે તે વિષેની કેટલીક પૂછપરછ કરી; અને, તે વસ્તુસ્થિતિની જાણ થતાં, એ પામર મનુષ્યની

અને પશુઓની દશા જોઈ રાજાના મનમાં, બોધિસત્ત્વની જેમ, કરુણાભાવ ઉત્પન્ન થયો. તેના મનમાં વિચાર આવ્યો કે દુષ્ટ જાતિવાળા અને કૂતરા જેવા, ધર્મવિમુખ આ લોકો પોતાના નઠારા પેટ માટે જે આવાં પ્રાણીઓના જીવ લે છે, તેમાં ખરેખર શાસન કરનારનો જ દુર્વિવેક છે. કારણ કે જેવા રાજાના ગુણ તેવા જ લોકોના ગુણ થાય છે. મને ધિક્કાર છે કે હું માત્ર મારા શરીર માટે જ પ્રજા પાસેથી કર લઉં છું, પણ પ્રજાના રક્ષણ માટે નહિ—ઇત્યાદિ વિચાર કરી તેણે પોતાના અધિકારીઓને આજ્ઞા કરી કે મારા રાજ્યમાં જો કોઈ પણ જીવહિંસા કરે તો તેને ચોર અને વ્યભિચારી કરતાં પણ વધારે સખ્ત શિક્ષા કરવી.......

કુમારપાલની આવી અમારિપ્રિય વૃત્તિ જોઈ ને તેના પડોશી અને ખંડિયા રાજાઓએ પણ અમારિપ્રવર્તનની ઉદ્‌ઘોષણા કરનારાં કેટલાંક શાસનો જાહેર કર્યાં હતાં, જેનાં પ્રમાણસૂચક કેટલાક શિલાલેખો ઠેઠ મારવાડની પેલી સરહદ ઉપરથી મળી આવ્યા છે. કુમારપાલની જ આવી અહિંસાપ્રવર્તક નીતિનું એ પરિણામ છે.

## ગુજરાતની અહિંસાનું એક સુપરિણામ: ગાંધીજીનો જન્મ

વર્તમાન સમયમાં જગતમાં સૌથી વધારે અહિંસક પ્રજા ગુજરાતની પ્રજા છે અને સૌથી વધારે અહિંસાધર્મનું પાલન ગુજરાતમાં થાય છે. હિંસક યજ્ઞયાગ પ્રાયઃ ત્યારથી જ બંધ થયેલા છે અને દેવીદેવતાઓની આગળ થતો પશુવધ પણ, બીજા દેશોની તુલનામાં, ગુજરાતમાં ઘણો ઓછો છે. ગુજરાતનો પ્રાયઃ સઘળોય શિષ્ટ અને ઉચ્ચ પ્રજાવર્ગ ચુસ્ત નિરામિષભોજી છે. ગુજરાતનો પ્રધાન ખેડૂતસમૂહ પણ માંસત્યાગી છે. ભલે અતિશયોક્તિ ગણાય અને તેનો ઉપહાસ પણ થાય, છતાં મને કહેવાનું મન થાય છે કે, ગુજરાતના એ જ પુણ્યમય વારસાના પ્રતાપે ગુજરાતે જગતના સૌથી શ્રેષ્ઠ અહિંસામૂર્તિ મહાત્માને જન્મ આપવાનું આજે અદ્વિતીય ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

## મદ્યપાન અને જુગારનો નિષેધ

જીવહિંસા સાથે બીજી જે પાપકર પ્રવૃત્તિઓનો કુમારપાલે પોતાની પ્રજામાંથી નિષેધ કરાવ્યો તેમાં મુખ્ય હતી મદ્યપાનની પ્રવૃત્તિ. મદ્ય એ મનુષ્ય જાતિનો મોટો શત્રુ છે એ સૌકોઈ જાણે છે. મદ્યની સાથે શિકાર, જુગાર, વ્યભિચાર અને તેવા બીજા અનેક અનાચારોનો ઘનિષ્ઠ સંબંધ છે. મદ્યના કારણે જગતમાં ઘણાં ઘણાં અનર્થો થયા છે અને થાય છે.......મદ્યની આવી માઠી અસરને લક્ષ્યમાં લઈને મધ્ય-કાળના કેટલાક મુસલમાન સમ્રાટોએ પણ તેના પાનનો જે તીવ્ર નિષેધ કર્યો હતો, તે ઇતિહાસના અભ્યાસીઓને અપરિચિત નથી........ પ્રબંધગત પ્રમાણોના વર્ણન ઉપરથી જણાય છે કે, કુમારપાલ જૈન-ધર્માનુયાયી થયો તે પહેલાં માંસહાર તો તે કરતો હતો, પરંતુ મદ્યપાન તરફ તેનો ઠેઠથી તિરસ્કાર હતો. ઘણું કરીને એના કુલમાં જ એ વસ્તુ ત્યાજ્ય મનાતી હતી. હેમચંદ્રના 'યોગશાસ્ત્ર'માં આવેલા એ ઉલ્લેખ ઉપરથી જણાય છે કે ચૌલુક્યોના કુલમાં મદ્યપાન નિન્દ્ય ગણાતું હતું—જેમ બ્રાહ્મણ જાતિમાં ગણાતું તેમ.......

મદ્યપાનના નિષેધની સાથે જુગાર ખેલવાની મનાઈ પણ કુમારપાલે તેટલી જ સખ્તાઈથી જાહેર કરી હતી. જુગારના લીધે પાંડવો જેવા-ઓને પણ કેવી કષ્ટાવસ્થા ભોગવવી પડી હતી તેમ જ નળ જેવા રાજા ઉપર પણ કેવી આપત્તિ આવી પડી હતી—એ વગેરેની કથાઓ કુમારપાલે હેમચંદ્રસૂરિ પાસેથી ઘણી વાર સાંભળી હતી અને પોતાના આસપાસના લોકોમાં પણ એણે જુગારની ખૂબ જ બદી ફેલાયેલી જોઈ હતી.......જુગારને લઈને જુગારીઓમાં અનેક પ્રકારના ભયંકર કલહો ઊભા થતા, મારામારીઓ થતી અને તેવા બીજા પ્રકારના અશ્લીલ દેખાવો થતા. કુમારપાલને આ વસ્તુસ્થિતિનું ચોક્કસ ભાન થયું હતું અને તેથી એનાં આવાં દુષ્પરિણામોથી પ્રજાને બચાવવા માટે એના નિષેધનો તેણે રાજાદેશ જાહેર કર્યો હતો.......

આ પ્રમાણે, કુમારપાલે, જૈનધર્મમાં દીક્ષિત થઈ, તેના સિદ્ધાન્તો પ્રમાણે કેટલાક મોટા ધાર્મિક અને નૈતિક નિયમો જાહેર કર્યા હતા અને એ નિયમોનું પાલન પ્રજા બરાબર કરે તે માટે તેણે પૂરેપૂરી સાવચેતી પણ રાખી હતી. હેમચંદ્રાચાર્ય કહે છે કે તેના અહિંસાના આદેશને અનુસરીને અંત્યજો જેવા પણ જૂ-માંકણ સુધ્ધાંની હત્યા નહોતા કરતા. એ કથનમાં ભલે કાંઈક અતિશયોક્તિ હશે, પણ રાજા એ બાબતમાં પૂરેપૂરો સતર્ક હતો એમાં તો જરાયે શંકા નથી. 'પ્રબંધ-ચિંતામણિ' અને તેવા બીજા પ્રબંધોમાં જે એક યૂકાવિહાર મંદિર બંધાયાનો ઇતિહાસ મળી આવે છે તેનાથી આ હકીકતને ચોક્કસ પુષ્ટિ મળે છે.

### દેવમંદિરોની સ્થાપના અને તીર્થયાત્રા

કુમારપાલે આ રીતે નૈતિક કાર્યો કરવા ઉપરાંત જૈનધર્મનો પ્રચાર અને પ્રભાવ વધારવા અર્થે તેણે ઠેકઠેકાણે સેંકડો જૈન મંદિરો બાંધ્યાં–બંધાવ્યાં હતાં. શત્રુંજય અને ગિરનાર જેવા જૈન તીર્થોની, રાજશાહી ઠાઠ સાથે મોટા સંઘો કાઢી, તેણે યાત્રા કરી હતી અને રાજધાનીમાં દર વર્ષ તે મોટા મોટા જૈન મહોત્સવો ઊજવતો હતો અને બીજા શહેરોમાં પણ તેવા મહોત્સવો ઊજવવાની તે પ્રેરણા કરતો હતો.

### કાર્યપરાયણ અને ધર્મપરાયણ જીવનચર્યા

તે રાજકાજ બહુ જ નિયમિત રીતે જોતો. તેની દિનચર્યા બરાબર વ્યવસ્થિત હતી. વિલાસ કે વ્યસનને તેના જીવનમાં સ્થાન જ ન હતું. તે બહુ જ દયાળુ અને ન્યાયપરાયણ હતો. તે અંતરથી ખરેખરો મુમુક્ષુ હતો અને ઐહિક કામનાઓથી તેનું મન ઉપશાંત થયું હતું. રાજધર્મ છે એમ જાણીને તે રાજની સર્વ પ્રવૃત્તિ કાળજી-પૂર્વક જોતો, પણ તેમાં તેની આસક્તિ ન હતી. તેની દિનચર્યાના સંબંધમાં હેમચંદ્રાચાર્યે 'પ્રાકૃતદ્વયાશ્રય' કાવ્યમાં અને સોમપ્રભાચાર્યે 'કુમારપાલપ્રતિબોધ' નામના ગ્રંથમાં જે સૂચવ્યું છે તે પરથી

સમજાય છે કે—સવારના વખતમાં, સૂર્યોદય થયાં પહેલાં જ, તે શય્યામાંથી ઊઠી જતો, અને સૌથી પ્રથમ જૈનધર્મમાં મંગલભૂત ગણાતાં અરિહંત, સિદ્ધ, આચાર્યાદિ પાંચ નમસ્કારપદોનું સ્મરણ કરતો. પછી શરીર-શુદ્ધિની ક્રિયા વગેરેથી નિવૃત્ત થઈ, પોતાના રાજમહાલયમાં જે ગૃહચૈત્ય હતું તેમાં જઈ પુષ્પાદિથી જિનપ્રતિમાની પૂજા કરી સ્તવના સાથે પંચાંગપ્રણિપાત કરતો. ત્યાંથી નીકળી, પછી તે તિલકાવસર નામના મંડપમાં જઈને સુકોમલ ગાદી ઉપર બેસતો. ત્યાં તેની સામે બીજા સામંત રાજાઓ આવીને બેસતા. પાસે ચામર ધારણ કરનારી વારાંગનાઓ ઊભી રહેતી.

પછી રાજપુરોહિત કે બીજા બ્રાહ્મણો આવીને રાજાને આશીર્વાદ આપતા અને તેના કપાળમાં ચંદનનું તિલક કરતા. તે પછી બ્રાહ્મણો તિથિવાચન કરતા, તે સાંભળતો. ત્યાર બાદ બ્રાહ્મણોને દાન આપી તેમને વિદાય કરતો. અને પછી તરત જ અરજદારોની અરજીઓ સાંભળતો. પછી ત્યાંથી ઊઠીને મહેલોની અંદર, જ્યાં માતા અને તેની બીજી માતા જેવી રાજવૃદ્ધા સ્ત્રીઓ રહેતી ત્યાં, જઈ તેમને નમસ્કાર કરતો અને તેમના આશીર્વાદ મેળવતો. તે પછી ફળ, ફૂલ, આદિ વડે રાજલક્ષ્મીની પૂજા કરાવતો અને બીજા પણ દેવીદેવતાની જે પ્રતિમાઓ રાજમહેલમાં રહેલી હતી તેમની સ્તુતિ વગેરે કરાવતો. વૃદ્ધ સ્ત્રીઓ વગેરેને સહાયતાર્થ ધન આપતો. ત્યાંથી પછી તે વ્યાયામ-શાળામાં જતો અને યથાયોગ્ય વ્યાયામ કરતો. તે પછી સ્નાન કરી, વસ્ત્ર વગેરે પહેરી, રાજમહેલના બહારના ભાગમાં આવતો. ત્યાં તે પહેલાંથી જ સવારી માટે તૈયાર કરી રાખેલા રાજગજ ઉપર આરૂઢ થઈ, સઘળા સામંત, મંત્રી આદિના પરિવાર સાથે, પોતાના પિતાના પુણ્ય નામથી અંકિત ત્રિભુવનપાલવિહાર નામનું જે મહાવિશાળ અને અતિભવ્ય જૈન મંદિર કરોડો રૂપિયા ખર્ચ કરી તેણે બંધાવ્યું હતું, તેમાં દર્શન અને પૂજન કરવા અર્થે તે જતો, જે વખતે તે જિન-મૂર્તિને અભિષેક કરાવતો. તે રંગમંડપમાં વારાંગનાઓ ઘણા આડંબર

સાથે નૃત્ય અને ગાન કરતી.

જિનમંદિરમાં પૂજા વગેરેનો વિધિ સમાપ્ત કરી, તે પછી હેમચંદ્રાચાર્ય પાસે જઈ, તેમના ચરણવંદન કરતો અને ચંદન, કપૂર અને સુવર્ણકમલો વડે તેમના ચરણોની પૂજા કરતો. તેમના મુખેથી યથાવસર ધર્મબોધ સાંભળી ત્યાંથી રાજમહેલ તરફ પાછો ફરતો. પાછા ફરતી વખતે તે હાથી પર ન ચઢતાં ઘોડા ઉપર સવાર થતો અને સ્વસ્થાને પહોંચતો. ત્યાં પછી યાચકાદિ જનોને યથાયોગ્ય દાન વગેરે આપી ભોજન કરતો. તેનું ભોજન બહુ જ સાત્ત્વિક પ્રકારનું રહેતું. જૈનધર્મના બોધ પ્રમાણે, તે ઘણી વાર એકાશન વગેરે તપ કરતો અને લીલાં શાક વગેરે સ્વાદવાળા પદાર્થોનો ત્યાગ કરતો. જમી રહ્યા પછી તે આરામગૃહમાં બેસતો અને ત્યાં યથાપ્રસંગ વિદ્વાનોની સાથે શાસ્ત્ર અને તત્ત્વસંબંધી વિચાર કરતો.

ત્રીજો પહોર ઢળ્યા પછી તે રાજવાટિકાએ નીકળતો. રાજા પોતાના બધા રાજશાહી ઠાઠ સાથે રાજમહેલમાંથી નીકળી, શહેરના રાજમાર્ગે થઈ, બહાર ઉદ્યાનમાં જઈ ઘડી–બે ઘડી જે ઉદ્યાનક્રીડા કરે તેનું નામ રાજવાટિકા; ગુજરાતી ભાષામાં એનું નામ છે ‘ રાયવાડી’ અને રાજપૂતાની ભાષામાં એનો ઉચ્ચાર છે ‘ રેવાડી. ’ સંધ્યા સમય થતાં ત્યાંથી તે રાજમહેલ તરફ પાછો ફરતો, અને મહેલોમાં આવી, દેવની આરતી વગેરેનું સંધ્યાકર્મ કરતો. પછી તે વખતે વારાંગનાઓ વગેરે જે નૃત્ય અને ગાન કરતી, તે એક પાટ પર બેસીને સાંભળતો. સ્તુતિપાઠકો અને ચારણો વગેરે તે વખતે તેની ખૂબ સ્તુતિઓ કરતા.

**રાજ્યકાર્યની સંભાળ**

ત્યાંથી પછી તે સર્વાવસર નામના મુખ્ય સભામંડપમાં આવીને સિંહાસનાસીન થતો. સર્વ રાજવર્ગીય અને પ્રજાવર્ગીય સભાજનો ત્યાં ઉપસ્થિતિ થતા. રાજપુરોહિત આવીને રાજા અને રાજ્યના કલ્યાણાર્થે મંત્રપાઠ ભણતા. પછી ચામર ધારણ કરનારી વારસ્ત્રીઓ

આસપાસ ચામરાદિ રાજ–ઉપકરણો ધારણ કરીને ઊભી રહેતી. પછી મંગલવાજિંત્રો વાજતાં. ને પછી બીજી બીજી તેવી સ્ત્રીઓ પોતપોતાનું કામ કરવા માટે હાજર થતી. પછી વારાંગનાઓ આવીને રાજાનાં ઓવરણાં લેતી. બીજા સામંતો અને ખંડિયા રાજાઓ તે વખતે હાથ જોડીને ઊભા રહેતા. રાજાની સન્મુખ રાજ્યના બીજા મહાજનો —જેવા કે શેઠિયાઓ, વ્યાપારીઓ, પ્રધાન ગ્રામજનો—વગેરે આવીને બેસતા. પરરાજ્યોના દૂતો આવતા તે દૂર–બધાની પાછળ–બેસતા. વાર-વનિતાઓનો નીરાજનાવિધિ પૂરો થતો એટલે પછી તેઓ પણ એક બાજુ બેસી જતી; અને આખી સભા પછી એકાગ્ર થઈ રાજ્યકાર્યની પ્રવૃત્તિ જોતી. રાજ્યકાર્યમાં સૌથી પ્રથમ સાન્ધિવિગ્રહિક એટલે પરદેશમંત્રી ( 'ફોરેઈન મિનિસ્ટર' ) પરરાજ્યો સાથેના સંબંધોની કાર્યવાહી રાજાને નિવેદન કરતો. કયા રાજા સાથે સંધિ થઈ છે, કયા રાજાએ શું ઇષ્ટ–અનિષ્ટ કર્યું છે, કોના ઉપર લશ્કર મોકલ્યું છે, કયા લશ્કરે શું કર્યું છે, કોણ શત્રુ મિત્ર થાય છે, ઇત્યાદિ પરરાજ્ય સાથે સંબંધ ધરાવતી સઘળી કાર્યવાહીઓ તે રાજાને નિવેદન કરતો અને આખરે સમય થતાં સભા બરખાસ્ત કરી, યથાવસરે શયનાગારમાં જઈ શય્યાધીન થતો.... ...

**ધર્મજિજ્ઞાસા અને અભ્યાસ**

કુમારપાલના જીવનનું અવલોકન કરતાં જણાય છે કે તે તેના પૂર્વગામી સિદ્ધરાજ જેટલો પ્રતિભાશાલી અને વિદ્યારસિક નહિ હોય, છતાં બુદ્ધિમાન તો હતો જ. તેને યુવાવસ્થામાં વિદ્યાપ્રાપ્તિનો પૂરતો અવસર પણ ક્યાં મળ્યો હતો ? તેની જવાનીનો મુખ્ય હિસ્સો, સિદ્ધરાજથી પોતાનો જીવ બચાવવા માટે, ભટકવામાં અને કષ્ટો વેઠવામાં જ વીત્યો હતો. પચાસ વર્ષની ઉંમરે એનું ભાગ્યપરિવર્તન થયું અને એ ગુજરાતના વિશાલ સામ્રાજ્યનો ભાગ્યવિધાતા બન્યો. રાજ્ય મળ્યા પછી પણ એનાં પાંચ–સાત વર્ષ તો વિપક્ષીઓને થાળે પાડવામાં ગયાં. એટલે વયનાં ૫૬–૫૭ વર્ષ પછી એનું સિંહાસન સ્થિર થયું

અને એના પ્રતાપનો સૂર્ય સહસ્ર કિરણોથી તપવા લાગ્યો. એ ઉંમરમાં વિદ્યાધ્યયનને કેટલો અવકાશ હોય ? છતાં, પ્રબંધકારો કહે છે તેમ, પ્રસંગ પડતાં એણે એટલી ઉંમરે પણ સખત મહેનત કરી સંસ્કૃત ભાષાનો સારો સરખો અભ્યાસ કરી લીધો હતો અને તે દ્વારા વિદ્વાનોની તત્ત્વચર્ચાનું એ યથેષ્ટ આકલન કરી શકતો હતો. હેમચંદ્રાચાર્યે એના માટે જ બનાવેલાં 'યોગશાસ્ત્ર' અને 'વીતરાગસ્તોત્ર'નો એ હમેશાં સ્વાધ્યાય કરતો હતો. 'યોગશાસ્ત્ર' ને અંતે હેમાચાર્યે કરેલા ઉલ્લેખ પરથી જણાય છે કે એને યોગની ઉપાસના વધુ પ્રિય હતી અને તેથી એણે કેટલાંક યોગશાસ્ત્રો સારી પેઠે જોયાં હતાં. ત્રિષષ્ઠિ-શલાકાપુરુષચરિત્ર' નામનો, જૈન તીર્થંકરો ઇત્યાદિ મહાપુરુષોના ચરિત્ર-વર્ણનવિષેનો જે મોટો ગ્રંથ હેમચંદ્રાચાર્યે બનાવ્યો તે ખાસ કુમાર-પાલની પ્રેરણાથી જ બનાવ્યો હતો એ ઉપર જણાવેલું છે. એથી જણાય છે કે તેને એવા ગ્રંથો વાંચવાનો શોખ હતો. કદાચિત્ જૂની વાતો જાણવાની જિજ્ઞાસા એને વધારે હશે. રાજ્યપ્રાપ્ત પહેલાં જ્યારે એ ભટકતો ભટકતો એક વાર ચિતોડના કિલ્લા ઉપર જઈ ચડ્યો અને ત્યાં એને એક દિગંબર વિદ્વાન મળી આવ્યો, ત્યારે એણે તેને એ કિલ્લાની ઉત્પત્તિ વગેરે કેવી રીતે થઈ એ બધી હકીકત પૂછી હતી; તેમ જ રાજ્યપ્રાપ્તિ પછી જ્યારે એ મોટો સંઘ કાઢી ગિરનારની યાત્રાએ ગયો અને જૂનાગઢમાં દશદશારમંડપ વગેરે પ્રાચીન સ્થળો જોયાં, ત્યારે તે વિષે પણ, આચાર્ય હેમચંદ્રને એણે જૂની હકીકત જણાવવા વિજ્ઞપ્તિ કરી હતી.

### હેમચંદ્ર ઉપર અનન્ય અનુરાગ

કુમારપાલ ભાવુક વધારે હતો અને તેથી જ તે આવી જાતની ધાર્મિક વૃત્તિમાં દૃઢ શ્રદ્ધાશીલ થઈ શક્યો હતો. હેમચંદ્રાચાર્ય ઉપર તેની અનન્ય ભક્તિ હતી. કાંઈક તો, તે પોતાની પ્રવાસી દશામાં હેમચંદ્ર દ્વારા ખંભાતમાં ઉદય મંત્રી પાસેથી જે મદદ મેળવી શક્યો તેના આભારને લઈને; કાંઈક, હેમચંદ્રાચાર્યે પોતાના જ્યોતિષજ્ઞાન-

બળે એને ભવિષ્યમાં ચોક્કસ રાજ્યગાદી મળવાની ખાતરી આપીને એના નિરાશ જીવને જે આશાવાન બનાવ્યો હતો તેના સ્મરણને લઈ ને. અને કાંઈક, રાજ્યગાદી મળ્યા પછી પણ આચાર્યે એને અમુક અમુક પ્રસંગોમાં, પોતાની વિદ્યાશક્તિના બળે, આશ્ચર્યચકિત કરી દીધો હતો તેના પ્રભાવને લઈ ને, એ હેમચંદ્રનો અનન્ય અનુરાગી થઈ ગયો હતો. અને પછીથી જેમ ધીમે ધીમે એ આચાર્યના વિશેષ પ્રસંગમાં આવતો ગયો અને તેમના ચારિત્ર, જ્ઞાન, તપ, આદિના બળનો એને વિશિષ્ટ પરિચય થતો ગયો, તેમ એ તે આચાર્યનો શ્રદ્ધાળુ શિષ્ય થતો ગયો. જ્યારે એને ખાતરી થઈ કે એ આચાર્યનું જીવનધ્યેય કેવળ પરોપકારવૃત્તિ છે અને આટલા મોટા સમ્રાટ પાસેથી પણ એ સૂકી રોટલીઓય મેળવવાની એમની અભિલાષા નથી, ત્યારે એણે પોતાનો સંપૂર્ણ આત્મા આચાર્યના ચરણમાં સમર્પણ કર્યો અને એ મહર્ષિનો આદેશ આદરી પોતે પણ રાજર્ષિ બન્યો.

**પરાક્રમી, જાગ્રત અને કૃતજ્ઞ રાજવી**

કુમારપાલ મોટો પરાક્રમી પુરુષ હતો, છતાં મિથ્યા મહત્ત્વાકાંક્ષી ન હતો. એના સામ્રાજ્યનો વિસ્તાર સહેજે જ એટલો બધો થઈ ગયો હતો. સામ્રાજ્ય વિષેની એની નીતિ રક્ષણાત્મક હતી, આક્રમણાત્મક નહોતી. પરરાજ્યો પર ચઢાઈ કરવાની એને ફરજ પડી એટલે જ એણે ચઢાઈઓ કરી. એ મહત્ત્વાકાંક્ષી ન હતો, છતાં સ્વાભિમાની પૂરો હતો. એ પોતાનો તેજોવધ જરા પણ સહન કરે તેવો ન હતો અને સાથે રાજનીતિનો પૂર્ણ અનુભવી હતો. જે મનુષ્યના વિશેષ પ્રયત્નથી એ રાજગાદી મેળવવા નસીબદાર થયો હતો અને જે પોતાનો એક સગો બનેવી પણ થતો હતો, તે કાન્હડદેવને પણ જ્યારે એણે પોતાની પૂર્વાવસ્થાને ઉપલક્ષી ઉપહાસ કરતો જોયો ત્યારે તેનો તત્કાલ ગાત્રભંગ કરાવી તેને નિર્જીવ બનાવી દીધો. અને તેવી જ રીતે બીજા કંટકોનો પણ તત્કાલ જીવિતનાશ કરાવી નાંખ્યો. પૂર્વાવસ્થામાં એ ભલે રંકની માફક ભટક્યો હોય, પણ હવે ભાગ્યે એને રાજા બનાવ્યો

છે અને એ ભાગ્યદત્ત રાજ્યનું રક્ષણ પોતાની સમશેરના બળે કરવા પોતે સમર્થ છે, એ જાતનું દૃઢ સ્વાભિમાન એના પૌરુષમાં ઊછળતું હતું, અને તેથી એ અભિમાનનો પ્રભાવ બતાવવા માટે એણે પોતાના આપ્તજનનો નાશ કરવામાં પણ કશી વાર ન લગાડી. એથી ઊલટું, જે સાજણ કુંભારે એક વખતે કાંટાના ઢગલા તળે છુપાવી સિદ્ધરાજના સૈનિકોથી એના જીવિતનું રક્ષણ કર્યું, તેને રાજ્ય મળતાંની સાથે જ પોતાની સેવામાં બોલાવી, તેણે કરેલા ઉપકારના બદલામાં સાતસો ગામના પટાવાળું ચિત્તોડનું વર્ષાસન એણે બાંધી આપ્યું. એનું આવું વર્તન જોઈ અંદરના વિરોધીઓ થરથરી ગયા અને બધો વિરોધભાવ છોડી દઈ એના અનન્ય સેવાપરાયણ થયા.

**બલ્લાલઉપર વિજય**

એવા વિરોધીઓમાંનો એક અગ્રણી ચાહડ નામનો ખાનદાન રાજકુમાર, જે રાજ્યના લશ્કરમાં ઘણો માનીતો હતો અને જેને સિદ્ધરાજે પોતાના પુત્ર તરીકે પાળ્યો હતો, તે કુમારપાલનું સાંનિધ્ય છોડી શાકંભરીના ગર્વિષ્ઠ ચાહમાન અર્ણોરાજની સેવામાં જઈ રહ્યો અને તે રાજાને કુમારપાલની વિરુદ્ધ ઊભો કરી, એના રાજ્યની જડ ઉખેડવા, તેણે ગુજરાતની સીમા સામે લડાઈના મોરચા મંડાવ્યા. કુમારપાલના ભવિષ્ય માટે એ સમય અત્યંત કટોકટીનો હતો. એના સામંતોમાંના ઘણા ખરા, ઉપરથી પક્ષમાં પણ અંતરથી વિપક્ષમાં જણાતા હતા. ચાહડ રાજકુમારની ચાલાકીથી માલવાનો સ્વામી બલ્લાલદેવ પણ બીજી બાજુથી ગુજરાત ઉપર આક્રમણ કરવા તૈયાર થયો હતો, અને તેમ કરી તેણે કુમારપાલની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી કરી મૂકી હતી. પરંતુ કુમારપાલના ભાગ્યબળે એના રાજ-કારભારીઓ, જેમની નિયુક્તિ એણે જાતે જ કરી હતી, તેઓ વધારે સમર્થ અને વિશ્વાસુ નીવડ્યા. તેમની કુશળતાથી ગુજરાતનો પ્રજાવર્ગ નવા રાજા તરફ પૂર્ણ સહાનુભૂતિવાળો બન્યો હતો અને સૈનિકવર્ગ

પણ પરાક્રમી અને રણશૂરા રાજાની છત્રછાયા નીચે ઉન્નતિની આશાથી ઉત્સાહિત થયો હતો. કુમારપાલે પોતાના વિશ્વાસુ દંડનાયક કાકભટની સરદારી નીચે ચુનંદા સૈનિકોની એક જબ્બર ફોજ માલવાના બલ્લાલ ઉપર મોકલી દીધી અને પોતે પોતાના બધા સામંતોને સાથે લઈ મારવાડના અર્ણોરાજનો સામનો કરવા ગયો. સામંતોમાંથી મુખ્ય જે ચંદ્રાવતીનો મહામંડળેશ્વર વિક્રમસિંહ હતો, તેણે વચ્ચે આબુની નીચે જ કુમારપાલનો જીવ લઈ લેવાની વિશ્વાસઘાત ભરેલી રમત રમી, પણ કુમારપાલ તે રમતને ઝટ ઓળખી ગયો અને ત્યાં ન થોભતાં સીધો શત્રુના સૈન્ય ઉપર ચાલી ગયો. પરંતુ સમરાંગણમાં પણ તેણે પોતાના સામંતો અને સૈનિકોને શત્રુપક્ષે ભેદેલા જોયા. કુમારપાલ પોતાના ભાગ્યના પાસા માટે, સમયકુશળતા વાપરી, એક જ ઝપાટે શત્રુના હાથી ઉપર ધસી ગયો અને પહેલી જ વારમાં તેને આહત કરી શરણાગત થવાની તેણે ફરજ પાડી. બલ્લાલ ઉપર ચઢી ગયેલા સેનાપતિએ પણ તેટલી જ ઝડપથી શત્રુનો શિરચ્છેદ કરી કુમારપાલની વિજયપતાકા ઉજ્જયિનીના રાજમહેલ ઉપર ઊડતી કરી.

## મલ્લિકાર્જુનનો વધ

ગુજરાતનાં તદ્દન પડોશી અને લાંબા સમયનાં પ્રતિસ્પર્ધી એવાં મારવાડ અને માલવાનાં બંને મહારાજ્યોને સિદ્ધરાજ જયસિંહે જ ગૂર્જરપતાકાની છાયા નીચે વિશ્રાન્તિ લેતાં કરી મૂક્યાં હતાં; પરંતુ તેના મૃત્યુ પછી ગાદીએ આવેલા નવીન રાજા કુમારપાલના વાસ્તવિક સ્વરૂપથી અજ્ઞાત રહેલાં એ રાજ્યોએ ગુજરાતની પતાકાને ઉખેડી ફેંકી દેવાનો પ્રયત્ન કર્યો અને એ પ્રયત્નને કુમારપાલે પોતાના પરાક્રમથી આ રીતે નિષ્ફળ બનાવ્યો. પણ એનું ભાગ્ય હજી વધારે સફળતા મેળવવા માટે સર્જાયેલું હતું. ગુજરાતની દક્ષિણ સીમા ઉપર કોંકણનું રાજ્ય આવેલું હતું. તેનું પાટનગર મુંબઈ પાસેનું થાણાપત્તન હોઈ ત્યાં શિલાહારવંશી રાજાઓ રાજ્ય કરતા હતા. એ કોંકણરાજ્યની પેલી બાજુની દક્ષિણ સીમા ઉપર કર્ણાટકના કદંબવંશી-

ઓનું રાજ્ય હતું, જેની રાજધાની ગોપાકપટ્ટન એટલે હાલનું પોર્તુગીઝ બંદર ગોવા હતી. સિદ્ધરાજની માતા મયણલ્લાદેવી એ રાજવંશની કન્યા હોવાથી કર્ણાટક અને ગુજરાત વચ્ચે ગાઢ સગાઈનો સંબંધ હતો. એટલે એ સંબંધી રાજ્યો વચ્ચે આવેલું કોંકણનું રાજ્ય ગુજરાત સાથે બાથ ભીડી શકે તેમ ન હોવાથી સિદ્ધરાજના સમયમાં તો તે આ દેશ સાથે મૈત્રીભાવે વર્તતું હતું. સિદ્ધરાજના મૃત્યુ પછી જ્યારે કુમારપાલ ગાદીએ આવ્યો ત્યારે એ મૈત્રીસંબંધ વિચ્છિન્ન થયો હતો અને મારવાડના અને માલવાના રાજાઓને કુમારપાલ સામે માથું ઊંચકતા જોઈ એ કોંકણના ગવિંષ્ઠ મલ્લિકાર્જુન રાજાને પણ ગુજરાત ઉપર આક્રમણ કરવાનો મનોરથ થઈ આવ્યો. કુમારપાલે તેના એ મનોરથને નિષ્ફળ કરવા માટે મંત્રીરાજ ઉદયનના પુત્ર દંડનાયક આંબડભટને સેનાની બનાવી એક લશ્કર કોંકણ ઉપર રવાના કર્યું. મારવાડ અને માલવા વગેરેના પ્રદેશોની રક્ષામાં ગુજરાતનું ઘણુંખરું સૈન્ય રોકાયેલું હોવાથી આંબડ પાસે પૂરતું સૈન્યબળ ન હતું અને તેથી પહેલી વારની ચઢાઈમાં ગુજરાતના સૈન્યને કેટલીક હાર ખમીને પાછા ફરવાની ફરજ પડી. પણ પાછળથી જ્યારે મારવાડ વગેરે તરફથી મોટી સંખ્યામાં સૈન્ય આવી પહોંચ્યું, ત્યારે ફરી વાર એ જ દંડનાયકના અધિકાર નીચે ગુજરાતની એક પ્રબળ સેના તે કોંકણચક્રવર્તીના દર્પને ચૂર્ણ કરવા માટે બમણા ઉત્સાહથી રવાના થઈ. રણભૂમિમાં બંને લશ્કરો વચ્ચે ખૂનખાર લડાઈ થઈ અને તેમાં છેવટે ગુજરાતીઓનો જય થવાથી વિજયદેવીએ સેનાનાયક આંબડના ગળામાં વરમાળા પહેરાવી. રાજપિતામહ બિરુદધારક મલ્લિકાર્જુનનું માનોન્નત મસ્તક ગુજરાતના એક દયાધર્મી વણિક સુભટે પોતાની તીક્ષ્ણ તરવારથી, કમળપુષ્પની માફક, કાપી લીધું અને તેને સુવર્ણપત્રમાં વીંટાળી, શ્રીફળની માફક, પોતાના સ્વામીના ચરણમાં ભેટ કર્યું ! કુમારપાલે તેના પરાક્રમના પ્રભાવને સત્કારવા માટે, એ નિહત રાજાનું પ્રિય બિરુદ, આંબડભટ્ટને અર્પિત કરી તેને 'રાજ-

પિતામહ' બનાવ્યો.

**રાજ્યવિસ્તાર**

આ રીતે કોંકણના રાજાનો ઉચ્છેદ થવાથી કુમારપાલની રાજ્યસત્તા દક્ષિણ પ્રાંતમાં પણ ઘણા દૂરના પ્રદેશ સુધી લંબાઈ હતી; અને કદાચિત્, સહ્યાદ્રિના સુદૂર શિખર સુધી ગુજરાતનો તામ્રચૂડ વિજયધ્વજ ઊડતો થયો હતો. ગુજરાતના સામ્રાજ્યની સીમા સૂચવનારી આટલી બધી વિશાળ રેખા, ભારતવર્ષના માનચિત્રમાં, માત્ર કુમારપાલના પરાક્રમે અંકિત કરી હતી. એના સમકાલીન ભારતીય રાજાઓમાં કુમારપાલ સૌથી વધારે મોટા રાજ્યનો સ્વામી હતો.........

**નિરુપદ્રવ રાજ્ય**

કુમારપાલનો રાજ્યકારભાર ઘણી રીતે અદ્‌ભુત સફળતાવાળો નીવડ્યો હતો. એના લગભગ ૩૦ વર્ષ જેટલા લાંબા રાજ્યસમયમાં પ્રજાએ અદ્વિતીય શાન્તિ અને ઉન્નતિ પ્રાપ્ત કરી હતી. દેશમાં સમૃદ્ધિની રેલમછેલ થઈ હતી. કોઈ પણ પ્રકારનો સ્વચક્ર સંબંધી કે પરચક્ર સંબંધી કશોય ઉપદ્રવ નહોતો થયો. લક્ષ્મીદેવીની માફક પ્રકૃતિદેવી પણ એના રાજ્ય ઉપર જાણે તુષ્ટમાન થઈ હતી અને તેથી એના સમયમાં દેશમાં એકે દુકાળ પણ નહોતો પડ્યો. એની આવી ભાગ્યસફળતા નજરે જોનાર આચાર્ય સોમપ્રભ, એ વાત ખાસ ભારપૂર્વક લખે છે:—

स्वचक्रं परचक्रं वा नानर्थं कुरुते क्वचित् ।
दुर्भिक्षस्य न नामापि श्रूयते वसुधातले ॥

* * *

**ગુણવર્ણન**

હેમચંદ્રસૂરિ, 'ભવિષ્યપુરાણ'ની વર્ણનપદ્ધતિ પ્રમાણે, મહાવીરના મુખેથી, કુમારપાલનું આ પ્રકારે ભાવિ વર્ણન કરાવે છે:—

" ચૌલુક્યવંશમાં ચંદ્રમા સમાન અને પ્રચંડ રીતે પોતાનું અખંડ શાસન ચલાવનાર કુમારપાલ રાજા થશે. એ ધર્મવીર,

દાનવીર અને યુદ્ધવીરના ગુણોથી મહાત્મા કહેવાશે અને પિતાની માફક પોતાની પ્રજાનું પાલન કરી તેને પરમસંપત્તિવાન બનાવશે. એ સ્વભાવે સરલ હોઈને પણ અતિચતુર થશે; શાંત હોઈને પણ પોતાની આજ્ઞાના પાલન માટે પ્રતાપવાન–સૂર્ય જેવો પ્રખર તેજવાન–થશે; ક્ષમાવાન થઈને પણ કોઈથી એ ધૃષ્ય નહીં થશે અને એ રીતે ચિરકાલ સુધી પૃથ્વીનું પાલન કરશે. પોતાની માફક તે બીજા લોકોને ધર્મનિષ્ઠ બનાવશે—જેમ ઉપાધ્યાય પોતાના શિષ્યને પૂર્ણવિદ્યાવાન બનાવે તેમ. શરણાર્થીઓને તે શરણભૂત થશે. પરસ્ત્રીઓ માટે તે ભ્રાતા જેવો નિષ્કામ હશે અને પ્રાણથી અને ધનથીય તે ધર્મને વધારે પ્રિય ગણશે. એ રીતે, પરાક્રમથી, ધર્મથી, દાનથી, દયાથી, આજ્ઞાથી, અને તેવા બીજા પૌરુષ ગુણો વડે તે અદ્વિતીય થશે.''

હેમચંદ્રસૂરિએ આલેખેલા કુમારપાલના ગુણોના આ રેખાચિત્રમાં, વાસ્તવિકતાની દૃષ્ટિએ, યત્કિંચિત્ પણ અતિશયોક્તિ નથી, એ કુમારપાલના જીવન વિષે જે કેટલીક મુખ્ય મુખ્ય વાતો મેં અહીં ટૂંકમાં વર્ણવી છે તે પરથી નિસ્સંદેહ રીતે સિદ્ધ થાય છે. ગૂર્જરેશ્વરોના રાજપુરોહિત નાગરશ્રેષ્ઠ મહાકવિ સોમેશ્વરે, 'કીર્તિકૌમુદી' નામના પોતાના કાવ્યમાં કુમારપાલની કીર્તિકથાનું વર્ણન કરતાં, હેમાચાર્યના ઉપર આપેલા ૫–૬ શ્લોકોના ભાવનો તાદૃશ નિચોડ માત્ર બે જ શ્લોકોમાં આપી દીધો છે અને તે નિચોડ હેમાચાર્યના ભાવ કરતાંયે વધારે સત્ત્વશાલી છે. સોમેશ્વર કહે છે કે—

पृथुप्रभृतिभिः पूर्वैर्गच्छद्भिः पार्थिवैर्दिवम् ।
स्वकीयगुणरत्नानां यत्र न्यास इवार्पितः ॥
न केवलं महीपालाः सायकैः समराङ्गणे ।
गुणैर्लोकंपृणैर्येन निर्जिताः पूर्वजा अपि ॥

" પુરાણકાળમાં પૃથુ આદિ જે મહાન ગુણવાન રાજાઓ થઈ ગયા

છે, તેમણે જાણે પોતાના ગુણરૂપી રત્નોની થાપણ, સ્વર્ગમાં જતી વખતે, આ કુમારપાલને સોંપી દીધી હોય તેમ લાગે છે, (જો આમ ન હોય તો આ કલિકાલમાં જન્મેલા રાજામાં આવા સાત્ત્વિક ગુણોનો સમુચ્ચય ક્યાંથી હોય?) કુમારપાલે પોતાનાં બાણો વડે કેવલ રાજાઓને જ સમરાંગણમાં જીત્યા હતા એમ નથી, પણ પોતાના લોકપ્રિય ગુણો વડે તેણે પોતાના પૂર્વજોને પણ જીતી લીધા હતા."

સોમેશ્વરનું આ કવન કુમારપાલની જીવનસિદ્ધિના ભાવને સંપૂર્ણરૂપે વ્યક્ત કરનારું સર્વોત્કૃષ્ટ રેખાચિત્ર છે. ગુજરાતની પુરાતન સંસ્કૃતિના સર્વસંગ્રહાલયમાં આ ચિત્ર કેન્દ્રસ્થાને સુશોભિત થાઓ!

પાટણમાં સને ૧૯૩૯ના એપ્રિલ માસની ૭, ૮, ૯ તારીખોએ મળેલ "શ્રી હૈમ સારસ્વત સત્ર"—ગુજરાતી સાહિત્ય પરિષદના ખાસ અધિવેશન—પ્રસંગે વંચાયેલ નિબંધ: "અહેવાલ અને નિબંધસંગ્રહ" (પૃ. ૧૪૧ થી૧૭૬) માંથી સંક્ષેપ પૂર્વક ઉદ્ધૃત.

# [ ૧૦ ] મહાકવિ વિજયપાલ અને શ્રીપાલ

'**દ્રૌપદીસ્વયંવરમ્**' ના રચનારનું નામ મહાકવિ વિજયપાલ છે. 'અભિનવ સિદ્ધરાજ'નું ઉપનામ ધારણ કરનાર ગુજરાતના ચૌલુક્ય રાજા ભીમદેવની[1] આજ્ઞાથી વસન્તોત્સવને પ્રસંગે, 'ત્રિપુરુષ' દેવની સમક્ષ, આ દ્વિઅંકી નાટક ભજવી બતાવવામાં આવ્યું હતું. એના અભિનયથી ગુર્જર રાજધાની અણહિલપુરની પ્રજા ખૂબ ખુશ થઈ ગઈ હતી. આ બાબત નાટકના આરંભમાં સૂત્રધારના કથનથી સમજી શકાય છે.

**રાજ્યમાન કવિઓનું જૈન કુળ**

કવિ તરફ જોતાં આ કૃતિ ઘણા જ મહત્ત્વની લાગે છે, કેમકે એની મદદથી આપણને ગરવી ગુજરાતના એક કમલા-કાન્ત કવિકુળનો કાંઈક પત્તો મળે છે. અન્ય ઐતિહાસિક ઉલ્લેખો ઉપરથી જણાય છે કે કવિનું કુળ ઘણું પ્રતિષ્ઠિત તથા સરસ્વતી–ભક્ત હતું. રાજકીય દૃષ્ટિને કોરે રાખીએ તોપણ કવિના પૂર્વજોને ગુર્જર નરેશો સાથે કાંઈક ખાસ સંબંધ હતો; કવિના પિતા, પ્રપિતા વગેરે રાજકવિ હતા એમ જણાય છે. આ કુળની જાતિ પ્રાગ્વાટ ( પોરવાડ ) વૈશ્ય હતી અને ધર્મ શ્વેતામ્બર જૈન હતો. અણહિલપુરમાં આ કુટુંબ તરફથી સ્વતંત્ર જૈન મંદિરો તથા જૈન સાધુઓને ઊતરવા માટે ઉપાશ્રયો વગેરે બંધાવવામાં આવ્યાં હતાં. એ ઉપાશ્રયોમાં મહાન્ જૈન મુનિઓ ઊતરતા.

---

૧. ભીમદેવ બીજો 'ભોળા ભીમ' નામે પ્રસિદ્ધ છે. દિલ્લીપતિ પૃથ્વીરાજ ચૌહાણનો સમકાલીન અને પ્રતિપક્ષી. એનો સમય વિક્રમ સંવત્ ૧૨૩૫-૧૨૯૮.

કેટલાક ગ્રંથોને અંતે, એ ગ્રંથો તે ઉપાશ્રયોમાં રચાયા હતા એવા ઉલ્લેખો અમે જોયા છે. આ ઉપરથી લાગે છે કે આ કુળ શ્રીમાન્, રાજમાન્ય તથા લોકમાન્ય હતું.

વિજયપાલનું નામ આ નાટક સિવાય બીજે ક્યાંય અમારા જોવામાં આવ્યું નથી. એની બીજી કોઈ કૃતિ પણ હજી સુધી હાથમાં આવી નથી. પરંતુ આ નાટકમાં એ પોતાને 'મહાકવિ' કહે છે તે ઉપરથી એણે આ સિવાય બીજા પણ ગ્રંથો રચ્યા હશે એમ અનુમાન થાય છે. એ ગ્રંથો નષ્ટ થયા હશે અથવા તો કોઈક ઘરના ખૂણામાં સડતા હશે. અસ્તુ.

**સિદ્ધપાળ સંબંધી ઉલ્લેખો**

આ યશસ્વી કુળ વિષે જેટલી માહિતી અમને મળી છે તે બધી અહીં આપીએ છીએ.

વિજયપાલના પિતાનું નામ, તેણે પોતે જ આ નાટકમાં ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે, સિદ્ધપાલ હતું. એ પણ 'મહાકવિ' હતો. એની સ્વતંત્ર કૃતિ અમે કદી જોઈ કે સાંભળી નથી. શતાર્થીકાવ્ય, સૂક્તમુક્તાવલી, સુમતિનાથચરિત્ર, કુમારપાળપ્રતિબોધ વગેરે કેટલાક સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોના પ્રણેતા સોમપ્રભસૂરિ નામે એક મહાન જૈન વિદ્વાન થઈ ગયા છે. તેમના છેલ્લા બે ગ્રંથોની અન્તિમ પ્રશસ્તિઓમાં સિદ્ધપાળનો ઉલ્લેખ છે. એ ગ્રંથ સિદ્ધપાળે બંધાવેલ ઉપાશ્રયમાં રહીને સોમપ્રભસૂરિએ રચ્યા હતા એવો પ્રસંગ વર્ણવેલ છે.........

આ ગ્રંથમાં બીજે બે-ચાર ઠેકાણે પણ સિદ્ધપાલનો ઉલ્લેખ કરેલો છે, એના કેટલાક શ્લોકો પણ આપેલા છે. એક વાર કુમારપાલ મોટો સંઘ લઈને ગિરનારની યાત્રાએ ગયો હતો. સાથે હેમચંદ્રાચાર્ય પણ હતા. ડુંગરનો ઢાળ ઘણો સખત હતો. વૃદ્ધાવસ્થાને લઈને રાજા ડુંગર ઉપર ચડી ત્યાં આવેલાં મંદિરોનાં દર્શન ન કરી શક્યો અને તેથી ઘણો ખિન્ન થયો. યાત્રા પૂરી થતાં રાજધાની પાટણમાં પાછો આવ્યો; તે વેળાએ

તેણે પોતાના દરબારમાં "ગિરનાર ઉપર ચડવાનો સરળ માર્ગ કોણ બાંધી શકશે?" એવો પ્રશ્ન કર્યો. સિદ્ધપાલે આ વખતે તેની પ્રશંસા કરતાં કરતાં સેનાપતિ આમ્રનું નામ સૂચવ્યું.........

એવું જ એક બીજે સ્થળે વર્ણન છે. હેમચંદ્રાચાર્ય પાસેથી સત્પાત્રને અન્નવસ્ત્રાદિ દાનનું માહાત્મ્ય સાંભળીને કુમારપાળે એક મોટી દાનશાળા ઉઘાડી હતી અને એના અધિષ્ઠાયક તરીકે શ્રીમાલ-કુલભૂષણ નેમિનાગના પુત્ર અભયકુમાર શેઠને નીમ્યા હતા. આ શેઠ ઘણા ધર્મિષ્ઠ, પરોપકારી, દયાળુ, ચતુર તથા સરળહૃદય હતા. આવા યોગ્ય માણસની યોગ્ય પદે નીમણૂક કરવાથી સિદ્ધપાલ રાજા ઉપર ઘણો ખુશ થયો અને તેને ઘણો ધન્યવાદ આપ્યો. સાથે સાથે શેઠની પ્રશંસા પણ કરી.......

કુમારપાલ સિદ્ધપાલ પાસે નિવૃત્તિ–શાંતિજનક આખ્યાનો પણ કોઈ કોઈ વાર સાંભળતો. આ ગ્રંથમાં એવું એક આખ્યાન આપેલું છે. એના સમારંભમાં—

कइयावि निव-नियुत्तो कहइ कहं सिद्धपाल-कई ।
( कदापि नृपनियुक्तः कथयति कथां सिद्धपालकविः । )

એવો ઉલ્લેખ છે. આ ઉલ્લેખો પરથી એટલું જણાય છે કે સિદ્ધપાલ સારો કવિ, ઉચ્ચ દરજ્જાનો ગૃહસ્થ તથા કુમારપાલ રાજાનો પ્રીતિપાત્ર હતો. સોમપ્રભાચાર્યે કુમારપાલપ્રતિબોધ વિ. સં. ૧૨૪૧માં પૂરો કર્યો ત્યાં સુધી તે હયાત હતો. આથી વધારે એના સંબન્ધમાં કાંઈ જણાયું નથી. એ ગ્રંથમાં ટાંકેલા છૂટાછવાયા કેટલાક શ્લોકો સિવાય એની બીજી કૃતિ મળતી નથી.

### પ્રજ્ઞાચક્ષુ મહાકવિ શ્રીપાલ

સિદ્ધપાલના પિતાનું નામ શ્રીપાલ હતું. એ ખરેખર મહાકવિ હતો. "કવિરાજ" અથવા "કવિચક્રવર્તી" એવી એની પદવી હતી. પ્રભાવકચરિત્ર, પ્રબન્ધચિન્તામણિ, ચતુર્વિંશતિપ્રબન્ધ, મુદ્રિતકુમુદચન્દ્ર-

પ્રકરણ, કુમારપાલપ્રબન્ધ વગેરે અનેક ગ્રંથોમાં એનું વર્ણન તેમ જ નામોલ્લેખ છે. ગુજરાતના મહામાત્ય વસ્તુપાલ, રાજપુરોહિત સોમેશ્વર, ઠક્કુર અરિસિંહ વગેરે જે ઉત્તમ ગૃહસ્થ–કવિઓ થઈ ગયા છે, તે સૌમાં એનું સ્થાન ઉચ્ચ હતું. ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહનો એ બાલમિત્ર હતો : સિદ્ધરાજ એને હંમેશાં "ભાઈ" કહી બોલાવતો. સોમપ્રભાચાર્યે એના યશનું વર્ણન સુમતિનાથચરિત્ર તથા કુમારપાલપ્રતિબોધની અંતિમ પ્રશસ્તિઓમાં કરેલું છે......

અણહિલપુરના તે વખતના મહાન તથા પ્રતાપી જૈન શ્વેતામ્બર સંઘનો એ એક અગ્રણી હતો. સ્યાદ્વાદરત્નાકર જેવા વિશાળ તથા પ્રભાવશાળી તર્કગ્રંથોના રચયિતા દેવસૂરિ તથા વિશ્વવિશ્રુત આચાર્ય હેમચન્દ્રનો એ અનન્ય અનુરાગી હતો. વિ. સં. ૧૧૮૧ની વૈશાખી પૂર્ણિમાને દિવસે સિદ્ધરાજની અધ્યક્ષતા નીચે જૈનધર્મની શ્વેતામ્બર તથા દિગમ્બર નામની બે મુખ્ય શાખાઓ વચ્ચે એક ચિરસ્મરણીય તથા વિશેષ પરિણામજનક પ્રચંડ વિવાદ થયો હતો. એ વિવાદમાં કર્ણાટકીય દિગમ્બરાચાર્ય કુમુદચંદ્ર વાદી તથા ગુર્જરીય શ્વેતામ્બરસૂરિ દેવાચાર્ય પ્રતિવાદી હતા. શ્રીપાલે આ વિવાદમાં આગળ પડતો ભાગ લીધો હતો. દેવસૂરિના પક્ષનો એ પ્રતાપી સમર્થક હતો. કવિ યશશ્ચન્દ્રે એ વિવાદ ઉપર મુદ્રિતકુમુદચન્દ્ર નામનું એક નાટક રચ્યું છે, તેમાં એનો વિસ્તૃત વૃત્તાન્ત છે. પ્રભાચંદ્રરચિત પ્રભાવકચરિતના દેવસૂરિનામક પ્રબંધમાં પણ એ વાત છે.

સરસ્વતી તથા લક્ષ્મી જેવી બંને પરસ્પર અસહિષ્ણુ દેવીઓની આ કવિ પર સંપૂર્ણ કૃપા હોવા છતાં પ્રકૃતિ દેવીની એના ઉપર અકૃપા હતી: કવિ પ્રજ્ઞાચક્ષુ હતા......

તે સમયે ગુર્જર દેશ ઉન્નતિના ઉચ્ચતમ શિખરે હતો; માલવેશ શું કે કોંકણેશ શું, પડોશના બધા રાજાઓ ગુર્જરેશ્વરથી ડરતા. ગુજરાતની પ્રતિષ્ઠા અને પ્રભુતાની વાત દૂર દૂર સુધી પહોંચી ગઈ હતી.

ભારતના સઘળા પંડિતો પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરવા માટે ગુર્જર રાજ્યધાનીમાં જ આવતા. ગુર્જરપતિની વિદ્વત્પરિષદ સમસ્ત ભારતવર્ષમાં આદર્શરૂપ ગણાતી. આવી પરિષદનો શ્રીપાલ એક મુખ્ય સભ્ય હતો. કયા વિદ્વાનને કેવું સ્વાગત આપવું એ વિષયમાં સિદ્ધરાજ હંમેશા શ્રીપાલની જ સલાહ લેતો. આવા એક પ્રસંગનું વર્ણન પ્રભાવકચરિતના હેમચંદ્રપ્રબન્ધ( ૧૮૨-૩૦૯ શ્લોક )માં વિસ્તારપૂર્વક કરેલું છે, જેમાંથી થોડો ભાગ અમે નીચે આપીએ છીએ:

એક વખત ભાગવત સંપ્રદાયનો દેવબોધિ નામે કોઈ એક મહાન વિદ્વાન–કવિ અણહિલપુર આવ્યો. તે અત્યંત અભિમાની હતો. એ રાજાને આશીર્વાદ આપવા સારુ ન તો રાજસભામાં ગયો કે ન એણે પોતાના આગમનના ખબર રાજાને મોકલાવ્યા. રાજાને આ વાતની જાણ થતાં તેણે શ્રીપાલને કહ્યું કે ‘ આ દેવબોધિ કોઈ નિઃસ્પૃહી મહાત્મા જણાય છે; એ રાજસભામાં આવવાની દરકાર નથી રાખતો. પરંતુ આપણા દેશમાં કોઈ પણ વિદ્વાન આવે તેનો સત્કાર કરવાની આપણી ફરજ છે, માટે કહો કે હવે શું કરવું ? ’ પ્રજ્ઞાચક્ષુ કવીશ્વરે જવાબ દીધો કે ‘ મહારાજ, મને તો એ નિઃસ્પૃહી નહિ પણ આડંબરી જણાય છે. નિઃસ્પૃહી હોય તો આટલો બધો પ્રપંચ શા માટે કરે ? તેમ છતાં આપ ભારતીભક્ત હોવાથી તેને મળવા ઇચ્છતા હો તો, મંત્રી દ્વારા તેને સભામાં આવવાનું આમંત્રણ મોકલાવો.’ રાજાએ તે પ્રમાણે મંત્રીને મોકલ્યો. મંત્રીએ વિદ્વાન પાસે જઈ રાજાનો સંદેશો કહ્યો. પરંતુ તે વિદ્વાને જવાબ દીધો કે......

परमस्मद्दिदृक्षैव भवतां स्वामिनस्तदा ।
उपविष्टः क्षितौ सिंहासनस्थं मां स पश्यतु ॥

[ છતાં તમારા રાજાને મારાં દર્શન કરવાં હોય તો એ (અહીં આવીને) જમીન ઉપર બેસીને સિંહાસન ઉપર બેઠેલા એવા મને એ જુએ. ]

મંત્રીએ જઈ આ વૃત્તાન્ત રાજાને સંભળાવ્યો. રાજા ઘણો વિદ્યાભિલાષી તથા વિનયી હતો. એ ઉદ્ધત વાક્યોથી એના હૃદયમાં અનાસ્થાને બદલે અધિક ઉત્કંઠા ઊપજી. તે શ્રીપાલને સાથે લઈને દેવબોધિ પાસે ગયો. વિદ્વાનોથી વીંટાયેલા તથા સિંહ સમાન દુર્ધર્ષ, સિંહાસન ઉપર બેઠેલા કવીશ્વરને નમસ્કાર કરી રાજા થોડી વાર તેની સામે ઊભો રહ્યો. દેવબોધિએ હાથના ઇશારા વતી પાસેના એક સુખાસન પર બેસવાનું રાજાને કહ્યું. રાજા એના જવાબમાં શ્રીપાલે રચેલો...એ શ્લોક બોલતો બોલતો પ્રતિહાર પાસે સાધારણ આસન મંગાવીને એક ખૂણામાં બેસી ગયો. શ્રીપાલ પણ રાજા પાસે જ બેઠો હતો. તેને જોઈને દેવબોધિએ રાજાને પૂછ્યું કે સભામાં બેસવાને અયોગ્ય ( અન્ધ હોવાથી ) એવો આ કોણ છે ?' રાજાએ ઉત્તર દીધો કે—

एकाहविहितस्फोतप्रबन्धोऽयं कृतीश्वरः ।
कविराज इति ख्यातः श्रीपालो नाम भूमिभूः ॥

श्रीदुर्लभसरोराजे तथा रुद्रमहालये ।
अनिर्वाच्यरसैः काव्यैः प्रशस्तीरकरोदसौ ॥

महाप्रबन्धं चक्रे च वैरोचनपराजयम् ।
विहस्यः सद्भिरन्योऽपि नैवास्य तु किमुच्यते ॥

રાજાનાં આ વચનોથી દેવબોધિ કાંઈક શરમાયો, પણ પાછો તરત જ ગર્વ તથા વ્યંગથી હસીને બોલ્યો:—

शुक्रः कवित्वमापन्न एकाक्षिविकलोऽपि सन् ।
चक्षुर्द्वयविहीनस्य युक्ता ते कविराजता ॥

રાજા આ દેવબોધિના સૌજન્યપૂર્ણ (?) સ્વભાવથી વાકેફ થયો અને થોડીક વાર વિદ્વદ્‌ગોષ્ઠી તથા કાવ્યાનંદનો રસ લઈને પાછો વળ્યો.

શ્રીપાલના કવિત્વ તથા મહત્ત્વની કલ્પના આ પ્રસંગો પરથી

આવી શકશે. એક જ દિવસમાં મહાપ્રબંધ રચનારની કવિત્વશક્તિ વિષે તો પૂછવું જ શું? આ મહાકવિએ કેટલા ગ્રંથો રચ્યા છે એની બરાબર માહિતી મળતી નથી, એટલું જ નહિ પરંતુ જે જે ગ્રંથોનો નામનિર્દેશ મળી આવે છે તેમાંથી પણ કેટલા હાલ ઉપલબ્ધ છે એની પણ ખબર નથી.

અમે એની માત્ર બે જ નાનકડી કૃતિઓ જોઈ છે. તેમાં એક તો જૈનધર્મના ૨૪ તીર્થંકરોની ૨૯ શ્લોકોમાં કરેલી યમકમય સ્તુતિ છે. એ સ્તુતિની સમાપ્તિમાં આવું આશીર્વચન છે — " इति सुमनसः श्रीपाल-कविरचितनुतयः समस्तजिनपतयः अविनाशिज्ञानदृशो दिशन्तु वः।" વિનશ્વર ચક્ષુના વિપાકનો અનુભવ લેનાર આ સિવાય બીજું શું માગે?...

એ સ્તુતિનો આરંભ આવી રીતે થાય છેઃ—

भक्त्या सर्वजिनश्रेणिरसंसारमहामया।
स्तोतुमारभ्यते बद्धरसं सारमहामया॥

બીજી કૃતિ વડનગરપ્રાકારપ્રશસ્તિ છે, જે ' પ્રાચીન લેખમાલા 'માં છપાયલી છે. એમાં પણ ૨૯ શ્લોકો છે. ગુજરાતના વડનગર નામના મહાસ્થાન—પ્રાચીન નામ આનન્દપુર—ની ચારે તરફ વિ. સં. ૧૨૦૮માં સિદ્ધરાજના ઉત્તરાધિકારી કુમારપાલે એક મજબૂત પ્રાકાર—કિલ્લો બંધાવ્યો હતો. એ પ્રાકારના વર્ણન તથા સ્મરણ માટે એ રચાયેલી છે. કવિના કવિત્વની પ્રસાદી આજ તો માત્ર આટલામાંથી જ આપણને મળી શકે છે. નમૂના દાખલ થોડાક શ્લોકો લઈએઃ—

यावत्पृथ्वी पृथुविरचिताशेषभूभृन्निवेशा
यावत्कीर्तिः सगरनृपतेर्विद्यते सागरोऽयम्।
तावन्नन्द्याद्द्विजवरमहास्थानरक्षानिदानं
श्रीचौलुक्यक्षितिपतियशःकीर्तनं वप्र एषः॥

एकाहनिष्पन्नमहाप्रबन्धः श्रीसिद्धराजप्रतिपन्नबन्धुः ।
श्रीपालनामा कविचक्रवर्ती प्रशस्तिमेतामकरोत्प्रशस्ताम् ॥

એમાંથી કેટલાક શ્લોકો તો પ્રાસાદિક કાવ્યોના નમૂનારૂપે કેટલાક ગ્રંથકારોએ ટાંકેલા છે. જલ્હણ કવિની સૂક્તિમુક્તાવલીમાં નીચે મુજબ બે શ્લોકો એ કવિરાજને નામે ચડેલા છે:—

नेयं चूतलता विराजति धनुर्लेखा स्थितेयं पुरो
नासौ गुञ्जति भृङ्गपद्धतिरियं मौर्वी टणत्कारिणी ।
नैते नूतनपल्लवाः स्मरभटस्यामी स्फुटं मार्गणाः
शोणास्तत्क्षणभिन्नपान्थहृदयप्रस्यन्दिभिः शोणितैः ॥

पच्यन्ते स्थलचारिणः क्षितिरजस्यङ्गारभूयङ्गतैः
कथ्यन्ते जलजन्तवः प्रतिनदं तापोल्बणैर्वारिभिः ।
भृज्यन्ते खचराः खरातपशिखापुञ्जे तदेभिर्दिनै–
र्मांस्पाकः क्रियते दिनेशनियमा........ध्रुवम् ॥

સહસ્રલિંગ અથવા દુર્લભસરોવરનું પ્રશસ્તિકાવ્ય કવિરાજે કરેલું, તેમાંથી બે શ્લોકો મેરુતુંગાચાર્યે પોતાના પ્રબન્ધચિન્તામણિમાં ઉદ્ધૃત કર્યા છે:—

न मानसे माद्यति मानसं मे पम्पा न सम्पादयति प्रमोदम् ।
अच्छोदकाच्छोदकमत्र सारं विराजते कीर्तितसिद्धभर्तुः ॥

कोशेनापि युतं दलैरुपचितं नोच्छेत्तुमेतत्क्षमं
स्वस्यापि स्फुटकण्टकव्यतिकरं पुंस्त्वं च धत्ते न हि ।
एकोऽप्येष करोति कोशरहितो निष्कण्टकं भूतलम्
मत्वैवं कमला विहाय कमलं यस्यासिमाशिश्रियत् ॥

આ છેલ્લા શ્લોકના સંબંધમાં પ્રબન્ધચિન્તામણિકારે આ પ્રમાણે એક વિચિત્ર વૃત્તાન્ત આપ્યો છે: જ્યારે આ પ્રશસ્તિ લખાઈને તૈયાર થઈ ત્યારે એની પરીક્ષા કરવા સિદ્ધરાજે સઘળા મતોના પ્રખ્યાત વિદ્વાનોને તેડાવ્યા. સુપ્રસિદ્ધ હેમચન્દ્રાચાર્યના શિષ્ય મહાકવિ રામચન્દ્ર પણ ત્યાં હાજર હતા. એ કવિ ઘણા સૂક્ષ્મદષ્ટિ તથા નિપુણમતિ હતા. તેથી હેમચન્દ્રાચાર્યે આગળથી એમને કહી રાખેલું હતું કે સઘળા વિદ્વાનો શ્રીપાલની પ્રશસ્તિની એકીસ્વરે પ્રશંસા કરશે. તારે કાંઈ ન બોલવું. અસ્તુ.

એકત્ર થયેલા વિદ્વાનો શ્રીપાલની કૃતિની પ્રશંસા કરવા લાગ્યા, જુદા જુદા શ્લોકોમાં જુદા જુદા અલંકારો બતાવવા મંડયા. ખાસ કરીને ઉપર ટાંકેલા છેલ્લા શ્લોકની ઘણી પ્રશંસા થઈ. પરંતુ રામચન્દ્ર તટસ્થ ભાવથી આ સઘળો તાલ જોતા બેઠા હતા. સિદ્ધરાજે એમને બોલવાનો ઘણો આગ્રહ કર્યો એટલે તેમણે કહ્યું કે એ શ્લોકમાં બે દોષ છે: "દલ" શબ્દનો બીજો અર્થ જે 'સૈન્ય' કર્યો છે તે કોષવિરુદ્ધ છે, તથા "કમલ" શબ્દને નિત્યનપુંસક કહ્યો છે તે વ્યાકરણવિરુદ્ધ છે. પછી સિદ્ધરાજના આગ્રહથી "દલ" શબ્દનો જેમ તેમ કરીને સૈન્ય એવો અર્થ બેસાડી આપ્યો અને "કમલ" શબ્દનું નિત્યનપુંસકત્વ દૂર કરવા માટે પાઠ પરિવર્તન કરી બતાવ્યું. રામચંદ્રની આવી સૂક્ષ્મ દૃષ્ટિ જોઈને કવિઓ દિંગ થઈ ગયા. પણ સિદ્ધરાજની નજર લાગવાથી ઘેર પહોંચતાવેંત જ તેમની આંખ જતી રહી.

દેવસૂરિના ગુરુભાઈ આચાર્ય વિજયસિંહના શિષ્ય હેમચંદ્રે 'નાભેયનેમિ-દ્વિસન્ધાન' નામનો એક પ્રબંધ રચ્યો હતો, જેનું સંશોધન શ્રીપાલે કર્યું હતું, એવો તે કાવ્યના છેવટના ભાગમાં ઉલ્લેખ છે......

આબુ ઉપર દેલવાડા નામક સ્થાન પર વિમળશાહનું બંધાવેલું જે જગપ્રસિદ્ધ જૈન મંદિર છે, તેના રંગમંડપમાં એક સ્તંભની બાજુમાં સંગમરમરની એક પુરુષ-પ્રતિમા છે, જે આ શ્રીપાલ કવિની લાગે

છે. આ મૂર્તિની નીચે ૮–૧૦ લીટીઓનો એક નાનકડો લેખ કોરેલો છે. અમારી પાસે આ લેખની જે પ્રતિકૃતિ છે તે સ્પષ્ટ ન હોવાથી એનો ઉત્તર ભાગ સાફ વાંચી શકાતો નથી. આરંભનો એક શ્લોક મુશ્કેલીથી વાંચી શકાયો છે, તે આ પ્રમાણે છે:

प्राग्वाटान्वयवंशमौक्तिकमणेः श्रीलक्ष्मणस्यात्मजः
श्रीश्रीपालकवीन्द्रबन्धुरमलश्चाशालतामण्डपः ।
श्रीनाभेयजिनांघ्रिपद्ममधुपस्त्यागादभुतैः शोभितः
श्रीमान् शोभित एष सद्यविभवः स्वर्लोकमासेदिवान् ॥

(જુઓ, મારો 'પ્રાચીનજૈનલેખસંગ્રહ', નં. ૨૭૧)

આ ઉપરથી જણાય છે કે શ્રીપાલના પિતાનું નામ લક્ષ્મણ હતું. લેખ સંપૂર્ણ ઉકેલી શકાય તો આ કવિ વિષે બીજી ઘણી માહિતી મળે. અસ્પષ્ટ ભાગના કેટલાક શબ્દો પરથી એમ લાગે છે કે એમાં શ્રીપાલના પુત્રોનો પણ ઉલ્લેખ છે. જે મૂર્તિની નીચે આ લેખ છે, તે મૂર્તિ ભગવાન આદિનાથની મૂર્તિની સંમુખ હાથ જોડીને જાણે પ્રાર્થના કરતી હોય એવી સ્થિતિમાં છે. સંભવિત છે કે કદાચ શ્રીપાલ આ અદ્ભુત મંદિરના નિર્માતા ગુર્જરેશ્વર ભીમદેવના પ્રબલ દંડનાયક વિમળશાહના જ વંશનો હોય .....

'દ્રૌપદીસ્વયંવર' નાટક (પ્રકાશક, શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૧૮)ની હિંદી પ્રસ્તાવનાના મુનિજીએ જ કરેલ, અને 'પુરાતત્ત્વ,' વર્ષ ૧, અંક ૧, પૃ. ૧૧૩–૧૨૧માં પ્રકાશિત થયેલ ગુજરાતી અનુવાદમાંથી સંક્ષેપપૂર્વક ઉદ્ધૃત.

# [૧૧] વસ્તુપાલ–તેજપાલ અને તેમની કીર્તિગાથા

**મહામાત્ય** વસ્તુપાલ જૈનધર્મના, અને તે સાથે સમગ્ર ગૂર્જર રાષ્ટ્રના ઇતિહાસમાં, એક અદ્વિતીય વિભૂતિમાન વ્યક્તિ થઈ ગયા.

**મહામાત્ય વસ્તુપાલની મહત્તા**

શૌર્ય, સૌંદર્ય, ઔદાર્ય, સૌભાગ્ય, સૌજન્ય અને સંસ્કારસૌષ્ઠવ આદિ અનેકાનેક લોકોત્તર ગુણોનો તે એક મૂર્તિમાન અવતાર હતો. સાહિત્ય, સંગીત અને સ્થાપત્ય જેવા જીવનોલ્લાસનિદર્શક જ્ઞાન–વિજ્ઞાનનો તે પરમ રસિક અને પ્રકૃષ્ટ પ્રોત્સાહક હતો. રાજનીતિ અને રાષ્ટ્રવ્યવસ્થાના તંત્રનો તે મહાન સૂત્રધાર હતો. સ્વયં શ્રેષ્ઠ વિદ્વાન અને વીર હોઈ, વિદ્વાનો અને વીરોનો મોટો પ્રશંસક, પોષક અને આશ્રયદાતા હતો. તેના ભાગ્યે તેને તત્કાલીન સત્તા અને સમૃદ્ધિના ચરમ શિખરે પહોંચાડયો હતો અને તેનો તેણે સર્વોત્કૃષ્ટ સુકૃતલાભ લીધો હતો.

**સત્કાર્યો માટે વિદ્વાનો અને કવિઓથી પ્રશંસિત**

વસ્તુપાલના જેવી, અસાધારણ પ્રકારના ઉચ્ચ ગુણધારક વ્યક્તિઓ, મહાન ભારતના પ્રભૂત ભૂતકાલમાંય, બહુ જ વિરલ થયેલી જણાશે. તેને મળેલી સત્તાનો સદુપયોગ તેણે સ્વકીય રાષ્ટ્રની સુસ્થિતિ નિર્મિત કરવા માટે કર્યો અને સમૃદ્ધિનો સદ્વ્યય, તત્સમયની પરિસ્થિતિને અનુરૂપ, સર્વલોકોપકારક અને સાથે સુસંસ્કારપરિપોષક એવાં ધર્મસ્થાનોની રચના કરવામાં કર્યો. તેના એવા ઉદાત્તતમ અવદાતોથી આકર્ષાઈ, તદીય સમકાલીન, દેશના શ્રેષ્ઠ કવિઓ અને વિદ્વાનોએ તેની સત્કીર્તિ

અને સુસ્તુતિના ઉન્મુક્ત ગુણગાન કરનારાં અનેક પ્રશસ્તિકાવ્યો રચ્યાં, જેમાંનાં ઘણાંખરાં હજી સુધી પણ સચવાઈ રહ્યાં છે.

**ભવ્ય દેવમંદિરોના નિર્માતા**

તેવી જ રીતે, તેણે જે અઢળક દ્રવ્ય ખર્ચી, સ્થાપત્યકલાનાં ઉત્કૃષ્ટ પ્રતીકો જેવાં શત્રુંજય, આબૂ, ગિરનાર આદિ તીર્થસ્થાનોમાં જે ભવ્ય દેવમન્દિરો બનાવ્યાં, તેમાંના પણ ઘણાંખરાં, આપણા દેશના સદ્‌ભાગ્યે હજી સુધી સુરક્ષિત રહી શક્યાં છે અને જગતના પ્રવાસીઓને પોતાના નિર્માતાની દિવ્ય ગાથા સંભળાવી રહ્યાં છે. સુકૃત્યો અને સત્કીર્તનો દ્વારા આ જાતનું અમર નામ પ્રાપ્ત કરનારા મનુષ્યો સંસારના ઇતિહાસમાં બહુ વિરલ થયા છે.

## વસ્તુપાલ-તેજપાલનું કીર્તિકથા-સાહિત્ય

વસ્તુપાલની કીર્તિ–સ્તુતિ કથનારાં જે પ્રશસ્તિકાવ્યો ઉપલબ્ધ થાય છે તે બધાનો ટૂંક પરિચય, અમદાવાદની ‘ગુજરાત સાહિત્ય સભા’ના ઉપક્રમ નીચે, સન ૧૯૩૩ના જુલાઈમાં, ‘પ્રાચીન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સાધન-સામગ્રી’ એ નામે મેં જે એક વ્યાખ્યાન આપ્યું હતું તેમાં આપવા પ્રયત્ન કર્યો હતો. એ પરિચય પ્રસ્તુત ગ્રન્થનું વાચન અને અવલોકન કરનારાઓને ખાસ ઉપયોગી હોવાથી, તેમ જ તે અન્ય રીતે પણ અહીં બહુ જ પ્રાસંગિક હોવાથી, આ નીચે તેનો ઉતારો આપવામાં આવે છે.:—

“ચૌલુક્ય વંશના છેલ્લા રાજા, બીજા ભીમદેવના સમયનો ગૂજરાતનો ઇતિહાસ પ્રમાણમાં સૌથી વધારે વિગતવાળો અને વધારે વિશ્વસનીય પુરાવાવાળો મળી આવે છે; અને તેનું કારણ, તે સમયમાં થયેલા ચાણક્યના અવતાર સમા ગુજરાતના બે મહાન અને અદ્વિતીય બંધુમંત્રી વસ્તુપાલ–તેજપાલ છે. એ બે ભાઈઓના શૌર્ય, ચાતુર્ય અને ઔદાર્ય આદિ અનેક અદ્‌ભુત ગુણોને લઈને, એમના સમકાલીન

ગુજરાતના પ્રતિભાવાન પંડિતો અને કવિઓએ એમની કીર્તિને અમર કરવા માટે જેટલાં કાવ્યો, પ્રબંધો અને પ્રશસ્તિઓ વગેરે રચ્યાં છે તેટલાં હિંદુસ્તાનના બીજા કોઈ રાજપુરુષ માટે નહિં રચાયાં હોય.

**(૧) વસ્તુપાલરચિત 'નરનારાયણાનંદ કાવ્ય'**—"વસ્તુપાલ મંત્રી જાતે એક સરસ કવિ અને બહુ વિદ્વાન પુરુષ હતો. તે પ્રાચીન ગુજરાતના વૈશ્ય જાતીય મહાકવિ માઘની જેમ શ્રી અને સરસ્વતી બંનેનો પરમ કૃપાપાત્ર હતો. તેણે, જેમ મંદિરો વગેરે અસંખ્ય ધર્મસ્થાનો ઊભાં કરી અને અગણિત દ્રવ્ય દાન-પુણ્યમાં ખર્ચી લક્ષ્મી દેવીનો યથાર્થ ઉપયોગ કર્યો હતો, તેમ અનેક વિદ્વાનો અને કવિઓને અત્યંત આદરપૂર્ણ અનન્ય આશ્રય આપી, તેમ જ પોતે પણ કવિતા અને સાહિત્યમાં ખૂબ રસ લઈ, સરસ્વતી દેવીનો તે સાચો ઉપાસક બન્યો હતો. કેટલેક અંશે મહાકવિ માઘ એ વસ્તુપાલના માનસનો આદર્શ પુરુષ હોય એમ મને લાગે છે. માઘના 'શિશુપાલ-વધ' મહાકાવ્યના અનુકરણ રૂપે વસ્તુપાલે 'નરનારાયણાનંદ' નામનું મહાકાવ્ય બનાવ્યું છે. એ કાવ્યના અંતિમ સર્ગમાં મંત્રીએ પોતાનો વંશપરિચય વિસ્તારથી આપ્યો છે અને પોતે કેવી રીતે અને કઈ પ્રચ્છાએ, ગુજરાતના એ વખતના અરાજક તંત્રનો મહાભાર માથે ઉપાડવા અમાત્યપદ સ્વીકાર્યું, તેનું કેટલુંક સૂચન કર્યું છે.

**(૨) સોમેશ્વર કવિકૃત 'કીર્તિકૌમુદી'**—"ગૂજરાતના ચૌલુક્ય-વંશનો રાજપુરોહિત નાગરવંશીય પંડિત સોમેશ્વર ગુજરાતના કવિઓમાં શ્રેષ્ઠ પંક્તિનો કવિ થઈ ગયો. એ વસ્તુપાલનો પરમ મિત્ર હતો. વસ્તુ-પાલને મહામાત્ય બનાવવામાં એનો કાંઈક હાથ પણ હતો. વસ્તુપાલની જીવનકીર્તિને અમર કરવા માટે એણે 'કીર્તિકૌમુદી' નામનું નાનું પણ ઘણું સુંદર કાવ્ય બનાવ્યું. એ કાવ્યમાં કવિએ પ્રથમ ગૂર્જર રાજધાની અણહિલપુરનું વર્ણન કર્યું; તે પછી તેના રાજકર્તા ચાલુક્ય વંશનું અને મંત્રીના પૂર્વજોનું વર્ણન આપ્યું. તે પછી, કેવી રીતે મંત્રીને એ મંત્રીપદની પ્રાપ્તિ થઈ તેનું, મંત્રી થયા પછી ખંભાતના

તંત્રને વ્યવસ્થિત કર્યાનું, અને તેમ કરતાં શંખરાજ સાથે કરવા પડેલા યુદ્ધનું વર્ણન કર્યું. તે પછી મંત્રીએ શત્રુંજય, ગિરનાર અને સોમેશ્વર વગેર તીર્થસ્થાનોની, મોટા સંઘ સાથે, કરેલી યાત્રાનું સુરમ્ય વર્ણન આપ્યુ છે. એ યાત્રા કરી મંત્રી જ્યારે પાછો પોતાને સ્થાને આવે છે તે ઠેકાણે કવિ પોતાના કાવ્યની સમાપ્તિ કરે છે. એથી જણાય છે કે વિ. સં. ૧૨૮૦ ની લગભગ એ કાવ્યની રચના થઈ હોવી જોઈએ.

(૩) ઠક્કુર અરિસિંહરચિત 'સુકૃતસંકીર્તન'—"સોમેશ્વરની માફક અરિસિંહ નામના કવિએ વસ્તુપાલના સુકૃતનું સંકીર્તન કરવાની ઇચ્છાથી 'સુકૃતસંકીર્તન' નામનું અન્વર્થક કાવ્ય બનાવ્યું છે. એ કાવ્યમાં પણ લગભગ કીર્તિકૌમુદી જેવું જ બધું વર્ણન આવે છે. એમાં વિશેષ એટલો છે કે, કીર્તિકૌમુદીમાં જ્યારે અણહિલપુરના રાજ્યકર્તા માત્ર ચૌલુક્ય વંશનું જ વર્ણન આપેલું છે, ત્યારે આમાં એ વર્ણન અણહિલપુરના મૂળ સંસ્થાપક વનરાજ ચાવડાથી શરૂ કરવામાં આવ્યું છે અને તેમાં ચાવડા વંશની પૂરી નામાવલી આપવામાં આવી છે. આ કાવ્યની રચના કીર્તિકૌમુદીના સમય કરતાં સહેજ થોડી પાછળથી થઈ હશે એમ એના વર્ણન ઉપરથી જણાય છે.

(૪) બાલચંદ્રસૂરિવિરચિત 'વસન્તવિલાસ'—" કીર્તિકૌમુદી અને સુકૃતસંકીર્તન ઉપરાંત વસ્તુપાલના ગુણોનું ગૌરવ ગાનારું ત્રીજું કાવ્ય બાલચંદ્રસૂરિકૃત 'વસંતવિલાસ' નામનું છે. એ કાવ્ય, ઉપરના બંને કાવ્યો કરતાં, જરા મોટું છે અને એની રચના વસ્તુપાલના મૃત્યુ પછી, પરંતુ તરત જ, થઈ છે. કવિએ ખાસ કરીને મંત્રીના પુત્ર જયન્તસિંહની પરિતુષ્ટિ ખાતર આ કાવ્યની રચના કરી છે. આ કાવ્યમાં પણ વર્ણ્ય વિષય લગભગ ઉપરનાં કાવ્યો જેવો જ છે. વિશેષ એ છે કે, એમાં વસ્તુપાલના મૃત્યુની હકીકત પણ આપવામાં આવી છે, એ કારણથી એની રચના વિ. સં. ૧૩૦૦ ની લગભગ થયેલી માની શકાય.

(૫) ઉદયપ્રભસૂરિકૃત 'ધર્માભ્યુદય મહાકાવ્ય—" વસ્તુપાલન ધર્મગુરુ આચાર્ય વિજયસેનસૂરિના પટ્ટધર આચાર્ય ઉદયપ્રભ-

સૂરિએ પુરાણપદ્ધતિ ઉપર એક 'ધર્માભ્યુદય' નામનો ગ્રંથ બનાવ્યો છે. વસ્તુપાલે સંઘપતિ થઈને, ઘણા ભારે આડંબર સાથે, શત્રુંજય, ગિરનાર આદિ તીર્થોની જે યાત્રાઓ કરી હતી તેનું માહાત્મ્ય બતાવવા અને સમજાવવા માટે એ ગ્રંથ રચવામાં આવ્યો છે. વસ્તુપાલની જેમ પુરાણ કાળમાં કયા કયા પુરુષોએ મોટા મોટા સંઘો કાઢી એ તીર્થોની યાત્રાઓ કરી હતી, તેમની કથાઓ એમાં આપવામાં આવેલી છે. ગ્રંથનો મોટો ભાગ પૌરાણિક કથાઓથી ભરેલો છે, પણ છેવટના ભાગમાં, સિદ્ધરાજના મંત્રી આશુકે, કુમારપાલના મંત્રી વાગ્ભટે અને અંતે વસ્તુપાલે જે યાત્રા કરી, તે સંબંધી કેટલીક ઐતિહાસિક નોંધો પણ એમાં આપેલી મળી આવે છે.

(૬) **જયસિંહસૂરિકૃત 'હમ્મીરમદમર્દન નાટક'**— "વસ્તુપાલે ગુજરાતના રાજતંત્રનો સર્વાધિકાર હાથમાં લીધા પછી, ક્રમે ક્રમે પોતાના શૌર્ય અને બુદ્ધિચાતુર્ય દ્વારા, એક પછી એક રાજ્યના અંદરના અને બહારના શત્રુઓનું કળ અને બળથી દમન કરવું શરૂ કર્યું. તે જોઈ ગુજરાતના પડોશી રાજાઓ ખૂબ ખળભળી ઊઠયા અને તેમણે ગુજરાતમાં પુનઃ સ્થાપન થતા સુતંત્રને ઉથલાવી પાડવાના ઇરાદાથી આ દેશ પર આક્રમણો કરવાં માંડયાં. વિ. સં. ૧૨૮૫ ના અરસામાં, દક્ષિણના દેવગિરિનો યાદવ રાજા સિંહણ, માલવાનો પરમાર રાજા દેવપાલ અને દિલ્લીનો તુરુષ્ક સેનાપતિ અમીરે શીકાર—એમ દક્ષિણ, પૂર્વ અને ઉત્તર ત્રણે દિશાઓમાંથી એકીસાથે ત્રણ બળવાન શત્રુઓએ ગુજરાત ઉપર ચઢાઈ લઈ આવવાનો લાગ શોધ્યો. એ ભયંકર કટોકટીના વખતે વસ્તુપાલે, પોતાની તીક્ષ્ણ ચાણક્યનીતિનો પ્રયોગ કરી, શત્રુઓને છિન્નભિન્ન કરી નાંખ્યા અને દેશને આબાદ રીતે બચાવી લીધો; દિલ્લીના બાદશાહી સૈન્યને આબૂની પાસે સખત હાર આપી પાછું હાંકી કાઢયું; અને એ રીતે એ તુરુષ્ક અમીર, જેને સંસ્કૃતમાં 'હમીર' તરીકે સંબોધવામાં આવે છે, તેના મદનું મર્દન કરી ગુજરાતની સત્તાનું મુખ ઉજ્જ્વળ કર્યું. એ આખી ઘટનાને મૂળ વસ્તુ તરીકે ગોઠવી, ભરુચના

જૈન વિદ્વાન આચાર્ય જયસિંહસૂરિએ 'હમીરમદમર્દન' નામનું પંચાંકી નાટક બનાવ્યું. એ નાટકની રચના કરવામાં મુખ્ય પ્રેરણા, વસ્તુપાલનો પુત્ર જયંતસિંહ, જે તે વખતે ખંભાતનો સૂબો હતો તેની હતી. અને તેના જ પ્રમુખત્વ નીચે ભીમેશ્વરદેવના ઉત્સવપ્રસંગે ખંભાતમાં તે ભજવવામાં આવ્યું હતું. એ રીતે એ એક ઐતિહાસિક નાટક છે, જેને ભારતીય નાટકસાહિત્યમાં અત્યંત વિરલ કૃતિઓમાંની એક કૃતિ તરીકે ગણી શકાય. વસ્તુપાલના વખતની રાજકારણ સૂચવતી જે હકીકતો આ નાટકમાં ગૂંથેલી છે તે બીજી કોઈ કૃતિઓમાં નથી મળતી, તેથી એ ઇતિહાસ માટે આ ઘણો ઉપયોગી અને મહત્ત્વનો પ્રબંધ છે. કેટલાક વિદ્વાનોએ એમાં આપેલી હકીકતોને વધારે અતિશયોક્તિ ભરેલી જણાવી છે, પણ તે બરાબર નથી. મારા મતે એનું ઐતિહાસિક મૂલ્ય વધારે ઊંચા પ્રકારનું છે.

## વસ્તુપાલપ્રશસ્તિઓ

"ઉપર જે વસ્તુપાલ વિષેનાં કાવ્યો વગેરેનો પરિચય આપ્યો છે તે ઉપરાંત એ ભાગ્યવાન પુરુષની કીર્તિ કથનારી બીજી કેટલીક ટૂંકી કૃતિઓ મળે છે, જે પ્રશસ્તિઓ કહેવાય છે. એવી પ્રશસ્તિઓમાંથી કેટલીક આ પ્રમાણે છે.–

(૭) **ઉદયપ્રભસૂરિકૃત 'સુકૃતકીર્તિકલ્લોલિની**– "ઉપર વર્ણવેલ ધર્માભ્યુદય કાવ્યના કર્તા ઉદયપ્રભસૂરિએ 'સુકૃતકીર્તિકલ્લોલિની' નામની ૧૭૯ પદ્યોની એક સંસ્કૃત પ્રશસ્તિ રચી છે. એમા અરિસિંહના 'સુકૃતસંકીર્તન' નામના કાવ્યમાં જેવી હકીકત છે તેવી જ હકીકત સંક્ષિપ્ત રીતે વર્ણવામાં આવી છે. અણહિલપુરના ચાવડા વંશની હકીકત પણ એમાં, ઉક્ત કાવ્યની જેમ, આપવામાં આવી છે અને અંતે વસ્તુપાલે કરાવેલાં કેટલાંક ધર્મસ્થાનોની યાદી પણ આપી છે. કદાચિત્ શત્રુંજય પર્વત ઉપરના આદિનાથના મંદિરમાં કોક ઠેકાણે આ પ્રશસ્તિ શિલાપટ્ટ પર કોતરીને મૂકવા માટે બનાવવામાં આવી હોય.

(૮) જયસિંહસૂરિકૃત 'વસ્તુપાલ–તેજઃપાલપ્રશસ્તિ'– "જેમણે 'હમીરમદમર્દન' નામનું નાટક રચ્યું તે જ જયસિંહસૂરિએ 'વસ્તુપાલ–તેજ:પાલપ્રશસ્તિ' નામે એક ૭૭ પદ્યોની ટૂંકી રચના કરી છે. એમાં અણહિલપુરના ચૌલુક્ય વંશનું, વસ્તુપાલ–તેજપાલના પૂર્વજોનું અને તેમણે કરાવેલાં કેટલાંક ધર્મસ્થાનોનું વર્ણન છે. તેજપાલ જ્યારે ભરુચ ગયો ત્યારે ત્યાં તેણે જયસિંહસૂરિની પ્રેરણાથી, ત્યાંના સુપ્રસિદ્ધ પુરાતન 'શકુનિકાવિહાર' નામે મુનિસુવ્રતજિનચૈત્યનાં શિખરો ઉપર સુવર્ણકલશ અને ધ્વજાદંડ વગેરે ચઢાવી એ મંદિરને ખૂબ અલંકૃત બનાવ્યું હતું, તેથી તેની પ્રશસ્તિ તરીકે આ કૃતિ બનાવવામાં આવી છે.

(૯) નરેન્દ્રપ્રભસૂરિવિરચિત 'મંત્રીશ્વરવસ્તુપાલપ્રશસ્તિ'—"વસ્તુપાલના માતૃપક્ષીય ધર્મગુરુ નરેન્દ્રપ્રભસૂરિએ ૧૦૪ શ્લોકોની એક 'વસ્તુપાલપ્રશસ્તિ' બનાવી છે. એમાં ચૌલુક્ય વંશ અને વસ્તુપાલના વંશનું ટૂંકું વર્ણન આપી, એ મંત્રીએ જે જે ઠેકાણે મુખ્ય મુખ્ય ધર્મસ્થાનો કે દેવસ્થાનો કરાવ્યાં અગર સમરાવ્યાં તેની લંબાણથી યાદી આપી છે. પ્રશસ્તિકાર પોતે જ એ યાદીને બહુ ટૂંકી જણાવે છે, છતાં એ દાનવીરે ગુજરાતની પુણ્યભૂમિને ભવ્ય સ્થાપત્યની વિભૂતિથી અલંકૃત કરવા માટે જે અગણિત લક્ષ્મી ખર્ચી છે તેની કેટલીક સારી કલ્પના એ પ્રશસ્તિના પાઠથી થઈ શકે છે.

એ જ આચાર્યની રચેલી ૩૭ પદ્યોની એક બીજી નાની સરખી પ્રશસ્તિ, તથા એમના ગુરુ આચાર્ય નરચંદ્રસૂરિની કરેલી ૨૬ પદ્યોવાળી એક બીજી પ્રશસ્તિ, તેમ જ 'સુકૃતકીર્તિકલ્લોલિની'ના કર્તા ઉદયપ્રભસૂરિની રચેલી ૩૩ પદ્યોવાળી વસ્તુપાલસ્તુતિ વગેરે કેટલીક અન્ય કૃતિઓ પણ મને મળી છે.

(૧૦) વિજયસેનસૂરિકૃત 'રેવંતગિરિરાસુ'—"વસ્તુપાલના ઇતિહાસ માટેની ઉપયોગિતામાં છેલ્લી, પણ ભાષાવિકાસના અભ્યાસ માટેની યોગ્યતાની દૃષ્ટિએ પહેલી કક્ષાની, કૃતિ તરીકે વિજયસેનસૂરિએ બનાવેલા ગુજરાતી 'રેવંતગિરિરાસુ'ની નોંધ પણ આ સાધનસામગ્રી

ભેગી લેવી જોઈએ. એ વિજયસેનસૂરિ વસ્તુપાલ–તેજઃપાલના મુખ્ય ધર્માચાર્ય. એમના ઉપદેશને અનુસરીને જ એ બંને ભાઈઓએ તેટલાં બધાં સુકૃતનાં કાર્યો કર્યાં હતાં. એમના કથનને માન આપીને જ વસ્તુપાલે સૌથી પહેલો ગિરનારની યાત્રા માટેનો મોટો સંઘ કાઢ્યો. એ સંઘમાં સ્ત્રીવર્ગના ગાવા માટે, ગિરનાર વગેરેનું સુંદર વર્ણન ગૂંથી, એ રાસની રચના કરવામાં આવી છે. એમાં વિશેષ ઐતિહાસિક સામગ્રી જડતી નથી, છતાં એનું ઐતિહાસિક મૂલ્ય આ દૃષ્ટિએ વિશિષ્ટ છે જ. અને ગુજરાતી ભાષાની એક આદ્યકાલીન કૃતિ તરીકે તો એની વિશિષ્ટતા સર્વોપરિ ગણી શકાય.

**(૧૧) જિનભદ્રકૃત 'નાનાપ્રબંધાવલિ'**—" વસ્તુપાલના પુત્ર જયન્તસિંહના ભણવા માટે સંવત ૧૨૯૦માં, ઉપર્યુક્ત ઉદયપ્રભસૂરિના શિષ્ય જિનભદ્રે અનેક કથાઓના સંગ્રહવાળી એક ગ્રંથરચના કરી છે, જે ખંડિત રૂપમાં મને પાટણના ભંડારમાંથી મળી આવી છે. એમાં પૃથ્વીરાજ ચાહમાન, કનોજના જયન્તચંદ્ર અને નાડોલના લાખણરાવ ચૌહાણ વગેરેને લગતા કેટલાક ઐતિહાસિક પ્રબંધો પણ આપેલા છે. 'પ્રબંધચિંતામણિ'ના કર્તાની સામે આ પ્રબંધાવલી હોય એમ લાગે છે, એટલું જ નહીં પણ કેટલાક પ્રબંધો તો તેમણે એમાંથી જ નકલ કરી લીધેલા હોય તેવું પણ સ્પષ્ટ ભાસે છે. ચંદ બરદાઈના નામે ચઢેલા અને હિંદી ભાષાના આદ્ય કાવ્ય તરીકે ઓળખાતા પૃથ્વીરાજ રાસોના કર્તૃત્વ ઉપર કેટલોક નવીન પ્રકાશ આ પ્રબંધાવલિ ઉપરથી પડે છે. એ જ સંગ્રહમાં, ઘણું કરીને પાછળથી, કોઈએ વસ્તુપાલના જીવનચરિત્રને લગતી પણ કેટલીક વિશિષ્ટ હકીકત આપેલી છે, જે ઐતિહાસિક દૃષ્ટિએ ઘણી મહત્ત્વની છે." (ઉક્ત નિબન્ધ, પૃ. ૧૭–૨૨)

વિ. સં. ૨૦૦૫ ધર્માભ્યુદય મહાકાવ્ય (સિંઘી જૈન ગ્રંથમાળા,
વસંતપંચમી ગ્રંથાંક ૪)ના પ્રાસ્તાવિકમાંથી વચ્ચેનો ભાગ.

## [૧૨] જગદ્દ્ગુરુ હીરવિજયસૂરિ

**ભારતવર્ષના** મુસલમાન બાદશાહોમાં અકબર જેટલો પ્રજાપ્રિય બાદશાહ બીજો કોઈ નથી થયો.... .....શ્રી હીરવિજયસૂરિનું જીવન પણ, ધાર્મિક દૃષ્ટિએ, ખૂબ ઐશ્વર્યસંપન્ન અને તેજસ્વી હતું.

**તપસ્વિનીનાં દર્શન**

'જગદ્દ્ગુરુકાવ્ય'માં* લખ્યું છે કે, અકબર બાદશાહ એક દિવસ ફતેહપુરસિક્રીના શાહી મહેલમાં બેઠો બેઠો રાજમાર્ગ તરફ નજર કરી રહ્યો હતો. એવામાં એક મોટો વરઘોડો એની નજર તળેથી પસાર થયો. એમાં એક બહેન સુંદર વસ્ત્રો પહેરીને, ફળ–ફૂલથી ભરેલા થાળ સાથે, મ્યાનામાં બેસીને જઈ રહી હતી. બીજા પ્રબંધોમાં આ બહેનનું નામ ચંપા લખ્યું છે, અને એ અકબરના માન્ય શ્રેષ્ઠી થાનસિંહના કુટુંબની હતી એમ જણાવ્યું છે. એને જોઈને બાદશાહે પૂછ્યું કે 'આ કોણ છે અને ક્યાં જાય છે?' જવાબમાં નોકરે કહ્યું કે 'આ કોઈક જૈન શ્રીમંત શ્રાવિકા છે; એણે છ મહિનાના ઉપવાસ કર્યા છે. આ ઉપવાસોમાં ફક્ત ગરમ કરેલ પાણી—અને તે પણ દિવસે જ—સિવાય બીજી કશી ચીજ મોંમાં નથી નાખી શકાતી. આજે જૈનધર્મનો કોઈ તહેવાર છે, તેથી એ બહેન પોતાના જિનમંદિરમાં દર્શન કરવા, આવા ઉત્સવ સાથે, જઈ રહી છે.' આ સાંભળીને બાદશાહને આશ્ચર્ય

---

* જ્યારે શ્રી હીરવિજયસૂરિજી અકબરના દરબારમાંથી ગુજરાત પાછા ફરી રહ્યા હતા ત્યારે, એમના આગમનના સમાચાર સાંભળીને, પંડિત પદ્મસાગર ગણીએ, કાઠિયાવાડના મંગલપુર (માંગરોલ) શહેરમાં, સં. ૧૬૪૬ આસપાસ આ કાવ્ય રચીને સૂરિજીને ભેટરૂપે અર્પણ કર્યું હતું.

થયું; પણ આ વાત ઉપર એને વિશ્વાસ ન બેઠો.........એ શ્રાવિકાની પાસે જઈને, પ્રણામ કરીને એણે પૂછ્યું: 'હે માતા! તું આવું કઠોર તપ શા માટે અને કેવી રીતે કરી શકે છે?' તપસ્વિનીએ ફક્ત એટલો જ જવાબ આપ્યો કે 'મહારાજ, આ તપ કેવળ પોતાના કલ્યાણ માટે કરવામાં આવે છે; અને સાક્ષાત્ ધર્મની મૂર્તિ સમાન મહાત્મા હીરવિજયસૂરિ જેવા ધર્મગુરુઓની સુકૃપાનું જ આ ફળ છે.'

## સૂરિજીને મળવાની અકબરની ઝંખના અને તેડું

હીરવિજયસૂરિનું *નામ સાંભળીને અકબરને એમને મળવાની ઇચ્છા થઈ. બાદશાહે પોતાના અધિકારીઓને સૂરિજી મહારાજ સંબંધી—તેઓ ક્યાં, કેવી રીતે રહેતા હતા એ સંબંધી—પૂછપરછ કરી. ઇતમાદખાન ગુજરાતી, જે પોતાના ગુજરાતના અધિકાર વખતે સૂરિજીને અનેક વાર મળ્યો હતો, અને જે એમના પવિત્ર જીવનથી સારી રીતે પરિચિત હતો, એણે બાદશાહને સૂરિજીના સંબંધમાં વિશેષ માહિતી આપી; અને એમનું વિહારસ્થાન, જે ઘણુંખરું ગુજરાત હતું, એની જાણ કરી. બાદશાહે એ જ વખતે મેવડા જાતિના મોંદી અને કમાલ નામના પોતાના બે ખાસ કર્મચારીઓને બોલાવીને, અમદાવાદના તે વખતના સૂબેદાર (ગવર્નર) શહાબુદ્દીન અહમદખાં ઉપર ફરમાન પત્ર લખીને એમને ગુજરાત તરફ મોકલી દીધા. એ ફરમાનમાં બાદશાહે સૂબેદારને એમ લખ્યું હતું કે 'જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિને, ખૂબ બહુમાન સાથે, અમારી પાસે (અકબરી દરબારમાં) મોકલી આપશો.'

## વિહાર અને સરોતરના ઠાકોરને પ્રતિબોધ

આ ફરમાન મળતાં જ શહાબુદ્દીને અમદાવાદના મુખ્ય મુખ્ય

* હીરવિજયસૂરિનો જન્મ વિ. સં. ૧૫૮૩ માગસર સુદિ ૯ના દિવસે પાલનપુરમાં ઓસવાળ જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાનું નામ કુંરજી અને માતાનું નામ નાથીબાઈ હતું. એમણે વિ. સં. ૧૫૯૬માં પાટણમાં દીક્ષા લીધી હતી. વિ. સં. ૧૬૧૦માં સિરોહીમાં એમને આચાર્ય પદવી અર્પણ થઈ હતી.

જૈન શ્રાવકોને બોલાવ્યા અને એમને અકબરનું ફરમાન બતાવીને સૂરિજી મહારાજને ફતેહપુર જવાની વિનતિ કરવા કહ્યું. એ વખતે સૂરિજી ગંધાર બંદરમાં ચોમાસુ હતા. એટલે શ્રાવકો ત્યાં પહોંચ્યા અને અકબરના આમંત્રણની બધી વાત કરી. સાથેસાથે પોતા તરફથી પણ ત્યાં જવાની વિનતિ કરી. સૂરિજીએ વિચાર્યું કે અકબર બહુ સત્યપ્રિય છે, તેથી એની પાસે જવાથી અને એને ઉપદેશ દેવાથી ઘણો લાભ થઈ શકે એમ છે. ધર્મની ખ્યાતિ સાથોસાથ દેશનું પણ ભલું થઈ શકે છે. એમ વિચારીને સૂરિજીએ શ્રાવકોની વિનતિનો સ્વીકાર કર્યો, અને વિ. સં. ૧૬૩૮ ના માગસર સુદિ ૭ ના દિવસે ગંધાર બંદરથી પ્રસ્થાન કર્યું. ........થોડા જ દિવસમાં તેઓ અમદાવાદ પહોંચ્યા.... .. કેટલાક દિવસ અમદાવાદ રોકાઈને જે માણસો અકબરનું ફરમાન લઈને આવ્યા હતા એમની જ સાથે ફતેહપુર તરફ વિહાર કર્યો. રસ્તામાં સૌથી મોટું શહેર પાટણ આવ્યું....... . ત્યાં ફક્ત સાત દિવસ રોકાઈને સૂરિજીએ આગળ વિહાર કર્યો. ધર્મસાગર ઉપાધ્યાયને સંઘની સંભાળ રાખવા માટે સૂરિજી ત્યાં રાખતા ગયા. સૂરિજીને સિદ્ધપુર સુધી પહોંચાડવા સારુ વિજયસેનસૂરિ એમની સાથે ગયા; ત્યાંથી તેઓ પાછા ફર્યા. સિદ્ધપુરમાં કૃપારસકોશના કર્તા શાંતિચંદ્ર પંડિત સૂરિજીની સેવામાં હાજર થયા. એમને સુયોગ્ય સમજીને સૂરિજીએ પોતાની સાથે લીધા. મહોપાધ્યાય વિમલહર્ષ ગણી જેઓ ગંધારથી સૂરિજીની સાથે હતા એમને સૂરિજીએ પોતાની પહેલાં અકબરને મળવા માટે જલદી રવાના કર્યા, સૂરિજી ધીમે ધીમે વિહાર કરતા કરતા સરોતર ગામમાં પહોંચ્યા. ત્યાંનો ઠાકોર અર્જુન, જે એક મોટો બહારવટિયો હતો, એણે સૂરિજીને પોતાને ત્યાં લઈ જઈને એમનો ખૂબ આદર–સત્કાર કર્યો. સૂરિજીએ એને મધુર ધર્મોપદેશ આપીને એની પાસે શિકાર વગેરે કુવ્યસનોનો ત્યાગ કરાવ્યો.

## ફતેહપુર સિક્રીમાં પ્રવેશ

સૂરિજી આબૂ પહાડ ઉપરનાં પ્રસિદ્ધ મંદિરોની યાત્રા કરીને

સિરોહી પહોંચ્યા.........સિરોહીથી આચાર્ય મહારાજ સાદડી નગર પહોંચ્યા.........ત્યાંથી વિહાર કરીને રાણપુર [ રાણકપુર ]ના ધરણ-વિહારની યાત્રા કરીને તેઓ આઉઆ ગામે પહોંચ્યા.........આઉ-આથી વિહાર કરી સૂરિજી કેટલાક દિવસે મેડતાનગર પહોંચ્યા. ત્યાંનો સુલતાન સાદિમ સૂરિજીની સેવામાં હાજર થયો. વિમલહર્ષ ઉપાધ્યાય, જેમને સૂરિજીએ પોતાની પહેલાં અકબરને મળવા માટે અગાઉ મોકલ્યા હતા, તેઓ કોઈ કારણસર ત્યાં રોકાઈ ગયા હતા. તેઓ સૂરિજીને મળ્યા. નાગોર અને બીકાનેરના સંઘ સૂરિજીને વંદન કરવા આવ્યા. વિમલહર્ષ ઉપાધ્યાયને આગળ જવાની આજ્ઞા આપીને સૂરિજીએ પંડિત સિંહવિમલ ગણીની સાથે જલદી રવાના કર્યા અને પોતે ધીમે ધીમે ફતેહપુર તરફ વિહાર કરવા લાગ્યા. સૂરિજી સાંગાનેર પહોંચ્યા. એટલામાં તો ઉપાધ્યાયજી અકબરને આચાર્યજીના આગમનના સમાચાર આપીને પાછા આવીને સૂરિજીની સેવામાં હાજર થઈ ગયા. સૂરિજીના સાંગાનેર પહોંચ્યાના સમાચાર મળતાં જ બાદશાહે થાનસિંહ, અમીપાલ અને માનૂશાહ વગેરે જૈન શ્રેષ્ઠીઓને આજ્ઞા કરી કે સૂરિજી મહારાજની પધ-રામણી ખૂબ ધામધૂમથી કરાવજો. બાદશાહનો આદેશ થતાં જ મોટા મોટા અધિકારીઓ અને ધનાઢ્ય જૈનો અનેક હાથી, ઘોડા, રથ અને લશ્કરની સાથે સૂરિજીની સામે સાંગાનેર પહોંચ્યા. સૂરિજી એમની સાથે ફતેહપુર પહોંચ્યા અને શહેરની બહાર જગમલ કછવાહાના મહેલમાં તે દિવસે રોકાયા. લગભગ છ મહિનાનો વિહાર કરીને, સં. ૧૬૩૯ના જેઠ વદિ ૧૩ ને શુક્રવારે સૂરિજી ફતેહપુર પહોંચ્યા.........

### પહેલી મુલાકાત અને પ્રભાવ

બીજે દિવસે સવારે જ સૂરિજી પોતાના વિદ્વાન અને તેજસ્વી શિષ્યોની સાથે શાહી દરબારમાં પહોંચ્યા......થાનસિંહે જઈને સૂરિજી દરબારમાં પધાર્યાના સમાચાર અકબરને આપ્યા. બાદશાહ એ વખતે કોઈક ખૂબ જરૂરી કામમાં રોકાયેલો હતો તેથી એણે પોતાના પ્રિય પ્રધાન શેખ અબુલફજલને બોલાવીને એને સૂરિજીનો આદર-

સત્કાર કરવા ફરમાવ્યું......પોતાના કામમાંથી નિવૃત્ત થઈ ને બાદશાહ દરબારમાં આવ્યો અને સૂરિજીને પોતાની પાસે લઈ આવવા માટે અબુલફજલ પાસે નોકરને મોકલ્યો. અબુલફજલ સૂરિજીને લઈ ને દરબારમાં આવી પહોંચ્યો. સૂરિજીને આવતા જોઈ ને અકબર પોતાના સિંહાસન ઉપરથી ઊભો થયો અને કેટલાંક ડગલાં સૂરિજીની સામે જઈ ને એણે એમને પ્રણામ કર્યા. બાદશાહની સાથે એના ત્રણે પુત્રોએ—શેખ સલીમ, મુરાદ અને દાનિયાલે—પણ એ પ્રમાણે નમસ્કાર કર્યા. સૂરિજીએ બધાને સુભાશિષ આપી.

'ગુરુજી, આપ સારા (अच्छा) તો છો ને?' એમ કહીને બાદશાહ એમને પોતાના ખાસ ખંડમાં લઈ ગયા. ત્યાં કીમતી ગાલિચા બિછાવેલા હતા, તેથી સૂરિજીએ એના ઉપર પગ મૂકવાની ના કહી દીધી...... અને કહ્યું: 'કદાચ આની નીચે કીડી વગેરે હોય તો તે અમારા પગના વજનથી હણાઈ જાય, એટલા માટે અમારાં શાસ્ત્રોમાં મુનિઓને વસ્ત્રથી ઢાંકેલી જમીન ઉપર પગ મૂકવાનો નિષેધ કરવામાં આવ્યો છે.' ......સૂરિજી ત્યાં જ ઉઘાડી જમીન ઉપર પોતાનું જ એક નાનું સરખું ઊની વસ્ત્ર બિછાવીને એના ઉપર બેસી ગયા. બાદશાહ પણ ત્યાં જ એમની સામે ગાલીચા ઉપર બેસી ગયો.......બાદશાહે પૂછ્યું: 'આપ ક્યાંથી અને કેવી રીતે અહીં આવી પહોચ્યા છો?' સૂરિજીએ જવાબમાં કહ્યું કે 'આપની ઇચ્છાને માન આપીને અમે છેક ગંધારથી પાદવિહાર કરતા અહીં પહોંચ્યા છીએ.' બાદશાહ આ સાંભળીને દંગ થઈ ગયો. એણે કહ્યું: 'અહો, આવી વૃદ્ધાવસ્થામાં મારા માટે આપ આટલે દૂરથી આટલા દિવસનો વિહાર કરીને અહીં આવ્યા છો! અને આપે આવું આકરું કષ્ટ ઉઠાવ્યું છે! શું મારા ગુજરાતના સૂબેદાર શહાબુદ્દીન અહમદખાંએ કૃપણતાને કારણે આપને બેસવાને માટે કોઈ વાહન વગેરે પણ ન આપ્યું?' મુનીશ્વરે કહ્યું, 'તેઓ તો બધુંય હાજર કરવા ઇચ્છતા હતા, પણ અમે, અમારા નિયમ મુજબ, આવી કોઈ ચીજ લઈ નથી શકતા.'

અકબર સૂરિજી ઉપર મુગ્ધ થઈ ગયો અને એમની અનેક રીતે પ્રશંસા કરવા લાગ્યો. આ પ્રમાણે વાતચીત થયા પછી અકબર એકલા સૂરિજીને ખાનગી ઓરડામાં લઈ ગયો અને બીજા દરબારીઓને એણે શાંતિચંદ્ર આદિ મુનિવરો સાથે વાર્તાલાપ કરવા સૂચવ્યું. એ ખાનગી ઓરડામાં સૂરિજીએ અકબરને અનેક પ્રકારનો ધર્મોપદેશ આપ્યો. તેથી અકબરને ખૂબ સંતોષ થયો. અત્યાર સુધી તો એ એમના ચારિત્ર ઉપર મુગ્ધ હતો, હવે એમની વિદ્વત્તા ઉપર પણ એ આફરીન થઈ ગયો.

### વિશેષ પરીક્ષા

ધર્મ સંબંધી વાતચીત પૂરી થયા પછી અકબરે સૂરિજીની પરીક્ષા કરવા પૂછયું: 'મહારાજ!......મારી જન્મકુંડળીમાં મીન રાશિ ઉપર શનિની દૃષ્ટિ પડે છે, એનું શું ફળ થશે?' સૂરિજીએ કહ્યું: 'હે બાદશાહ, આવું ફળાફળ કહેવાનું કામ તો ગૃહસ્થોનું છે. જેમને પોતાની આજીવિકા રળવી હોય તેઓ આવી વાતોનું જ્ઞાન મેળવે છે. અમને તો ફક્ત મોક્ષમાર્ગના જ્ઞાનની જ અભિલાષા રહે છે, તેથી જે શાસ્ત્રોથી એવું જ્ઞાન મળે એ વિષયમાં જ અમારું શ્રવણ, મનન અને કથન ચાલ્યા કરે છે.'......બાદશાહે અબુલફજલ આગળ સૂરિજીની વિદ્વત્તા, નિસ્પૃહતા અને પવિત્રતાની ખૂબ પ્રશંસા કરી.

### આગરામાં અકબરીય જ્ઞાનભંડાર

પદ્મસુંદર નામના એક નાગપુરીય તપાગચ્છના એક યતિ ઉપર અકબરને પોતાની પૂર્વાવસ્થામાં ઘણો ભાવ હતો........એમના પુસ્તકાલયમાં હિંદુ અને જૈન સાહિત્યનાં પુષ્કળ પુસ્તકો હતાં. યતિના સ્વર્ગવાસ પછી એ પુસ્તકો અકબરે પોતાના મહેલમાં સાચવી રાખ્યાં હતાં—તે એ દૃષ્ટિએ કે કોઈ શ્રેષ્ઠ મહાત્મા મને મળી આવશે ત્યારે હું એમને એ ભેટ આપી દઈશ......અકબરે પુસ્તકોની પૂર્વકથા કહીને સૂરિજીને એનો સ્વીકાર કરવાની પ્રાર્થના કરી......સૂરિજીએ વારંવાર ઇન્કાર કર્યો, પણ છેવટે અબુલફજલે વચ્ચે પડીને એમને એ

પુસ્તકો સ્વીકારવાની ફરજ પાડી. સૂરિજીએ એ પુસ્તકોનો આદરપૂર્વક સ્વીકાર કરીને એને 'અકબરીય ભાંડાગાર' નામે જ્ઞાનભંડારમાં આગરામાં મૂકી દીધાં......

**બીજી મુલાકાત: જીવદયાની સફળ ભિક્ષા**

કેટલાક દિવસ ફતેહપુરમાં રોકાઈને મુનીશ્વર ચોમાસાને માટે આગરા ગયા. સંવત ૧૬૩૯નું ચોમાસુ ત્યાં વિતાવ્યું. માગસર મહિનામાં સૂરિજી શૌરીપુર તીર્થની યાત્રા કરવા ગયા. કેટલોક વખત આસપાસના પ્રદેશમાં વિચરી તેઓ પાછા આગરા આવી ગયા. ત્યાં ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી, થોડા દિવસ રોકાઈ આગરાથી પાછા ફતેહપુર ગયા. સૂરિજીના આવ્યાના સમાચાર જાણી અકબરે ફરી એમને મળવાની ઇચ્છા દર્શાવી. અબુલફજલના મહેલમાં સૂરિજી અને મુગલ સમ્રાટ બીજી વાર મળ્યા. કલાકો સુધી ધર્મચર્ચા ચાલતી રહી. સૂરિજીએ પ્રજા અને પ્રાણીઓને માટે બાદશાહને અનેક પ્રકારે ઉપદેશ આપ્યો. મદ્ય અને માંસનું સેવન નહીં કરવાનો પણ ઉપદેશ આપ્યો......બાદશાહે કહ્યું: 'મુનીશ્વર! આપે મને જે જે વાતો મારા ભલાને માટે કહી છે તે બિલકુલ સાચી છે, અને આપના ઉપદેશનું હું જરૂર પાલન કરીશ. મેં આપને ખૂબ કષ્ટ દઈને ઘણે દૂરથી અહીં બોલાવ્યા છે......હું આપનો ખૂબ ઋણી—દેવાદાર છું. મારી ઇચ્છા છે કે મારા અધિકારમાં ગામ, નગર, દેશ, હાથી, ઘોડા, સોનું, ચાંદી વગેરે જે કંઈ ચીજો છે, એમાંથી આપને જે ગમે તેનો સ્વીકાર કરીને મારા ઉપરના આ ઉપકારનો ભાર કંઈક ઓછો કરો.'

સૂરિજીએ કહ્યું: 'શહેનશાહ,.........મારી ઇચ્છા ફક્ત આત્મ-સાધના કરવાની છે, એટલે જો તમે મને એવી કોઈ ચીજ આપી શકો કે જેથી મારું આત્મકલ્યાણ થઈ શકે, તો હું એને ખૂબ આભારપૂર્વક સ્વીકારી લઈશ.' બાદશાહ આનો જવાબ શો આપી શકે? એ ચૂપ થઈ ગયો. અકબરને મૌન થયેલો જોઈને મુનિમહારાજે ફરી કહ્યું:

'આપ મને જે કંઈ આપવા ચાહતા હો એના બદલામાં, મારા કહેવાથી, જે કેદીઓ વર્ષોથી કેદખાનામાં પડચા પડચા સડી રહ્યા છે, એ કમનસીબ જીવો ઉપર રહેમ કરીને એમને છોડી મૂકો. જે બાપડાં નિર્દોષ પશુ–પંખીઓને પાંજરામાં પૂરી રાખવામાં આવ્યાં છે એમને ઉડાડી મૂકો. આપના શહેરની પાસે ડાબર નામનું બાર કોસનું વિશાળ તળાવ છે, એમાં રોજ હજારો જાળો નાખવામાં આવે છે, તેને બંધ કરાવી દ્યો. અમારા પર્યુષણ પર્વના દિવસોમાં આપના આખા રાજ્યમાં કોઈ પણ માનવી કોઈ પણ પ્રકારની હિંસા ન કરે એવાં ફરમાન લખી આપો !'

બાદશાહે કહ્યું : 'આ તો આપે બીજા જીવની ભલાઈની વાત કરી. આપ આપના પોતાના માટે પણ કંઈક માગો.'

સૂરિજીએ જવાબ આપ્યો : 'રાજન્ ! દુનિયાનાં જેટલાં પ્રાણીઓ છે એ બધાંને હું મારા પ્રાણ જેવા સમજું છું. તેથી એમના ભલા માટે જે કંઈ કરવામાં આવશે, એને હું મારું જ ભલું સમજીશ.'

બાદશાહે સૂરિજીની આજ્ઞાનો ભારે આદરપૂર્વક સ્વીકાર કર્યો; અને ત્યાં બેઠા બેઠા જ કેદખાનાના બધા કેદીઓને છોડી મૂકવાનો અને પાંજરામાંના બધાં પક્ષીઓને ઉડાડી મૂકવાનો હુકમ કર્યો. ડાબર સરોવરમાં જાળો નાખવાની પણ એણે મનાઈ ફરમાવી દીધી. પર્યુષણના આઠ જ દિવસ નહીં પણ એમાં ચાર દિવસ પોતા તરફથી ઉમેરીને કુલ બાર દિવસ માટે જીવવધ બંધ કરવાનાં છ ફરમાન બાદશાહે લખી આપ્યાં.

### "જગદ્ગુરુ"ની પદવી

બાદશાહે કહ્યું: 'મુનીશ્વર, મારા બધા નોકરો માંસાહારી છે. તેથી એમને જીવવધ બંધ કરવાની વાત ગમતી નથી, એટલે આસ્તે આસ્તે આપને આથી પણ વધુ દિવસો આપીશ—અર્થાત્ વધારે દિવસો સુધી જીવવધ ન કરવાનું ફરમાન લખી આપીશ. સંસારના પશુ–પ્રાણીઓ મારા રાજ્યમાં, મારી જેમ જ, સુખપૂર્વક રહી શકે એવું

કરીશ.' એમ કહીને બાદશાહે સૂરિજીની પરોપકારપરાયણતાની વારંવાર પ્રશંસા કરીને એમને "જગદ્ગુરુ"ની પદવી આપી......

### જનસમૂહને પ્રતિબોધ

એ વર્ષનું-સં. ૧૬૪૦નું-ચોમાસુ આચાર્યશ્રીએ ફતેહપુરમાં જ કર્યું. ...ચોમાસું પૂરું થતાં સૂરીશ્વરજીએ ત્યાંથી વિહાર કર્યો. બાદશાહની ઇચ્છાથી શાંતિચંદ્ર ઉપાધ્યાયને ત્યાં જ રાખ્યા. જગદ્ગુરુ આગરા થઈને મથુરા ગયા. ત્યાંના જૈન સ્તૂપોની યાત્રા કરી ગ્વાલિયર પહોંચ્યા. ત્યાંના ગોપગિરિ પર્વત ઉપર આવેલી વિશાળ અને ભવ્ય આકૃતિવાળી જિનમૂર્તિ, જે 'બાવન ગજા' નામે પ્રસિદ્ધ છે, એનાં દર્શન કર્યાં. ગ્વાલિયરથી જગદ્ગુરુ અલાહાબાદ ગયા અને સં. ૧૬૪૧ નું ચોમાસુ ત્યાં જ કર્યું. શિયાળામાં ત્યાંથી વિહાર કરીને, રસ્તામાં સ્થિરતા કરતા અને અસંખ્ય મનુષ્યોને ઉપદેશ આપતા ફરી આગરા પધાર્યા. અને સં. ૧૬૪૨નું ચોમાસુ ત્યાં જ રહ્યા. સૂરિજીના ઉપદેશથી લોકોએ અનેક ધર્મકાર્યો કર્યાં, એથી જૈનધર્મની ખૂબ પ્રભાવના થઈ. હજારો હિંદુઓ અને મુસલમાનોએ માંસાહાર અને મદિરાપાનનો ત્યાગ કર્યો

### તીર્થરક્ષાનું ફરમાન મેળવીને ગુજરાત તરફ વિહાર

હવે સૂરિજીની ઉંમર સાઠ વર્ષની થઈ હતી; શરીર દિવસે દિવસે નબળું થતું જતું હતું, તેથી એમની ઇચ્છા ગુજરાતમાં જવાની, ત્યાંનાં શત્રુંજય, ગિરનાર વગેરે પવિત્ર તીર્થોની યાત્રા કરવાની અને ત્યાં જ કોઈ પવિત્ર સ્થાનમાં બાકીનું જીવન વિતાવવાની થઈ. સૂરિજીએ પોતાની આ ઇચ્છા બાદશાહને જણાવી અને ગુજરાત તરફ વિહાર કરવાની અનુમતિ માગી. સાથે સાથે એમણે બાદશાહને એવી અરજ પણ કરી કે 'ગુજરાતમાં શત્રુંજય, ગિરનાર, આબુ, તારંગા વગેરે અમારાં ખૂબ પવિત્ર તીર્થો છે; કેટલાક અવિચારી મુસલમાનો અમારા દિલને આઘાત લાગે એવાં હિંસા વગેરે કામો એના ઉપર કરીને એ

તીર્થભૂમિની પવિત્રતાને ભ્રષ્ટ કરતા ફરે છે, અને એના ઉપર પોતાનો અનુચિત હસ્તક્ષેપ કર્યા કરે છે. તેથી આપને અરજ છે કે આ તીર્થો સંબંધી એક એવું શાહી ફરમાન થવું જોઈએ કે જેથી કોઈ પણ મનુષ્ય એ તીર્થ ઉપર અયોગ્ય દખલગીરી કે અનુચિત કામ કરી ન શકે.'

એ કહેવાની જરૂર નથી કે સૂરિજીની આ અરજ પ્રમાણે શાહી ફરમાન લખાવવામાં જરાય વિલંબ ન થયો. બાદશાહે પોતાના ફરમાનમાં કેવળ ગુજરાતમાંનાં તીર્થો સંબંધી જ નહીં, પણ બંગાળ અને રાજપૂતાનામાં સંમેતશિખર (પાર્શ્વનાથ–પહાડ) અને કેસરિયાજી (ધૂલેવ) વગેરે જેટલાં જૈન શ્વેતાંબર તીર્થો છે, એમાંના કોઈમાં પણ કોઈ માણસ દખલગીરી ન કરે અને જનાવર વગેરેનો વધ ન કરે, તેમ જ આ બધાં તીર્થસ્થાનો જૈનાચાર્ય હીરવિજયસૂરિને સોંપવામાં આવ્યાં છે, એવું લખાણ કરી આપ્યું. આ ફરમાનને લઈને અને અકબરની અનુમતિ મેળવીને આચાર્ય મહારાજ, પોતાના શિષ્યોની સાથે, ગુજરાત તરફ રવાના થયા.........

### શત્રુંજયનો મહાસંઘ અને મુંડકાવેરાની માફી

સંવત ૧૬૪૯ના શિયાળામાં જગદ્ગુરુએ પાટણથી શત્રુંજય-તીર્થની યાત્રા માટે વિહાર કર્યો. પાટણ, રાધનપુર, પાલનપુર, અમદાવાદ, ખંભાત વગેરે અનેક નગરોનાં હજારો શ્રાવક–શ્રાવિકાઓ અને સેંકડો શિષ્યો સૂરિજીની સાથે ચાલ્યાં. સૂરિજીના આ સંઘની ખબરો બધી જગ્યાએ પહોંચી ગઈ; તેથી માળવા, મેવાડ, મારવાડ, દક્ષિણ, બંગાળ, કચ્છ અને સિંધ વગેરે બધા પ્રદેશોના સંઘો તીર્થરાજની યાત્રા અને જગદ્ગુરુના દર્શનને માટે શત્રુંજય તરફ રવાના થયા. ફાગણ મહિના આસપાસ સૂરિજી શત્રુંજય પહોંચ્યા. આ વખતે નાના–મોટા મળીને બસો જેટલા સંઘ ત્યાં ભેગા થયા હતા અને એમાં લગભગ ત્રણ લાખ યાત્રાળુઓ હતાં! સૂરિજીએ પોતાની આ યાત્રાની વિગત પહેલાં જ ભાનુચંદ્ર ઉપાધ્યાયને લખી જણાવી હતી; તેથી ઉપાધ્યાયજીએ

અકબરને મળીને, એ વખતના કાયદા મુજબ, દરેક યાત્રી પાસેથી જે મુંડકાવેરો લેવામાં આવતો હતો, તે માફ કરવાનું ફરમાન લખી આપવા અરજ કરી. બાદશાહે તરત જ એવું ફરમાન લખીને સૂરિજીને મોકલી આપ્યું. એને લીધે એ લાખો યાત્રાળુઓ એક પણ પાઈના વેરા વગર તીર્થાધિરાજની દુર્લભ યાત્રા કરી શકયા. આ પહેલાં, આ તીર્થની યાત્રા કરવા જનાર દરેક યાત્રાળુ પાસેથી કયારેક કયારેક તો વેરારૂપે એક એક સોના મહોર લઈને પણ એમની ભાવના મુજબ યાત્રા કરવા દેવામાં નહોતી આવતી !

(વિ. સં. ૧૯૭૩, 'કૃપારસકોશ' (પ્રકાશક, શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર) ના 'હિંદી પ્રાસ્તાવિક કથન' માંથી સંક્ષેપ પૂર્વક અનુવાદિત.

# [૧૩] મોગલ સમ્રાટોના અન્ય પ્રતિબોધકો

## ૧. શાંતિચંદ્ર ઉપાધ્યાય

**સિદ્ધપુરમાં 'કૃપારસકોશ'ના કર્તા શાંતિચંદ્ર પંડિત સૂરિજીની સેવામાં હાજર થયા. એમને ખૂબ યોગ્ય સમજીને હીરવિજયસૂરિજીએ [અકબરને મળવા ફતેહપુર સિક્રી તરફના વિહારમાં] પોતાની સાથે લીધા......**

**ઉપાધ્યાય પદ**

સૂરિજી ત્યાંથી [અકબરના મહેલમાંથી] ઊઠીને શાહી વાજાંઓથી વાજતેગાજતે ઉપાશ્રયે પાછા ફર્યા. શ્રાવકોએ એ વખતે જે આનંદ અને ઉત્સવ કર્યો એનું વર્ણન થઈ શકે એમ નથી. મેડતીયા શાહ સદારંગે એની ખુશાલીમાં ગરીબ–ગરબાંને હજારો રૂપિયા અને યાચકોને સેંકડો હાથી–ઘોડાનું દાન કર્યું. શાહ થાનસિંહે પોતે બંધાવેલ મંદિરમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવવા માટે ખૂબ મોટો ઉત્સવ કર્યો. એ વખતે શાંતિચંદ્રજીને ઉપાધ્યાય પદવી આપવામાં આવી......

**વાદીવિજેતા, શતાવધાની, પ્રતિભાશાળી વિદ્વાન**

જગદ્ગુરુએ ફતેહપુરથી [ગુજરાત તરફ] રવાના થતી વખતે, બાદશાહની વિનતિથી, શાંતિચંદ્ર ઉપાધ્યાયને ત્યાં જ—અકબરના દરબારમાં જ—રાખ્યા. તે દિવસથી ઉપાધ્યાયજી હંમેશાં બાદશાહની પાસે જઈને એમને વિવિધ પ્રકારે સદુપદેશ આપવા લાગ્યા. પ્રસંગે પ્રસંગે બીજા પણ અનેક વિષયો સંબંધી વાતચિત થતી રહેતી હતી. શાંતિચંદ્રજી મોટા વિદ્વાન અને એકીસાથે એકસો આઠ અવધાન કરવાની અદ્ભુત

શક્તિને ધારણ કરનાર અપ્રતિમ પ્રતિભાવાન પુરુષ હતા. આ પહેલાં એમણે પોતાની વિદ્વત્તા અને પ્રતિભાથી રાજપૂતાનાના અનેક રાજાઓને પ્રસન્ન કર્યા હતા; અને ઘણા વિદ્વાનો સાથે વાદ-વિવાદ કરીને વિજય મેળવ્યો હતો. ઇડરગઢના મહારાય શ્રી નારાયણની સભામાં દિગંબર ભટ્ટારક વાદીભૂષણની સાથે વિવાદ કરીને એમને હાર આપી હતી. વાગડના ઘટશિલ નગરમાં ત્યાંના રાજા, અને જોધપુરના મહારાજા શ્રી મલ્લદેવના ભત્રીજા, રાજા સહસમલ્લની હાજરીમાં એમણે ગુણચંદ્ર નામે દિગંબરાચાર્યને પણ હરાવ્યા હતા. આ રીતે એમણે શાસ્ત્રાર્થ અને શતાવધાન દ્વારા અનેક રાજવીઓને પોતા તરફ સદ્ભાવ ધરાવનારા બનાવ્યા હતા.

### 'કૃપારસકોશ'ની રચના

અકબર પણ એમની વિદ્વત્તાથી ઘણો ખુશ થયો. જેમ જેમ એને ઉપાધ્યાયજીનો વિશેષ પરિચય થતો ગયો, તેમ તેમ એ એમનો વિશેષ અનુરાગી થતો ગયો. બાદશાહના સૌહાર્દ અને ઔદાર્યથી પ્રસન્ન થઈને ઉપાધ્યાયજીએ, એની પ્રશંસા નિમિત્તે, 'કૃપારસકોશ'ની રચના કરી હતી. ૧૨૮ શ્લોકના આ નાના સરખા કાવ્યમાં એમણે અકબરના શૌર્ય, ઔદાર્ય, ચાતુર્ય વગેરે ગુણોનું. સંક્ષેપમાં છતાં માર્મિક રીતે, વર્ણન કર્યું છે. આ કાવ્યનું રસપાન કરીને અકબર ખૂબ તૃપ્ત થયો.

### જજિયાવેરાની માફી અને બીજાં સુકાર્યો

આ તૃપ્તિથી પ્રેરાઈને એણે, હીરવિજયસૂરિની જગતના ભલા માટે જે જે શુભેચ્છાઓ હતી તે બધી, ઉપાધ્યાયજીના કહેવાથી, પૂરી કરી. કૃપારસકોશના અંતિમ ૧૨૬-૧૨૭મા શ્લોકોમાં સ્પષ્ટ જણાવ્યું છે કે

> "આ બાદશાહે જજિયાવેરો માફ કર્યો; ઉદ્ધત મુસલમાનોથી મંદિરોને છુટકારો અપાવ્યો; કેદમાં પડેલા કેદીઓને છૂટા કર્યા, સાધારણ રાજાઓ પણ મુનિઓનો આદર-સત્કાર કરવા લાગ્યા, વર્ષમાં છ મહિના સુધી જીવોને અભયદાન મળ્યું અને

ખાસ કરીને ગાય, ભેંસ, બળદ અને પાડાઓ વગેરે પશુઓ કસાઈની છરીથી નિર્ભય થયા—વગેરે શાસનની—જૈનધર્મની ઉન્નતિનાં જગપ્રસિદ્ધ જે જે કામો થયાં એમાં આ ગ્રંથ (કૃપારસકોશ) ઉત્કૃષ્ટ નિમિત્ત બન્યું છે—અર્થાત્ આ ગ્રંથને લીધે જ આવાં બધાં કામો બાદશાહે કર્યાં છે."

### છ મહિનાની અમારિ, ગુજરાત તરફ વિહાર

બાદશાહે આવાં બધાં સુકાર્યો કર્યાં તેની ખુશખબર સૂરિજીને આપવા માટે તેમ જ એમનાં દર્શન કરવાને માટે ઉપાધ્યાયજીએ અકબરની પાસે ગુજરાતમાં જવાની અનુમતિ માગી.........ફતેહપુરથી રવાના થઈને કેટલાક મહિનાનો વિહાર કરીને ઉપાધ્યાયજી પાટણ પહોંચ્યા અને ત્યાં એમણે જગદ્‌ગુરુનાં દર્શન કર્યાં. પોતાના કહેવાથી બાદશાહે જે જે સત્કાર્યો કર્યાં હતાં તે ઉપાધ્યાયજીએ સૂરિજીને કહી સંભળાવ્યાં.........સૂરિજી ઉપાધ્યાયજી ઉપર ખૂબ પ્રસન્ન થયા, અને એમનાં કાર્યોની ખૂબ ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. જે જે દિવસોમાં જીવવધ કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે તેની વિગતો 'હીરસૌભાગ્ય–કાવ્ય' (સર્ગ ૧૪)માં આ પ્રમાણે આપવામાં આવી છે:—

> "પર્યુષણના ૧૨ દિવસ, બધા રવિવાર, સોફિયાનના દિવસો, ઈદના દિવસો, સંક્રાંતિના દિવસો, બાદશાહના જન્મનો આખો મહિનો, મિહિરના દિવસો, નવરોજના દિવસો અને રજબ મહિનાના કેટલાક દિવસ—આ બધા દિવસોની ગણતરી કરતાં બધા મળીને છ મહિના જેટલા થાય છે."

કૃપારસકોશના હિંદી 'પ્રાસ્તાવિક નિવેદન'માંથી સંક્ષેપપૂર્વક અનુવાદિત

## ૨, ૩, ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્ર

શાંતિચંદ્રજીએ, પોતાના જ જેવા વિદ્વાન અને પોતાના ખાસ સહાધ્યાયી ભાનુચંદ્ર નામના પંડિતને અકબરના દરબારમાં મૂકીને, પોતે

ગુજરાત તરફ વિહાર કર્યો........ઉપાધ્યાય શાંતિચંદ્રજીના રવાના થયા પછી ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્ર બન્ને ગુરુ-શિષ્ય ( જેઓ બાણભટ્ટની વિશ્વવિખ્યાત કાદંબરીના ટીકાકાર છે ) અકબરના દરબારમાં રહ્યા અને શાંતિચંદ્રજીની જેમ જ બાદશાહ દ્વારા સન્માનિત થયા. ભાનુચંદ્રે અકબરને ' સૂર્યસહસ્રનામ 'નું અધ્યયન કરાવ્યું.

### સિદ્ધિચંદ્રનું બહુમાન : ' ખુશફહેમ 'ની પદવી

સિદ્ધિચંદ્ર પણ શાંતિચંદ્રની જ જેમ શતાવધાની હતા; તેથી એમની પ્રતિભાના અદ્ભુત પ્રયોગો જોઈને બાદશાહે એમને " ખુશફહેમ "ની માનભરી પદવી આપી. તેઓ ફારસી ભાષાના પણ સારા વિદ્વાન હતા, તેથી અકબરના બીજા પણ ઘણા દરબારીઓ સાથે એમને ઘણી પ્રીતિ થઈ હતી.

' કૃપારસકોશ 'ના હિંદી ' પ્રાસ્તાવિક નિવેદન ' માંથી અનુવાદિત.

### અકબરની શ્રદ્ધા

એ મહાન સૂરિ[ હીરવિજયસૂરિ ]ના તેજસ્વી શિષ્યોની મુલાકાતને લીધે મોગલ દરબારમાં એમનો કેવો પ્રભાવ હતો એની હકીકતની સુસંબદ્ધ અને કડીબદ્ધ શૃંખલા કેવળ આ ચરિત્ર [ ઉપાધ્યાય સિદ્ધિચંદ્ર વિરચિત ' ભાનુચંદ્રગણિચરિત ' ]માંથી જ મળી રહે છે. ભાનુચંદ્રના નિર્મળ ચારિત્ર અને તેજસ્વી વ્યક્તિત્વની મહાન મોગલ [ અકબર ] ઉપર કેટલી ઊંડી અને બહુમાનભરી છાપ પડી હતી તે આપણને આ ગ્રંથમાંથી જાણવા મળે છે. અકબર આ મુનિને હમેશાં પોતાની પાસે રાખતો હતો, અને દર રવિવારે સવારે એમના મુખેથી બોલાતા ' સૂર્યસહસ્રનામમાલા 'નું ભક્તિ અને ખૂબ એકાગ્રતા પૂર્વક શ્રવણ કરતો હતો. એમણે અકબરના પૌત્રોને પણ કેટલાક વિષયનું શિક્ષણ આપ્યું હતું. કાશ્મિરના પર્યટનથી લાહોર પાછા ફર્યા બાદ અકબર એક દિવસ ચિત્તાની લડાઈ નિહાળી રહ્યો હતો. એ દરમ્યાન એક હરણે એને શીંગડાથી ઘાયલ કર્યો, અને એ મૂર્છિત થઈ ગયો. એને ૫૦

દિવસ સુધી પથારીવશ રહેવું પડ્યું, અને એ વખતે આખું સામ્રાજ્ય શોકમાં ગરકાવ થઈ ગયું. એ વખતે એની અતિ વિશ્વાસપાત્ર વ્યક્તિઓમાં બે જ મુખ્ય વ્યક્તિઓ હતી કે જેમને અકબરને મળવાની છૂટ હતી. એમાંનો એક તે શેખ અબુલફઝલ; અને બીજા હતા ભાનુચંદ્ર. આ ઉપરથી ભાનુચંદ્ર કેવા અસાધારણ અને ખરેખર વશ કરી લે એવા પુરુષ હતા એનો આપણને બરાબર ખ્યાલ આવી શકે છે. એક હિંદુ–જૈન–યતિની વિપુલ ભવ્યતા અને અનિવાર્ય આકર્ષણ-શક્તિએ અકબર જેવા ચતુર અને મુશ્કેલીથી પ્રસન્ન કરી શકાય એવા રાજવીના ચિત્ત ઉપર કેવો કાબૂ જમાવ્યો હતો, અને એની પાસેથી પોતાની કોમને લાભ થાય અને એના ભલાની ખાતરી મળી રહે એવાં ફરમાનો કેવી રીતે મેળવ્યાં હતાં, એનું આ એક જ્વલંત ઉદાહરણ છે.

## સાર્વજનિક હિતની દૃષ્ટિ

અલબત્ત, જૈનોને માટે આ એક ગૌરવ લેવા જેવી બાબત છે. પણ મારે અહીં જે વાત ખાસ ભાર પૂર્વક કહેવી છે તે એ છે કે ભાનુચંદ્રે કેવળ પોતાની કોમના ભલા માટે જ નહીં, પણ સામાન્ય જનસમૂહના ભલા માટે પણ અકબર ઉપર પ્રભાવ પાડયો હતો. બે પ્રસંગો ઉપરથી આ વાત સમજી શકાશે. એક વાર ગુજરાતના સૂબા ખાન અઝીઝ કોકાએ જામનગરના રાજા જામ સત્રસાલ ઉપર ચડાઈ કરી, અને છેવટે એના બધા માણસો સાથે એને કેદ કરી લીધો. અકબરે પોતાના નજીકના અને સ્નેહી જનોને જુદી જુદી ભેટો આપીને આ વિજયોત્સવની ઉજવણી કરી. એ વખતે એણે ભાનુચંદ્રને પણ કંઈક માગવા વિનતિ કરી. ભાનુચંદ્રે બીજી કોઈ નમાલી વસ્તુની માગણી કરવાને બદલે એણે બુદ્ધિપૂર્વક એ બધા કેદીઓની મુક્તિની માગણી કરી. અકબરે એ તરત જ કબૂલ કરી. જાહેર જનતાના લાભની બીજી વાત જજિયાવેરો બંધ કરાવવાની હતી. આ સંબંધમાં સિદ્ધિચંદ્ર લખે

છે કે જ્યારે યુવરાજ સલીમ ગુજરાતનો સૂબો બન્યો ત્યારે એણે પોતાના અધિકારીઓને ગુજરાત મોકલ્યા. આ અધિકારીઓ ગુજરાતની પ્રજાની બહુ કનડગત કરતા હતા. અકબરે રદ્દ કરેલ જજિયા વેરો અને બીજા કરો પાછા જારી કરવામાં આવ્યા. આ બાબતની માહિતી આપતા કાગળો ભાનુચંદ્ર ઉપર આવ્યા, તેથી એમણે સલીમને સાચી વસ્તુ-સ્થિતિથી માહિતગાર કરવા સિદ્ધિચંદ્રને એમની પાસે મોકલ્યા. બધી વાત જાણીને સલીમને ભારે દુઃખ થયું; અને એણે એ કરોને રદ્દ કરવાનાં ફરમાન પોતાના અમલદારો ઉપર મોકલી આપ્યાં. આ હકીકત સિદ્ધિચંદ્રે પોતે જ નોંધેલી હોવાથી એને પૂરેપૂરી વિશ્વસનીય ગણવી જોઈએ.

## સિદ્ધિચંદ્રની વિદ્વત્તા અને પ્રતિભા

અકબરના અવસાન પછી સલીમ રાજા બન્યો. પોતાના પિતાની જેમ એના અંતરમાં પણ ભાનુચંદ્ર પ્રત્યે આદરની લાગણી જાગી હતી. આ રીતે ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્રે અકબર અને જહાંગીર [ સલીમનું બીજું નામ જહાંગીર હતું ] ના ગાઢ સંપર્કમાં ૨૩ વર્ષ જેટલો લાંબો સમય પસાર કરીને એ બન્ને, જહાંગીરની અનુમતિ લઈને, પોતાના વતન ગુજરાત પાછા ફર્યા. ત્યાં જુદાં જુદાં સ્થાનોમાં......ચાર-પાંચ ચોમાસાં વિતાવીને સમ્રાટની વિનંતિથી તેઓ ફરી પાછા આગ્રા આવ્યા.

ભાનુચંદ્ર હવે વૃદ્ધ થતા જતા હતા, તેથી જહાંગીરને સિદ્ધિચંદ્ર અંગે એક કલ્પના–યુક્તિ સૂઝી આવી. સિદ્ધિચંદ્ર પણ એવા જ શક્તિશાળી હતા. સિદ્ધિચંદ્રના અસાધારણ રૂપ અને સુડોળ બાંધાએ અકબરના અંતરમાં ઊંડું વાત્સલ્ય જન્માવ્યું હતું; અને એ એને પોતાના પુત્ર જેવો ગણતો હતો. અકબરે એને ગંભીર અધ્યયનની પ્રેરણા આપી હતી; અને અકબરના પ્રોત્સાહનને લીધે જ એમણે પર્શિયન ભાષાનું પૂરેપૂરું અધ્યયન કર્યું હતું. એમનું કેટલુંક અધ્યયન તો રાજાના પૌત્રો સાથે થયું હતું. આ રીતે એ લાંબા વખતથી જહાંગીર સાથે પૂરેપૂરા પરિચિત હતા. એકીસાથે અનેક બાબતો ઉપર ધ્યાન આપ-

વાની કળામાં એ પ્રવીણ હતા, અને કવિતા અને બીજી વ્યાવહારિક વિદ્યાઓમાં એમણે પૂરું પ્રભુત્વ મેળવ્યું હતું. જહાંગીરના દરબારમાં અને બીજા ખાનગી પ્રસંગોએ એની હાજરજવાબી ખૂબ ખીલી નીકળતી. જહાંગીર સાથેનો આ સંપર્ક ગાઢ મિત્રતામાં પરિણમ્યો હતો.

### ત્યાગધર્મની અગ્નિપરીક્ષા

આને લીધે સમ્રાટ [જહાંગીર] એક વાર સિદ્ધિચંદ્રને સાધુજીવનનો ત્યાગ કરીને પોતાના દરબારમાં સારો દરજ્જો સ્વીકારવાનું દબાણ કરવા પ્રેરાયો. પણ સિદ્ધિચંદ્રે એની બધી લોભામણી માગણીઓને કુનેહ-પૂર્વક ટાળી દીધી, અને પોતાના સાધુજીવનને એ દૃઢતાપૂર્વક વળગી રહ્યા. સિદ્ધિચંદ્રને સાધુજીવનનો ત્યાગ કરવાનું સમજાવવામાં બેગમ નૂરમહાલ ઉર્ફે નૂરજહાંએ પણ ભાગ લીધો હતો; પણ સિદ્ધચંદ્ર કોઈ પણ રીતે એ માટે સંમત ન થયા. જહાંગીરનો સ્વભાવ સહેજમાં ઉશ્કેરાઈ જવાનો હતો. સિદ્ધિચંદ્રના આવા વલણથી એ ગુસ્સે થયો અને પોતાની ઇચ્છાની ઉપેક્ષા કરવા બદલ એણે સિદ્ધિચંદ્રને રાજ-દરબાર છોડીને જંગલમાં ચાલ્યા જવાની આજ્ઞા કરી. સિદ્ધિચંદ્રે એનો સહર્ષ સ્વીકાર કર્યો; અને માલપુર ગામના ઠાકોરની વિનતિથી એના ગામમાં આશરો લીધો.

### જહાંગીરનો પશ્ચાત્તાપ: "જહાંગીરપસંદ"નું બિરુદ

ભાનુચંદ્ર તો હજી પણ પહેલાંની જેમ જ રાજદરબારમાં જતા હતા, અને રાજા પણ એમનું યોગ્ય રીતે સન્માન કરતો હતો. પણ રાજાની ચકોર નજરોથી એ અછતું ન રહ્યું કે ભાનુચંદ્રના ચહેરા ઉપર વિષાદની રેખાઓ અંકિત થયેલી હતી. ભાનુચંદ્ર સાથેની વાતચીત ઉપરથી એ પામી ગયો કે એનું કારણ સિદ્ધિચંદ્રને કરવામાં આવેલો અન્યાય હતું. અને એના અંતરમાં મિત્રતાની લાગણી ફરી જાગી ઊઠી; એણે પશ્ચાત્તાપ કર્યો; અને સિદ્ધિચંદ્રને પાછા આવવાનું

નિમંત્રણ મોકલીને એણે પોતાની ભૂલ સુધારી લીધી...આ રીતે સિદ્ધિચંદ્ર 'જહાંગીરપસંદ' કહેવાયા.

મુંબઈ 'ભાનુચન્દ્રગણિચરિત' (સિંઘી જૈન ગ્રંથમાલા, અંક,
તા. ૧૫-૩-૧૯૪૧ ૧૫)ના અંગ્રેજી પુરોવચનમાંથી સંક્ષિપ્તઅનુવાદ.

# ૪. વિજયસેનસૂરિ

**અકબરનું તેડું : લાહોર ગમન**

આ ગુરુ-શિષ્ય (ભાનુચંદ્ર-સિદ્ધિચંદ્ર) મારફત હીરવિજયસૂરિના ઉત્તરાધિકારી આચાર્ય વિજયસેનસૂરિની વિદ્વત્તાનાં વખાણ સાંભળીને અકબરે એમને મળવા માટે લાહોર બોલાવ્યા. અકબરનું આમંત્રણ આવ્યું ત્યારે તેઓ જગદ્ગુરુની સાથે ગુજરાતમાં રાધનપુરમાં ચોમાસુ રહ્યા હતા. હીરવિજયસૂરિએ એમને લાહોર જવાની આજ્ઞા કરી; અને તે પ્રમાણે તેઓ વિહાર કરીને લાહોર પહોંચ્યા. બાદશાહે એમનું પણ યથેષ્ટ સ્વાગત કર્યું. એમને મળીને એ ખૂબ રાજી થયો. લાહોરમાં એમણે અકબરના આગ્રહથી, ભાનુચંદ્રજીને ઉપાધ્યાય પદ આપ્યું. આ પદવીદાન પ્રસંગે શ્રાવકોએ ખૂબ મોટો ઉત્સવ કર્યો. શેખ અબુલફજલે પણ એ પ્રસંગે સો રૂપિયા અને કેટલાય ઘોડા વગેરેનું યાચકોને દાન કર્યું... ...વિજયસેનસૂરિએ અકબરના દરબારમાં ઘણા વિદ્વાનો સાથે વાદ કરીને વિજય મેળવ્યો.

**નંદિવિજયને "ખુશફહેમ"ની પદવી**

એમના શિષ્ય નંદિવિજય અપ્રતિમ પ્રતિભાશાળી પુરુષ હતા. અકબરની સામે એમણે ખૂબ મુશ્કેલ એવાં આઠ અવધાન કર્યાં હતાં. એ વખતે બાદશાહ ઉપરાંત મારવાડના રાજા મલ્લદેવાના પુત્ર ઉદયસિંહ, કચ્છના રાજા માનસિંહ ...વગેરે ઘણા રાજાઓ અને મોટા મોટા અમલદારો હાજર હતા. નંદિવિજયજીનું આવું બુદ્ધિકૌશલ જોઈને

બધા ખૂબ ચકિત થયા. બાદશાહે એમને "ખુશફ્હેમ"ની પદવી આપી. આ બનાવ સં. ૧૬૫૦માં બન્યો.

'કૃપારસકોષ'ના હિંદી 'પ્રાસ્તાવિક નિવેદન'માંથી સંક્ષિપ્ત અનુવાદ

**"સવાઈહીરજી"ની પદવી**

હીરવિજયસૂરિજીના ગુજરાતમાં જવા પછી પાછળથી બાદશાહે એમના પટ્ટધર આચાર્ય વિજયસેનસૂરિને પણ લાહોરમાં પોતાના દરબારમાં બોલાવ્યા. બાદશાહે એમનું યોગ્ય બહુમાન કરીને એમને "સવાઈહીરજી"ની પદવીથી અલંકૃત કર્યા.

**હીરસૂરિ અને સેનસૂરિનો સ્વર્ગવાસ**

હીરવિજયસૂરિની વૃદ્ધાવસ્થા અને નાદુરસ્ત તબિયતના સમાચાર જાણીને વિજયસેનસૂરિ અકબરના દરબારમાં વધારે વખત રોકાઈ ન શક્યા, અને પોતાના ગુરુની સેવા માટે તેઓ ગુજરાત પાછા ફર્યા. તેઓ હજી ગુજરાતમાં પહોંચ્યાય ન હતા એવામાં કાઠિયાવાડના ઊના ગામમાં વિ. સં. ૧૬૫૨ [ભાદરવા સુદ ૧૧ ના દિવસે] હીરસૂરિજીનો સ્વર્ગવાસ થઈ ગયો...વિ. સં. ૧૯૭૨માં વિજયસેનસૂરિ સ્વર્ગવાસી થયા.

(વિ. સં. ૧૯૪૪) 'દેવાનંદમહાકાવ્ય' (સિંધી જૈન ગ્રંથમાળા, ગ્રંથ ૭) ના હિંદી 'કિંચિત્ પ્રાસ્તાવિક'માંથી સંક્ષેપપૂર્વક અનુવાદિત

## ૫. વિજયદેવસૂરિ

**ત્રણ સમ્રાટો : ત્રણ આચાર્યો**

જેવી રીતે મોગલ સમ્રાટોમાં અકબર, જહાંગીર અને શાહજહાં એ ત્રણ સમ્રાટો ભારતના ગૌરવને વધારનારા થયા, તેમ જૈનાચાર્યોમાં હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિ આ ત્રણે આચાર્યો જૈન સમાજના ગૌરવને વધારનારા થયા. આ ત્રણે આચાર્યોનો મોગલ સમ્રાટોએ ખૂબ સત્કાર કર્યો હતો, અને એમના જ્ઞાન અને ચારિત્રથી

પ્રભાવિત થઈને મ્લેચ્છ કહેવાતા એ અનાર્ય સમ્રાટોએ પણ જૈન ધર્મ પ્રત્યે પોતાનો ઊંચો આદર દર્શાવ્યો હતો .....

**ગચ્છમાં વિરોધ : જહાંગીરનું તેડું**

વિજયસેનસૂરિના પટ્ટધર વિજયદેવસૂરિ થયા. એમને વિ. સં. ૧૬૫૫માં ખંભાતમાં આચાર્ય પદવી આપવામાં આવી હતી. હીરવિજયસૂરિના સમયમાં જ એમના શિષ્યોમાં અંદરોઅંદર કંઈક વિચારભેદ ઊભો થઈ ગયો હતો, અને ધીમે ધીમે એ વધી ગયો હતો. ......ગચ્છના આ વિરોધી વાતાવરણની હવા ઠેઠ જહાંગીરના દરબાર સુધી પહોંચી ...જ્યારે એણે જાણ્યું કે હીરવિજયસૂરિના પટ્ટધર વિજયસેનસૂરિએ જેમને પોતાના પટ્ટધર બનાવ્યા છે, એમનો કેટલાક શિષ્યપ્રશિષ્યો વિરોધ કરે છે, ત્યારે એણે વિચાર્યું કે આ વિજયદેવસૂરિ કોણ છે અને કેવા છે એ જોવું જોઈએ. એટલે એણે, નિયમ મુજબ, પોતાનું ફરમાન મોકલીને સૂરિજીને પોતાના દરબારમાં આવવાનું આમંત્રણ મોકલ્યું.

**"જહાંગીરી મહાતપા"નું બિરુદ**

જહાંગીર એ વખતે માળવામાં માંડુ (માંડવગઢ) શહેરમાં હતો, અને વિજયદેવસૂરિ ખંભાતમાં ચોમાસુ હતા. બાદશાહનું ફરમાન મળતાં જ સૂરિજીએ માંડુ તરફ વિહાર કર્યો, અને આસો સુદિ ૧૪ના દિવસે ત્યાં પહોંચીને બાદશાહને મળ્યા. જહાંગીર એમની વિદ્વત્તા, તેજસ્વિતા અને ક્રિયાનિષ્ઠા જોઈને ખૂબ પ્રસન્ન થયો; અને એમના વિરોધીઓએ એમના સંબંધી જે વાતો પોતાને કહી હતી તે ખોટી લાગવાથી એણે એમનો ખૂબ સત્કાર કર્યો અને જાહેર કર્યું કે તેઓ હીરવિજયસૂરિના સાચા ઉત્તરાધિકારી છે. અને તેથી એમને એણે "જહાંગીરી મહાતપા"ની પદવી આપીને એમને ગચ્છના સાચા અધિનાયક જાહેર કર્યા......

**પ્રભાવશાળી સંઘનાયક**

ગચ્છના યતિઓ બે ત્રણ પક્ષોમાં વહેંચાઈ ગયા હોવા છતાં

એ વખતના જૈન સમાજમાં એમનો સૌથી વધારે પ્રભાવ હતો; અને એમની નામના પણ સૌથી વધારે હતી. બાદશાહ જહાંગીર ઉપરાંત મેવાડપતિ રાણા જગતસિંહ, જામનગરના રાજા લાખા જામ, ઈડર નરેશ રાય કલ્યાણમલ વગેરે ઘણા રાજા–મહારાજાઓ પણ એમનો ખૂબ આદર–સત્કાર કરતા હતા. જૈન સમાજના હજારો શ્રેષ્ઠીઓ અને સત્તાધારી શ્રાવકો એમના પરમભક્ત હતા. તેઓ ખૂબ બુદ્ધિમાન અને પ્રભાવશાળી તો હતા જ, સાથે સાથે ક્રિયાવાન પણ પૂરેપૂરા હતા. છટ્ઠ, અટ્ઠમ, ઉપવાસ તથા આયંબિલ, નિવી વગેરે તપસ્યા તેઓ હમેશાં કરતા રહેતા હતા. એમણે પોતાને હાથે બે શિષ્યોને આચાર્ય-પદ, ૨૫ શિષ્યોને ઉપાધ્યાયપદ અને ૫૦૦ને પંડિતપદ આપ્યું હતું. એમણે ૨૦૦ શિષ્યોને અને ૧૦૦ સાધ્વીઓને દીક્ષા આપી હતી. કુલ ૨૫૦૦ યતિ–સાધુઓ એમની આજ્ઞામાં હતા અને સાત લાખ શ્રાવકો એમની ઉપાસના કરતા હતા. એમના ઉપદેશથી સેંકડો જિનમંદિરો નવાં બન્યાં અને જૂનાંનો જીર્ણોદ્ધાર થયો. એમને હાથે હજારો જિન-પ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ... ......

**સ્વર્ગવાસ**

પોતાના ગચ્છનાયક ગુરુ વિજયસેનસૂરિના સ્વર્ગવાસ પછી ૪૦–૪૧ વર્ષ સુધી તેઓ પોતાના સંઘ ઉપર શાસન કરતા રહ્યા..... ... એમની આજ્ઞાને માનનારો જૈન સમુદાય 'દેવસૂરસંઘ'ને નામે પ્રસિદ્ધ થયો, અને આજે પણ આ નામ ચોમેર પ્રચલિત છે. સં. ૧૭૧૭માં, જ્યાં પોતાના દાદાગુરુ હીરવિજયસૂરિનો સ્વર્ગવાસ થયો હતો, તે ઉનાનગરમાં જ વિ. સં. ૧૭૧૩માં એમનો પણ સ્વર્ગવાસ થયો. અને શ્રાવકોએ જગદ્‌ગુરુના એ જ સમાધિસ્થાનની પાસે એમનું પવિત્ર સમાધિસ્થાન બનાવ્યું.

દેવાનન્દમહાકાવ્ય (સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રંથ ૭) (વિ. સં. ૧૯૯૪) ના હિંદી 'કિંચિત પ્રસ્તાવિક'માંથી સંક્ષેપપૂર્વક અનુવાદિત.

# [૧૪] કેટલાક જ્યોતિર્ધરો

## ૧. વૈશાલીનો રાજા ચેટક

**જૈન સાહિત્યમાં** વૈશાલીનો રાજા ચેટક ઘણી રીતે પ્રસિદ્ધ છે. શ્રમણ ભગવાન મહાવીરે પ્રચારેલા ધર્મના એક મહાન ઉપાસક તરીકે તો તેની ખ્યાતિ છે જ, પરંતુ બીજી રીતે—વ્યાવહારિક પ્રસંગોથી—પણ તેની તેટલી જ પ્રસિદ્ધિ છે.

**ચેટકની પ્રસિદ્ધનાં કારણો**

એ પ્રસિદ્ધિનું પહેલું કારણ તો એ છે કે જૈનધર્મના છેલ્લા તીર્થંકર નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર શ્રીમહાવીરના ઘરાણા [ કુટુંબ ] સાથે તેનો બેવડો સંબંધ હતો; શ્રી મહાવીરની માતા ત્રિશલા ક્ષત્રિયાણી એ ચેટકની સગી બહેન થતી હતી; અને ત્રિશલાના મોટા પુત્ર અને મહાવીરના મોટાભાઈ નંદિવર્ધન સાથે એની વચલી પુત્રી નામે જ્યેષ્ઠાએ લગ્ન કર્યાં હતાં.

બીજું કારણ, જેવી રીતે મહાવીરના ઘરાણા સાથે તેનો કૌટુંબિક સંબંધ હતો, તેવી જ રીતે તત્કાલીન ભારતના બીજા કેટલાક પ્રધાન રાજવંશો સાથે પણ એનો સગપણનો સંબંધ બંધાયેલો હતો. સિંધુ-સૌવીરનો રાજા ઉદ્દાયન, અવંતીનો રાજા પ્રદ્યોત, કૌશાંબીનો રાજા શતાનીક, ચંપાનો રાજા દધિવાહન અને મગધનો રાજા બિંબિસાર— એ બધા એના જામાતા [ જમાઈ] થતા હતા. જૈન સાહિત્યમાં કુણિક અથવા કોણિકના અને બૌદ્ધ સાહિત્યમાં અજાતશત્રુના નામે પ્રસિદ્ધિ પામેલો મગધનો સમર્થ સમ્રાટ, તથા સામાન્ય રીતે જૈન, બૌદ્ધ અને

બ્રાહ્મણ ત્રણે સંપ્રદાયના કથાસાહિત્યમાં વ્યાપક થયેલો ઉદયન વત્સરાજ એના સગા દૌહિત્ર થતા હતા.

ત્રીજું, તે વખતે હયાતી ધરાવતાં ભારતનાં ગણસત્તાક રાજ્યોમાંના એક પ્રધાન રાજ્યતંત્રનો એ વિશિષ્ટ નાયક કહેવાતો હતો.

અને છેલ્લું, જૈન પરંપરા પ્રમાણે, આખા આર્યાવર્તમાં ક્યારેય નહીં થયેલી એવી એક ભયંકર જનનાશક લડાઈ એને લડવી પડી હતી, જેમાં પ્રતિપક્ષી એનો પોતાનો જ સગો દૌહિત્ર મગધરાજ અજાતશત્રુ હતો.

### ચેટકની પુત્રીઓ અને એના જમાઈઓ

ચેટકને એકંદર સાત પુત્રીઓ હતી, જેમાં એક તો કુમારિકા જ રહી હતી, અને બાકીની છનાં ભારતના તે વખતના જુદા જુદા નામાંકિત રાજાઓ સાથે લગ્ન થયાં હતાં. તે પુત્રીઓ અને જેમની સાથે તેમનાં લગ્ન થયાં તે રાજાઓ વગેરેનો ટૂંક ઉલ્લેખ આવશ્યકચૂર્ણિમાં નીચે મુજબ કરેલો છે:—

"વૈશાલી નગરીમાં હૈહયવંશમાં જન્મેલો ચેડગ (ચેટક) નામે રાજા; તેને જુદી જુદી રાણીઓથી સાત પુત્રીઓ થઈ: ૧ પ્રભાવતી, ૨ પદ્માવતી, ૩ મૃગાવતી, ૪ શિવા, ૫ જ્યેષ્ઠા, ૬. સુજ્યેષ્ઠા અને ૭ ચેલ્લણા. તે ચેડગ શ્રાવક હોવાથી તેણે કોઈનાં પણ લગ્ન ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી, તેથી તે પોતાની પુત્રીઓનાં લગ્ન નથી કરતો, આથી તે પુત્રીઓની માતાઓએ, રાજાની સંમતિ મેળવી, પોતાને ઇચ્છિત અને પુત્રીઓને સદૃશ એવા રાજાઓને તે કન્યાઓ આપી; જેમાં ૧ પ્રભાવતી વીતિભયના ઉદાયનને, ૨ પદ્માવતી ચંપાના દધિવાહનને, ૩ મૃગાવતી કૌશાંબીના શતાનીકને, ૪ શિવા ઉજ્જયિનીના પ્રદ્યોતને અને જ્યેષ્ઠા કુંડગામમાં વર્ધમાન સ્વામીના મોટાભાઈ નંદિવર્ધનને પરણાવી હતી. સુજ્યેષ્ઠા અને ચેલ્લણા [ ત્યાં સુધી ] કુમારિકા જ હતી."………

છેલ્લી બન્ને પુત્રીઓ, જે કુમારિકા રહેલી છે, તેમાંથી ચેલ્લણા મગધના રાજા શ્રેણિક સાથે પરણે છે અને સુજયેષ્ઠા કુમારિકા અવસ્થામાં જૈન ભિક્ષુણી થઈ જાય છે.

( વિ. સં. ૧૯૭૯ ) પુરાતત્ત્વ, વર્ષ ૧, અંક ૩, માં છપાયેલ 'વૈશાલીના ગણસત્તાક રાજ્યનો નાયક રાજા ચેટક'ના નામે લેખના પૃ. ૨૬૬-૨૬૭માંથી ટૂંકાવીને ઉદ્ધૃત.

## ૨. રાજા ઉદાયન

ચેટકની પ્રથમ પુત્રીનું નામ પ્રભાવતી હતું અને તે વીતિભયના ઉદાયન વેરે પરણી હતી. આ ઉદાયનનો ઉલ્લેખ ઘણા જૈન ગ્રંથોમાં થયેલો છે. સૌથી જૂનો ઉલ્લેખ ખાસ ભગવતી નામના સુપ્રસિદ્ધ સૂત્રમાંથી મળી આવે છે. એ સૂત્રના ૧૩મા શતકના છઠ્ઠા ઉદ્દેશકમાં, એના દેશ–સ્થાન આદિની નોંધ આ પ્રમાણે લેખાયેલી છેઃ—

"તે કાલ અને તે સમયમાં સિંધુસૌવીર નામના દેશમાં વીતિભય નામે એક શહેર હતું. તે શહેરની ઉત્તર–પૂર્વ બાજુએ મૃગવન નામે નગરોદ્યાન હતું. તે વીતિભય શહેરમાં ઉદાયન નામે રાજા હતો. તે રાજાની પ્રભાવતી નામે પટરાણી હતી. એ ઉદાયન રાજા સિંધુસૌવીર આદિ સોળ જનપદ, વીતિભય આદિ ૩૬૩ નગર અને આકર (ખાણ) તથા મહાસેન પ્રમુખ દશ મોટા મુકુટબદ્ધ રાજાઓનો, તેમ જ બીજા અનેક નગરરક્ષક, દંડનાયક, શેઠ, સાર્થવાહ આદિ જનસમૂહોનો સ્વામી હતો. એ શ્રમણોપાસક અર્થાત્ જૈન શ્રમણોનો ઉપાસક હતો. અને જૈન શાસ્ત્રપ્રતિપાદિત જીવ–અજીવ આદિ તત્ત્વ પદાર્થનો જાણકાર હતો."..........

મહાસેન શી રીતે તેનો આજ્ઞાંકિત થયો તેની કથા ઘણા ગ્રંથોમાં આપેલી છે. આ મહાસેન તે ઇતિહાસપ્રસિદ્ધ અવંતીનો રાજા તે જ મહાસેન છે, જેનું વધારે પ્રખ્યાતિ પામેલું નામ પ્રદ્યોત અથવા ચંડ-

પ્રદ્યોત છે. અવંતીના એ મહાસેન ઉપર ઉદાયને જે નિમિત્તથી ચઢાઈ કરી એને પરાજિત કર્યો તેનું વર્ણન આવશ્યકચૂર્ણિ અને ટીકા બન્નેમાં દશપુરનગરની ઉત્પતિ બાબતમાં કરેલું હોઈ તેનો સારાર્થ આ પ્રમાણે છે :—

એક વખત કેટલાક મુસાફરો સમુદ્રની યાત્રા કરતા હતા. સમુદ્રમાં ખૂબ તોફાન થવાથી.........લોકો બહુ ગભરાયા. તેમની આ દશા એક દેવના જોવામાં આવી, અને તેથી પોતાની શક્તિ વડે તે વહાણને ખરાબામાંથી બહાર કાઢી રસ્તે પાડયું. અને વળી તે લોકોને મહાવીર તીર્થંકરની ચંદનકાષ્ઠની બનાવેલી એક મૂર્તિ, જે તે દેવે જાતે જ બનાવી હતી, લાકડાની પેટીમાં બંધ કરીને આપી, અને કહ્યું કે આમાં દેવાધિદેવની મૂર્તિ મૂકેલી છે. એના પ્રભાવથી તમે સહીસલામત રીતે સમુદ્ર પાર જઈ શકશો. થોડા જ દિવસોમાં એ વહાણ સિંધુ-સૌવીરના કાંઠે આવી લાગ્યું. પછી તે લોકોએ દેવે આપેલી તે મૂર્તિને વીતભયમાં ઉતારી દીધી. તેને ત્યાંના રાજા ઉદાયનની રાણી પ્રભાવતીએ પોતાના મહેલમાં એક ચૈત્યગૃહ બનાવી તેમાં સ્થાપી અને હમેશાં તેની પૂજા કરવા લાગી.........થોડા જ દિવસમાં રાણી કાળ કરી સ્વર્ગમાં દેવતારૂપે ઉત્પન્ન થઈ.

[ પછી એ મૂર્તિની તેની કૂબડી દાસી સેવા કરે છે; અને ભાગ્ય યોગે એ દાસી અપ્સરા જેવું રૂપ પામે છે. ઉજ્જયિનીનો રાજા ચંડ-પ્રદ્યોત એના ઉપર આસક્ત બનીને એને ઉપાડી જાય છે. એ દાસી પોતાની સાથે પેલી મૂર્તિ લઈ જાય છે. એ પાછી મેળવવા ઉદાયન અને ચંડ-પ્રદ્યોત વચ્ચે યુદ્ધ થાય છે; એમાં ચંડપ્રદ્યોત હારીને બંદીવાન બને છે. ઉદાયન એને પોતાની સાથે લઈ જાય છે. ] ભર ચોમાસામાં જ્યારે પર્યુષણા (પજુસણ)નું પર્વ આવ્યું ત્યારે ઉદાયને પોતાની સાથેનાં બધાં માણસો સાથે વૈરવિરોધની ક્ષમા માગી. પ્રદ્યોત પણ તેની સાથે હતો, તેથી તેની પણ ક્ષમા માગવાની તેને ધર્મદૃષ્ટિએ ફરજ જણાઈ.

એટલે તેણે પ્રદ્યોતને બંધનમુક્ત કીધો અને સ્વસ્થાનમાં જવા માટે વિસર્જિત કર્યો . . .

જ્યારે મહાવીર વીતિભયમાં આવ્યા ત્યારે ઉદાયન તેમનો ધર્મોપદેશ સાંભળી તેમની પાસે દીક્ષા લઈ તેમનો શિષ્ય બન્યો. આ દીક્ષા લેતી વખતે તેણે....પોતાનો પુત્ર રખેને રાજ્યસત્તાના યોગે દુર્વ્યસની બની દુર્ગતિમાં જઈ પડે એવી બીકથી પુત્રને રાજ્ય ઉપર ન બેસાડતાં પોતાનો ભાણેજ જે કેશીકુમાર કરીને હતો, તેને બેસાડયો. પિતાના આ કૃત્યથી અભિતિકુમાર બહુ નારાજ થયો.......અને પિતા ઉપર વેરભાવ રાખતો થકો (ચંપામાં) મરી ગયો....

ઉદાયન રાજાએ દીક્ષા લીધા પછી લૂખા-સૂકા મળેલા ભિક્ષાહારને લીધે તેના શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થયો. વૈદ્યોએ તેને દહીં ખાવાનું જણાવ્યું..... એક વખત વીતભયમાં ગયો......કેશીકુમારને તેના દુષ્ટ મંત્રીઓએ ભરમાવ્યો કે આ ઉદાયન ભિક્ષુજીવનથી કંટાળ્યો છે અને રાજ્ય મેળવવા ચાહે છે ..[ માટે તેને ] વિષ આપવું જોઈએ. પછી તેની વ્યવસ્થા કરવામાં આવી : એક ગોવાળણના હાથે દહીંમાં ઝેર નંખાવી તે મુનિને અપાવ્યું અને એ રીતે તેના જીવનનો અંત અણાવ્યો.

પુરાતત્ત્વ વર્ષ ૧, અંક ૧માંના ઉક્ત લેખમાંથી ટૂંકાવીને

## ૩. ભદ્રબાહુસ્વામી

શ્રમણ ભગવાન શ્રી મહાવીરના નિર્વાણ બાદ, લગભગ દોઢસો વર્ષ પછી, ભદ્રબાહુ નામના એક પ્રસિદ્ધ આચાર્ય થયા, જેમને જૈન સંપ્રદાયના શ્વેતાંબર અને દિગંબર બન્ને પક્ષો સમાન ભાવે પ્રમાણભૂત આચાર્ય માને છે. એ ભદ્રબાહુસૂરિના ચરિતના વિષયમાં બન્ને સંપ્રદાયવાળાઓએ અનેક પ્રકારની કિંવદંતી સ્વરૂપ કથાઓ લખી છે. જો કે દિગંબર સંપ્રદાયના પ્રાચીન સાહિત્યમાં ભદ્રબાહુ વિષેના ઉલ્લેખો

નહીં જેવા મળે છે, પરંતુ શ્વેતાંબર સાહિત્યમાં એમના વિષેના અનેક ઉલ્લેખો કેટલાય જૂના ગ્રંથોમાં પણ મળી આવે છે, અને તે વિવિધ રૂપે છે. એમાં સૌથી પ્રાચીન ઉલ્લેખ તે કલ્પસૂત્રની સ્થવિરાવલિનો કહી શકાય, જેની રચના વિ. સં. ૫૧૦ના અરસામાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના દ્વારા થયેલી મનાય છે. તે પછી ૭મા-૮મા સૈકામાં રચાયેલા નિર્યુક્તિ, ભાષ્યો અને ચૂર્ણિ ગ્રંથો જેવા આગમોના પ્રાચીન વ્યાખ્યાગ્રંથોમાં એમના સંબંધના કેટલાક ઉલ્લેખો મળી આવે છે.

'ભદ્રબાહુસંહિતા' (સિંધી જૈન ગ્રંથમાળ; ગ્રંથ ૨૬)
(વિ. સં. ૨૦૦૫) ના 'કિંચિત્ પ્રાસ્તાવિકનો પ્રારંભનો થોડો ભાગ

## ૫. દ્રોણાચાર્ય

જિનેશ્વરસૂરિના સમયમાં આ ગચ્છના [ નાગેન્દ્ર ગચ્છના ] મુખ્ય આચાર્યો દ્રોણાચાર્ય અને એમના શિષ્ય સૂરાચાર્ય હતા...આ દ્રોણાચાર્ય પૂર્વાવસ્થામાં ક્ષત્રિય હતા અને ગુર્જરેશ્વર મહારાજાધિરાજ ભીમદેવ ચાલુક્યના મામા થતા હતા. ઘણા ભાગે એમણે નાનપણમાં જ જૈન યતિની દીક્ષા લઈ લીધી હતી અને અનેક શાસ્ત્રોનું અધ્યયન કરીને તેઓ મોટા સમર્થ વિદ્વાન બન્યા હતા. ચાલુક્ય રાજકુમાર ભીમદેવનું બધું શાસ્ત્રાધ્યયન એમની પાસે જ થયું હતું, તેથી તેઓ રાજ્યમાં રાજ્યગુરુ તરીકે સમ્માનિત થતા હતા—સૂરાચાર્ય, જેઓ એમના શિષ્ય તરીકે વિખ્યાત થયા, તેઓ ખરી રીતે એમના જ ભત્રીજા હતા.*

(વિ. સં. ૨૦૦૫) કથાકોષપ્રકરણ (સિંધી જૈન ગ્રંથમાળા)ના હિંદી પ્રાસ્તાવિક વક્તવ્ય પૃ. ૩૮માંથી અનુવાદિત

* નવાંગીવૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિજીએ પોતે રચેલી આગમની ટીકાઓનું આ દ્રોણાચાર્ય પાસે સંશોધન કરાવ્યું હતું, એ બીના દ્રોણાચાર્ય એક ચૈત્યવાસી હોવા છતાં એમની શાસ્ત્રપારગામિતા કેવી હતી, એનું સૂચન કરે છે. સાથે સાથે અભયદેવસૂરિજીએ એક ચૈત્યવાસી પાસે પોતાની કૃતિનું સંશોધન કરાવવામાં સંકોચ ન અનુભવ્યો એ બીના એમની ગુણગ્રાહક ઉદાર દૃષ્ટિને સૂચવે છે. —સંપાદક

## ૬. મહાકવિ ધનપાલ

મહાકવિ ધનપાલ જૈન સાહિત્યાકાશનો એક મહાતેજસ્વી અને અક્ષીણપ્રકાશી નક્ષત્ર છે. એના પ્રતિભાપ્રકાશે જૈન વાઙ્મયના શરીર-પિંડને અનેરો ઓપ આપ્યો છે. જૈન સાહિત્ય–સંપત્તિના વિશાળ ભંડારમાં એક અણમોલું અને અદ્વિતીય રત્ન સમર્પીને એણે આર્હત મતાનુયાયીઓના પાંડિત્યાભિમાનને અતિ ઉન્નત બનાવ્યું છે. એનું તે રત્ન તે 'તિલકમંજરી' કથા છે. આખા સંસ્કૃત સાહિત્યના અનંત ગ્રંથ-સંગ્રહમાં બાણની કાદંબરી સિવાય એ કથાની તુલનામાં આવી શકે એવી બીજી કોઈ કૃતિ વિદ્યમાન નથી. અલબત્ત, બાણ ધનપાલનો પુરોગામી હોઈ તે એના ગુરુસ્થાને છે; કાદંબરીની અનુપમ રચનાએ જ ધનપાલને તિલકમંજરીની રચના કરવા પ્રેર્યો છે એ નિઃસંશય છે; છતાં ધનપાલ પ્રતિભાની સ્પર્ધામાં જો બાણથી ચઢે નહીં તો ઊતરે તેમ પણ નથી જ. તેથી કાલકૃત જ્યેષ્ઠ–લઘુ–સંબંધવાળા હોવા છતાં ગુણધર્મથી તો ગિર્વાણ ગિરાના એ બન્ને ગદ્ય મહાકવિઓ સમાન આસને જ બેસનારા છે; અને તેથી ધનપાલનું કવિજીવન એ બાણના જેટલું જ ગૌરવશાલી છે, એમ કહેવામાં આવે તો તે કથમપિ અત્યુ-ક્તિવાળું નથી જ.

(વિ. સં. ૧૯૮૩) જૈન સાહિત્ય સંશોધક, ખંડ ૩, અંક ૩,
પૃ. ૨૪૪માંથી ઉદ્ધૃત.

## ૬. મહોપાધ્યાય મેઘવિજયજી

તેઓ સાહિત્યના પ્રખર અભ્યાસી મહાકવિ હતા, એ તેમની અનેક કાવ્યરચનાઓથી જણાઈ આવે છે. કિરાત, માઘ, નૈષધ, મેઘદૂત આદિ કાવ્યના સતત વાચનથી તેમને સમસ્ત કાવ્યો કંઠસ્થ હશે, એ તેમની તે તે કાવ્યોની સમસ્યાપૂર્તિઓથી માલૂમ પડી આવે છે. તેઓ દર્શન–તત્ત્વજ્ઞાનના પંડિત હતા, એ તેમના 'યુક્તિપ્રબોધ નાટક'પરથી જણાઈ આવે છે .....વ્યાકરણમાં તેમણે 'હૈમકૌમુદી'

અપર નામ ‘ચંદ્રપ્રભા’ રચીને શ્રી હેમચંદ્રસૂરિની ‘સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન–લઘુવૃત્તિ’ને ગોઠવી સરળ અને વિશદ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. એ સિવાય તેમણે એથી નાની ‘લઘુપ્રક્રિયા’ અને તેથીયે નાની ‘હેમશબ્દચંદ્રિકા’ રચીને વૈયાકરણ તરીકેની ખ્યાતિ ઉજ્જવળ બનાવી છે. સૌથી વધુ ધ્યાન ખેંચે તેવા તેમના જ્યોતિષ વિષયક અભ્યાસને લગતા ગ્રંથો છે:...‘હસ્તસંજીવની’...‘ઉદયદીપિકા’, ‘વર્ષપ્રબોધ’, ‘પ્રશ્નસુંદરી’ વગેરે......તેઓ અધ્યાત્મવિષયના પણ મોટા વિદ્વાન હતા, એ તેમના ‘માતૃકાપ્રસાદ’ અને ‘અર્હદ્ગીતા’ વગેરે ગ્રંથોથી જાણી શકાય છે. તેમનું ‘સપ્તસંધાન મહાકાવ્ય’ તો એક અદ્ભુત ગ્રંથ છે, જેમાંથી સાત મહાપુરુષોનાં ચરિત્રો એક જ પદ્યમાંથી સાત અર્થ દ્વારા નીકળે છે. એ તેમનો અનેકાર્થશબ્દભંડોળ બતાવી આપે છે. તેઓ ગુજરાતી ભાષાના પણ સિદ્ધહસ્ત કવિ–લેખક છે.

(વિ. સં. ૨૦૦૧) દિગ્વિજય મહાકાવ્ય (સિંઘી જૈન ગ્રંથમાલા)ની પ્રસ્તાવના પૃ. ૨ માંથી ઉદ્ધૃત.

## ૭. ઉપાધ્યાય યશોવિજયજી

વાચકપ્રવર યશોવિજયજીની સાહિત્યસંપતિ બહુ જ સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ છે. એમનો એક-એક ગ્રંથ એક-એક સ્વતંત્ર નિબંધ લખી શકાય એવી સામગ્રીથી ભરેલો છે. તેઓ જૈન શ્રમણસંઘમાં અંતિમ શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીની જેમ ‘અંતિમ શ્રુતપારગામી’ કહી શકાય એવા છે. એમની પછી આજ સુધીમાં એમના જેવો કોઈ શ્રુતવેત્તા અને શાસ્ત્રપ્રણેતા સમર્થ વિદ્વાન પેદા નથી થયો

(વિ. સં. ૧૯૯૮) જ્ઞાનબિંદુ (સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રંથ ૧૬)ના હિંદી ‘કિંચિત્ પ્રાસ્તાવિક’માંથી અનુવાદિત.

## શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળાનાં
## અન્ય પ્રકાશનો

### ૧. ચાર તીર્થંકર

લેખક : પંડિત શ્રી સુખલાલજી

ભગવાન ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીના જીવનને લગતા ચિંતનપૂર્ણ લેખોનો સંગ્રહ. દોઢ રૂપિયો

### ૨. ધૂપસુગંધ

જુદા જુદા સુપ્રસિદ્ધ લેખકોની રસપ્રદ અને સંસ્કારપોષક ૧૮ વાર્તાઓનો સંગ્રહ. દોઢ રૂપિયો

### ૩. પદ્મપરાગ

લેખક : રતિલાલ દીપચંદ દેસાઈ

ભગવાન મહાવીરના ૨૧ પ્રેરક પ્રસંગો તેમ જ બીજી ધર્મ-કથાઓનો સંગ્રહ. દોઢ રૂપિયો

### ૪. જૈનધર્મનો પ્રાણ

લેખક : પંડિત શ્રી સુખલાલજી

જૈનધર્મ, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિનો સરળ ભાષા અને રોચક શૈલીમાં પરિચય કરાવતા લેખોનો સંગ્રહ બે રૂપિયા

### ૫. શ્રી 'સુશીલ'ની સંસ્કારકથાઓ

સંસ્કારપોષક બાર વાર્તાઓનો સંગ્રહ. દોઢ રૂપિયો

### ૬. તિલકમણિ

લેખક : શ્રી જયભિખ્ખુ

સોળ રસપૂર્ણ સુંદર સંસ્કારકથાઓ. દોઢ રૂપિયો

### ૭. જૈનધર્મચિંતન

લેખક : શ્રી દલસુખભાઈ માલવણિયા

બ્રાહ્મણ અને બૌદ્ધધર્મ સાથે તેમ જ બીજી રીતે પણ જૈનધર્મનું તત્ત્વ સમજાવતા ચિંતનપૂર્ણ લેખોનો સંગ્રહ. દોઢ રૂપિયો

શારદા મુદ્રણાલય : અમદાવાદ